નિકુંજનાયક શ્રીનાથજી

એક ઝાંખી

Nikunjnayak Shrinathji (Ek Jhanki) - Volume VI
by Mrs. Rekhaben Bharatbhai Rajpopat

નિકુંજનાયક શ્રીનાથજી (એક ઝાંખી) - ગ્રંથ : ૬

સંપાદક : શ્રીમતી રેખાબેન ભરતભાઈ રાજપોપટ
કોપીરાઈટ © : શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

પ્રાપ્તિસ્થાન
શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

મહેસાણા કાર્યાલય
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા -૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦ ● ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

મુંબઈ કાર્યાલય
વિજયભાઈ એમ. દેસાઈ
C/o. કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
ફોન : ૦૨૨-૨૨૦૧૦૦૮૪ ● ફેક્સ : ૯૫-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ : માગશર વદ નોમ, શ્રીગુસાંઈજી પ્રભુચરણ પ્રાગટ્યોત્સવ, વિ.સં.૨૦૬૬
દ્વિતીય આવૃત્તિ : વિ.સં.૨૦૬૭

પ્રત : ૧૦૦૦

પુસ્તક પ્રકાશન સહાય
રૂા.૩૫૦૦/-
(ગ્રંથશ્રેણીના ગ્રંથ ૧ થી ૬ માટે, ભારતમાં પોસ્ટેજ સહિત)

મુદ્રક
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા
ફોન : ૦૨૭૬૨-૨૨૪૨૦૪

॥ શ્રી હરિઃ ॥
॥ શ્રી ગોવર્ધનધરણ પ્રભુ વિજયતેતમામ્ ॥

નિકુંજનાયક શ્રીનાથજી

એક ઝાંખી

ગ્રંથ - ૬

મહા - ફાગણ માસ

સંકલન - સંપાદન
શ્રીમતી રેખાબેન ભરતભાઈ રાજપોપટ (સિંગાપુર)

ચિત્ર સંકલન
શ્રી ગોવિંદ શંકરલાલ નાગદા (નાથદ્વારા)

પ્રકાશક
શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા -૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦ ● ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

સમર્પણ

શ્રી રમેશભાઈ વિ. પરીખ

જેમના મનોરથ સ્વરૂપે આ ગ્રંથશ્રેણી પ્રકાશિત થઈ તેવા
પ. ભ. ગો. વા. શ્રી રમેશભાઈ પરીખને
આ ગ્રંથ સસ્નેહ, સાદર, સદૈન્ય સમર્પિત કરી કૃતાર્થ થાઉં છું.

- રેખાબેન રાજ

પુષ્ટિમાર્ગનું કીર્તન સાહિત્ય

- શ્રી રમેશભાઈ પરીખ, મહેસાણા

પુષ્ટિમાર્ગ એટલે સેવામાર્ગ :

શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ નિ:સ્વાર્થ પ્રેમભક્તિથી શ્રીપ્રભુને રીઝવવાનો જે માર્ગ બતાવ્યો તે સેવામાર્ગ કહેવાય છે. સેવાની વ્યાખ્યા આપતાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ કહ્યું : પ્રભુમાં એકાગ્રતા પૂર્વક ચિત્તનું લાગવું એટલે સેવા. તે માટે આપશ્રીએ તનુવિત્તજા સેવાનો પ્રકાર બતાવ્યો, જેમાં ભક્ત ગૃહસ્થાશ્રમમાં પોતાના ઘરમાં રહી, પોતાનાં કુટુંબીજનો સાથે, પોતાનાં શરીર અને દ્રવ્યથી પ્રભુની સેવા કરે. સેવામાં ચિત્ત ઓતપ્રોત રાખે. તેમ કરતાં કરતાં ચિત્તની એકાગ્રતા વધતી રહે, પરિણામે એક દિવસ તેને અંત:કરણમાં શ્રીપ્રભુનો સાક્ષાત્ અનુભવ થવા લાગે. અંત:કરણમાં થતા અનુભવમાં તેની માનસી સેવા ચાલતી રહે. આથી માનસી સેવા એ સેવાનું પરમ શિખર છે. ત્યાં સુધી પહોંચવા માટે પ્રત્યેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ઈચ્છા રાખે છે.

સેવામાં મનની પ્રસન્નતા અને એકાગ્રતા રહે તથા સેવા દ્વારા પ્રભુને પ્રસન્નતા રહે એ હેતુથી સેવામાં રાગ, ભોગ અને શૃંગારને સ્થાન આપવામાં આવ્યું છે.

રાગ એટલે વિવિધ રાગોમાં ગવાતાં કીર્તનો. ભોગ એટલે શ્રીપ્રભુને આરોગાવવામાં આવતી સામગ્રીઓ અને શૃંગાર એટલે શ્રીપ્રભુને ધરવામાં આવતાં વસ્ત્રઆભૂષણ. આ ત્રણે સેવાનાં કાર્યો એકાગ્રતા માગી લેનારાં છે. તે તે કાર્યો કરતાં મનની એકાગ્રતા ન હોય તો તે કાર્યો ખૂબ સુંદર રીતે થઈ શકતાં નથી. અને તેથી પ્રભુને પ્રસન્નતા થતી નથી. માટે સેવામાં રાગ, ભોગ અને શૃંગારને મહત્ત્વનાં ગણવામાં આવ્યાં છે.

એમાં પણ રાગનું સ્થાન પ્રથમ મૂકવામાં આવ્યું છે. શ્રીવલ્લભ સંપ્રદાયની જેમ અન્ય વૈષ્ણવ સંપ્રદાયો પણ પોતપોતાની રીતે શ્રીકૃષ્ણની ઉપાસના કરે છે. તેમના સેવાપ્રકારોમાં પણ રાગભક્તિને મહત્ત્વ આપવામાં આવ્યું છે. એટલું જ નહિ પણ તેમનું સ્થાન પ્રથમ ગણવામાં આવ્યું છે.

સેવામાં કીર્તનભક્તિ :

શ્રીપ્રભુની મંગળાથી શયનપર્યન્તની સેવામાં સેવાની સાથે કીર્તન પરંપરા કાપડના તાણાવાણાની જેમ વણાઈ ગઈ છે. શ્રીઠાકોરજી જાગે તે પહેલાંથી કીર્તન શરૂ થાય છે. શ્રીઠાકોરજી પોઢ્યા પછી આશ્રયના પદ સાથે કીર્તનની સેવા પૂરી થાય છે. શ્રીઠાકોરજીની નિત્યની દરેક સેવા કીર્તનની સાથે જ થાય છે. આથી સંપ્રદાયમાં એવી ભાવના છે કે જ્યાં સુધી કીર્તન ન થાય, ત્યાં સુધી શ્રીઠાકોરજી કોઈપણ સેવા પ્રસન્નતાથી અંગીકાર કરતા નથી.

શ્રીઠાકોરજી ગીત સંગીતશિરોમણી છે. ચોસઠ કલાના જ્ઞાતા છે. તેથી કીર્તન દ્વારા તેમને રીઝવવાનો દીનતાભર્યો પ્રયત્ન સેવકો સેવામાં કરે છે. આપણા વાર્તાસાહિત્ય પરથી જાણી શકાય છે કે રૂપા પોળિયાને કીર્તન ગાવાનું પદ્ધતિસરનું કોઈ જ્ઞાન ન હતું, પરંતુ પ્રભુમાં પ્રેમ ઘણો હતો, તેથી રાત્રે રૂપાજી કીર્તનો ગાતા ત્યારે જ શ્રીગોવર્ધનનાથજીને નિદ્રા આવતી. શ્રીગોવિંદસ્વામી કીર્તન ન ગાય ત્યાં સુધી શ્રીગોવર્ધનનાથજી આરોગ્યા વિના બીરાજી રહેતા. શ્રીધોંધીજી જ્યારે શ્રીનવનીતપ્રિયજીની સન્મુખ કીર્તન ગાતા ત્યારે શ્રીપ્રભુ સ્વયં પોતાના શ્રીહસ્તથી તાલ આપતા. આમ પ્રભુની સેવામાં પ્રભુની પ્રસન્નતા માટે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ કીર્તનને સવિશેષ મહત્ત્વનું સ્થાન આપ્યું છે.

સંગીતનો એક અલૌકિક પ્રભાવ છે. લૌકિક મનુષ્યો દ્વારા લૌકિક પ્રકારે ગવાતું ગીતસંગીત પણ પોતાનો વિશિષ્ટ પ્રભાવ ઉત્પન્ન કરે છે. તેથી ગાનાર અને સાંભળનાર બંને સંગીતમાં ખોવાઈ જાય છે. તેઓ દુનિયાનાં બધાં દુ:ખોને ભૂલી જઈ સંગીતરસમાં પ્રસન્નતા અનુભવે છે. કેવળ મનુષ્યો પર જ સંગીતનો આવો પ્રભાવ છે એવું નથી, પશુઓ, વનસ્પતિ વગેરે સજીવ સૃષ્ટિ પણ સંગીતનો પ્રભાવ અનુભવે છે. આ વાત હવે વિજ્ઞાનથી સિદ્ધ થયેલી છે. આમ સંગીત માણસને દુ:ખમાંથી નિવૃત્ત કરી સુખ આપવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

જો લૌકિક સંગીત દુ:ખ દૂર કરી, સુખ આપી શકતું હોય તો અલૌકિક ગીત-સંગીતનો દિવ્ય પ્રભાવ કેટલો મહાન હોય તે સહેજે સમજી શકાય તેમ છે. આથી કીર્તનભક્તિને નવધા ભક્તિમાં સ્થાન આપવામાં આવ્યું છે. કીર્તનભક્તિ ભક્તને પ્રભુમાં ઓતપ્રોત કરી દે છે અને લૌકિકમાં લાગેલી ચિત્તવૃત્તિઓને પ્રભુમાં જોડી દે છે. જ્યારે જીવાત્માનો પરમાત્મામાં નિરોધ થાય ત્યારે પરમાત્માનો અનુભવ થાય છે. ચિત્તવૃત્તિના નિરોધ માટે યોગનો એક માર્ગ છે, જેમાં દેહદમન અને અનેક કષ્ટો રહેલાં છે. ચિત્તવૃત્તિના નિરોધનો વધારે સરળ સહજ અને સરસ માર્ગ શ્રીમહાપ્રભુજીએ નિરોધલક્ષણ ગ્રંથમાં સમજાવ્યો છે. આપશ્રી ત્યાં આજ્ઞા કરે છે - વ્રજમાં જ્યારે ઉદ્ધવજી આવ્યા ત્યારે ગોકુળ અને વૃંદાવનમાં શ્રીકૃષ્ણના ગુણગાનનો અનોખો મહોત્સવ થયો હતો. તેને લઈને વ્રજવાસીઓ અને ઉદ્ધવજીના મનનો શ્રીકૃષ્ણમાં નિરોધ થયો હતો. જ્યારે ભગવદ્‌ગુણગાનથી મનનો પ્રભુમાં નિરોધ થાય છે, ત્યારે હૃદયમાં બિરાજતા પ્રભુ કૃપા કરીને સાક્ષાત્ સ્વરૂપે નજર સન્મુખ પધારે છે અને પોતાના પરમ આનંદનું દાન કરે છે. આમ કીર્તન દ્વારા પ્રભુમાં ખોવાઈ જવું, પોતાની જાતને ભૂલી જવી એ નિરોધનો એક પ્રકાર છે.

શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથમાં એક બીજી વાત સમજાવી છે. લૌકિક મનુષ્યોનું ગુણગાન લૂખી રોટલી જેવું છે. જ્યારે ભગવદ્‌ગુણગાન ઘી ચોપડેલી કોમળ, મધુર રોટલી જેવું છે. આથી 'જલભેદ' ગ્રંથમાં ભગવદ્‌ગુણગાન કરનાર વક્તાઓ વિષે વાત કરતાં શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે જે પોતાનું પેટ ભરવા માટે ભગવદ્‌ગુણગાન કરે છે, તે ખાબોચિયાના ગંદા પાણી જેવા છે. તેમના ગુણગાનથી કોઈ અલૌકિક ફળ મળતું નથી. જે કેવળ પ્રભુને માટે હૃદયના ઉમળકાપૂર્વક પ્રભુને રીઝવવા પ્રભુનાં ગુણગાન ગાય છે, તે અમૃતના મહાસાગર જેવા છે. આવા ભક્તો બહુ દુર્લભ હોય છે.

પુષ્ટિમાર્ગમાં કીર્તનભક્તિનું એક અનન્ય સ્થાન છે. તેથી આપણે પુષ્ટિમાર્ગના કીર્તનસાહિત્યને, કીર્તનની પદ્ધતિને, કીર્તનસાહિત્યમાં અને કીર્તનગાનમાં જેમણે અનન્ય યોગદાન આપ્યું છે એવા ભગવદીય કવિઓને વિસ્તારથી સમજવાનો પ્રયત્ન કરીશું. પુષ્ટિમાર્ગમાં સર્વ કલાઓનો વિનિયોગ છે, પરંતુ તેમાં સવિશેષ કીર્તનકલાનો વિનિયોગ છે. ભોગ અને શૃંગાર અંગીકાર કરાવવા દ્રવ્યની જરૂર પડે છે. તેથી વૈષ્ણવ પોતાની શક્તિ પ્રમાણે ભોગ અને શૃંગાર અંગીકાર કરાવે છે. રાગ-કીર્તનમાં દ્રવ્યની જરૂર નથી. દરેક વૈષ્ણવ મોકળા મનથી સેવામાં કીર્તન તો અંગીકાર કરાવી જ શકે છે. આજે આપણી આ કીર્તનકલા દિવસે દિવસે ભુલાતી જાય છે અને ભુંસાતી જાય છે ત્યારે તેને સાચા સ્વરૂપમાં સમજવી, હસ્તગત કરવી અને પ્રભુને લાડ લડાવવામાં તેનો ઉપયોગ કરવો એ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ તરીકે આપણી ફરજ છે. આ વિષયને વિગતવાર સમજવો આપણા માટે જરૂરી છે.

કીર્તન શબ્દનો અર્થ :

કીર્તન શબ્દ મુખ્યત્વે બે અર્થમાં વપરાય છે. (૧) પદસાહિત્ય. જે પદો પ્રભુની સન્મુખ ગાવામાં આવે તેને કીર્તન કહેવામાં આવે છે. કીર્તન શબ્દ કીર્તિ શબ્દ સાથે સંબંધ ધરાવે છે, પ્રભુની કીર્તિનું ગાન એટલે કીર્તન. આથી કીર્તનસાહિત્યમાં પ્રભુની વિવિધ લીલાઓ અને ગુણોનું ગાન કરવામાં આવેલું હોય છે. (૨) કીર્તન એટલે પ્રભુની લીલાનાં પદો-યોગ્ય રાગ અને તાલથી ગાવાં તે. આવાં પદગાનને પણ કીર્તનના નામથી ઓળખવામાં આવે છે. આપણા સંપ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન શ્રીલાલૂ ભટ્ટજીએ કીર્તનની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી છે. પુરાણપુરુષ શ્રીહરિનાં અનન્ત નામો, દિવ્ય લીલા અને સ્તોત્ર આદિનું શ્રદ્ધાપૂર્વક કથન એટલે કીર્તન. આ અર્થમાં પ્રભુની લીલાનાં પદો ગાવાં, સંસ્કૃત સ્તોત્ર વગેરેનો છંદ અનુસાર પાઠ કરવો અને મંત્રોનો યોગ્ય લય સહિત જપ કરવો તે સર્વ કંઈ પ્રભુનું કીર્તન છે. વળી, ભગવદ્‌વાર્તા કરવી એ ગદ્યમાં કરવામાં આવેલું પ્રભુનું કીર્તન છે.

શ્રીમહાપ્રભુજીએ 'શ્રીસુબોધિનીજી'માં આજ્ઞા કરી કે 'જ્ઞાત્વા પાને મહાન્ રસઃ' પ્રભુની લીલાઓને સમજીને એ લીલાસાહિત્યને હૃદયમાં પધરાવીને તેનું પાન કરવું એ મહારસરૂપ છે. ભગવદ્‌ગુણગાનના પાનથી રસ પ્રગટ થાય છે, કારણ કે પ્રભુ સ્વયં 'રસો વૈ સઃ' છે. રસનાં બે સ્વરૂપ બતાવવામાં આવ્યાં છે. (૧) ઘન સ્વરૂપ અને (૨) દ્રવીભૂત સ્વરૂપ. શ્રીગોવર્ધનનાથજીનું સાક્ષાત્ સ્વરૂપ એ રસઘન છે. આપના એકે એક શ્રીઅંગમાં અલૌકિક રસ ભરેલો છે. આપશ્રીનાં કીર્તનોનું ગુણગાન કરતાં હૃદયમાં જે રસ પ્રગટ થાય છે, તે આપશ્રીનું દ્રવીભૂત રસાત્મક સ્વરૂપ છે. પ્રભુનું નામસ્વરૂપ એ દ્રવીભૂત રસાત્મક સ્વરૂપ છે. માટે ભગવદ્‌રસનું પાન પ્રભુના નામસંકીર્તનથી અને રૂપસેવાથી પ્રાપ્ત થઈ શકે છે.

આથી શ્રીમહાપ્રભુજીએ જ્યારે શ્રીગિરિરાજજીમાંથી શ્રીનાથજીને બહાર પધરાવ્યા તથા નાનકડું મંદિર બનાવી શ્રીનાથજીનો સેવાપ્રકાર શરૂ કર્યો, ત્યારે જમુનાવતા ગામના વતની શ્રીકુંભનદાસજીને શ્રીનાથજીની કીર્તનની સેવા સોંપી. આમ ઐતિહાસિક દૃષ્ટિએ શ્રીકુંભનદાસજી પુષ્ટિમાર્ગમાં પ્રથમ કીર્તનકાર છે. વ્રજરાજ શ્રીકૃષ્ણ વ્રજમાં બિરાજે છે, વ્રજભક્તો સાથે ખેલે છે. તેથી તેમને વ્રજભાષા અતિપ્રિય છે. એટલે આપણાં બધાં કીર્તનો વ્રજભાષામાં છે. સાથસાથે સંસ્કૃત ભાષા દેવભાષા કહેવાય છે. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, આદિ આપણા આચાર્યોએ તે ભાષાનો ઉપયોગ કર્યો છે, તેથી આપણું કેટલુંક કીર્તનસાહિત્ય સંસ્કૃત ભાષામાં પણ છે.

કીર્તનસાહિત્યને પુષ્ટિમાર્ગમાં પાંચમો વેદ કહેવામાં આવ્યો છે કારણ કે વેદ કોઈ મનુષ્યની રચના નથી. પ્રભુના મુખારવિંદની વાણી છે. તેવી રીતે આ કીર્તનો પણ કોઈ લૌકિક મનુષ્યોની કલ્પનાથી રચાયેલાં નથી. જે તે ભક્તના હૃદયમાં બિરાજીને શ્રીપ્રભુએ સ્વયં તે ગાયાં છે. તેથી કીર્તનની વાણી ભગવદ્‌વાણી છે. પ્રભુની અલૌકિક વાણી એવા વેદ, ભાગવત વગેરેમાં પ્રભુની જે તે લીલાઓ જેટલી સ્પષ્ટ રીતે અને વિસ્તારપૂર્વક ગવાઈ નથી, તે લીલાઓ આ કીર્તનસાહિત્યમાં ગવાઈ છે. તેથી આ સાહિત્ય વેદ, ભાગવતની કક્ષામાં બિરાજી શકે તેવું છે. શ્રીશુકદેવજીએ શ્રીભાગવતના દશમ સ્કંધમાં શ્રીગોવર્ધનલીલા ગાઈ છે, એ જ ગોવર્ધનલીલા શ્રીસુરદાસજીએ સરસલીલા નામના પોતાનાં પદોમાં ગાઈ છે. આ બંને લીલાઓને સાથે સરખાવતાં સમજાય છે કે શ્રીશુકદેવજીના અનુભવો કરતાં શ્રીસુરદાસજીનો અનુભવ ઘણો વિશેષ અને વિલક્ષણ છે. (આ માટે આ જ લેખકનું પુસ્તક શ્રીગોવર્ધનલીલાનું રહસ્ય' જિજ્ઞાસુઓને જોવા વિનંતી છે.)

ભક્ત કવિઓએ આ કીર્તનોની રચનામાં પોતાની લૌકિક બુદ્ધિની કોઈ કસરત કરી નથી. પ્રભુકૃપાથી તેમને જ્યારે-જ્યારે અલૌકિક લીલાઓનાં દર્શન થયાં ત્યારે ત્યારે આપોઆપ તેમના હૃદયમાંથી આ કીર્તનો પ્રગટ થયાં છે. જેમ ભગવદ્‌સ્વરૂપ સ્વરૂપાત્મક છે, તેમ ભગવદ્‌વાણી પણ સ્વરૂપાત્મક છે. માટે આપણાં સેવ્યસ્વરૂપો તરફ આપણે જેવો ભગવદ્‌ભાવ રાખીએ છીએ, તેવો ભક્તિભાવ આ કીર્તનો પ્રત્યે પણ રાખવો જોઈએ, તેથી કીર્તનસમાજમાં કીર્તનના ગ્રંથને ભગવત્ સ્વરૂપ સમજીને તેમને તિલક કરવાનો અને ભેટ ધરવાનો પ્રકાર પ્રસિદ્ધ છે.

પુષ્ટિમાર્ગીય કીર્તનમાં ધ્રુપદ શૈલીની પરંપરા :

ઈસુની ૧૫મી સદીમાં શ્રીનાથજીની આજ્ઞાથી શ્રીમહાપ્રભુજીએ શ્રીગોવર્ધન પર્વત પર પધારી શ્રીનાથજીને પર્વતમાંથી બહાર પધરાવ્યા. શ્રીગોવર્ધન પર્વત પર એક નાનકડું મંદિર તત્કાલ બનાવી શ્રીનાથજીને તેમાં પધરાવ્યા. શ્રીગોવર્ધન પર્વતની ગુફામાં રહેતા વિરક્ત સંત રામદાસજીને બોલાવી તેમને સેવક કરી શ્રીનાથજીની સેવા તેમને સોંપી. ત્યારે વ્રજમાં જમુનાવતા ગામમાં રહેતા કુંભનદાસજી ત્યાં આવ્યા. તેઓ શ્રીમહાપ્રભુજીના સેવક થયા. શ્રીમહાપ્રભુજીએ તેમના ઉપર કૃપા કરી. શ્રીમહાપ્રભુજીએ તેમને આજ્ઞા કરી કે તમે શ્રીનાથજીની સન્મુખ કીર્તન ગાવાની સેવા કરો. આથી શ્રીકુંભનદાસજીએ શ્રીનાથજીને દંડવત્ કરી તેમની સન્મુખ બિલાવલ રાગમાં અને ધમાર તાલમાં નીચેનું પદ ગાયું.

સાંજ કે સાંચે બોલ તિહારે,
રજની અનત જાગે નંદનંદન આયે નિપટ સવારે... (૧)
આતુર ભયે નીલપટ ઓઢે, પીરે બસન બિસારે,
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર ભલે જૂ બચન પ્રતિપારે... (૨)

આ કીર્તન સાંભળી શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજી ઘણા પ્રસન્ન થયા. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, કુંભનદાસ! તમને નિકુંજલીલા સંબંધી રસનો અનુભવ થયો. કુંભનદાસજીએ આ પદ ધ્રુપદ શૈલીમાં બિલાવલ રાગમાં અને ધમાર તાલમાં ગાયું. ધ્રુપદ શૈલી પ્રમાણે આ પદની ચાર પંક્તિઓ અનુક્રમે સ્થાયી, અંતરા, સંચારી અને આભોગમાં તેમણે રજૂ કરી.

એમ કહેવાય છે કે કુંભનદાસજી જ્યારે બાળક હતા ત્યારે તેમના કાકા ધર્મદાસની સાથે રહેતા હતા. રાજા માનસિંહના ગાયકવાદક ગંગા કિનારે સ્નાન કરવા માટે ઘણીવાર જતા. ત્યારે ધર્મદાસ પણ બાળક કુંભનદાસને સાથે લઈ ઘણીવાર ગંગાસ્નાન માટે જતા. સંભવ છે કે ત્યાં બાળક કુંભનદાસે આ ધ્રુપદ શૈલીમાં ગવાતાં પદો સાંભળ્યાં હોય. શ્રીપ્રભુકૃપાથી તેમનામાં સંગીતની અને પદરચનાની કુદરતી શક્તિ તો હતી જ, તેથી ગુરુકૃપાથી તેઓ નિત્ય નવી પદરચનાઓ કરતા અને પોતાના સુમધર કંઠે એ રચનાઓ ધ્રુપદ શૈલીમાં ગાઈને પ્રભુને રીઝવતા. તેમાં તેમને પરમાનંદનો અનુભવ થતો. ત્યારથી પુષ્ટિમાર્ગમાં સેવામાં, ધ્રુપદ શૈલીમાં કીર્તનો ગાવાની પરંપરા ચાલુ થઈ એમ મનાય છે.

શ્રીકુંભનદાસજી પછી શ્રીમહાપ્રભુજીના શરણે બીજા ત્રણ સંગીતકારો પણ આવ્યા. તેઓ શ્રીસૂરદાસજી, શ્રીપરમાનંદદાસજી અને શ્રીકૃષ્ણદાસજી હતા. શ્રી સૂરદાસજી શ્રીમહાપ્રભુજીના શરણે આવતાં જ શ્રીમહાપ્રભુજીએ

તેમને શ્રીભાગવતના દશમ સ્કંધની અનુક્રમણિકા સંભળાવી, એ સાંભળતાં જ તેમના અંતઃકરણની આંખો ખૂલી ગઈ. તેમને કૃષ્ણલીલાનો અનુભવ થવા લાગ્યો. તે અનુભવ તેમણે પદોમાં ગાયો. તેમનું પહેલું પદ 'બ્રજભયો મહરકે પૂત' જન્માષ્ટમીની વધાઈનું છે. શ્રીમહાપ્રભુજી તેમને વ્રજમાં લઈ આવ્યા અને તેમને પણ શ્રીનાથજીનાં કીર્તનની સેવા સોંપી. જ્યારે શ્રીનાથજીનાં કીર્તનની સેવામાં બીજા કીર્તનકારનો વારો હોય ત્યારે શ્રી સૂરદાસજી ગોકુળ જઈ શ્રીનવનીતપ્રિયજીની સન્મુખ કીર્તન કરતા.

શ્રી સૂરદાસજી પછી શ્રી પરમાનંદદાસજી શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા. તેઓ પણ તેમના સમયના એક પ્રસિદ્ધ કીર્તનકાર હતા. શ્રીમહાપ્રભુજીની કૃપાથી તેમને પણ લીલાનો દિવ્ય અનુભવ થતો. તેઓ પોતાનાં પદો શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયજીની સન્મુખ મધુર કંઠથી ગાતા.

શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીકૃષ્ણદાસજી ગુજરાતના ખેડૂત પટેલ હતા. સેવક થયા પછી શ્રીમહાપ્રભુજીએ તેમને શ્રીનાથજીના મંદિરની વ્યવસ્થાનો અધિકાર સોંપ્યો. એ સેવા બજાવતાં બજાવતાં તેઓ વીણાવાદન શીખ્યા. સાથે સાથે પ્રભુની લીલાનો અનુભવ થતાં તેનાં પદો રચ્યાં, અને શ્રીનાથજીની સન્મુખ ગાયાં.

આમ, આ ચારેય મહાનુભાવ કીર્તનકારોએ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી ધ્રુપદ શૈલીમાં કીર્તનગાનની સેવા કરી.

જે અરસામાં રાજા માનસિંહે ગ્વાલિયરમાં ત્રણ ગાયકોની મદદથી ધ્રુપદ શૈલીનો પ્રચાર કર્યો, એ જ સમયગાળામાં ઈ.સ. ૧૫૫૬ થી ૧૫૭૮ સુધીમાં ઉપરોક્ત ચાર કીર્તનકારોએ શ્રીઠાકોરજી સન્મુખ ધ્રુપદ શૈલીમાં કીર્તનો ગાયાં. તેમણે તંબુર, મૃદંગ, ઝાંઝ અને વીણા આ ચાર વાજીંત્રોનો કીર્તનગાનમાં ઉપયોગ કર્યો હતો.

શ્રીમહાપ્રભુજીના સમયમાં શ્રીનાથજીનો સેવાપ્રકાર સાદાઈપૂર્ણ હતો. શ્રીપૂર્ણમલ્લ ક્ષત્રિયને શ્રીનાથજીએ તેમનું નવું મંદિર સિદ્ધ કરવા આજ્ઞા કરી. ત્યારબાદ નવું મોટું મંદિર સિદ્ધ થતાં શ્રીનાથજી તેમાં બિરાજ્યા. શ્રીમહાપ્રભુજી પછી જ્યારે શ્રીગુસાંઈજીએ પુષ્ટિમાર્ગનું આચાર્યપદ સંભાળ્યું ત્યારે પોતાના સેવકો દ્વારા આપશ્રીને અઢળક સંપત્તિ ભેટમાં આવવા લાગી. તેથી એ સંપત્તિનો પ્રભુના સુખમાં વિનિયોગ કરવા માટે આપશ્રીએ સેવાપ્રકારનો ઘણો વિસ્તાર કર્યો. ત્યારે સેવાપ્રકારમાં કીર્તનપ્રણાલિકાનો પણ આપે સંપૂર્ણ વિકાસ કર્યો. આપ પોતે પણ વીણાવાદનમાં અને પદરચનાઓમાં ઘણા કુશળ હતા. તેથી આપે કીર્તનપ્રણાલિકા વધારે સુંદર અને વ્યવસ્થિત કરવામાં મોટું યોગદાન આપ્યું. શ્રીનાથજીના અષ્ટ સમયની સેવામાં આઠ કીર્તનકારોની સેવાનો ક્રમ આપે ગોઠવ્યો. આ માટે આપે 'અષ્ટછાપ'ની રચના કરી. તેમાં નીચેના આઠ ભગવદીય કવિ કીર્તનકારોને આપે કીર્તનની સેવા સોંપી.

(૧) શ્રીસુરદાસજી (૨) શ્રીપરમાનંદદાસજી (૩) શ્રીકુંભનદાસજી (૪) શ્રીકૃષ્ણદાસજી (૫) શ્રીગોવિંદસ્વામી (૬) શ્રી છીતસ્વામી (૭) શ્રી ચતુર્ભુજદાસજી (૮) શ્રીવિષ્ણુદાસ છીપા. આઠ ભગવદીયો પૈકી પહેલા ચાર અને આઠમા મળીને કુલ પાંચ ભગવદીયો શ્રીમહાપ્રભુજીના સેવકો હતા. બાકીના ત્રણ ભગવદીયો શ્રીગુસાંઈજીના સેવકો હતા.

થોડાં વર્ષો પછી 'શ્રીરામચરિત માનસ'ના રચયિતા શ્રીતુલસીદાસજીના કાકાના દીકરા શ્રીનંદદાસજી શ્રીગુસાંઈજીના શરણે આવ્યા. તેમને પણ પ્રભુકૃપાથી પદરચના અને કીર્તનગાનની શક્તિઓ પ્રાપ્ત થઈ હતી. તે સમયમાં શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીવિષ્ણુદાસ છીપા ઘણા વૃદ્ધ થયા હતા. તેથી શ્રીવિષ્ણુદાસ છીપાની વિનંતીથી શ્રીગુસાંઈજીએ તેમને ગોકુળમાં પોતાની હવેલીમાં દ્વારપાળની સેવા સોંપી અને અષ્ટછાપમાં શ્રીવિષ્ણુદાસ

છીપાના સ્થાને શ્રીનંદદાસજીને ગોઠવ્યા. આમ, સંવત ૧૬૦૨માં અષ્ટછાપની જે સ્થાપના શ્રીગુસાંઈજીએ કરી હતી તેને પાંચ વર્ષ પછી સંવત ૧૬૦૭માં વ્યવસ્થિત કરી.

સાથે સાથે શ્રીગુસાંઈજીએ વૃંદાવનમાં અન્ય સંપ્રદાયના કૃષ્ણભક્ત કીર્તનકારોને પણ શ્રીનાથજીની સેવામાં કેટલીક વખત કીર્તન ગાવા આજ્ઞા આપી. ખાસ કરીને જ્યારે શ્રીગુસાંઈજીએ ખટઋતુ નિકુંજનો મનોરથ અને છપ્પન ભોગનો મનોરથ અંગીકાર કરાવ્યો ત્યારે વૃંદાવનથી શ્રીહરિદાસજી, શ્રીવ્યાસદાસજી વગેરે કૃષ્ણભક્ત કીર્તનકારો આવ્યા હતા. અને તેમણે ધ્રુપદ શૈલીમાં કીર્તનગાન કર્યું હતું.

શ્રીગુસાંઈજીના સમયમાં અષ્ટછાપ કીર્તનકારો ઉપરાંત બીજા ચાલીસ જેટલા કીર્તનકારોએ પણ તેમની પદરચનાઓ શ્રીનાથજીની સન્મુખ ગાઈને શ્રીનાથજીની કીર્તનસેવા કરી હતી. આ કીર્તનકારોમાં નીચેના કીર્તનકારો મુખ્ય છે. (૧) ગદાધર મિશ્ર (૨) પદ્મનાભદાસ (૩) કટહરિયા (૪) થાનદાસ (૫) ભાનદાસ (૬) ઋષિકેશ (૭) ગોપાલદાસ (૮) લઘુગોપાલ (૯) ગંગાબાઈ (૧૦) ચતુરબિહારી (૧૧) જગન્નાથ કવિરાય (૧૨) તાનસેન (૧૩) ધોંધી (૧૪) માણેકચંદ (૧૫) માધવદાસ (૧૬) મેહા (૧૭) સગુણદાસ (૧૮) આસકરણ (૧૯) રામદાસ (૨૦) હરજીવન વગેરે.

શ્રીગુસાંઈજીએ શ્રીઠાકોરજીની સેવામાં કીર્તનો ઉપરાંત વાદ્યવાદનનો ક્રમ પણ ગોઠવ્યો છે. તે મુજબ શ્રીઠાકોરજી જાગે તે પહેલાં મંદમંદ સ્વરમાં વીણાવદન સાથે કોઈ એક રાગનો મધુર આલાપ કરવામાં આવે છે, ત્યારપછી શંખનાદ ત્રણ વખત થાય છે. શંખનાદ બાદ ત્રણ વખત ઘંટાનાદ થાય છે. ઘંટાનાદ પછી તરત જ કીર્તનગાન શરૂ થાય છે. મંગળાદર્શન ખુલતાં નોબત અને શરણાઈ વાગે છે. આમ આજે પણ વાદ્યવાદનનો આ ક્રમ શ્રીનાથદ્વારામાં શ્રીનાથજીની સેવામાં જોવા મળે છે.

પુષ્ટિમાર્ગમાં ધ્રુપદ શૈલીની પરંપરાનો વિકાસ :

પુષ્ટિમાર્ગના પ્રસિદ્ધ કીર્તનકાર અને સંગીત મર્મજ્ઞ શ્રીચંપકભાઈ નાયકે પુષ્ટિમાર્ગીય સંગીતના વિકાસને ત્રણ તબક્કામાં વહેંચી દીધો છે. (૧) પ્રારંભકાલ ઈ.સ. ૧૫૦૦ થી ૧૬૫૦ (૨) મધ્યકાલ ઈ.સ. ૧૬૫૧ થી ૧૮૦૦ (૩) ઉત્તરકાલ ઈ.સ. ૧૮૦૧ થી ૧૯૫૦.

આમાં પ્રારંભકાલને તેમણે ત્રણ ચરણોમાં વહેંચ્યો છે. (૧) પ્રથમ ચરણ શ્રીવલ્લભયુગ ઈ.સ. ૧૫૦૦ થી ૧૫૩૦ (૨) દ્વિતીય ચરણ શ્રીવિઠ્ઠલેશ યુગ ઈ.સ. ૧૫૩૧ થી ૧૫૯૦ (૩) તૃતીય ચરણ શ્રીગોકુલેશ યુગ ઈ.સ. ૧૫૯૧ થી ૧૬૫૦.

પ્રારંભકાળના પ્રથમ ચરણમાં શ્રીકુંભનદાસજી આદિ કીર્તનકારોએ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી શ્રીનાથજીની સન્મુખ કીર્તનગાનનો પ્રારંભ કર્યો હતો. દ્વિતીય ચરણમાં શ્રીગુસાંઈજી મહારાજે આ કીર્તનપરંપરાને સુદૃઢ કરવા અષ્ટછાપની રચના કરી, સાથે સાથે વૃંદાવનમાં વસતા અન્ય કૃષ્ણભક્તોને પણ તેમનાં કીર્તનો શ્રીનાથજી સન્મુખ ગાવા આજ્ઞા આપી. આ દ્વિતીય ચરણોમાં પુષ્ટિમાર્ગીય સંગીત પ્રણાલિકાની ધ્રુપદ શૈલી પૂરેપૂરી વ્યવસ્થિત રીતે કાર્યરત થઈ. તૃતીય ચરણમાં શ્રીગોકુલેશ પ્રભુએ આ શૈલીને ઘણું પ્રોત્સાહન આપ્યું. પોતે પણ કીર્તનોની રચના કરી. કીર્તનકારોને પ્રોત્સાહન આપ્યું.

ત્યારપછીનો મધ્યકાલ એ શ્રીહરિરાયજી યુગ તરીકે ઓળખાવી શકાય. તે સમયમાં શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજીએ ઉત્તમ કીર્તનોની રચના કરી, સાથે સાથે કીર્તનપ્રણાલિકાને પણ ઘણું પ્રોત્સાહન આપ્યું. શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજી સુધીના કીર્તનકારોનાં કીર્તનો આપણી કીર્તનપ્રણાલિકામાં સ્થાન પામ્યાં છે. શ્રીહરિરાયજીના યુગમાં શ્રીવ્રજાધીશજીનાં કીર્તનો પણ ઘણા મોટા પ્રમાણમાં પ્રાપ્ત થયાં છે.

મધ્યકાલના અંતિમ ચરણ બાદ દેશમાં અને પુષ્ટિમાર્ગમાં ધ્રુપદ શૈલીમાં થોડું પરિવર્તન આવ્યું. આધુનિક ખ્યાલ પદ્ધતિની અસર ધ્રુપદ શૈલીના ગાયકો પર થઈ. પરિણામે શુદ્ધ ધ્રુપદ શૈલીના સ્થાને ખ્યાલ પદ્ધતિ મિશ્રિત ધ્રુપદ શૈલીનો ઉપયોગ શરૂ થયો. તેમાંથી આપણું પુષ્ટિમાર્ગીય સંગીત પણ અલિપ્ત રહી શક્યું નથી.

શ્રીગોવર્ધનનાથજી નાથદ્વારા પધાર્યા તે સાથે અન્ય નિધિસ્વરૂપો પણ વ્રજમાંથી સ્થળાંતર કરી અન્ય સ્થાનોમાં પધાર્યાં અને ત્યાં બિરાજ્યાં. તેના પરિણામે જુદાં જુદાં સ્થાનોમાં કીર્તનકારો વહેંચાઈ ગયા. આમાંથી ત્રણ વિભાગોમાં પુષ્ટિમાર્ગીય સંગીતપરંપરાનું વિભાજન થયું. (૧) નાથદ્વારા-કાંકરોલી પરંપરા (૨) ગોકુલ-મથુરા-કામવન-કાશી પરંપરા (૩) અમદાવાદ-વડોદરા-સુરત-જામનગર-જુનાગઢ અને પોરબંદરની પરંપરા.

ઉત્તરકાલમાં આ પરંપરાઓની સાથે એક બીજું પરિવર્તન પણ આવ્યું. આ પૂર્વે શ્રીપ્રભુ સન્મુખ કીર્તન કરનાર સૌ સેવકો હતા, એટલે શુદ્ધ સેવાભાવનાથી કીર્તનોની સેવા કરતા હતા. આ પરંપરા પણ ઘસાતી ગઈ. વેતન લઈને કીર્તન કરનાર કીર્તનકારોનો એક નવો વર્ગ પણ ઉદ્ભવ્યો. સર્વ સ્થળે આવા વેતનભોગી કીર્તનકારો પણ મળવા મુશ્કેલ બન્યા. મંદિરોનો વ્યાપ વધતો ગયો એટલે જે તે ગામોના વૈષ્ણવો કીર્તનકલા શીખવા લાગ્યા અને યથાસમય, યથાશક્તિ કીર્તનની સેવા કરવા લાગ્યા. આવા વૈષ્ણવ કીર્તનકારોએ ધ્રુપદ શૈલીની પદ્ધતિસરની તાલીમ લીધેલી ન હતી. પરંપરાથી વડીલોની સાથે બેસીને કીર્તન ગાવાનો મહાવરો કર્યો હોવાથી શુદ્ધ ધ્રુપદ શૈલી સચવાઈ નહિ.

ઈ.સ. ૧૯૫૦ પછીના સમયને આધુનિક કાલ કહી શકીએ. છેલ્લાં ૪૦ વર્ષોમાં આપણી કીર્તનપરંપરા ઘણી બદલાઈ ગયેલી જોવા મળે છે. ધ્રુપદ શૈલીના જાણકાર કીર્તનકારોનું પ્રમાણ ઘણું અલ્પ થયું છે. એવાં કેટલાંય મંદિરો છે કે જ્યાં કોઈપણ પ્રકારે કીર્તન કરનાર એક પણ કીર્તનકાર રહ્યા નથી. આ સંજોગોમાં છેલ્લા દશકામાં એવો ભય ઊભો થયો કે કદાચ કીર્તનના જાણકારો રહેશે જ નહિ. આ જ અરસામાં સંપ્રદાયના સુપ્રસિદ્ધ કીર્તનકાર શ્રી વિઠ્ઠલદાસભાઈ બાપોદરા આગળ આવ્યા. તેઓ વ્યવસાયે કોલેજમાં સંગીતના પ્રાધ્યાપક હતા. યુવાનોને સંગીત શીખવવાનો તેમનો પદ્ધતિસરનો અભ્યાસ હતો. એ અભ્યાસનો ઉપયોગ કરીને તેમણે વૈષ્ણવ ભાઈ-બહેનોને કીર્તનો શીખવવાનો કાર્યક્રમ હાથ ધર્યો. તેના પરિણામે દેશ-વિદેશમાં તેમની ઘણી કીર્તનશિબિરો યોજાઈ. ઘણાં ભાઈ-બહેનો કીર્તન કરવામાં તૈયાર થયાં, ઘણાં ગામોમાં બહેનોની કીર્તનમંડળીઓ સ્થપાઈ. તેઓ ઝાંઝ-મૃદંગ સાથે સુંદર કીર્તન કરવા લાગ્યાં.

શ્રી વિઠ્ઠલદાસભાઈ બાપોદરાની સાથે-સાથે ગોધરાવાળા શ્રી મધુસુદનભાઈ ખંભોળજા, અમદાવાદમાં શ્રી ઘનશ્યામભાઈ ચંપકલાલ નાયક, મુંબઈમાં શ્રીજમનાપ્રસાદજી શર્મા આદિ ઘણા કીર્તનકારોએ પોત-પોતાની રીતે વૈષ્ણવ ભાઈ-બહેનોને કીર્તનગાનની તાલીમ આપવા માંડી. તેને લઈને આજે સંપ્રદાયમાં કીર્તનગાનમાં એક નવો ઉત્સાહ પ્રગટ થયો છે.

શ્રી ચંપકલાલભાઈ નાયકના પ્રયાસોથી આઝાદી બાદ આપણાં કીર્તનો રેડિયો દ્વારા જનસમાજ સુધી પહોંચાડવાનું કાર્ય પણ શરૂ થયું. તે સમયના અમદાવાદ રેડિયો સ્ટેશનના નિયામક અને ગુજરાતના સુપ્રસિદ્ધ કવિ નાટ્યકાર શ્રી ચં. ચી. મહેતાએ રેડિયો પરથી રજૂ થતાં કીર્તનો માટે 'હવેલીસંગીત' એવો શબ્દ પ્રયોગ યોજ્યો. તે શબ્દપ્રયોગ સૌએ સ્વીકારી લીધો. પરિણામે આજે પુષ્ટિમાર્ગીય કીર્તનો હવેલી સંગીતના નામે જનસમાજમાં વિશેષ પ્રસિદ્ધ બન્યાં છે. આજે આ કીર્તનો રેડિયો અને ટી.વી. દ્વારા સમયે-સમયે પ્રસારિત થતાં રહે છે. તેની તરફ સામાન્ય લોકોનું જ નહિ પણ પ્રથમ કક્ષાના સંગીતકારોનું ધ્યાન પણ ખેંચાયું છે. તેથી પંડિત જસરાજજી જેવા પ્રથમ કક્ષાના સંગીતકારે પણ ધ્રુપદ શૈલીમાં આપણાં કીર્તનો રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

આજે આપણા પૂજ્યપાદ આચાર્યચરણોમાં ગો. શ્રી ગોકુલોત્સવજી (નાથદ્વારા-ઈન્દોર), ગો. શ્રી રસિકરાયજી (મથુરા-પોરબંદર), ગો. શ્રીકલ્યાણરાયજી (સુરત), ગો. શ્રીવ્રજેશકુમારજી (કાંકરોલી) અને બીજા ઘણા ગોસ્વામી આચાર્યોએ આ કલામાં સિદ્ધહસ્તના પ્રાપ્ત કરી છે. તદુપરાંત આપણે ત્યાં અનેક કીર્તનકારો આજે પણ તેમની આ કલાથી શ્રીપ્રભુને રિઝવી રહ્યા છે, જેમનાં નામ ગણાવીએ તો ઘણી મોટી યાદી થાય તેમ છે. આ કીર્તનકારોની હરોળમાં બેસી શકે એવાં ઘણાં સ્ત્રી કીર્તનકારો પણ આજે આપણી પાસે છે. આમ ફરીથી પુષ્ટિમાર્ગીય સંગીત કલા વિકાસ પામી રહી છે, તે આપણા સૌ માટે આનંદ અને ગૌરવનો વિષય છે.

વિજ્ઞાનના વિકાસે પણ આ કલાના પ્રચાર-પ્રસારમાં ઘણો મોટો ફાળો આપ્યો. નામી કીર્તનકારોની કીર્તન કેસેટો બહાર પડવા લાગી છે. શ્રી બચુભાઈ ઝવેરી જેવા સેવાભાવી કીર્તનકારે તો પોતાની રીતે કેસેટોનો આખો સેટ તૈયાર કર્યો છે. વર્ષોત્સવના પદોની લગભગ ૧૦૦ જેટલી કેસેટો તેમણે એકલાએ તૈયાર કરી છે. બીજા કીર્તનકારોની પણ ઘણી સુંદર કેસેટો આજે મળી શકે છે. આને લઈને જે વૈષ્ણવોને કીર્તનની કલા સાધ્ય થઈ નથી તેઓ પણ પોતાની ગૃહસેવામાં આ કીર્તનની કેસેટોનો સારી રીતે ઉપયોગ કરે છે. તે સાંભળીને અને તેની સાથે ગાઈને કીર્તનની થોડી ઘણી સમજ તેઓ મેળવે છે. આમ આજે આપણી કીર્તનપરંપરામાં સૌને નવેસરથી રસ જાગવા માંડ્યો છે.

પુષ્ટિમાર્ગીય કીર્તન સાહિત્ય :

પુષ્ટિમાર્ગના લગભગ ૫૧૨ વર્ષોમાં આપણી પાસે ઘણું કીર્તન સાહિત્ય સંગ્રહિત થયું છે. આ સાહિત્ય સંખ્યાની દૃષ્ટિએ અને સાહિત્યકલાની દૃષ્ટિએ ઘણી ઊંચી કક્ષાનું છે. આપણા અષ્ટછાપ મહાનુભાવોએ મોટાભાગે સંગીતના સ્વીકૃત છત્રીસે રાગો ગાયા છે. શ્રીકુંભનદાસજીનાં ૪૦૦ પદ, શ્રીસૂરદાસજીનાં કુલ સવાલાખ પદમાંથી પાંચેક હજાર પદ, શ્રીકૃષ્ણદાસજીનાં ૧૨૦૦ પદ, શ્રીપરમાનંદદાસજીનાં ૨૦૦૦ પદ, શ્રીગોવિંદ સ્વામીનાં ૪૦૦ પદ, શ્રીછીતસ્વામીનાં ૨૦૦ પદ, શ્રીચતુર્ભુજદાસજીનાં ૨૦૦ પદ અને શ્રીનંદદાસજીનાં ૩૦૦ પદ આજે મળી આવે છે. આ ઉપરાંત અન્ય કીર્તનકારોની કુલ પદસંખ્યા બે હજારથી વધુ થાય છે. આમ આજે આપણી પાસે બારહજાર કરતાં વધુ પદોનું પદસાહિત્ય ઉપલબ્ધ છે.

આ પદસાહિત્યને મુખ્યત્વે બે વિભાગોમાં વહેંચવામાં આવેલું છે. (૧) ભગવલ્લીલાનાં પદો (૨) ભગવન્માહાત્મ્ય, દીનતા, વિનંતી અને આશ્રયનાં પદો.

ભગવલ્લીલાનાં પદોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય. સ્વરૂપ ભાવના સંબંધી પદો, લીલા ભાવના સંબંધી પદો, અને ભાવભાવના સંબંધી પદો. જેમાં પ્રભુના સ્વરૂપનું વર્ણન હોય તેવાં પદો સ્વરૂપ ભાવનાનાં પદો કહેવાય. જેમાં પ્રભુની વિવિધ લીલાઓનું વર્ણન હોય તે લીલાભાવનાનાં પદો અને વ્રજભક્તોના હૃદયની વિવિધ ભાવનાઓનાં પદો હોય, તે ભાવભાવનાનાં પદો કહેવાય. આપણે ત્યાં આવાં પદોમાં ક્યારેક એક જ ભાવના વર્ણવેલી હોય છે, તો ક્યારેક એક કરતાં વધારે ભાવનાઓ પણ વર્ણવેલી હોય છે.

આ બધાં પદો શ્રીપ્રભુની સન્મુખમાં ગવાય છે.

ભગવન્ માહાત્મ્ય, દીનતા, વિનંતી અને આશ્રયનાં પદો ઉપદેશાત્મક પદો છે. આ પદો મોટાભાગે શ્રીપ્રભુની સન્મુખમાં ગવાતાં નથી. સેવાના અનવસરમાં ભગવત્સ્મરણ અને ચિંતન માટે આ પદો ગવાય છે.

પ્રભુની સન્મુખ ગવાતાં કેટલાંક પદોમાં બાલલીલા, તો કેટલાંક પદોમાં કિશોરલીલાનું નિરૂપણ છે. બાલલીલાનાં પદોમાં નંદાલયની ભાવના છે. જ્યારે કિશોરલીલાનાં પદોમાં નિકુંજની ભાવના છે. જેમનું અંતઃકરણ લૌકિક વિષયોથી શુદ્ધ બન્યું હોય એવા વૈષ્ણવોએ જ નિકુંજની ભાવનાઓનું ગાન અને ચિંતન કરવું. અન્યથા ભગવલ્લીલાના ચિંતનમાં લૌકિકતા આવી જવાથી અપરાધનો ભય રહે છે.

આપણું બધું કીર્તનસાહિત્ય વ્રજભાષામાં છે. શ્રીજયદેવજી અને શ્રીગુસાંઈજી રચિત કેટલીક અષ્ટપદીઓ સંસ્કૃતમાં છે. ગુજરાતી પદરચનાઓ શ્રીપ્રભુની સન્મુખ ગવાતી નથી. શ્રીપ્રભુની સન્મુખ ગવાતાં કીર્તનોની પ્રણાલિકા નિશ્ચિત થયેલી હોય છે. શ્રીનાથજી સહિત બધાં ઘરોને પોતપોતાની કીર્તનપ્રણાલિકા છે, તેમાં નક્કી થયેલાં કીર્તનો જ જે તે દિવસે જે તે સમયની સેવામાં ગવાય છે. શ્રીદ્વારકેશજી પછીના કોઈ કીર્તનકારનાં કીર્તનોનો સમાવેશ કીર્તનપ્રણાલિકાઓમાં થયો હોવાનું જાણમાં નથી. આનું કારણ એ છે કે જેમને ભગવત્લીલાનો સાક્ષાત્ અનુભવ થયો, તેમનાં પદો સેવામાં સ્વીકારાયાં છે. તે સિવાય રચાયેલાં પદો સ્વીકારાયાં નથી.

આ કીર્તનો જુદા જુદા છત્રીસ જેટલા રાગોમાં મળે છે. કેટલાક રાગોના અનેક પ્રકારો પણ છે. જેમ કે સારંગ અને મલ્હાર રાગો જુદા જુદા પેટા પ્રકારોમાં ગવાય છે. આપણા સંપ્રદાયમાં ભૈરવી ગવાતો નથી. તેનું કારણ એવું છે કે જ્યારે શ્રીગોવિંદસ્વામી ભૈરવી રાગમાં કીર્તન ગાતા હતા ત્યારે તેમનું કીર્તન સાંભળવા અકબર બાદશાહ વેશપલ્ટો કરીને આવેલા. એ કીર્તન સાંભળતાં અકબર બાદશાહે વાહવાહ કહ્યું. આથી શ્રીગોવિંદસ્વામીએ વિચાર કર્યો કે પ્રભુને રિઝવવા માટે મારું કીર્તન છે, લૌકિક મનુષ્યો માટે નથી. આ રાગથી એક લૌકિક માણસ રિઝાયો છે એટલે હવે તે રાગ અર્ધભુક્ત બન્યો છે, પ્રભુને લાયક રહ્યો નથી. ત્યારથી ભૈરવી રાગનો પ્રયોગ આપણી કીર્તનપરંપરામાં થતો નથી.

આપણા કીર્તનસાહિત્યને એક બીજી રીતે પણ બે વર્ગમાં વહેંચવામાં આવ્યું છે. (૧) નિત્યનાં પદો (૨) વર્ષોત્સવનાં પદો. નિત્યનાં પદોમાં શ્રીમહાપ્રભુજીના પદથી લઈને મંગળાથી શયન સુધી અને ત્યારબાદ આશ્રયનાં પદ સુધીનાં પદોનો સમાવેશ થાય છે. જ્યારે વર્ષોત્સવનાં પદોમાં વિવિધ ઉત્સવનાં પદોનો સમાવેશ થાય છે.

આ પદો શાસ્ત્રીય રીતે નિર્ધારિત રાગોમાં ગવાય છે. રાગોનું અલગ અલગ વિશિષ્ટ સ્વરૂપ છે. રાત-દિવસના વિવિધ સમયના વાતાવરણને અનુરૂપ જુદા જુદા સમયે તે તે રાગ ગવાય છે. સંપ્રદાયની સેવાના પ્રત્યેક

અંગમાં હીન વસ્તુઓનો ઉપયોગ ન કરવાની આજ્ઞા છે. તે પ્રમાણે કીર્તનસેવામાં પણ ઉત્તમ અને મધ્યમ રાગોનો ઉપયોગ થાય છે. ઉત્તમ રાગોની કુલ સંખ્યા ૨૪ની છે, જે નીચે પ્રમાણે છે.

(૧) ભૈરવ (૨) રામકલી (૩) બિભાસ (૪) દેવગંધાર (૫) લલિત (૬) માલકૌંશ (૭) હિંડોલ (૮) પંચમ (૯) બિલાવલ (૧૦) આસાવરી (૧૧) ધનાશ્રી (૧૨) ટોડી (૧૩) સારંગ (૧૪) નટ (૧૫) ગૌરી (૧૬) પૂર્વી (૧૭) શ્રી (૧૮) સોરઠ (૧૯) કલ્યાણ (૨૦) ક્હાનરો (૨૧) કેદારો (૨૨) બિહાગરો (૨૩) વસંત (૨૪) મલ્હાર.

ઉપરના ચોવીસ રાગોમાંથી વસંતઋતુના ત્રણ રાગ વસંત, પંચમ તથા હિંડોલ અને વર્ષાઋતુનો એક રાગ મલ્હાર જે તે ઋતુમાં ગવાય છે. બાકીના ૨૦ રાગ નિત્યસેવા ક્રમમાં ગવાય છે. શ્રીમહાપ્રભુજીના સમયમાં આ વીસ રાગોનો ઉપયોગ થતો હતો.

રાગોના મધ્યમ વર્ગમાં સાઈઠ રાગોની સંખ્યા જણાવવામાં આવે છે. શ્રીગુસાંઈજીના સમયમાં જેમ જેમ સેવાનો ક્રમ વધતો ગયો તેમ તેમ રાગો પણ વધતા ગયા. પરિણામે મધ્યમ વર્ગના સાઈઠ રાગોનો વિનિયોગ થવા લાગ્યો. શ્રીગોકુલનાથજીના સમય સુધી કીર્તનપ્રણાલિકામાં ચોર્યાસી રાગોની સંખ્યા સ્થિર થઈ ચૂકી હતી.

આ રાગોમાં સવારની સેવામાં મુખ્યત્વે આ રાગો ગવાય છે. ભૈરવ, રામકલી, દેવગંધાર, ખટ, બિલાવલ, લલિત, આસાવરી, ધનાશ્રી, સારંગ, અને ટોડી, સાંજના ક્રમમાં નટ, પૂર્વી, સોરઠ, હમીર, ગૌરી, શ્રી, કલ્યાણ, ક્હાનરો, બિહાગ અને કેદારો.

આજે કીર્તનગાનની સાથે સંગત કરનારાં વાજીંત્રોમાં હારમોનિયમ, ઝાંઝ, મૃદંગ અથવા તબલાં અને સારંગી તથા વીણા અને તંબૂર વિશેષ પ્રમાણમાં વપરાય છે.

પુષ્ટિમાર્ગીય કીર્તનપ્રણાલિકા :

શ્રીગુસાંઈજીએ સેવાની અંદર કીર્તનોનો ક્રમ સુવ્યવસ્થિત કર્યો. તેમાં ત્રણ બાબતોનો ખ્યાલ રાખવામાં આવ્યો. (૧) સેવામાં જે તે સમયની લીલાભાવના (૨) ભક્તના હૃદયના ભાવો. (૩) ઋતુ અનુસાર શાસ્ત્રીય રાગો. સાથે પ્રત્યેક સમયની સેવા માટે કેટલો સમય લાગે તેનો પણ વિચાર કરવામાં આવ્યો. તે સમયમર્યાદાને ધ્યાનમાં રાખીને જે તે સમયમાં કેટલાં કીર્તનો ગાવાં તે નક્કી કર્યું. સમયને અનુરૂપ ક્યાં વાદ્યોનો ઉપયોગ કરવો તેનો પણ તેમાં વિચાર થયો. આમ પુષ્ટિમાર્ગમાં કીર્તનપ્રણાલિકાનું એક કાયમી સ્વરૂપ બંધાયું. સમય જતાં શ્રીગુસાંઈજીના સાતે બાળકો પોતપોતાના અલગ-અલગ ગૃહોમાં પોતાના સેવ્યસ્વરૂપ પધરાવી સેવા કરવા લાગ્યા. પ્રત્યેકના સેવ્યરૂપની સ્વરૂપભાવના અને લીલાભાવના અલગ-અલગ હતી. તે અનુસાર પ્રત્યેક ઘરમાં કીર્તનપ્રણાલિકામાં થોડા ફેરફારો થયા. તદુપરાંત શ્રીપ્રભુએ ખાસ આજ્ઞા કરવાથી પણ કીર્તનપ્રણાલિકામાં ફેરફાર થયા હોવાના પ્રસંગો જાણવા મળે છે. આમ જુદા જુદા ઘરમાં પ્રતિદિનની કીર્તનપ્રણાલિકામાં થોડા થોડા ફેરફારો છે. પરંતુ તેનું એક સર્વસામાન્ય સ્વરૂપ પણ છે, આપણે કીર્તનપ્રણાલિકાના સર્વસામાન્ય સ્વરૂપનો વિચાર કરીએ.

પ્રાતઃકાળે સામાન્ય રીતે શ્રીઠાકોરજી જાગે તે પહેલાં વીણાવાદન થાય છે. કીર્તનકાર શ્રીઠાકોરજી જાગતાં જે રાગમાં કીર્તન ગાવાના હોય તે રાગની આલાપચારી વીણાવાદન સાથે કરે છે. શ્રીઠાકોરજીને જગાડવા માટે

શંખનાદ અને ઘંટાનાદ થયા પછી સૌ પ્રથમ શ્રીમહાપ્રભુજીનું એક પદ અને શ્રીગુસાંઈજીનું એક પદ એમ બે પદ શીતકાલમાં ભૈરવ રાગમાં ગવાય છે. ઉષ્ણકાલમાં આ પદો બિભાસ રાગમાં ગાવામાં આવે છે. આ બંને પદગાન પછી શ્રીઠાકોરજીને જાગવાનું એક પદ ગવાય છે. તે પણ મોટા ભાગે ભૈરવ અથવા બિભાસ રાગમાં હોય છે. ત્યારબાદ શ્રીઠાકોરજીને મંગળભોગ આવે છે. વ્રજભાષામાં તેને ક્લેઉ કહે છે. સામાન્ય રીતે મંગળભોગનો સમય એક ઘડીનો એટલે આશરે ૨૪ મિનિટનો હોય છે. તે સમયગાળામાં ક્લેઉનાં બે પદ સવારના રાગોમાં ગવાય છે. જેમાં મુખ્યત્વે ભૈરવ, બિભાસ, રામકલી કે દેવગંધાર હોય છે. ક્લેઉના બે પદ પછી શ્રીયમુનાજીનું એક પદ ગવાય છે. તે પણ ઉપરોક્ત રાગોમાં હોય છે. જે દિવસે ઉત્સવ કે વધાઈનો દિવસ ન હોય એ દિવસોએ શ્રીયમુનાજીના પદ પછી એક પદ ખંડિતાનું ગાવામાં આવે છે. ખંડિતાના પદમાં સામાન્ય રીતે નીચેની લીલાનું વર્ણન હોય છે. એક ગોપીજનને શ્રીઠાકોરજીએ આગલા દિવસની રાતે તેની નિકુંજમાં પધારવાનો વાયદો કરેલો. પરંતુ શ્રીઠાકોરજી રાતભર તેમના ત્યાં પધારતા નથી. રાત બીજાં ગોપીજનની નિકુંજમાં ગાળીને વહેલી સવારે પધારે છે. ત્યારે એ ગોપીજન શ્રીઠાકોરજીના વિરહથી ઘણાં દુઃખી હોય છે. ક્યારેક તેઓ પોતાનો ગુસ્સો શ્રીઠાકોરજી સામે પ્રગટ કરે છે, તો ક્યારેક શ્રીઠાકોરજીને કટાક્ષવચનો કહે છે. રસશાસ્ત્રમાં નાયિકાના જુદા જુદા ભેદ બતાવ્યા છે. તેમાંનો એક ભેદ ખંડિતા નાયિકાનો છે. એ લીલાનાં કીર્તનો ખંડિતાનાં પદોના નામે પ્રસિદ્ધ છે. શ્રીયમુનાજીના પદ પછી ખંડિતાનું એક પદ ગવાય છે. આમ, ક્લેઉના સમય દરમ્યાન કુલ ચાર પદો ગવાય છે.

મંગળભોગ સરતાં શ્રીગુસાંઈજી કૃત મંગળા આરતીનું પદ અચૂક ગવાય છે. એ પદની છેલ્લી કડી મંગળાદર્શન ખુલતાં ગવાય છે. મંગળાદર્શનમાં ઋતુ અનુસારનું એક પદ ગવાય છે. જેમ કે શિયાળામાં વ્રતચર્યાના દિવસોમાં વ્રતચર્યાનું એક પદ ગવાય છે, ઉષ્ણકાળમાં વ્રજવિહાર અથવા ખંડિતાનું એક પદ ગવાય છે. તો વર્ષાકાલમાં મલ્હાર રાગનું મંગળા સમયનું એક પદ ગવાય છે.

મંગળાદર્શન પછી શ્રીઠાકોરજીને સ્નાનશૃંગાર થાય છે. શૃંગાર ભારે અથવા હલકો હોઈ શકે, ઋતુ અનુસાર નિશ્ચિત દિવસે શૃંગાર પૂર્વે અભ્યંગ થાય છે. એટલે અભ્યંગ, સ્નાન અને શૃંગારમાં ઓછોવત્તો સમય લાગે છે. તે સમયગાળાને ધ્યાનમાં રાખીને બેથી ચાર પદ સ્નાન શૃંગારનાં ગવાય છે. આ પદો મુખ્યત્વે રામકલી, દેવગંધાર કે બિલાવલ રાગોમાં ગવાય છે.

શૃંગારના દર્શનમાં શૃંગાર અને વસ્ત્ર જે પ્રકારનાં ધર્યાં હોય તેને અનુરૂપ એક પદ ગવાય છે. કેટલાંક ઘરમાં શૃંગાર પછી શ્રીઠાકોરજી પલને ઝૂલે છે. ત્યાં પલનાનાં બે અથવા ચાર પદ ગવાય છે. કેટલાંક ઘરમાં જ્યાં નિત્ય પલને ઝૂલતા નથી, ત્યાં પલનાનું એક પદ ગવાય છે. સાથે સાથે શૃંગાર પછી શ્રીઠાકોરજીને ઘૈયાં આરોગાવવામાં આવે છે, તેનું એક પદ અથવા વ્રજભક્તો શ્રીયશોદાજીને ફરિયાદ કરવા આવે છે જેને વ્રજભાષામાં ઉરાહનાલીલા કહેવામાં આવે છે તેનું એક પદ ગવાય છે. આ બધાં પદો પણ આસાવરી, ધનાશ્રી, બિલાવલ જેવા રાગોમાં ગવાય છે. ત્યારપછી શ્રીપ્રભુને રાજભોગ ધરવામાં આવે છે. શીતકાલમાં ઠંડીને કારણે શ્રીપ્રભુ નંદાલયમાં રાજભોગ આરોગે છે અથવા વ્રજભક્તોને ત્યાં રાજભોગ આરોગવા પધારે છે એ ભાવથી શીતકાલમાં એ લીલાના રાજભોગનાં ચાર પદ ગવાય છે. રાજભોગનો સમય બે ઘડીનો એટલે ૪૮ મિનિટનો હોય છે. ઉષ્ણકાલમાં શ્રીઠાકોરજી ગૌચારણ કરવા વ્રજમાં પધાર્યા હોય ત્યાં વ્રજભક્તો નંદાલયમાંથી છાક લઈને જાય છે. એટલે છાકલીલાનાં પદો ગવાય છે. તે જ રીતે વર્ષાકાલમાં પણ મલ્હાર રાગમાં છાકલીલાનાં પદો ગવાય છે.

રાજભોગનો સમય પૂરો થતાં આચમન અને બીડી આરોગાવવાનું એક પદ ગવાય છે. જ્યાં શ્રીઠાકોરજી રાજભોગ દર્શનમાં સન્મુખ બીડી આરોગે છે, ત્યાં તે વખતે બીડીનું એક પદ ગવાય છે. તદુપરાંત રાજભોગ દર્શનમાં તે સમયની લીલાનું એક પદ ગવાય છે. જેમાં પનઘટલીલા, કુંજલીલા, ફૂલમંડલી, ખસખાનું વગેરે હોય છે. રાજભોગનાં પદો મુખ્યત્વે ધનાશ્રી, આસાવરી, કે સારંગ રાગમાં ગવાય છે.

સાંજે ઉત્થાપનના સમયમાં સામાન્ય રીતે પદગાન થતું નથી. સાંજે ઉત્થાપન પછી શ્રીઠાકોરજીને ભોગ આવે ત્યારથી પદગાનનો પ્રારંભ થાય છે. સાંજના રાગોમાં નટ રાગથી પ્રારંભ થાય છે. સોરઠ, પૂર્વી, યમન, કલ્યાણ, ક્‌હાનરો, બિહાગ, અડાનો વગેરે રાગો ગવાય છે. ભોગસંધ્યાનાં દર્શનમાં ભોગસંધ્યાની લીલાનું એક પદ ગવાય છે, ત્યારપછી સંધ્યા આરતીમાં વનમાંથી વ્રજમાં પાછા ફરવાની લીલાનું એક પદ ગવાય છે. ત્યારપછી શયનભોગ આવે છે. ત્યારે શયનભોગ જેને વ્રજભાષામાં બ્યારુ કહેવામાં આવે છે તેનું એક પદ ગવાય છે. બ્યારુ પછી દૂધનો દૂસરાભોગ આવે છે. તેનું એક પદ ગવાય છે. ત્યારબાદ બીડીનું એક પદ ગવાય છે. જ્યાં શયનમાં સન્મુખ બીડી આરોગે છે, ત્યાં બીડી આરોગતા સમયે બીડીનું એક પદ ગવાય છે. બીજું એક પદ શયનના સમયની લીલાનું ગવાય છે. શયનના દર્શન પછી માન અને માનમિલાપનું એક પદ ગવાય છે. ત્યારબાદ પોઢવાનું એક પદ ગવાય છે અને છેલ્લે આશ્રયનું એક એક પદ ગવાય છે. આ નિત્યની સામાન્ય કીર્તનપ્રણાલિકા છે. જેમાં જુદા જુદા ઘરમાં ક્યાંક ક્યાંક ફેરફાર જોવા મળે છે.

આ ઉપરાંત શીતકાલમાં મંગળા વહેલાં થતાં હોવાથી વહેલી સવારે માલકૌંશ અને લલિત રાગ ગવાય છે. વસંતના દિવસોમાં વસંત અને પંચમ રાગ ગવાય છે. ઉષ્ણકાલમાં સારંગ અને નૂરસારંગ ગવાય છે. હિંડોળાના દિવસોમાં મલ્હાર ઉપરાંત સોરઠ, ખમાચ, મારુ, માલવ, જૈજૈવંતી, નાયકી આદિ રાગો પણ ગવાય છે. રાસના દિવસોમાં નટ રાગ વિશેષ ગવાય છે. તદુપરાંત રાગમાળાઓનાં પદો પણ વિવિધ સમયે ગવાય છે. આ રાગમાળાનાં પદોમાં ચરણે ચરણે અથવા અડધા ચરણે જે રાગનો ઉલ્લેખ થયો હોય તે રાગમાં તેટલો ટૂકડો ગવાય છે. તેની સાથે તેનો તાલ પણ બદલાય છે.

આ કીર્તન પદ્ધતિ ઉત્તર ભારતની બિલાવલ થાટની છે.

આ કીર્તનોની સાથે વાંજિત્રો ક્યારે કયાં વાગે તે પણ નક્કી છે. સામાન્ય દિવસોમાં તંબૂર કે હારમોનિયમ સાથે કીર્તન થાય છે. શૃંગારદર્શનથી તબલાંની સંગત થાય છે. શયનદર્શનમાં અને ત્યારબાદ તબલાંની સંગત થતી નથી. ઉત્સવના દિવસોમાં શ્રીઠાકોરજી જાગે ત્યારથી ઝાંઝ, મૃદંગ વગેરે બધાં વાદ્યો વાગે છે. ઉત્સવોના જુદા જુદા ક્રમ પ્રમાણે આ વાદ્યોનો ઉપયોગ થાય છે. હોળીના દિવસોમાં ડફ, કિન્નરી વગેરે વાદ્યો પણ વાગે છે. તંતુવાદ્યોમાં સારંગીનો ઉપયોગ પણ થાય છે.

શ્રીનાથજી આદિ મોટા ઘરોમાં એવી પણ પરંપરા છે કે હસ્તલિખિત પોથીઓમાં જે કીર્તનો છે તે જ ગવાય છે. તે સિવાયનાં કીર્તનો ગવાતાં નથી. મોટા ઘરોમાં છાપેલાં પુસ્તકોનો પણ ઉપયોગ થતો નથી. હસ્તલિખિત પોથીનો જ ઉપયોગ થાય છે.

પદ-સાહિત્યની સમજ :

સામાન્ય કીર્તનકારોને પદગાનની સમજ હોય છે, પરંતુ તેઓ જે પદો ગાતા હોય છે તેના અર્થની બહુ

ઓછી સમજ હોય છે. તેને લઈને તેમના ગાનમાં ઘણી અશુદ્ધિઓ આવે છે. મૂળ પદો વ્રજભાષામાં છે. વ્રજભાષાની પૂરી સમજ ન હોવાને કારણે પણ આ પદોના ગાનમાં અશુદ્ધિઓ આવે છે. ક્યાંક ક્યાંક લહિયાની ભૂલોને લઈને પદોમાં શબ્દો બદલાઈ ગયા છે. ક્યાંક ક્યાંક પદોની પંક્તિઓનો ક્રમ ઊલટસુલટ થઈ ગયેલો પણ જોવા મળે છે. આને લઈને આજે આપણાં પદોની પ્રામાણિક રચનાઓ પ્રાપ્ત થતી નથી. આ બધા પદ સાહિત્યની સંશુદ્ધિ ખૂબ જ જરૂરી બની છે. વ્રજભાષાની દૃષ્ટિએ આ બધાં પદોનો ફરીથી અભ્યાસ થવો જોઈએ. તેમાં જોવા મળતા પાઠભેદોનો અભ્યાસ પણ થવો જોઈએ. વિદ્વાનો દ્વારા આ પદસાહિત્યને શુદ્ધ સ્વરૂપમાં સંકલિત કરી તેનું પ્રકાશન થવું જોઈએ. સાથે સાથે આ કીર્તનોના અર્થ પણ પ્રકાશિત થાય તે જરૂરી છે, જેથી કીર્તન ગાનાર વૈષ્ણવો અર્થ સમજીને કીર્તન ગાઈ શકે.

ધ્રુપદ ગાનની શાસ્ત્રીય પદ્ધતિ કરતાં પુષ્ટિમાર્ગીય ગાનપદ્ધતિમાં થોડોક ફેરફાર છે. શાસ્ત્રીય પદ્ધતિમાં સૂરોને મહત્ત્વ આપવામાં આવ્યું છે. પરિણામે સૂરોના વિવિધ આલાપોની રજૂઆત મુખ્ય હોય છે. તેમાં શબ્દોને અને પદના અર્થને ઝાઝું મહત્ત્વ આપવામાં આવતું નથી. તેને લઈને ગાયક કલાકાર શબ્દને ગમે તે રીતે તોડે છે અને મરડે છે. તેના સંગીતમાંથી પદનો અર્થ સરળતાથી સ્પષ્ટ થતો નથી. જ્યારે પુષ્ટિમાર્ગમાં શ્રીપ્રભુની લીલાઓનું વર્ણન કરવા માટે પદગાન છે, તેથી આલાપ મર્યાદિત છે. પદ એવી રીતે ગવાય છે કે પદના શબ્દો તૂટે નહિ અને પદનો અર્થ સાંભળનાર સારી રીતે ગ્રહણ કરી શકે. આ દૃષ્ટિને ધ્યાનમાં રાખીને આપણે ત્યાં વિલંબિત લયનો ઉપયોગ બહુ જ ઓછો થાય છે. મોટાભાગે દ્રુત લય કે દ્રુત વિલંબિત લયમાં કીર્તનગાન થાય છે.

ઉપસંહાર :

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે કીર્તનમાં ભગવાનનું અને ભક્તનું બંનેનું સુખ છે. કીર્તનથી પ્રભુ પ્રસન્ન થાય છે અને પ્રભુને પ્રસન્ન થયેલા જાણી ભક્ત પણ પ્રસન્ન થાય છે.

મનનો એક સ્વભાવ છે કે મનમાં એકી સાથે એક જ વિચાર રહી શકે. વળી મનને જે દિશામાં વાળીએ તે દિશામાં વળે. મનની વૃત્તિઓને પ્રભુ તરફ વાળવા માટેનો સરળ માર્ગ કીર્તનનો છે. સામાન્ય રીતે મન સુખદુઃખની લાગણીઓમાં વળેલું રહે છે. એ સ્થિતિમાં તેને સહજ રીતે ગાવાનું ગમે છે. ગાયનમાં મન એકાકાર બને છે. મનના આ સ્વભાવનો ઉપયોગ કીર્તનમાં કરવો જોઈએ. ગાયનની વૃત્તિનું ઊર્ધ્વીકરણ એટલે કીર્તન. આમ કીર્તન ભક્તને આનંદનો અનુભવ કરાવે છે, માટે આપણે વૈષ્ણવોએ કીર્તનપદ્ધતિને સમજીને તથા શીખીને ઉત્તમમાં ઉત્તમ પ્રકારે શ્રીપ્રભુની સન્મુખ કીર્તન કરવાનો આગ્રહ રાખવો જોઈએ.

('સત્સંગ સાત સાગર પાર'માંથી સાભાર)

■

અનુક્રમણિકા



- સમર્પણ

૧. પુષ્ટિમાર્ગનું કીર્તન સાહિત્ય - શ્રી રમેશભાઈ પરીખ

૨. સાજ - વસ્ત્ર - શૃંગાર - કીર્તન પ્રણાલિકા - મહા માસ

૩. સાજ - વસ્ત્ર - શૃંગાર - કીર્તન પ્રણાલિકા - ફાગણ માસ

૪. પરિશિષ્ટ-૧, કીર્તન

૫. પરિશિષ્ટ-૨, આરતી

૬. પરિશિષ્ટ-૩, શુભેચ્છા પ્રતિભાવ

૭. મનોરથી પરિવારના શ્રીગોવર્ધનધરપ્રભુને દંડવત્ પ્રણામ અને સર્વ ભગવદીયજનોને જયશ્રીકૃષ્ણ.



ચાલો તો શ્રીજી જઈએ રે,
શ્રીમુખ સુંદર જોવાને...

વ્રજ : માઘ શુકલ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : મહા સુદ એકમ



વ્રજ : માઘ શુક્લ પ્રતિપદા

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા સુદ એકમ

વસ્ત્ર : ઘેરા લીલા રંગના ગદલ ઉપર ઘેરા ગુલાબી (રાની) રંગનો એમ દોહરા - બે ગદલ ધર્યા છે

શૃંગાર : શ્રીમસ્તક ઉપર લાલ જરીનો ફેંટો, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજાં કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : આપણા સેવાપ્રકારમાં પ્રભુને સ્નાન, અંગવસ્ત્ર વગેરે કરાવ્યા પછી નિત્ય ઋતુ અનુસાર વિવિધ પ્રકારનાં અત્તર સમર્પવાની રીત છે. શીતકાલમાં પ્રભુ સુખાર્થે હિનો, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ગોળના શીરાની સામગ્રી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - ખટ / બિભાસ)**

પ્રાતસમે જાગી અનુરાગી સોવત હુતીરી શ્યામજુ કે સંગિયા ।
ચીર સંભારત ઉઠીરી દક્ષિણ કર વામ ભૂજા ફરકી ભર અંગિયા ॥૧॥
ભાલમેં સુહાગભરી છબિ ઉપજત ન્યારી પહેરે કસુંભી સારી સોંધે રંગમગિયા ।
અગ્રસ્વામી લાડલડાઈ બહુત કીની બડાઈ ફૂલી ફૂલી ફિરત અતિહી સગમગિયા ॥૨॥

શૃંગાર (રાગ - લલિત)

ક્યોં મોહન દરપન નહીં દેખો ।
ક્યોં ધરણિ પગ નખન ખનાવત ક્યોં મો તન નહિ પેંખો ॥૧॥
ક્યોં ઠાડે ક્યોં બૈઠત નાહીં કહા પરી હમ ચૂક ।
પીતાંબર ગહિ કહ્યો બૈઠિયે કાહેજુ રહે હો મૂક ॥૨॥
ઉધર ગયો ઉરતે ઉપરેના દેખિયત અંગ વિભાગ ।
સુરશ્યામ લટપટી પાગ પર યાવકકી છબિ લાગ ॥૩॥

વ્રજ : માઘ શુક્લ પ્રતિપદા

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા સુદ એકમ



વ્રજ : માઘ શુક્લ પ્રતિપદા

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા સુદ એકમ

આજના શૃંગાર : પાગ - ચંદ્રિકા અને સૂથન - ઘેરદાર

સાજ : લીલા રંગની જરીની પિછવાઈ ધરી છે. પિછવાઈને ગુલાબી રંગની જરીનો હાંસિયો મૂકેલ છે. ગાદી તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ (રૂ ભરેલી પાતળી રજાઈ) બિછાવવામાં આવી છે. ચરણચોકી, પડઘા, ઝારીજી, બંટાજી વગેરે જડાવ સોનાનાં ધર્યાં છે. રાજભોગ સર્યા પછી ઉત્થાપન સુધી નીચે સન્મુખમાં ચાંદીનાં ત્રસ્ટી ધરાય છે.

વસ્ત્ર : લીલી જરીનું સૂથન, ચોલી, ઘેરદાર વાગો, મોજાં અને ઘેરા લીલા રંગની જરીનો કટિ પટુકો ધર્યાં છે. બધાં વસ્ત્રોને રૂપેરી જરીની તૂઈ-લેસ મૂકેલાં છે. ઘેરા ગુલાબી (રાણી) કલરનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. સર્વ આભરણ મોતી, માણેક તથા જડાવ સોનાનાં ધર્યાં છે.

શ્રીમસ્તકે : લીલા રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, લૂમ તથા ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં, કલાત્મક થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી તથા વેત્રજી ધર્યાં છે. (આ રીતે શ્રીહસ્તમાં વેણુવેત્ર ફક્ત રાજભોગ આરતી સમયે ધરાય છે. રાજભોગ આરતી બાદ દર્પણ બતાવીને વેણુવેત્ર વડાં થઈ જાય છે. (શ્રીહસ્તમાંથી લઈ ગાદી ઉપર પધરાવવામાં આવે છે.)

કીર્તન : **રાજભોગ (રાગ - જેતશ્રી / ધનાશ્રી)**

ગોપાલકો મુખારવિંદ જિયમેં વિચારો ।
કોટિ ભાનુ, કોટિ ચંદ્ર મદન કોટિ વારોં ॥૧॥
કમલનૈન ચારુબૈન મધુર હાસ સોહે ।
બંક અવલોકન પર જુવતી સબ મોહે ॥૨॥
ધર્મ અર્થ કામ મોક્ષ સબ સુખ કે દાતા ।
ચત્રભૂજ પ્રભુ ગોવર્ધનધર ગોકુલકે ત્રાતા ॥૩॥

શયન (રાગ - બિહાગ / ઈમન)

લાલન તેરી ચિતવન ચિતહિ ચુરાવે ।
નંદગામ વૃષભાનપુરા બિચ મારગ ચલ ન પાવે ॥૧॥
હોં તો ભરોં ડગ ડરો નહીં કાહુ, લલિતા દગન ચલાવે ।
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર ધર્યો સોં ક્યોં ન બતાવે ॥૨॥

વ્રજ : માઘ શુક્લ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : મહા સુદ બીજ



વ્રજ : માઘ શુક્લ દ્વિતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા સુદ બીજ

વસ્ત્ર : ઘેરા લીલા રંગના ગદલ ઉપર લાલ રંગનો એમ દોહરા - બે - ગદલ ધર્યા છે.

શૃંગાર : શ્રીમસ્તકે લીલા રંગની ગોળ પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજા કોઈ શૃંગારના દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં હિનો, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં મગની દાળના પૂડલા અથવા પનોરીની સામગ્રી ધરાય છે. ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - પરજ / બિલાવલ)**

પાયે હો જુ જાન લાલ તુમ પાયે હો જુ જાન ।
તુમસોં કોન બલૈયા બોલે નિપટ કપટ કી ખાન ॥૧॥
ઔરન સો તુમ હસત ખેલત હો હમસે રહત મુખ તાન ।
સૂરદાસ પ્રભુ તિહારે મિલનકો બોલત જાન અજાન. ॥૨॥

શૃંગાર (રાગ - પરજ / લલિત)

આઈ જુ કૈસે આવન પાયે ભલે આયે જુ નવલલાલ ।
તુમ તો જાન સુજાન બુઝન હો ગુનગાન જાનિ સુરતિ અતિ રસાલ ॥૧॥
જો લો ઈન નૈનન દરસ ન પૈંહો તો લોં રહી બેહાલ ।
તાનસેન કે પ્રભુ ઈતની બિનતી સુની દીજિયે દરસ કીજીએ નિહાલ ॥૨॥

વ્રજ : માઘ શુક્લ દ્વિતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા સુદ બીજ



વ્રજ : માઘ શુક્લ દ્વિતીયા　**ચિત્ર પરિચય**　ગુજરાતી : મહા સુદ બીજ

આજના શૃંગાર : પાગ-કતરા અને સૂથન-ઘેરદાર

સાજ : લાલ જરીની, લીલા રંગની કિનારીના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવી છે.

વસ્ત્ર : લાલ રંગની જરીનાં સૂથન, ચોલી, ઘેરદાર વાઘો અને મોજાં ધર્યાં છે. બધાં વસ્ત્રોને રૂપેરી તોઈ-લેસની કિનારી મૂકેલી છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. સોનાનાં તથા હીરાનાં સર્વ આભરણ ધર્યાં છે. હીરાનો હમેલ ધર્યો છે.

શ્રીમસ્તકે : લાલ રંગની જરીની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને પીળાં પુષ્પોનાં કલાત્મક થાગવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી અને એક વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - આસાવરી)**

સુભગ લલના સુનહિ ગોવિન્દ ગાવે ।
રાગ આસાવરી ચર્ચરી તાલ ધરિ, મધુરતર મુરલિકા મોહન બજાવે ॥૧॥
ખસત ઉડુગન સકલ, સેખ રજની તહી, અજહુ લગિ નાગર તોહિ બુલાવે ।
નાહિ જાનતિ કવન પ્રીતિ મનમે વસી, તુવ નામ સંવલિત સ્વરગતિ જનાવે ॥૨॥
બિપિન તમચર ઘોખ અરૂન પ્રાચી દિસા, ચક્રવાકી મનસિ મોદ ઉપજાવે ।
સુન **કૃષ્ણદાસ** પિય લાલ ગિરિધરન રસિકવર ભૂપાલ કાહે ન ભાવે ॥૩॥

શયન (રાગ - બિહાગ / અડાનો)

પિય તોહિ નયનન હી મેં રાખું ।
તેરી એક રોંમકી છબિપર જગત વારિ સબ નાખું ॥૧॥
ભેટો સકલ અંગ સાંવલકુ અધર સુધારસ ચાખું ।
રસિક પ્રીતમ સંગમ કી બાતેં કાહુસોં નહિ ભાખું ॥૨॥

વ્રજ : માઘ શુક્લ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : મહા સુદ ત્રીજ



વ્રજ : માઘ શુક્લ તૃતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા સુદ ત્રીજ

વસ્ત્ર : પીરોજા રંગના ગદલ ઉપર ઘેરા ગુલાબી (રાણી) રંગનો એમ દોહરા - બે ગદલ ધર્યા છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર લાલ જરીની પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજા કોઈ શૃંગારના દર્શન થતાં નથી.

અત્તર : શીતકાળમાં પ્રભુ સુખાર્થે હિનો, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત ગોળના ખીચડાની સામગ્રી ધરાય છે. આપણે ઋતુ અનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - લલિત)**

કહો તુમ કૌન હો, કહાં તે આયે કિત જાઓગે સવેરે ।
જાનત હો પહિચાનત નહીં આવત હો જુ ડરે રે ॥૧॥
લાલ પાઘ અધ ભાલ, લટક રહી મોતિન માલ, યાહી તે કહાવત તુમ રીઝે રે ।
તાનસેન કે પ્રભુ ઠાડે રહો જુ શ્યામ સબ સખિયન મિલિ ઘેરે રે ॥૨॥

શૃંગાર (રાગ - લલિત)

ક્યોં મોહન દરપન નહીં દેખો ।
ક્યોં ધરણિ પગ નખન ખનાવત ક્યોં મોતન નહિ પેંખો ॥૧॥
ક્યો ઠાડે ક્યોં બેઠત નાહીં કહા પરી હમ ચૂક ।
પીતાંબર ગહિ કહ્યો બૈઠિયે કાહેજુ રહે હો મૂક ॥૨॥
ઉધર ગયો ઉરતે ઉપરેના દેખિયત અંગવિભાગ ।
સુરશ્યામ લટપટી પાગ પર યાવકકી છબિ લાગ ॥૩॥

વ્રજ : માઘ શુક્લ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા સુદ ત્રીજ



વ્રજ : માઘ શુક્લ તૃતીયા

ગુજરાતી : મહા સુદ ત્રીજ

આજના શૃંગાર : પાગ-કતરો અને સૂથન - ચાકદાર

સાજ : આછા પીરોજા રંગની જરીની, ગુલાબી રંગની કિનારીના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવી છે.

વસ્ત્ર : આછા પીરોજી રંગનાં જરીનાં સૂથન, ચોલી, ચાકદાર વાઘો અને મોજાં ધર્યાં છે. બધાં વસ્ત્રોને રૂપેરી જરીની તૂઈ-લેસની કિનારી મૂકેલી છે. ઠાડું વસ્ત્ર ઘેરા લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પન્ના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે : પીરોજી રંગની જરીની પાગ ઉપર શિરપેચ, લૂમ, સોનેરી જમાવ (નાગફણી)નો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને પીળાં પુષ્પોનાં કલાત્મક થાગવાળાં સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - તોડી)**

હોં બલિ બલિ જાઉં તિહારી હૌ લલના આજ કૈસે હો પાંવ ધારે ।
કૌન મિસ આવન બન્યો પિય જાગે ભાગ્ય હમારે ॥૧॥
અબ હોં કહા ન્યોછાવર કરું પિય મેરે સુંદર નંદદુલારે ।
નંદદાસ પ્રભુ તન-મન-ધન પ્રાણ યહ લેઈ તુમ પર વારે ॥૨॥

શયન (રાગ - નાયકી)

સુનરી સખી તેરો દોષ નહીં મેરો પ્રિય રસિયારી ।
જો દેખત સો ભૂલિ રહત હૈ, કૌન કૌન કે મન બસિયારી ॥૧॥
સો કો જો ન કરી બસ અપને જા તન ચિત્તે હસિયારી ।
પરમાનંદ પ્રભુ કુંવર લાડિલો અબહિ કછુ ભીંજત મસિયારી ॥૨॥

વ્રજ : માઘ શુક્લ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : મહા સુદ ચોથ



વ્રજ : માઘ શુક્લ ચતુર્થી ચિત્ર પરિચય ગુજરાતી : મહા સુદ ચોથ

શ્રીમુકુન્દરાયજી (કાશી)નો પાટોત્સવ
શ્રીદામોદરદાસ હરસાનીજીનો ઉત્સવ

વસ્ત્ર : લાલ કસોવાળા રૂપેરી જરીના ગદલ ઉપર પીરોજા રંગનો ગદલ એમ દોહરા - બે - ગદલ ધર્યા છે.

શૃંગાર : પીરોજા રંગની જરીની પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજાં કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : શીતકાલમાં પ્રભુ સુખાર્થે હિનો, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઉત્સવની વિશેષ સામગ્રી ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા. આજે પ્રભુ ગુડકલની સામગ્રી ખાસ આરોગે છે.

કીર્તન : **મંગલા (રાગ - ખટ)**

આજ નંદલાલ મુખ ચંદ નયનન નિરખ પરમ મંગલ ભયો ભવન મેરે ।
કોટિ કંદર્પ લાવણ્ય એકત્ર કર વારોં તબહી જબ નેક હેરે ॥૧॥
સકલ સુખ સદન હરખિત વદન ગોપવર પ્રબલ મદનદલ સંગ ઘેરે ।
કહો કોઉ કૈસે હુ નહીં સુધ બુધ બને **ગદાધર મિશ્ર** ગિરિધરન ટેરેં ॥૨॥

મંગલા (રાગ - બિભાસ / પંચમ)

શિશિર રિતુકો આગમ ભયો પ્યારી બીદા ભયો હેમંત ।
બિરહનિકે ભાગ્યનતે આલિ આવત ચલ્યો વસંત ॥૧॥
તાહી દુતિકાકે ભવન બસે જહાં ભાંવર લીને કંત ।
કુંભનદાસ પ્રભુ વા જાડેકો આય રહ્યો હે અંત ॥૨॥

શૃંગાર (રાગ - ખટ)

નવલ વ્રજરાજકો લાલ ઠાડો સખી લલિત સંકેત વટ નિકટ સોહે ।
દેખરી દેખ અનિમેષ યા વેષકો મુકુટકી લટક ત્રિભુવન જુ મોહે ॥૧॥
સ્વેદકણ ઝલક કછુ ઝુકીસી રહત પલક પ્રેમકી લલક રસ રાસ કિયે ।
ધન્ય બડભાગ વૃષભાન નૃપનંદિની રાધિકા અંસ પર બાહુ દિયે ॥૨॥
મણિજટિત ભૂમિપર નવલતા રહી ઝૂમ કુંજ છબિ પુંજ વરની ન જાઈ ।
નંદનંદન ચરણ પરસ હિત જાન યહ મુનિનકે મનન મિલ પાંત લાઈ ॥૩॥
પરમ અદ્‌ભુત રૂપ સકલ સુખ ભૂપ યહ મદન મોહન બિના કછુ ન ભાવે ।
ધન્ય હરિભક્ત જિનકી કૃપાતેં સદા કૃષ્ણ ગુણ **ગદાધર મિશ્ર**ગાવે ॥૪॥

વ્રજ : માઘ શુક્લ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા સુદ ચોથ



વ્રજ : માઘ શુક્લ ચતુર્થી ચિત્ર પરિચય ગુજરાતી : મહા સુદ ચોથ

આજના શૃંગાર : જડાવ કિરીટ અને સૂથન ચાકદાર

સાજ : રૂપેરી જરીની સુંદર પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવી છે.

વસ્ત્ર : રૂપેરી જરીનાં સૂથન, ચોલી, ચાકદાર વાગો અને મોજા ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે : સુવર્ણનો જડાવ કિરીટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. ઉત્સવની હીરાની ચોટી ડાબી બાજુ ધરી છે. રંગબેરંગી પુષ્પોનાં, કલાત્મક થાગવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : શીતકાલમાં પ્રભુ સન્મુખ લાલ તેહ બિછાવવામાં આવે છે. તે આજે છેલ્લી બિછાવાય છે. આવતી કાલે વસંતપંચમીથી તેહ બિછાવવામાં આવશે નહિ.

આજે શીતકાલનો કિરીટનો છેલ્લો શૃંગાર થાય છે. જરીની પિછવાઈ અને વસ્ત્રો ધરાય છે. આવતી કાલથી સફેદ સાજ આવશે.

કીર્તન : **રાજભોગ (રાગ - પંચમ / માલકૌંસ)**

બોલત શ્યામ મનોહર બૈઠે કદંબખંડ ઔર કદંબકી છૈયાં ।
કુસુમિત દ્રુમ અલિ ગુંજત સખી કોકિલા કલકુજત તહિયાં ॥૧॥
સૂનત દુતિકાકે બચન માધુરી ભયો હૈ હુલાસ જાકે મનમહિયાં ।
કુંભનદાસ વ્રજકુંવરિ મિલન ચલિ રસિકકુંવર ગિરિધરન પૈયાં ॥૨॥

શયન (રાગ - ઈમન)

આલીરી કર શૃંગાર સાયંકાલ ચલી વ્રજબાલ પિય દરસવેકો મત દ્વિરદગૈન ।
માનો શિશુમાર ચક્ર ઉદય હોત ગગન મધ્ય ધ્રુવ નક્ષત્રકી પરિક્રમા દેન ॥૧॥
માનો ઋતુવસંત આઈ અંગઅંગ છબિછાઈ દંપતી સમાજ મોપે કહી ન પરત બૈન ।
મુરારીદાસ પ્રભુ વિચિત્ર ચિત્રાંકિત સેવત, ઐંસી બની ત્રિભુવન મેન ॥૨॥

વ્રજ : માઘ શુક્લ ચતુર્થી — રાજભોગ દર્શન — ગુજરાતી : મહા સુદ ચોથ

શ્રી દામોદરદાસ હરસાનીજી

પુષ્ટિ સૃષ્ટિ અગ્રેશ શ્રી દામોદરદાસ હરસાનીજીનો આજે પ્રાગટ્યદિવસ છે. જેમને શ્રીવલ્લભે સૌ પ્રથમ બ્રહ્મસંબંધનું દાન કર્યું, જેમના હૃદયમાં શ્રીવલ્લભે પુષ્ટિમાર્ગનો સકળ સિદ્ધાંત સ્થાપિત કર્યો તેવા શ્રી દામોદરદાસને શ્રીવલ્લભ આજ્ઞા કરતા : 'દમલા, યહ માર્ગ તેરે લિયે પ્રકટ કિયો હૈ' અને દામોદરદાસજી માટે પ્રકટ થયેલા આ કૃપામાર્ગમાં તેમના દ્વારા અનેક જીવોનો અંગીકાર થયો.

આ ભગવદ્ શિરોમણિનું ચરિત્ર દિવ્ય છે. અદ્‌ભુત અને અલૌકિક છે. એમના સ્મરણથી કૃતાર્થ થવાનો આજે અવસર છે.

શ્રી દામોદરદાસજીનો જન્મ સં. ૧૫૩૧માં મહાસુદ ચોથના દિવસે થયો હતો. શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્ય સમયે તેમની ઉંમર લગભગ પાંચ વર્ષની હતી અને પોતાના પિતાજી થીરદાસની સાથે તે સમયે તેઓ ચંપારણ્ય ગયેલા પણ ખરા. શ્રીવલ્લભના પ્રાકટ્યનો અલૌકિક મહોત્સવ ઉજવાયો હતો તેનાં દર્શન તેમણે કરેલાં.

બાળપણથી તેઓ સંસારથી અલિપ્ત હતા. હસતા - રમતા નહિ. ભોજનની પણ પરવા ન કરતા. આખો દિવસ ઝરૂખામાં બેસી પોતાના પ્રાણપ્રેષ્ઠ વલ્લભની પ્રતીક્ષા કરતા અને એક દિવસ શ્રીવલ્લભનાં વર્ધાના રાજમાર્ગ ઉપરથી પધારતાં દર્શન થયાં કે તરત શ્રીવલ્લભ પાસે જઈ દંડવત્ પ્રણામ કર્યાં. શ્રીવલ્લભે પૂછ્યું : 'દમલા, તું આવ્યો?' સાંભળતાં જ દામોદરદાસજીના હૃદયમાં આનંદનો સાગર જાણે ઉછળવા લાગ્યો. ઘર કે સંપત્તિનો વિચાર કર્યા વગર દામોદરદાસજી શ્રીવલ્લભની સાથે ચાલી નીકળ્યા.

પછી તો સમગ્ર જીવનપર્યંત શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલની સેવામાં જ રહ્યા. શ્રીવલ્લભે શ્રીઠાકોરજીની બ્રહ્મસંબંધની આજ્ઞા સિદ્ધાંતરહસ્ય ગ્રંથ રચી તેમને સમજાવી. એ દ્વારા પ્રભુની આજ્ઞાનું રહસ્ય તેમના હૃદયમાં સ્પષ્ટ કર્યું.

શ્રીવલ્લભ જ્યારે જ્યારે સમય મળે ત્યારે દામોદરદાસની સાથે ભગવદ્‌લીલાનું ચિંતન કરતા. ભગવદ્‌વાર્તામાં તલ્લીન બની જતા. અવારનવાર આજ્ઞા કરતા - દમલા, ભગવદ્‌વાર્તા કર્યે ઘણો સમય થઈ ગયો છે અને શ્રીઠાકોરજીના વિપ્રયોગમાં શ્રીવલ્લભ લીન થઈ જતા.

દામોદરદાસજી ગોવિંદ કરતાં ગુરુની શ્રેષ્ઠતા માનતા. શ્રીનાથજીબાવાએ તે માટે તેમની કસોટી પણ કરેલી અને કસોટીમાં તેઓ સંપૂર્ણપણે પાર ઉતરેલા.

શ્રીમહાપ્રભુજીએ આસુર વ્યામોહ લીલા કરી ત્યારે શ્રીગુસાંઈજી યુવાન હતા. તેમનાં માતૃચરણોએ આજ્ઞા કરેલી કે પુષ્ટિમાર્ગ વિશે આપને જે કંઈ જાણવું હોય તે દામોદરદાસને પૂછજો; કારણ તમારા પિતૃચરણે તેમના હૃદયમાં પુષ્ટિમાર્ગ દૃઢ રીતે સ્થાપન કર્યો છે.

શ્રીમહાપ્રભુજી આસુરવ્યામોહ લીલા પછી દર ત્રીજા દિવસે દામોદરદાસને પોતાના અલૌકિક સ્વરૂપે દર્શન આપતા. આપશ્રીએ આજ્ઞા કરેલી કે દમલા, તું શ્રીગુસાંઈજીને મારું જ સ્વરૂપ જાણજે. તેમને દંડવત્ કરજે અને તેમનું ચરણોદક લેજે.

દામોદરદાસજી જરૂર પડ્યે શ્રીગુસાંઈજીને પણ શિખામણ આપતી વિનંતી કરતા અને શ્રીગુસાંઈજી તેમની શિખામણ માનતા પણ ખરા. એકવાર શ્રીગુસાંઈજીએ દામોદરદાસજીના ઘેર પધારી તેમના પિતાનું શ્રાદ્ધ કરાવેલું અને દક્ષિણામાં દામોદરદાસજીએ શ્રીગુસાંઈજીને સિદ્ધાંતરહસ્ય ગ્રંથનો દોઢ શ્લોક સમજાવેલો. દામોદરદાસજીએ શ્રીગુસાંઈજીને પુષ્ટિમાર્ગની સેવાપ્રણાલી - નિત્યની અને ઉત્સવની - સમજાવેલી. શ્રીમહાપ્રભુજીના ગ્રંથો દીનતાપૂર્વક સમજાવેલા. તદુપરાંત શ્રીમહાપ્રભુજી સાથે થયેલી ભગવદ્વાર્તા દામોદરદાસજી શ્રીગુસાંઈજી સમક્ષ કહેતા. પોતાનો દૈન્ય અને દાસભાવ સાચવીને દામોદરદાસજીએ શ્રીગુસાંઈજીને પુષ્ટિમાર્ગનું સર્વ અધ્યયન કરાવ્યું. પોતે ભગવદ્ સ્વરૂપ હોવા છતાં શ્રીગુસાંઈજી શ્રીવલ્લભના સેવક એવા આ ભગવદ્ ભક્તનો ઉત્કર્ષ પ્રકટ કરવા સર્વ કાંઈ તેમને પૂછીને જ કરતા!

આવા દામોદરદાસજી પૃથ્વી ઉપર ૭૭ વર્ષ સુધી બિરાજ્યા. સં. ૧૬૦૭માં નિત્યલીલામાં પધાર્યા.

જેમનું હૃદય શ્રીવલ્લભની અલૌકિક ભગવદ્વાર્તાની રસવર્ષા દ્વારા નિરંતર ભગવદ્ રસથી ભરેલું રહેતું એવા ભક્તશિરોમણિ મહાનુભાવ પુષ્ટિસૃષ્ટિ અગ્રેસર શ્રીદામોદરદાસજીને આજના તેમના પ્રાકટ્ય દિવસે કોટિ કોટિ વંદન કરીએ.

આજ બધાયો મંગલચાર ।
માઘ માસ શુકલ ચોથ હૈ, હસ્ત નક્ષત્ર રવિવાર ॥૧॥
પ્રેમસુધાસાગર રસ પ્રકટ્યો, આનંદ બાઢ્યો અપાર ।
દાસ રસિક જન જાય બલિહારી, સરબસ દિયો બાર ॥૨॥

વ્રજ : માઘ શુક્લ પંચમી

મંગળા દર્શન

ગુજરાતી : મહા સુદ પાંચમ



વ્રજ : માઘ શુક્લ પંચમી — ચિત્ર પરિચય — ગુજરાતી : મહા સુદ પાંચમ

વસંત પંચમી

દેહલી - વંદનમાલ - હાંડી - આજે અભ્યંગ થાય

વસ્ત્ર : પીળી કસોવાળા ઘેરા લીલા રંગના ગદલ ઉપર સફેદ જરીનો ગદલ એમ દોહરા - બે ગદલ ધર્યાં છે.

શૃંગાર : શ્રીમસ્તકે રૂપેરી જરીની ગોળ પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજાં કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તરો પણ ઋતુ અનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : આજે રાજભોગમાં ખાસ સામગ્રી દળના ગુંજા, મઠડી, સેવના લાડુ, બુંદી, મનોહર, તીનકુડા, પાટિયાની સેવ, પકોડીના બે શાક, બે જાતનાં ભુજાનાં, છાશવડાં, સંધાણાં વગેરે ધરાય છે.

ઉત્સવ ભોગમાં : દળનાં ગુંજા, મઠડી, સેવના લાડુ, બુંદી, શિખરન વડી, છાશવડાં, ચણાની દાળનાં ફડફડિયાં, ઉત્સવનાં સંધાનાં, પેંડા, બરફી, બાસુંદી, ખાટું-મીઠું દહીં, લીલા મેવા, બીજ, બિલસારુ, માખણ, દૂધપૂરી, મલાઈ વગેરે.

ખેલના ભોગ : ખેલ સમયના ભોગ માટે એક થાળમાં બદામ, દ્રાક્ષ, ખારેક, કોપરું, મીસરી, તળેલાં મખાણાં, ચારોળી, કોળાનાં અને ટેટીનાં બીજ, પેંડા, બરફી, લીલો મેવો, તળેલું રતાળું, શક્કરિયાં, કાળી મિર્ચ, મીઠું વગેરે સાજવું અને ખેલ થાય ત્યારે સિંહાસનની બાજુમાં થાળ વસ્ત્રથી ઢાંકીને ધરવો. દરરોજ ખેલના ભોગમાં દૂધઘર પણ ધરવું.

નોંધ : આજથી પ્રભુ વસંત ખેલે છે. વસંતખેલના દસ દિવસ છે. આ સાત્ત્વિક ભક્તોના ખેલના દિવસો છે. ગુલાલ, અબીલ, ચોવા, ચંદન એમ ચાર વસ્તુથી ખેલ થાય છે. ગુલાલ લલિતાજીના ભાવથી, અબીલ શ્રી ચંદ્રાવલીજીના ભાવથી, ચોવા શ્રીયમુનાજીના ભાવથી, ચંદન (કેસર) કંચનવર્ણી શ્રી રાધિકા - સ્વામિનીજીના ભાવથી આવે છે. આ પ્રકારે શ્રીજીબાવા દસ દિવસ આ ચાર વસ્તુથી ખેલે છે. અનામિકા આંગળીથી ટપકી કરીને ખેલાવાય છે. દસ દિવસ સૂક્ષ્મ ખેલ થાય છે.

શીતકાલીન સાજ વડો થઈ સંપૂર્ણ સફેદ સાજ આવે છે. મહા, ફાગણ અને ચૈત્ર માસની સેવા શ્રીચંદ્રાવલીજીના ભાવથી થાય છે. પરંતુ વસંતપંચમીથી દસ દિવસની સેવા ચંદ્રાવલીજીની સેવા અંતર્ગત શ્રીયમુનાજીના ભાવથી થાય છે.

કીર્તન : મંગલા, અભ્યંગ અને શૃંગારના પદ માટે જુઓ પરિશિષ્ટ : ૧

વ્રજ : માઘ શુક્લ પંચમી

વસંત કળશ અધિવાસન

ગુજરાતી : મહા સુદ પાંચમ



શ્રી પંચમી પરમ મંગલ દિન મદન મહોચ્છવ આજ ।

વસંત કળશ અધિવાસન

આજે મહાસુદ પાંચમ વસંતપંચમી. આજના દિવસને મદનપંચમી અથવા શ્રીપંચમી પણ કહે છે. આજે કામદેવનો પ્રાદુર્ભાવ થયેલ છે માટે મદનપંચમી કહેવાય છે. આજથી શરૂ થતા વસંતોત્સવનું પુષ્ટિમાર્ગીય ઉત્સવ પરંપરામાં આગવું મહત્ત્વ છે. વસંતને ઋતુરાજ કહ્યો છે. વસંત ઋતુના માસ તો છે ફાગણ અને ચૈત્ર, પરંતુ આપણે ત્યાં વસંતોત્સવ શરૂ થાય વસંતપંચમીથી. તેનું કારણ એ છે કે શાસ્ત્રોમાં કહ્યું છે કે દરેક ઋતુનું ગર્ભાધાન ૪૦ દિવસ પહેલાંથી થાય; પરિણામે પુષ્ટિમાર્ગમાં ૪૦ દિવસ પહેલાંથી વસંતોત્સવની ઉજવણી શરૂ થાય. વ્રજભક્તો સાથે પ્રભુ ૪૦ દિવસ હોરી ખેલે. ભગવદીયો હોરીખેલની એ રસલીલાનાં દર્શન કરી, પ્રભુને હોરી ખેલાવી તેનો સુખાનુભવ કરે. એ લીલાનું ગાન કરે. એ કીર્તનો દ્વારા આપણા જેવા જીવો પણ એ લીલાનો રસાનુભવ કરે.

શીતકાલને વિદાય આપવાનો અને નવા શણગાર સજતી પ્રકૃતિને આવકારવાનો આ ઉત્સવ છે. કામદેવનો જન્મદિવસ એટલે વસંતપંચમી, પરિણામે આ ઉત્સવને મદનમહોત્સવ પણ કહેવાય!

વસંતપંચમી મદન પ્રગટ ભયો, સબ તન મન આનંદ, ઠોર ઠૌર ફૂલે પલાસ દ્રુમ ઔર મોર મકરંદ ॥
વિવિધ ભાંત ફૂલ્યો વૃંદાવન કુસુમ સમૂહ સુગંધ, કોકિલા મધુપ કરત ગુંજારવ, ગાવત ગીત પ્રબંધ ॥

૪૦ દિવસ સુધી અબીલ, ગુલાલ, ચોવા, ચંદન, કેસર રંગથી વ્રજભક્તો પ્રભુ સાથે હોરી ખેલે. હોરીની ધમાર અને વિવિધ રસભરી ગારી પણ ગાય. વિવિધ વાદ્યોના તાલ સાથે રંગભર્યા ગોપ-ગોપી ઝૂમે. પ્રિયાપ્રિયતમ પરસ્પર પણ હોરી ખેલે. કોઈવાર ગોપીજનો શ્રીઠાકોરજીને પોતાના ઝુંડમાં લઈ જઈ સખીવેશ પહેરાવી દે. નાચ નચાવે. ફગુવા લઈને જ છોડે. આવી રસમય હોરીલીલા આજથી શરૂ થાય છે.

આજના સેવાપ્રકારમાં વસંત અધિવાસન થાય છે. વસંતનો કળશ સ્થાપન થાય છે. કળશ (ઘટ)માં જલ ભરી તેમાં ખજૂરની ડાળી, આંબાના પાન, આમ્ર મંજરી, સરસવનાં ફૂલ, જવની (ઘઉં)ની ઊંબી, બોર અને વિવિધ પુષ્પો વગેરેથી તેને સજાવવામાં આવે છે. કળશને લાલ વસ્ત્ર (તોઈની કિનારીવાળું) વીંટાળવામાં આવે છે. રાજભોગ પછી આ કળશનું અધિવાસન પૂજન થાય છે. (કામદેવના પાંચ બાણની ભાવનાથી આ પાંચ વસ્તુઓ કળશમાં સજાવાય છે.) કળશપૂજન દ્વારા કામદેવનું પૂજન થાય છે એવી ભાવના છે.

વસંતના કલશને સાજીને, બાજોઠ ઉપર પધરાવી, આચમન-પ્રાણાયમ કરી, હાથમાં જલ-અક્ષત લઈ નીચે પ્રમાણે બોલવામાં આવે છે. 'ભગવતઃ શ્રી પુરુષોત્તમસ્ય વૃંદાવને વસન્તક્રીડાર્થં વસન્તાધિવાસનમ્ અહં કરિષ્યે.'

ત્યારબાદ જલ-અક્ષત છોડી, કળશ ઉપર કંકુ છાંટી, અક્ષત છાંટી બુરાની કટોરીનો ભોગ અને બીડાં ધરાય છે.

આ પ્રમાણે અધિવાસન થયા બાદ રાજભોગનાં દર્શન ખૂલે છે. દૂધઘર-સૂકામેવા-લીલા મેવા વગેરે સામગ્રીનો થાળ સજીને ખેલાવતાં પહેલાં સિંહાસનની બાજુમાં ધરાય છે. શ્રીપ્રભુના ફરગુલ અને ઝારીજી ઉપર સફેદ વસ્ત્ર ઢાંકી શ્રીઠાકોરજીને ખેલાવવામાં આવે છે.

પ્રથમ શ્રીઠાકોરજીને દંડવત્ પ્રણામ કરી, કેસરી ચંદનથી, પછી ગુલાલથી, ત્યારબાદ અબીરથી અને છેલ્લે ચોવાથી ખેલાવાય છે.

પ્રથમ શ્રીઠાકોરજીના પાઘ, વાગો, સૂથન એ રીતે ક્રમસર અનામિકા આંગળીથી ટીપકી કરી ખેલાવાય છે. ત્યારબાદ માળા, છડી, ગેંદ, ગાદી ઉપર ખેલ થાય છે. છેલ્લે સિંહાસન વસ્ત્ર તથા પિછવાઈને ફક્ત ચંદન અને ગુલાલથી ખેલ થાય છે. ચંદરવાને ફક્ત કેસરી ચંદન છંટાય છે અને ત્યારબાદ અબીર-ગુલાલ ઊડે છે.

ખેલ થઈ ગયા બાદ ટેરો આવે. મંદિરવસ્ત્ર થાય પછી ઉત્સવ ભોગ આવે છે. ધૂપ-દીપ-તુલસી-શંખોદક થાય છે. સમય થયે ભોગ સરાવી થાળીની આરતી થાય. આ રીતે પંચમીથી ૪૦ દિવસ સુધી રાજભોગ દર્શન સમયે પ્રભુને ખેલ થાય છે. ખેલનો બધો સાજ-ગુલાલ, અબીર, ચોવા, ચંદન દરરોજ નવાં સજાય છે. અનોસરમાં પણ આ બધો સાજ રહે છે. ખેલના ભોગ અને ખેલનો સાજ સાંજે ઉત્થાપન પછી સરાવાય છે.

વસંતનો કળશ સંધ્યાઆરતી પછી મંદિરમાંથી બહાર પધરાવાય છે. આ કળશ ફક્ત વસંતપંચમીના દિવસે જ આવે છે. દરરોજ ન આવે. ઉત્સવભોગ પણ વસંતપંચમીના દિવસે જ આવે. દરરોજ ખેલ સમયનો થાળ ધરાય.

અનામિકાથી ચંદન-ગુલાલ વગેરેની ટપકી કરીને ખેલ થતો હોવાથી સૂરદાસજીએ ગાયું છે :

નેક મહોંડો માંડન દેહો હોરીકે ખેલૈયા, જો તુમ ચતુર ખિલાર કહાવત અંગુરિન કો રસ લેહો.

વ્રજ : માઘ શુક્લ પંચમી

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા સુદ પાંચમ



આજના શૃંગાર : પાગ - ચંદ્રિકા અને સૂથન - ઘેરદાર

સાજ : સફેદ રંગની સાદી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સફેદ રંગનાં સૂથન, ચોલી, ઘેરદાર, વાઘો અને લાલ રંગનાં મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર અબીલ, ગુલાલ, ચંદન, ચોવાથી કલાત્મક રીતે ખેલ થયો છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. સોનાનાં તથા લાલ મીનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે : સફેદ ગોળ પાગ ઉપર શિરપેચ, મોરપિચ્છની સાદી ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબી અને પીળાં પુષ્પોનાં કલાત્મક થાગવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે. આજે શ્રીમસ્તક ઉપર શિરપેચમાં આંબાનો મોર ધરાય છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજથી શ્રીહસ્તમાં ફૂલની છડી ધરવાનું શરૂ થાય છે. રાજભોગ દર્શન પછી ઉત્સવ ભોગ આવે છે. ઉત્સવ ભોગમાં અનસખડીની સામગ્રીઓ ધરાય છે. ઉત્સવભોગ સર્યા પછી ફરી દર્શન થાય છે. તે સમયે પ્રભુને અબીલ-ગુલાલ-ચોવા-ચંદનથી ખેલ થાય છે. પીછવાઈ ઉપર પણ ખેલ થાય છે. આમ આજે આઠને બદલે નવ સમાનાં દર્શન થાય છે. પ્રદ્યુમ્નજી કામદેવનું પ્રાગટ્ય છે. તેમનો પ્રાકટ્ય દિવસ હોવાથી રાજભોગ પછી જયંતીવત દર્શન થાય છે.

આજથી ૧૦ દિવસ જેવા શૃંગાર થાય તેવા ભાવનાં વસંતના પદ ગવાય છે. દરેક પદ વસંત રાગમાં જ ગવાય છે.

આજથી ૪૦ દિવસ ખેલના સમયે વિવિધ સામગ્રીઓ જેવી કે સૂકા મેવા, દૂધઘરની સામગ્રી, બાલભોગની સામગ્રી વગેરે ધરાય છે. શ્રીઠાકોરજીને આ સામગ્રી એવા ભાવથી ધરાય છે કે ખેલમાં જ્યારે પ્રભુ શ્રમિત થાય ત્યારે વ્રજભક્તો પ્રભુને એ સામગ્રી આરોગાવે છે. સામગ્રીનો આ થાળ અનોસરમાં પણ ધરાયેલો રહે છે. થાળ ઉપર વસ્ત્ર ઢાંકવામાં આવે છે. ઉત્થાપન પછી ખેલના ભોગનો થાળ સરાવાય છે.

કીર્તન : **રાજભોગ સન્મુખ (રાગ - વસંત) વસંત અષ્ટપદી - આ અષ્ટપદી ખેલ સમયે પહેલાં ગવાય છે. ત્યારબાદ બીજાં કીર્તન ગવાય છે.**

હરિરિહ વ્રજયુવતી શતસંગે ।
વિલસતિ કરિણી ગણવૃતવારણ વર ઈવ રતિપતિ માનભંગે ।।ધ્રુ।।
વિભ્રમ સંભ્રમ લોલ વિલોચન સૂચિત સંચિતભાવં ।
કાપિદગંચલ કુવલયનિકરૈ રંચતિ તં કલરાવં ।।૧।। હરિરિહ વ્રજયુવતી૦
સ્મિત રુચિ રુચિ રતરાનન કમલમુદીક્ષ્ય હરે રતિ કંદં ।
ચુંબતિ કાપિ નિતંબ વતી કરતલ ધૃત ચિબુકમમંદં ।।૨।। હરિરિહ વ્રજયુવતી૦

(અપૂર્ણ, જુઓ પરિશિષ્ટ : ૧)

સૂચના : રાજભોગ અને શયન સમયનાં પદ માટે જુઓ પરિશિષ્ટ-૧

વ્રજ : માઘ શુક્લ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : મહા સુદ છઠ



વ્રજ : માઘ શુક્લ ષષ્ઠી

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા સુદ છઠ

વસ્ત્ર : કેસરી રંગના ગદલ ઉપર ઘેરા લીલા રંગનો એમ દોહરા - બે ગદલ ધર્યાં છે.

શૃંગાર : શ્રીમસ્તકે સફેદ રંગની અબીલ, ગુલાલ, ચોવા, ચંદનથી ખેલાવલી પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજાં કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રી સેવના લાડુની ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથા મનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરવી અને પ્રભુને લાડ લડાવવા.

કીર્તન :

મંગલા (રાગ - વસંત)

ખેલત વસંત ગિરિધરનલાલ, કોકિલ કલ કૂજત અતિ રસાલ ॥૧॥
જમુનાતટ ફૂલે તરુ તમાલ, કેતકી કુંદ નૌતન પ્રવાલ ॥૨॥
તહાં બાજત બીન મૃંદગ તાલ, બિચબિચ મુરલી અતિ રસાલ ॥૩॥
નવસત સજ આઈ વ્રજકી બાલ, સાજે ભૂખન બસન અંગ તિલક ભાલ ॥૪॥
ચોવા ચંદન અબીર ગુલાલ, છિરકત પિય મદનગુપાલ લાલ ॥૫॥
આલિંગન ચુંબન દેત ગાલ, પહરાવત ઉર ફૂલન કી માલ ॥૬॥
યહ વિધ ક્રીડત વ્રજનૃપકુમાર, સુમન વૃષ્ટિ કરે સુર અપાર ॥૭॥
શ્રીગિરિવરધર મન હરિત માર, **કુંભનદાસ** બલબલ વિહાર ॥૮॥

શૃંગાર (રાગ વસંત)

રિંગન કરત કાન્હ આંગન મે કર લિયે નવનીત, શોભિત નીલ જલદ તન સુંદર પહરે ઝગુલી પીત ॥૧॥
રુનઝુન રુનઝુન નૂપુર બાજત જ્યોં પગ ઠુમકિ ધરે, કટિ કિંકિની કલરવ મનોહર સુનિ કિલકાર કરે ॥૨॥
દુલરી કંઠ કનિકહુકી કાનન દીયો કપોલ દિઠોના, ભાલ વિશાલ તિલક ગોરોચન અલકાવલિ અલિ છોના ॥૩॥
લટકન કિરધો ભૂવ ઉપર કુલહ સુરંગ બની, સિંઘપોરતે ઉઝકિ ઉઝકિ છબિ નિરખત હે સજની ॥૪॥
નંદનંદન ઉનતન ચિતવન પ્રેમ મગન મન આઈ, કંચનથાર સાજિ ઘરઘરતે બહુવિધિ ભોજન લાઈ ॥૫॥
મનિ મંદિર મુઢાપે સુંદરિ આછે બસન બિછાવે, બાલકૃષ્ણ કો જો રૂચિ ઉપજે અપને હાથ જિમાવે ॥૬॥
જલ અચવાય વદન પોંછત ઓર બીરી દેત સુધારી, હિયેં લગાય વદન ચુંબન કરિ સર્વસ ડારત વારી ॥૭॥
નૈનન અંજન દે લાલન કે મૃગમદ ખોર કરે, સુરંગ ગુલાલ લગાય કપોલન ચિબુક અબીર ભરે ॥૮॥
ચૌવાચંદન છિરકિ અબીર ગુલાલન ફેંટ ભરાઈ, તનક તનકસી મોહનકો ભરિ દેત કનક પિચકાઈ ॥૯॥
આપુ સમાજ પરસ્પર છિરકત લાલન પે છિરકાવે, ન્હેની ન્હેની મુઠ્ઠી ભરાઈ રંગનસો સેનન નેન ભરાવે ॥૧૦॥
નિરખ નિરખ ફૂલતિ નંદરાની તનમન મોદભરી, નિત્યપ્રતિ તુમ મેરે ઘર આવો માનો સુફલ ઘરી ॥૧૧॥
દેત અસીસ સકલ વ્રજવનિતા જસુમતિ ભાગિ તિહારો, કોટિ બરસ ચિરજીયો યહ વ્રજજીવન પ્રાન હમારો ॥૧૨॥

વ્રજ : માગશીર્ષ શુક્લ ષષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર સુદ છઠ



આજના શૃંગાર : કુલ્હે ઉપર ઘેરો અને સૂથન ચાકદાર

સાજ : સફેદ સાદી પિછવાઈ ધરી છે. તેના ઉપર, ગુલાલ, ચંદનથી ખેલ થયા છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સફેદ રંગના, રૂપેરી જરીની તૂઈ-લેસની કિનારીવાળાં સૂથન, ચોળી તથા ચાકદાર વાઘો અને લાલ રંગનાં મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લીલા રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર અબીલ, ગુલાલ, ચોવા, ચંદનથી ખેલ થયેલ છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ, લીલાં અને સફેદ મીનાનાં તેમજ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે : સફેદ કુલ્હે ઉપર શિરપેચ અને રૂપેરી જરીનો (ચમકનો) ઘેરો તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃત કુંડળ ધર્યાં છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. ગુલાબી અને પીળાં પુષ્પોનાં રંગબેરંગી સુંદર થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - વસંત)**

લાલ ગુપાલ ગુલાલ હમારી આંખિનમે જિન ડારોજુ ।
બદન ચંદ્રમા નૈન ચકોરી બીચ અંતર જિન પારોજુ ॥૧॥
ગાઓ રાગ વસંત પરસ્પર અટપટે ખેલ નિવારોજુ ।
કુંકુમ રંગસો ભરિ પિચકારી તકિ નૈનન જિન મારોજુ ॥૨॥
બંકવિલોકન દુ:ખ કે મોચન ભરિકે દૃષ્ટિ નિહારોજુ ।
નાગરી નાયક સબ સુખદાયક **કૃષ્ણદાસકો** તારોજુ ॥૩॥

શયન (રાગ - વસંત)

સહજ પ્રીત ગોપાલે ભાવે ।
મુખ દેખે સુખ હોય સખીરી પ્રીતમ નૈનસો નૈન મિલાવે ॥૧॥
સહજ પ્રીતિ કમલ ઔર ભાને સહજ પ્રીતિ કુમુદિની ઓર ચંદે ।
સહજ પ્રીતિ કોકિલા વસંતે સહજ પ્રીતિ રાધા નંદ નંદે ॥૨॥
સહજ પ્રીતિ ચાતક ઔર સ્વાતિ સહજ પ્રીતિ ધરની જલધારે ।
મન ક્રમ વચન દાસ **પરમાનંદ** સહજ પ્રીતિ શ્રીકૃષ્ણ અવતારે ॥૩॥

વ્રજ : માઘ શુક્લ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : મહા સુદ સાતમ



વ્રજ : માઘ શુક્લ સપ્તમી

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા સુદ સાતમ

વસ્ત્ર : લાલ રંગના ગદલ ઉપર કેસરી રંગનો એમ દોહરા - બે - ગદલ ધર્યા છે.

શૃંગાર : શ્રીમસ્તકે સફેદ રંગની અબીલ - ગુલાલ વગેરેથી ખેલાવેલી પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજાં કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુ અનુસાર, યથા મનોરથ યથાશક્તિ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવા.

કીર્તન :

મંગલા (રાગ - વસંત)

સહજ પ્રીત ગોપાલે ભાવે ।
મુખ દેખે સુખ હોય સખીરી પ્રીતમ નૈનસો નૈન મિલાવે ॥૧॥
સહજ પ્રીતિ કમલ ઔર ભાને સહજ પ્રીતિ કુમુદિની ઓર ચંદે ।
સહજ પ્રીતિ કોકિલા વસંતે સહજ પ્રીતિ રાધા નંદ નંદે ॥૨॥
સહજ પ્રીતિ ચાતક ઔર સ્વાતિ સહજ પ્રીતિ ધરની જલધારે ।
મન ક્રમ વચન દાસ **પરમાનંદ** સહજ પ્રીતિ શ્રીકૃષ્ણ અવતારે ॥૩॥

શૃંગાર (રાગ - વસંત)

ગાવત ચલી વસંત વધાવન નંદરાય દરબાર, બાનિક બનિઠનિ ચોખમોખસો વ્રજજન સબ એક સાર ॥૧॥
અંગિયા લાલ લસત તનસારી ઝુમક નવ ઉર હાર, બેની ગ્રથિત રુરત નિતંબપર કહા કહુ વડેડવાર ॥૨॥
મૃગમદ આડ બડેરી અખિયાં આંજી અંજન પૂરિ, પ્રફૂલિત વદન હસત દુલરાવત મોહન જીવન મૂરિ ॥૩॥
પગ જેહરિ કેહરિ કટિ કિંકિનિ રહ્યો વિથકિ સુનિમાર, ઘોખ ઘોખ પ્રતિ ગલિન ગલિન પ્રતિ વિછુવન કે ઝનકાર ॥૪॥
કંચન કુંભ સીસ પર લીયે મદન સિંધુ તે ભરિકે, ઢાંપે પીત વસન જતનન રચિ મોર મંજુરી ધરિકે ॥૫॥
અબીર ગુલાલ અરગજા સોંધો વિધિ ન જાત વિસ્તારી, મેનસેન જો નાર દેનકો કમલન કમલ નિથારી ॥૬॥
પોંહોંચી જાય સિંઘપોરી જબ વિપુલ જુવતિ સમુદાઈ, નિજમંદિરતે નિકસિ જસોદા સનમુખ આગે આઈ ॥૭॥
ભઈ ભીર ભીતર ભવનમે જહાં વ્રજરાજ કિશોર, ભરત ભાવતે પ્રાન પિયાકો ઘેરિ ફેરિ ચહું ઓર ॥૮॥
વ્રજરાની જબ મુરિ મુસિકાની પકરન ભઈ જબ કરકી, બે સંગ સખી લખી કછુ બતિયાં મિસહી મિસ ઉત સરકી ॥૯॥
કુમકુમ રંગસો ભરિ પિચકારી છિરકે જે સુકુમારી, બરજત છીંટિ જાત દ્રગનમેં ધનિ વે પોંછનહારી ॥૧૦॥
ચંદન વંદન ચૌવા મથિકે નીલકંજ લપટાવે, અલક સિથિલ ઔર પાગ સિથિલ અતિ પુનિવે બાંધી બંધાવે ॥૧૧॥
ભરત નિસંક ભરે અંકવારી ભૂજન બીચ ભૂજ મેલે, ઉનમદ ગ્વાલ વદત નહીં કાહુ ઝેલખેલ રસરેલે ॥૧૨॥
કિયો રગમગો લલિત ત્રિભંગી ભયો ગ્વાલિની મનભાયો, ટકઝકમેં ઝુકી એકહી બિરિયાં લાલન કંઠ લગાયો ॥૧૩॥
તાલ મૃદંગ લીયે શ્રીદામા પહોંચી આય સહાઈ, હલધર સુબલ તોક મધુમંગલ અપની ભીર ભૂલાઈ ॥૧૪॥
ખેલ મચ્યો મનિ ખચિત ચોકમે કવિપેં કહા કહિ જાવે, **ચતુર્ભૂજ** પ્રભુ ગિરિધરનલાલ છબિ દેખેંહી બનિ આવે ॥૧૫॥

વ્રજ : માઘ શુક્લ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા સુદ સાતમ



વ્રજ : માઘ શુક્લ સપ્તમી **ચિત્ર પરિચય** ગુજરાતી : મહા સુદ સાતમ

આજના શૃંગાર : પાગ-કતરો ઘેરદાર વાગા ઉપર ફતવી (ફતવીના શૃંગાર)

સાજ : સફેદ રંગની સાદી પિછવાઈ ધરી છે, જેના ઉપર ગુલાલ વગેરેથી ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સફેદ સૂથન, ચોળી, ઘેરદાર વાઘો અને ઉપર ગુલાબી ફતવી ધરી છે. લાલ મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર કલાત્મક રીતે ગુલાલ, ચંદન વગેરેથી ખેલ થાય છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ અને સફેદ મીનાનાં તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે : સફેદ પાગ ઉપર શિરપેચ તથા દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને પીળાં ફૂલોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સુવર્ણનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે ફતવીના શૃંગાર છે. ફતવી એટલે જાકીટ કે બંડી જેવું વસ્ત્ર - જે શીતકાલમાં ઘેરદાર વાઘા ઉપર ધરાય છે. ફતવી અડધી બાંયની હોય છે અને ઘેરદાર વાઘા કરતાં અલગ રંગની ધરાય છે. આજે સફેદ ઘેરદાર ઉપર આછા ગુલાબી રંગની ફતવી ધરાઈ છે. શીતકાલમાં ફતવીના ચાર શૃંગાર થાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ - વસંત)**

ખેલત વસંત ગિરિધરનલાલ, કોકિલ કલ કૂજત અતિ રસાલ ॥૧॥
જમુનાતટ ફૂલે તરુ તમાલ, કેતકી કુંદ નૌતન પ્રવાલ ॥૨॥
તહાં બાજત બીન મૃંદગ તાલ, બિચબિચ મુરલી અતિ રસાલ ॥૩॥
નવસત સજ આઈ વ્રજકી બાલ, સાજે ભૂખન બસન અંગ તિલક ભાલ ॥૪॥
ચોવા ચંદન અબીર ગુલાલ, છિરકત પિય મદનગુપાલ લાલ ॥૫॥
આલિંગન ચુંબન દેત ગાલ, પહરાવત ઉર ફૂલન કી માલ ॥૬॥
યહ વિધ ક્રીડત વ્રજનૃપકુમાર, સુમન વૃષ્ટિ કરે સુરઅપાર ॥૭॥
શ્રીગિરિવરધર મન હરિત માર, **કુંભનદાસ** બલબલ વિહાર ॥૮॥

શયન (રાગ - વસંત)

નવલ વસંત નવલ વૃંદાવન ખેલત નવલ ગોવર્ધનધારી ।
હલધર નવલ નવલ વ્રજબાલિક નવલ નવલ બની ગોકુલ નારી ॥૧॥
નવલ જમુનાતટ નવલ વિમલજલ નૌતન મંદ સુગંધ સમીર ।
નવલ કુસુમ નવ પલ્લવ સાખા કુંજત નવલ મધુપ પિક કીર ॥૨॥

(અપૂર્ણ : જુઓ પરિશિષ્ટ : ૧)

વ્રજ : માઘ શુક્લ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : મહા સુદ આઠમ



વ્રજ : માઘ શુક્લ અષ્ટમી

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા સુદ આઠમ

વસ્ત્ર : કથ્થાઈ રંગની છીંટનો અને લાલ રંગનો એમ દોહરા - બે ગદલ ધર્યા છે.

શૃંગાર : શ્રી મસ્તક ઉપર સફેદ રંગની અબીલ, ગુલાલ વગેરેથી ખેલાવેલી પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજાં કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં અડદની દાળ, મકાઈ કે બાજરીની રોટલી અને ગોળના શીરાની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - વસંત)**

નવવસંત કે આગમ આલી પ્રચુર મદન કો જોર ।
કૈસે ધરે કુલવધૂ ધીરજ ખેલત નંદકિસોર ।।૧।।
તેસીયે ગિરિ ગોવર્ધન પર નૂતન મંજુરી મોરી ।
સુન સુન ચલી લાલ ગિરિધર પે બનબન નવલ કિશોરી ।।૨।।
જાય મિલી અનુરાગભરી રસફાગ શ્યામ સોં ખેલી ।
વ્રજપતિ શ્યામ તમાલહિ લપટી માનો કંચનવેલી ।।૩।।

શૃંગાર (રાગ - વસંત)

જસોદા નહીં બરજે અપનો બાલ, અપનો બાલ રસિયા ગોપાલ,
સ્નાન કરન ગઈ જમુનાતીર, કરકંકન અભરન ધરે ચીર ।
મેરી જલપ્રવાહ તન ગઈ દીઠ, પાછે તે કાન્હ મેરી મલત પીઠ ।।૧।।
યહ અન્ન ન ખાય મુખ પીવે ન ખીર, યહ કેતીકવાર ગયો જમુનાતીર ।
હોં વારોંરી ગ્વાલિન તેરો જ્ઞાન, યહ પલના ઝુલે મેરો બારો કાન્હ ।।૨।।
વૃંદાવન દેખે મૈં તરુન કાન્હ, ઘર આયે કૈસે ભયે અયાન ।
ઉઠિ ચલીરી ગ્વાલિ જીય ઉપજી લાજ, **સૂરદાસ** યે પ્રભુ કે કાજ ।।૩।।

વ્રજ : માઘ શુક્લ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા સુદ આઠમ



આજના શૃંગાર : ગ્વાલપાગ - મોરશીખા અને સૂથન-ચાકદાર

સાજ : સફેદ સાદી પિછવાઈ ધરી છે, જેના ઉપર ગુલાલથી કલાત્મક રીતે ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સફેદ સૂથન, ચોલી તથા ચાકદાર વાઘો અને કેસરી રંગનો કટિપટુકો તથા લાલ મોજાં ધર્યાં છે. ઘેરા લીલા રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર અબીલ, ચોવા, ચંદન, ગુલાલ વગેરેથી કલાત્મક રીતે ખેલ થયો છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ અને સફેદ મીના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે : લાલ રંગની ગ્વાલપાગ ઉપર શિરપેચ, લૂમ તથા મોરશીખા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. સફેદ, લાલ અને પીળાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - વસંત)**

શ્રીવૃંદાવન ખેલત ગુપાલ, બનિ બનિ આઈ વ્રજકી બાલ ॥૧॥
નવસુંદરી નવતમાલ, ફૂલે નવલ કમલ મધિ નવ રસાલ ॥૨॥
અપને કર સુંદર રચિત માલ, અવલંબિત નાગર નંદલાલ ॥૩॥
નવ ગોપ વધૂ રાજત હે સંગ, ગજમોતિન સુંદર લસત મંગ ॥૪॥
નવકેસર મેદ અરગજા ઘોરિ, છિરકત નાગરિકોં નવકિશોર ॥૫॥
તહાં ગોપીગ્વાલ સુંદર સુદેશ, રાજત માલા વિવિધ કેસ ॥૬॥
નંદનંદન કો ભૂવવિલાસ, સદા રહો મન **સૂરદાસ** ॥૭॥

શયન (રાગ - વસંત)

કેસરી છીંટ રુચિર બંદન રજ શ્યામ સુભગ તન સોહેં ।
બિચબિચ ચૌવા લપટાનોં ઉપમાકો કહિ કોહે ॥૧॥
યહ સુખ નવ વસંત કે ઓસર રાધાનાગરિ જોહેં ।
ચત્રભુજ પ્રભુ ગિરિધરનલાલ છબિ કોટિક મન્મથ મોહેં ॥૨॥

વ્રજ : માઘ શુક્લ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : મહા સુદ નોમ



વ્રજ : માઘ શુક્લ નવમી

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા સુદ નોમ

વસ્ત્ર : કેસરી રંગના ગદલ ઉપર લીલા રંગનો એમ દોહરા - બે - ગદલ ધર્યા છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર લાલ રંગની, અબીલ-ગુલાલ વગેરેથી ખેલાવેલી ગ્વાલપાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજાં કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત ગોળની સુખડીની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથા મનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - વસંત)**

દેખિયત લાલ લાલ દગડોરે ।
કાકે સંગ ખેલે વસંત કરિ નિહોરે ॥૧॥
સજલતાઈ પ્રગટ માનોં કુંકુમ રસ બોરે ।
અરુનતાઈ ભઈ ગુલાલ વંદન સિત છોરે ॥૨॥
અંજન છબિલાગત માનો ચૌંવ છબિ ચેરે ।
વરુની માનોં નૂતનપલ્લવ અધરભયે સિધોરે ॥૩॥
કબહુ રસમત્ત નાચત દોઉ કટાક્ષન કોરે ।
ગાન સુરતિભઈ માનોં વિવિધ તાન તોરેં ॥૪॥
દેખિયત અતિ સિથલતાઈ માંઝ ઝકઝોરે ।
કાહેકો કહત કછુ જાને મન મોરે ॥૫॥
સનમુખ વ્હે કબહુ મુખ ફેરીજાત લજોરે ।
રસિકપ્રીતમ મેરે તુમ આયે કાકે ભોરે ॥૬॥

શૃંગાર (રાગ - વસંત)

બન ફૂલે-દ્રુમ કોકિલા બોલી મધુપ ઝંકારન લાગે ।
સુન ભયો ભોર રોર બંદીજન મદન મહીપતિ જાગે ॥૧॥
તિનહુ દીને અંકુર પલ્લવ જે દ્રુમ પહલે લાગે ।
માનો રતિપતિ રીઝ જાચકન બરન બરન દીયે બાગે ॥૨॥
નયે પાત નઈ લતા પહોપ નયે નયે રસપાગે ।
નવલકેલિ વિલસતિ ગિરિધર સંગ **સૂર** રંગ અનુરાગે ॥૩॥

વ્રજ : માઘ શુક્લ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા સુદ નોમ



વ્રજ : માઘ શુક્લ નવમી

ગુજરાતી : મહા સુદ નોમ

આજના શૃંગાર : પાગ-કતરા અને સૂથન ઘેરદાર

સાજ : સફેદ પિછવાઈ ધરી છે જેના ઉપર ગુલાલ વગેરેથી ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : આછા પીરોજા રંગના સૂથન, ચોલી તથા ઘેરદાર વાઘો અને ઘેરા લીલા રંગનાં મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર કલાત્મક રીતે અબીલ, ગુલાલ, ચોવા અને ચંદનથી ખેલ થયેલ છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. ગુલાબી અને સફેદ મીના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે : પીરોજા રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, લૂમ તથા દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ, લાલ તથા પીળાં પુષ્પોનાં કલાત્મક થાગવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - વસંત)**

શ્યામ સુભગતન શોભિત છીંટે નીકી લાગી ચંદનકી ।
મંડિત સુરંગ અબીરકુંકુમા ઓર સુદેશ રજવંદનકી ॥૧॥
કુંભનદાસ મદન તનમન બલિહાર કીયો નંદનંદનકી ।
ગિરિધરલાલ રચી વિધિ માનો યુવતિ જન મન ફંદનકી ॥૨॥

શયન (રાગ - વસંત)

કુચ ગડુવા જોબન મોર કંચુકી વસન ઢાંપિલે રાખ્યો વસંત ।
ગુનમંદિર અરુ રૂપ બગીચા તામે બૈઠી હે મુખ લસંત ॥૧॥
કોટિકામ લાવણ્ય બિહારીજુ જાહિ દેખે તે દુઃખ નસંત ।
એસે રસિક **હરીદાસ કે સ્વામી** તાહિ ભરન આઈ પ્રભુ હસંત ॥૨॥

વ્રજ : માઘ શુક્લ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : મહા સુદ દસમ



વ્રજ : માઘ શુક્લ દશમી

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા સુદ દસમ

વસ્ત્ર : લાલ રંગના ગદલ ઉપર કેસરી રંગનો એમ દોહરા - બે ગદલ ધર્યા છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર પીરોજા રંગની અબીલ-ગુલાલ વગેરેથી ખેલાવેલી ગોળ પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજાં કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં વિવિધ લોટના મોહનઠાર ધરાય છે. અડદના લોટનો, ચણાના લોટનો, મગના લોટનો અને મેંદાનો મોહનઠાર ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવાં.

કીર્તન : **મંગલા (રાગ - વસંત)**

કબહી હોં ખેલત મોહીસોં અરત હો સબન છાંડિ મેરી અંખિયન ભરત હો ।
રહો હો રહો હો હરિ હોં હુતે ઓર ત્રિય નેંકુન ટરત હો ॥૧॥
નેન મીંડિ ફિરફિર મુસિકાત જાત હોહુ જાનત તેસી મોહિસોં કરત હો ।
કલ્યાન કે પ્રભુ ગિરિધરપતિ વિવસ વ્હૈ ન ડરત હો ॥૨॥

શૃંગાર (રાગ - વસંત)

કહા આયેરી તરકિ અબહીજુ ખેલત હી પ્રીતમ સંગ,
એક કર અબીર દુજે કર ફેટાકર ।
જબ ઉન ભૂજન જોરિ મુસિકયાય વદન મોર્યો,
તે જાન્યોં ઔરન તનચિત એસો યહ ન હોય,
જિનભરે ઈન નૈનન યહી ડર ॥૧॥
જબહી તુ ઉઠચલી તબહી લાલન ઉઝકિ રહે બુઝન લાગે
ઓરનસો મેં કછુ ન કહ્યો ઝુકિ ગઈ કોન બાતપર ।
ઉઠિ ચલિહિલમિલ તોહીસો રંગરસ ઔરન સુ
ઔર સબ લાગત ચૂની સમાન તુવમધિનાયક
સંગ સોહેલાલ ગોપાલ ગિરિધર ॥૨॥

વ્રજ : માઘ શુક્લ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા સુદ દસમ



આજના શૃંગાર : ફેંટાનો સાજ અને સૂથન-ચાકદાર

સાજ : સફેદ પિછવાઈ ધરી છે જેના ઉપર ગુલાલથી ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પીળા રંગનાં, રૂપેરી જરીની તૂઈ લેસની કિનારીવાળાં સૂથન, ચોળી અને ચાકદાર વાઘો ધર્યાં છે. શ્યામ રંગનાં મોજાં ધર્યાં છે. અને શ્યામરંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે. બધાં વસ્ત્રો રંગોની છાંટવાળા છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ, પીરોજી મીનાનાં અને સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે : ફેંટાનો સાજ - પીળા રંગના ફેંટા ઉપર શિરપેચ, મોરશીખા તથા દોહરો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં અને ગુલાબી પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સુવર્ણનાં વેણુજી અને બે જડાવ વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - વસંત)**

આઈ ઋતુ ચહુંદિશ ફૂલે દ્રુમ કાનન
કોકિલા સમૂહ મિલિ ગાવત વસંતહિ ।
મધુપ ગુંજારત મિલત સપ્તસુર ભયો હે હુલાસ
તન મન સબ જંતહિ ॥૧॥
મુદિત રસિકજન ઉમગિ ભરે હે
નહીં પાવત મનમથ સુખ અંતહિ ।
કુંભનદાસ સ્વામિની વેગચલિ યહસમે
મિલિ ગિરિધર નવકંત હિ ॥૨॥

શયન (રાગ - વસંત)

પ્યારી નવલ વન નવકેલિ ।
નવલ વિટપ તમાલ અરૂઝી માલતી નવકેલિ ॥૧॥
નવવસંત હસત દ્રુમગન જરા જારે પેલિ ।
નવલ મિથુન વિહંગ કૂજત મચી ઠેલાઠેલિ ॥૨॥
તરણિ તનયાતટ મનોહર મલયપવન સહેલિ ।
બકુલફૂલ મકંરદ લપટ રહે આલિંગન ઝેલિ ॥૩॥
યહ સમે મિલલાલ ગિરિધર માન દુખ અવહેલિ ।
કૃષ્ણદાસનિ નાથ નવરંગ તુ કુમારિ નવેલિ ॥૪॥

વ્રજ : માઘ શુક્લ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : મહા સુદ અગિયારસ



વ્રજ : માઘ શુક્લ એકાદશી ચિત્ર પરિચય ગુજરાતી : મહા સુદ અગિયારસ

જયા એકાદશી

વસ્ત્ર : પીળી કસવાળો લાલ રંગનો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તકે પીળા રંગનો અબીલ-ગુલાલ વગેરેથી ખેલાવેલો ફેંટો, લર, અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજાં કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં મનોરથ તરીકે આજે બે નવી સામગ્રી ધરાય છે. કચોરી, છાશવડાં, ચણાની પૂરી, મેંદાની પૂરી, ગુંજા, ચણાની દાળનાં ફડફડિયાં, ચણાના લોટની સેવ, વઘારેલા ચણા, ભુજાણાં, અઘોટા દૂધ, બીલસારુ, લીલા મેવા, પેંડા, બરફી, ખાટું-મીઠું દહીં, સંધાણા વગેરે યથાશક્તિ - યથામનોરથ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - વસંત)**

આજ મદનમોહન બને ઉપમાકોં કોહે ।
રતિ પતિ રાજા પાય બાંધ્યો હુ ન સોહે ॥૧॥
કોટિ સુધાનિધિ સીતલ જોહે ।
દેખત બદન ત્રૈતાપ નસોહે ॥૨॥
ઐસી કોન નાગરી જો નિમિષ બિછોહે ।
પ્રભુ **રઘુનાથદાસ** વ્રજજન મોહે ॥૩॥

શૃંગાર (રાગ - વસંત)

ચલોરી વૃંદાવન વસંત આયો ।
ફૂલિ રહે ફૂલન કે ઝોરા મરુત મકરંદ ઉડાયો ॥૧॥
મધુકર કીર કોકિલા ઓર ખગ કોલાહલ ઉપજાયો ।
નાચત શ્યામ નચાવત શ્યામા રાધાજૂ રાગ જમાયો ॥૨॥
ચોવાચંદન બુકાબંદન લાલ ગુલાલ ઉડાયો ।
વ્યાસ સ્વામિની કી છબિ નિરખત રોમ રોમ સુખ પાયો ॥૩॥

વ્રજ : માઘ શુક્લ એકાદશી **રાજભોગ દર્શન** ગુજરાતી : મહા સુદ અગિયારસ



વ્રજ : માઘ શુક્લ એકાદશી ચિત્ર પરિચય ગુજરાતી : મહા સુદ અગિયારસ

આજના શૃંગાર : ટિપારાની ટોપી ઉપર ગોકર્ણ અને ઘેરો તેમજ સૂથન ચાકદાર

સાજ : સફેદ સાદી પિછવાઈ ધરી છે જેના ઉપર ગુલાલ વગેરેથી ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પીળા રંગના અને રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોલી, ચાકદાર વાગો તેમજ લાલ મોજાં ધર્યાં છે. મેઘશ્યામ રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે. બધાં વસ્ત્રો અબીલ, ગુલાલ, ચોવા વગેરેથી કલાત્મક રીતે છંટાયેલાં છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. લીલા, લાલ અને સફેદ મીનાનાં તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે : ટિપારાની ટોપી ઉપર ગોકર્ણ તથા રૂપેરી ચમકનો ઘેરો તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રી કર્ણમાં મકરાકૃત કુંડળ ધર્યાં છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. ગુલાબી, સફેદ અને પીળાં પુષ્પોનાં કલાત્મક થાગવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - વસંત)**

નૃત્યત ગાવત બજાવત મધુર મૃદંગ, સપ્તસ્વરન મિલિ રાગ હિંડોલ ।
પંચમસ્વર લે અલાપત ઉઘટત હૈ સપ્તાન માન, થેઈતા થેઈતા થેઈ થેઈ કહતિ બોલ ॥૧॥
કનકવરન ટિપારો સિર કમલવદન કાછની કટિ, છિરકત રાધા કરત કલોલ ।
કૃષ્ણદાસ નટવર ગિરિધરપિય, સુરબનિતા વારત અમોલ ॥૨॥

શયન (રાગ - વસંત)

ઋતુ વસંત તરુ લસંત મન હસંત કામિની, ભામિની સબ અંગઅંગ રમત ફાગરી ।
ચર્ચરી અતિ વિકટ તાલ, ગાવત સંગીત રસાલ, ઉરપ તિરપ લાસ્ય તાંડવ, લેત લાગરી ॥૧॥
બંદનબુકા ગુલાલ છિરકત તકિ નૈન ભાલ, લાલ ગાલ મૃગજ લેપ અધર દાગરી ।
ગિરિવરધર રસિકરાય મેચક મુદરી લગાય, કંચુકી પર છાપ દીની ચકિત નાગરી ॥૨॥
બાજત રસના મંજીર કુંજત પિક મોર કીર, પવન ભીર જમુના તીર મહલ વાગરી ।
વિષ્ણુદાસ પ્રભુ પ્યારી ભેટત હસિ દેત તારી, કામકલા નિપટ નિપુન પ્રેમ આગરી ॥૩॥

વ્રજ : માઘ શુક્લ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : મહા સુદ બારસ



વ્રજ : માઘ શુક્લ દ્વાદશી

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા સુદ બારસ

વસ્ત્ર : પીળી કસવાળો બેંગની (જાંબલી) રંગનો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર પીળા રંગની અબીલ-ગુલાલ વગેરેથી ખેલાવેલી પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજાં કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - વસંત)**

સબ અંગ છીટેં લાગી નીકો બન્યો કાન ।
ચોવા અગર અરગજા છિરકત ખેલત ગોપીકાન્હ ॥૧॥
હાથન ભરેં કનક પિચકાઈ ભરિભરિ દેત સુજાન ।
સુરનર મુનિજન કૌતુક ભૂલે જય જય યદુકુલ ભાન ॥૨॥
તાલ પખાવજ બેનુ બાંસુરી રાગરાગિની તાન ।
વિમલ **નંદદાસ** બલિ વંદિત નહીં ઉપમાકોં આન ॥૩॥

શૃંગાર (રાગ : વસંત)

કેસર છીંટ રુચિર બંદનરજ શ્યામ સુભગ તન સોહે ।
બિચબિચ ચોવા લપટાનો ઉપમાકો કહિ કોહે ॥૧॥
યહસુખ નવ વસંત કે ઓસર રાધા નાગરિ જોહે ।
ચત્રભુજપ્રભુ ગિરિધરન લાલ છબિ કોટિક મન્મથ મોહે ॥૨॥

વ્રજ : માઘ શુક્લ દ્વાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા સુદ બારસ



વ્રજ : માઘ શુક્લ દ્વાદશી　ચિત્ર પરિચય　ગુજરાતી : મહા સુદ બારસ

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા અને સૂથન ઘેરદાર

સાજ : સાદી સફેદ પિછવાળી ધરી છે જેના ઉપર ગુલાલથી ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સફેદ રેશમી સૂથન, ચોળી અને ઘેરદાર વાઘો, લાલ મોજાં અને ઘેરા લીલા રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર રંગોની ટીપકી કરેલી છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. ગુલાબી, લાલ અને સફેદ મીના તેમજ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે : લાલ રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા સોનેરી ચમકની ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. લાલ, સફેદ અને પીળાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - વસંત)**

શ્યામ સુભગતન સોભિત છીંટે નીકી લાગી ચંદનકી ।
મંડિત સુરંગ અબીર કુંકુમા ઓર સુદેસ રજવંદનકી ॥૧॥
કુંભનદાસ મદન તનમન બલિહાર કીયો નંદનંદનકી ।
ગિરિધરલાલ રચી વિધિ માનો યુવતિજન મન ફંદનકી ॥૨॥

શયન (રાગ - વસંત)

મધુઋતુ વૃંદાવન આનંદન ઠોર, રાજત નાગરી નવલકિશોર ।
જુથિકાજૂથ રૂપ મંજુરી રસાલ, વિથકિત અલિ મધુ લાલ ગુલાલ ॥૧॥
ચંપક બકુલ ફૂલ વધિ સરોજ, કેતકી મેદની મુદિત મનોજ ॥૨॥
રુચિકર ચિર બહે ત્રિવિધ સમીર, પુલકિત નિરતત આનંદિત કીર ॥૩॥
પાવન પુલિન ઘન મંજુલ નિકુંજ, કિસલય સેંન રચિત સુખ પુંજ ॥૪॥
મંજીર મુરંજ ડફ મુરલી મૃદંગ, બાજત મધુરબીના મુખચંગ ॥૫॥
મૃગમદ મલયજ કુંકુમ અબીર, ચંદન અગર સોં ચર્ચિત ચીર ॥૬॥
ગાવત સુંદર હરિ સરસ ધમારિ, પુલકિત ખગમૃગ બહત ન વારિ ॥૭॥
હિતહરિવંશ હંસ હંસની સમાજ, એસે હી કરો મિલિ જુગજુગરાજ ॥૮॥

વ્રજ : માઘ શુક્લ ત્રયોદશી

મંગળા દર્શન

ગુજરાતી : મહા સુદ તેરસ



વ્રજ : માઘ શુક્લ ત્રયોદશી

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા સુદ તેરસ

વસ્ત્ર : લીલી કસવાળો કેસરી રંગનો ગદલ ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની અબીલ-ગુલાલ વગેરેથી ખેલાવેલી પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજાં કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - વસંત)**

કેસરસોં ભીજયો વાગો ભર્યો હે ગુલાલ ।
કહા કહું કૃષ્ણાગર, સોહે તન મોહે મન
અતિહિ સુંદરવર બને નંદલાલ ।।૧।।
સરસ ફૂલેલ અરગજા ભીને કચ
ઢરકિ રહી જો પાઘ અર્ધભાલ ।
જગતરાયકે પ્રભુ મુખહિત બોલ છબિ
ઉરસિ બની સોહે સુમનમાલ ।।૨।।

શૃંગાર (રાગ - વસંત)

ભામિની ચંપેકી કલી ।
વદનપરાગ મધુર રસ લંપટ નવરંગ લાલ અલી ।।૧।।
ચોવા ચંદન અગર કુંકુમા કરિજુ સિંગાર ચલી ।
ખેલત સરસ વસંત પરસ્પર રવિકી કાંતિ મલી ।।૨।।
તાલ મૃદંગ ઝાંઝ ડફ બીના બીચ બીચ મુરલી ।
કૃષ્ણદાસ પ્રભુ નવરંગ ગિરિધર હિલમિલ રંગરલી ।।૩।।

વ્રજ : માઘ શુક્લ ત્રયોદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા સુદ તેરસ



વ્રજ : માઘ શુક્લ ત્રયોદશી

ગુજરાતી : મહા સુદ તેરસ

આજના શૃંગાર : દુમાલ ઉપર સહેરો અને સૂથન - ચાકદાર

સાજ : સાદી સફેદ પિછવાઈ, જેના ઉપર ગુલાલથી ખેલ થયા છે, તેવી ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : કેસરી રંગનાં સૂથન, ચોળી, ચાકદાર વાઘો ધર્યાં છે, જેના ઉપર રૂપેરી તૂઈ - લેસની કિનારી મૂકેલી છે. ગુલાલ વગેરેની છાંટ દરેક વસ્ત્રો ઉપર કલાત્મક રીતે થયેલી છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ, લીલા, સફેદ અને પીરોજી મીનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે : કેસરી રંગના દુમાલ ઉપર મીનાનો સહેરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃત કુંડળ ધર્યાં છે. મોતીની ચોટી જમણી બાજુ ધરી છે. લાલ, સફેદ અને પીળાં પુષ્પોનાં કલાત્મક સુંદર બે માળાજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - વસંત)**

વિહરત વન સરસ વસંત શ્યામ
યુવતીજૂથ ગાવે લીલા અભિરામ ।।ધ્રુ।।
મુકુલિત નૂતન સઘન તમાલ, જાઈજુહી ચંપકલાલ ।
પારિજાતહી મંદારમાલ, લપટાત મત્ત મધુકર જાલ ।।૧।।
કુટુજ કદંબ સુદેશ તાલ, દેખિ વન રીઝે મોહનલાલ ।
અતિ કોમલ નૌતન પ્રવાલ, કોકિલ કલ કુજત અતિ રસાલ ।।૨।।
લલિત લવંગ લતા સુવાસ, કેતુકી તરુણી માનોં કરત હાસ ।
ઈહ વિધિ લાલન કરેં વિલાસ, વારનેં જાય જન **ગોવિંદદાસ** ।।૩।।

શયન (રાગ - વસંત)

લાલ લલિતાદિક સંગલિયેં
વિહરતરી વરવસંત ઋતુ કલાસુજાન ।
ફૂલનકી કર ગેંદુક લિયે પટકત પટ ઉરજ છિયે
હસત લસત હિલમિલ સબ સકલ ગુન નિધાન ।।૧।।
ખેલત અતિ રસજો રહ્યો રસના નહીં જાત કહ્યો
નિરખિ પરખિ થક્તિ ભયે સઘનગગન જાન ।
છીતસ્વામી ગિરિવરધર શ્રીવિઠ્ઠલ પદપદ્મ રેનુ
વરપ્રતાપ મહિમાતેં કિયો કીરતિ ગાન ।।૨।।

વ્રજ : માઘ શુક્લ ચતુર્દશી

મંગળા દર્શન

ગુજરાતી : મહા સુદ ચૌદસ



વ્રજ : માઘ શુક્લ ચતુર્દશી

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા સુદ ચૌદસ

વસ્ત્ર : કથ્થાઈ રંગનો છીંટનો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કેસરી રંગનો અબીલ-ગુલાલ વગેરેથી ખેલાવેલો દુમાલ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજાં કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - વસંત)**

મધુઋતુ વૃંદાવન આનંદન ઠોર, રાજત નાગરી નવલકિશોર ।।ધ્રુ।।
જુથિકાજૂથ રૂપ મંજુરી રસાલ, વિથકિત અલિ મધુ લાલ ગુલાલ ।।૧।।
ચંપક બકુલ ફૂલ વિવિધ સરોજ, કેતકી મેદની મુદિત મનોજ ।।૨।।
રૂચિકર ચિર બહે ત્રિવિધ સમીર, પુલકિત નિરતત આનંદિત કીર ।।૩।।
પાવન પુલિન ઘન મંજુલ નિકુંજ, કિસલય સેંન રચિત સુખપુંજ ।।૪।।
મંજીર મુરંજ ડફ મુરલી મૃદંગ, બાજત મધુર બીના મુખચંદ ।।૫।।
મૃગમદ મલયજ કુંકુમ અબીર, ચંદન અગર સોં ચર્ચિત ચીર ।।૬।।
ગાવત સુંદર હરિ સરસ ધમારિ, પુલકિત ખગમૃગ બહત ન વારિ ।।૭।।
હિત હરિવંશ હંસ હંસની સમાજ, ઐસે હી કરો મિલિ જુગ જુગ રાજ ।।૮।।

શૃંગાર (રાગ : વસંત)

નવલ બસંત નવલવૃંદાવન નવલહી ફૂલે ફૂલ ।
નવલહી કાન્હ નવલ બની ગોપી નિર્તત એક હી તૂલ ।।૧।।
નવલ ગુલાલ ઉડે રંગ બુકા નવલ બસંત અમૂલ ।
નવલ હી છીંટ બની કેસરકી મેટત મનમથ સૂલ ।।૨।।
નવલ હી તાલ પખાવજ બાજત નવલ પવનકે ઝૂલ ।
નવલ હી બાજે બાજત **શ્રી ભટ્ટ** કાલિંદી કે કૂલ ।।૩।।

વ્રજ : માઘ શુક્લ ચતુર્દશી

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા સુદ ચૌદસ



વ્રજ : માઘ શુક્લ ચતુર્દશી | **ચિત્ર પરિચય** | ગુજરાતી : મહા સુદ ચૌદસ

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા અને સૂથન - ઘેરદાર

સાજ : સાદી સફેદ પિછવાઈ ધરી છે. પીછવાઈ ઉપર ગુલાલથી ખેલ થયા છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : કેસરી રંગનાં સૂથન, ચોળી, ઘેરદાર વાઘો અને કટિ પટુકા ધર્યા છે. બધાં વસ્ત્રો ઉપર રૂપેરી તોઈ-લેસની કિનારી મૂકેલી છે. રંગોની કલાત્મક ટીપકી થયેલી છે. મોજાં કેસરી રંગનાં અને ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ, પીરોજા અને સફેદ મીનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે : કેસરી રંગની પાગ ઉપર શિરપેચ તથા મોરપંખની સાદી ચંદ્રિકા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબી અને પીળાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી તથા એક વેત્રજી ધર્યાં છે.

નોંધ : વસંતપંચમીથી આજે મહાસુદ ચૌદસ સુધી ૧૦ દિવસ વસંતના ખેલના ગણાય છે. આ દસ દિવસ પ્રિયા - પ્રીતમને યુગલ સ્વરૂપે પધરાવી, શાંતભાવથી સૂક્ષ્મ ખેલ થાય છે. પ્રકૃતિસૌંદર્યનાં દર્શનનો આનંદ વિશેષ પ્રકારે લેવાય છે, જે વસંતનાં કીર્તનોમાં સ્પષ્ટ રીતે દેખાય છે. શ્યામસુંદરને મૂર્તિમંત વસંત સ્વરૂપ જાણી ભક્તો તેમનું વર્ણન કરી, પ્રભુને રીઝવે છે.

દેખો પ્યારી કુંજવિહારી મૂરતિમંત વસંત ।
મોર તરુન તરુલતા તન મેં મનસિજ રસ વરસંત ॥

મહા વદ એકમથી દસ દિવસ ધમારખેલના શરૂ થશે. ત્યારબાદ દસ દિવસ ફાગ અને પછી દસ દિવસ હોરી. આમ ૪૦ દિવસની હોરીખેલની સેવા વસંત, ધમાર, ફાગ અને હોરી એમ ચાર પ્રકારે વહેંચાયેલી છે. હોળીખેલની લીલાનું આ સ્વરૂપ એવું છે કે જેમ જેમ દિવસો જાય તેમ તેમ ખેલ ભારે થાય. પહેલો વસંત ખેલ નંદભવનમાં પછી બીજો ધમારનો ખેલ પોળમાં (પોરીમાં), ત્રીજો ફાગનો ખેલ ગલીમાં એટલે કે શેરીમાં અને ચોથો ફાગનો ખેલ ગામની બહાર, ચૌટામાં કે ભાગોળે. આ ખેલ મન મૂકીને, માઝા મૂકીને ખેલાય છે. એકબીજા ઉપર રંગ છાંટીને, ઝકઝોરી કરીને રમાતો આનંદની પરમ અને ચરમ સીમાનો આ ખેલ છે. રસ મસ્તીનો, પૂર્ણ સ્વરૂપાનંદના દાનનો આ ખેલ છે. વસંતમાં કામદેવનો જન્મ વસંતપંચમીએ થયો. એ કામ પ્રદીપ્ત થતાં પૂર્ણ પ્રજ્વલિત થઈને છેલ્લા દસ દિવસોમાં માઝા મૂકી દે છે.

કીર્તન : રાજભોગ અને શયનનાં પદ માટે જુઓ પરિશિષ્ટ-૧

વ્રજ : માઘ શુક્લ પૂર્ણિમા

મંગળા દર્શન

ગુજરાતી : મહા સુદ પૂનમ



હોરીડંડારોપણ

દેહલી-વંદનમાલ-હાંડી-આજે અભ્યંગ થાય

વસ્ત્ર : લાલ કસોવાળો ઘેરા લીલા રંગનો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કેસરી રંગની અબીલ ગુલાલથી ખેલાવેલી પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજાં કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં મેંદાની મીઠી કચોરી, છાશવડાં, પાટિયાની સેવ, બે શાક, બે જાતનાં ભુજાનાં, મગની છૂટી દાળ, કઢી, કચરિયાં, બિલસારુ વગેરે ધરાય છે. ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવા.

નોંધ : આજે હોરીડંડારોપણનો દિવસ છે. શ્રીયમુનાજીની સેવાના દસ દિવસની પૂર્ણતાનો આ ઉત્સવ છે. મહાવદ એકમથી દસ દિવસ ધમારના દિવસો કહેવાય છે. આજથી ધમાર ગાવાનો પ્રારંભ થાય છે. ધમારના દસ દિવસની સેવા ચંદ્રાવલીજીની સેવા છે. આજથી હવે બધા રાગ ગવાશે.

હોરીડંડારોપણ દ્વારા કંદર્પનું આરોપણ થાય છે. હોળીના એક માસ પહેલાં ગામના ચોકમાં અથવા ગામ બહાર ડંડારોપણ થાય છે. યમુના પુલિન ઉપર, ગિરિરાજ, વૃંદાવન, કુંજ-નિકુંજોમાં ડંડારોપણ થાય છે. દરેક હવેલી - મંદિરમાં પણ ડંડારોપણ થાય છે. વૈષ્ણવોની ગૃહસેવામાં આ પ્રકાર જોવા મળતો નથી.

આની પાછળની ભાવના એવી છે કે વ્રજભક્તોને સુખદાન માટે પ્રભુ રસક્રીડા કરે ત્યારે એકમાસ સુધી નિર્વિઘ્ને સર્વ ખેલ થાય. ડંડો રોપીને તેના ઉપર ધ્વજા ફરકાવવામાં આવે છે. બ્રાહ્મણો સ્વસ્તિવાચન અને વેદધ્વનિ કરે છે. ધ્વજા એ હારજીતનું પ્રતીક બની રહે છે. નંદરાયજી, વૃષભાનજી, બડે ગોપ, યશોદાજી, ગોપીગ્વાલ, ગોપાલ, બલદેવ વગેરે સર્વ દંડવત્ પ્રણામ કરે પછી ધમારનો પ્રારંભ થાય છે.

કીર્તન : **શૃંગાર (રાગ - વસંત)**

ચટકીલી ચોલી પહેરેં બીચ બીચ ચોવા લપટાનો ।
પરમ પ્રિય લાગત પ્યારીકો અપને પ્રીતમ કો બાનો ॥૧॥
દેખત શોભા અંગઅંગકી મનસિજ મન હિલ જાનો ।
સુઘરરાય પ્રભુ પ્યારીકી છબિ નિરખત મોહ્યો ગોવર્ધનરાનો ॥૨॥

(મંગળાના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : માઘ શુક્લ પૂર્ણિમા

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા સુદ પૂનમ



વ્રજ : માઘ શુક્લ પૂર્ણિમા — **ચિત્ર પરિચય** — ગુજરાતી : મહા સુદ પૂનમ

આજના શૃંગાર : પાગ-કતરો અને ઘેરદાર વાગા ઉપર ચોવાની (શ્યામ) ચોલી.

સાજ : સફેદ રંગની સાદી પિછવાઈ ઉપર ગુલાલ વગેરેથી ખેલ થયેલ છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થયેલ છે.

વસ્ત્ર : સફેદ રેશમી સૂથન, ચોવાની શ્યામ ચોળી અને સફેદ ઘેરદાર વાઘો ધર્યો છે. સફેદ કટિપટુકો ઉર્ધ્વભુજા તરફ ધર્યો છે. પટુકાને સોનેરી જરીની તૂઈની કિનારી લગાડેલી છે. વસ્ત્રો ઉપર રંગોની કલાત્મક છાંટ છે. મેઘશ્યામ રંગનાં મોજાં અને લાલ રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ અને સફેદ મીનાનાં તેમજ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે : સફેદ પાઘ ઉપર શિરપેચ, મોરપંખનો દોહરો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. લાલ અને પીળાં પુષ્પોનાં બે કલાત્મક સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી તથા એક વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે હોરીડંડા રોપણ બાદ રાજભોગ દર્શનમાં પ્રભુને મુખારવિંદ ઉપર (કપોલ ઉપર) ખેલ થાય છે (જુઓ ચિત્રજી) ગુલાલની ફેંટ (પોટલી) ભરાય છે. ફૂલની છડી અને કેસૂડાની પિચકારી ધરાય છે. ખેલ ભારે થાય છે, આજથી ધમાર ગાવાનો પ્રારંભ થાય છે. હોરીની ગારી પણ ગવાય છે. ઝાંઝ, મૃદંગ, ડફ, બાંસુરી વગેરે વાદ્યો વાગે છે.

હોળીખેલના આ એક માસ દરમ્યાન કુલ્હેનો શૃંગાર શ્રીજીબાવાને થતો નથી કારણ કુલ્હેનો શૃંગાર બાલભાવનો મનાય છે. જ્યારે હોળીખેલની લીલા કિશોરભાવની છે. સહેરો, મુકુટ, ટિપારો વગેરેના શૃંગાર થાય છે. ઘેરદાર વાઘા વધારે ધરાય છે. સાદી મોરચંદ્રિકાને બદલે કતરા, મોરશિખા, ગોળચંદ્રિકા, ચમકની ચંદ્રિકા વગેરે ધરાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ - વસંત)**

લાલન સંગ ખેલન ફાગ ચલી ।
ચોવા ચંદન અગર કુંકુમા છિરકત ઘોખ ગલી ॥૧॥
ઋતુ વસંત આગમ નવ નાગરી જોબન ભાર ભરી ।
દેખત ચલી લાલ ગિરિધરકો નંદજુકે દ્વાર ખરી ॥૨॥
રાતીપીરી ચોલી પહેરેં નૌતન ઝુમક સારી ।
મુખહિ તંબોલ નેનમેં કાજર દેત ભામતી ગારી ॥૩॥
બાજત તાલ મૃદંગ બાંસુરી ગાવત ગીત સુહાયે ।
નવલ ગુપાલ નવલ વ્રજવનિતા નિકસિ ચોહટે આયે ॥૪॥
દેખો આઈ કૃષ્ણજુકીલીલા વિહરત ગોકુલ માહીં ।
કહત ન બને દાસ **પરમાનંદ** યહ સુખ અનતજુ નાહીં ॥૫॥

(શયનના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : મહા વદ એકમ



વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ પ્રતિપદા ગુજરાતી : મહા વદ એકમ

વસ્ત્ર : લાલ કસોવાળો પીરોજી રંગનો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર અબીલ-ગુલાલ વગેરેથી ખેલાવેલી સફેદ પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજા કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ વિશેષ સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવા.

કીર્તન : **મંગલા અને શૃંગાર (રાગ - બિલાવલ)**

ઘોષ નૃપતિ સુત ગાઈએ, જાકે બસિયેં ગામ । લાલબલિ ઝુમિકા હો । બહોરિ સુહાગિની ગાઈએ, જાકો શ્રીરાધા નામ ॥૧॥ લાલબલિ ઝુમિકા હો । ચલી હૈ સકલ વ્રજ સુંદરી, નવસત સાજિ સિંગાર । લાલબલિ ઝુમિકા હો । ગાવત ખેલત તહાં ગઈ જહાં ઘોષ રાય દરબાર ॥૨॥ લાલબલિ ઝુમિકા હો । જાય નેન ભરિ દેખિયે સુંદર નંદકુમાર । નીલપીતપટ મંડિતા ઉર ગજમોતીન હાર ॥૩॥ લાલબલિ ઝુમિકા હો । સખા સંગ અતિરસભરે પહેરે વિવિધ રંગ ચીર । ગીત વિચિત્ર કોલાહલા ઓર વ્રજવાસિન ભીર ॥૪॥ લાલબલિ ઝુમિકા હો । ડિમડિમ દુંદુભી ઝાલરી, રુંજ મુરંજ ડફ તાલ । મદનભેરિ રાય ગિડગિડી, બિચ બિચ બેન રસાલ ॥૫॥ લાલબલિ ઝુમિકા હો । અતિરસભરી વ્રજસુંદરી દેત પરસ્પર ગારિ । અંચલપટ મુખ દે હંસી, મોહન વદન નિહારી ॥૬॥ લાલબલિ ઝુમિકા હો । પહલો ઝુમક તાહીકો, જાકો શ્રીમોહન પુત । દેખિ પરે સિર મોહની, યુવતી જન મન ધૂત ॥૭॥ લાલબલિ ઝુમિકા હો । દુસરો ઝુમક તાહીકોં જાકી શ્રી રાધા નારિ । પિયપ્યારી રોકે ગયે મનમેં ચોંકિ બિચારિ ॥૮॥ લાલબલિ ઝુમિકા હો । યુવતી કદંબ સિરોમની, શ્રીરાધાવર સુકુમારિ । ઉત વ્રજસિ સુગન નાયકા, બલિ ઓર ગિરિવરધારી ॥૯॥ લાલબલિ ઝુમિકા હો । એકન કર બુકા લિયે એક ગુલાલ અબીર । પ્રમદાગન પર બરખહી કૂકે દેત અહીર ॥૧૦॥ લાલબલિ ઝુમિકા હો । રતનખચિત પિચકાઈયાં નવકુંકુમ જલ સો ઘોરિ । પિય સન્મુખ વ્હે છિરકહીં, તકિ તકિ નવલ કિશોરિ ॥૧૧॥ લાલબલિ ઝુમિકા હો । શ્યામ સુભગતન સોહહી, નવકેસર કો બિંદુ । જ્યોં જલધરમેં દેખિયે માનોં ઉદિત બહુ ઈંદુ ॥૧૨॥ લાલબલિ ઝુમિકા હો । યુવતિયુથ મિલિ ધાઈઓ, પકરે બલિ મોહન જાય । નવકેસર મુખ માંડિકે છાંડે આંખ અંજાય ॥૧૩॥ લાલબલિ ઝુમિકા હો । યહ વિધિ હોરી ખેલહી, જ્ઞાતિ બંધુ બુલાય । પૂરણ શશિ નિસ ડહડહી, પૂન્યો હોરી લગાય ॥૧૪॥ લાલબલિ ઝુમિકા હો । પરિવા સકલ ઘોખજન ભાનુસુતા ચલે ન્હાન । અરગજા અંગ ચઢાઈઓ, વિમલ વસન પરિધાન ॥૧૫॥ લાલબલિ ઝુમિકા હો । દુતિયા બંદન બાંધિયો સિંઘાસન યુવરાજ । છત્ર ચંમર ગોવિંદ ગહે શ્રીવલ્લભ કુલ સિરતાજ ॥૧૬॥ લાલબલિ ઝુમિકા હો ।

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ પ્રતિપદા

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા વદ એકમ



આજના શૃંગાર : પાઘ-કતરો અને સૂથન-ચાકદાર

સાજ : સફેદ મલમલની પિછવાઈ ધરી છે. ગુલાલ, ચંદન વગેરેથી કલાત્મક રીતે પિછવાઈ ઉપર ખેલ થયેલ છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થયેલ છે.

વસ્ત્ર : ગુલાબી રંગનાં સૂથન, ચોળી અને ચાકદાર વાઘો ધર્યા છે. બધાં વસ્ત્રોને રૂપેરી જરીની તૂઈની કિનાર લગાડેલી છે. ગુલાલ, ચોવા વગેરેથી સુંદર કલાત્મક રીતે બધાં વસ્ત્રો ઉપર ખેલ થયેલ છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું અને મોજાં ઘેરા લીલા રંગનાં ધર્યાં છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. પીરોજાઈ અને સફેદ મીના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે ગુલાબી રંગની પાગ ઉપર શિરપેચ, સોનેરી જમાવ (નાગફણી)નો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલકબંદી-લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને પીળાં રંગનાં ફૂલોનાં કલાત્મક થાકવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સુવર્ણના વેણુજી અને બે વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - બિલાવલ)**

નંદસુવન વ્રજભામતે ફાગ સંગ મિલ ખેલોજુ ।આજ હમેં તુમ જાનિ હૈ જો યુવતી દલ પેલોજુ ।।૧।। રસિક સિરોમનિ
સાંવરે શ્રવન સૂનત ઉઠિ ધાયે ।બલિ સમેત સબ ટેરિકે ઘરઘર તેં સખા બુલાયે ।।ર।। બાજે બહુવિધ બાજહી તાલ
મૃદંગ ઉપંગ ।ડિમડિમ દુંદુંભી ઝાલરી આવજ કર મુખ ચંગ ।।૩।। ઉત તેં નવસત સાજિકે નિકસી સકલ વ્રજનારી।
ઝુંડન આઈ ઝુમિ કે કલ ગાવત મીઠી ગારી ।।૪।। કેસર કુંકુમ ઘોરિકે ભાજન ભર ભર લાઈ ।છૂટી સનમુખ શ્યામ
કે કરન કનક પિચકાઈ ।।૫।। ઉતહિ સમાજ ગોપાલસો ભરે મહારસ ખેલે ।ચોવા મૃગમદ સાનિકેં યુવતિ યુથ પર
મેલે ।।૬।। શોભિત બાલિક વૃંદમે હરિ હલધર કી જોરી ।ઉતહિ ચતુર ચંદ્રાવલી સબ ગુનનિધિ રાધા ગોરી ।।૭।।
સોંહ વદે લલિતા કહે કોઉ પગન પિછાંડે ડારે ।ઈત નાયક ઉત નાયકા કો જીતે કો હારે ।।૮।। ટિકે પરસ્પર દેખિકેં
ખેલ મચ્યો અતિ ભારી ।ઈત ઉત ઓટ ન માનહી ચૌકિ પરે નરનારી ।।૯।। યુવતિ યુથ દલ પેઠિકેં છેકિ સુબલ
ગહિલીનો ।કંઠ ઉપરના મેલિકે ખેંચી આપ વસ કીનો ।।૧૦।। સુનો સુબલ સાંચી કહું તો ભલે છુટન પાઓ ।છલબલ
બાનિક બનિકે નેંક હલધરકો પકરાવો ।।૧૧।। બહોરી સિમિટ વ્રજસુંદરી સંકરષણ ગહિ ઘેરે ।ફેંટ ગહી ચંદ્રાવલી
તબ ઉલટિ સખન તન હેરે ।।૧૨।। સોંધો નાવેં સીસતે એક કાજર લેકે આઈ ।મોહન હસિ મુરિ યોં કહ્યો દેખો, દાઉજુ
આંખિ અંજાઈ ।।૧૩।। ફિર પ્યારી નાગરિ રાધિકા તકે શ્યામ જહાં ઠાડે ।ઓર સખિનકી ઓટ વ્હે ગહે ઓચકા
ગાઢે ।।૧૪।। દેખ સખી ચહું ઓર તે દૌરિ આય લપટાની ।અંગઅંગ બહુરંગ સો રંગે કરત બાત મનમાની ।।૧૫।।
કેસરિસોં પટ બોરિકે શ્રીમુખ માંડયો રોરી ।તારી હાથ બજાયકે બોલત હો હો હોરી ।।૧૬।। મગન ભઈ વ્રજસુંદરી
નવરસ ભીજયો હીયો ।ઈત અગ્રજ ઉત શ્યામ પે દુહુદિસ ફગુવા લીયો ।।૧૭।। પરસિ પરમ સુખ ઉપજયો ભયો
ત્રિયન મનભાયો ।સાદર ચારુ ચકોર જયોં માનો વિધુ પ્રીતમ પાયો ।।૧૮।। નાગરિ અતિ અનુરાગ સો મુદિત વદન
તન હેરેં ।સર્વસ્વ વારેં વારનેં એક અંચલ હરિપર ફેરે ।।૧૯।। **ચત્રભુજ** પ્રભુ સંગ ખેલહી યહ વિધિ ઘોષકુમારી ।
સબ વ્રજછાયો પ્રેમસોં સુખસાગર ગિરિધારી ।।૨૦।।

(શયનદર્શનનાં પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : મહા વદ બીજ



વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ દ્વિતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા વદ બીજ

વસ્ત્ર : પીળી કસોવાળો ઘેરા પીરોજી રંગનો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર અબીલ-ગુલાલ વગેરેથી ખેલાવેલી ગુલાબી રંગની પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજા કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર યથામનોરથ, યથાશક્તિ વિશેષ સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **મંગલા અને શૃંગાર (રાગ - બિલાવલ)**

નંદસુવન વ્રજભામતે ફાગ સંગ મિલ ખેલોજુ । આજ હમેં તુમ જાનિ હૈ જો યુવતી દલ પેલોજુ ।।૧।। રસિક સિરોમનિ સાંવરે શ્રવન સૂનત ઉઠિ ધાયે । બલિ સમેત સબ ટેરિકે ઘરઘર તેં સખા બુલાયે ।।૨।। બાજે બહુવિધ બાજહી તાલ મૃદંગ ઉપંગ । ડિમડિમ દુંદુંભી ઝાલરી આવજ કર મુખ ચંગ ।।૩।। ઉત તેં નવસત સાજિકે નિકસી સકલ વ્રજનારી। ઝુંડન આઈ ઝુમિ કે કલ ગાવત મીઠી ગારી ।।૪।। કેસર કુંકુમ ઘોરિકે ભાજન ભર ભર લાઈ । છૂટી સનમુખ શ્યામ કે કરન કનક પિચકાઈ ।।૫।। ઉતહિ સમાજ ગોપાલસો ભરે મહારસ ખેલે । ચોવા મૃગમદ સાનિકેં યુવતિ યુથ પર મેલે ।।૬।। શોભિત બાલિક વૃંદમે હરિ હલધર કી જોરી । ઉતહિ ચતુર ચંદ્રાવલી સબ ગુનનિધિ રાધા ગોરી ।।૭।। સોંહ વદે લલિતા કહે કોઉ પગન પિછાંડે ડારે । ઈત નાયક ઉત નાયકા કો જીતે કો હારે ।।૮।। ટિકે પરસ્પર દેખિકેં ખેલ મચ્યો અતિ ભારી । ઈત ઉત ઓટ ન માનહી ચૌકિ પરે નરનારી ।।૯।। યુવતિ યુથ દલ પેઠિકેં છેકિ સુબલ ગહિલીનો । કંઠ ઉપરના મેલિકે ખેંચી આપ વસ કીનો ।।૧૦।। સુનો સુબલ સાંચી કહું તો ભલે છુટન પાઓ । છલબલ બાનિક બનિકે નેંક હલધરકો પકરાવો ।।૧૧।। બહોરી સિમિટ વ્રજસુંદરી સંકરષણ ગહિ ઘેરે । ફેંટ ગહી ચંદ્રાવલી તબ ઉલટિ સખન તન હેરે ।।૧૨।। સોંધો નાવેં સીસતે એક કાજર લેકે આઈ । મોહન હસિ મુરિ યોં કહ્યો દેખો, દાઉજુ આંખિ અંજાઈ ।।૧૩।। ફિર પ્યારી નાગરિ રાધિકા તકે શ્યામ જહાં ઠાડે । ઓર સખિનકી ઓટ વ્હે ગહે ઓચકા ગાઢે ।।૧૪।। દેખ સખી ચહું ઓર તે દૌરિ આય લપટાની । અંગઅંગ બહુરંગ સો રંગે કરત બાત મનમાની ।।૧૫।। કેસરિસોં પટ બોરિકે શ્રીમુખ માંડયો રોરી । તારી હાથ બજાયકે બોલત હો હો હોરી ।।૧૬।। મગન ભઈ વ્રજસુંદરી નવરસ ભીજયો હીયો । ઈત અગ્રજ ઉત શ્યામ પે દુહુદિસ ફગુવા લીયો ।।૧૭।। પરસિ પરમ સુખ ઉપજયો ભયો ત્રિયન મનભાયો । સાદર ચારુ ચકોર જયોં માનો વિધુ પ્રીતમ પાયો ।।૧૮।। નાગરિ અતિ અનુરાગ સો મુદિત વદન તન હેરેં । સર્વસ્વ વારેં વારનેં એક અંચલ હરિપર ફેરે ।।૧૯।। **ચત્રભુજ** પ્રભુ સંગ ખેલહી યહ વિધિ ઘોષકુમારી । સબ વ્રજછાયો પ્રેમસોં સુખસાગર ગિરિધારી ।।૨૦।।

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ દ્વિતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા વદ બીજ



વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ દ્વિતીયા　**ચિત્ર પરિચય**　ગુજરાતી : મહા વદ બીજ

આજના શૃંગાર : મોરપંખનો ઘેરો - સૂથન - ઘેરદાર

સાજ : સફેદ મલમલની સાદી પિછવાઈ ધરી છે, જેના ઉપર ગુલાલ, ચંદન વગેરેથી કલાત્મક રીતે ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પીરોજા રંગનાં અને સફેદ જરીની લેસ - તૂઈવાળાં સૂથન, ઘેરદાર વાઘો, ચોળી તેમજ કટિપટુકો ધર્યાં છે. બધાં વસ્ત્રો ઉપર રંગોની છાંટ છે. ગુલાલ વગેરેથી કલાત્મક ભાત પડે તે રીતે ખેલ થયા છે. શ્રીપ્રભુને કપોલ ઉપર પણ ગુલાલ - અબીલથી ખેલાવવામાં આવ્યા છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું અને મોજાંજી લીલા રંગનાં ધર્યાં છે. ઠાડા વસ્ત્ર ઉપર પણ અબીલ-ગુલાલથી ખેલ થયા છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ અને સફેદ મીના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે પીરોજા રંગની પાગ ઉપર શિરપેચ અને મોરપંખનો ઘેરો તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. પાગ ઉપર પણ રંગોથી ખેલ થયેલ છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. રંગબેરંગી પુષ્પોના થાક સહિતની બે સુંદર માળાજી ધરી છે.

શ્રીહસ્તમાં : પુષ્પછડી, સુવર્ણનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - બિલાવલ)**

શ્રી લક્ષ્મન કુલ ગાઈએ શ્રી વલ્લભ સુવન સુજાન, લાલ મનમોહના હો ।।ધ્રુ।।
સોમવંશ સુખ દેનકુ પ્રગટે, દ્વિજકુલ ભાન । ગુનનિધિ ગોપીનાથજુ નિર્ગુન તેજનિધાન ।।૧।। લાલ૦
પુરુષોત્તમ આનંદમે શ્રીવિઠ્ઠલ વ્રજકે ભૂપ । કોટિ મદન વિધુ વારને મુખ શોભા સુખ રૂપ ।।૨।। લાલ૦
ભૂતલ દ્વિજવપુ ધારિકે શ્રુતિપથ કિયે પ્રચંડ । મારગ પુષ્ટિ પ્રકાશકે માયામત કિયો ખંડ ।।૩।। લાલ૦
શ્રીગિરિધર ગુણ આગરે પૂરન પરમાનંદ । રાજ શિરોમણિ લાડિલે કરૂણામય ગોવિંદ ।।૪।। લાલ૦
બાલકૃષ્ણ મુખ ચંદ્રમા પંકજ નૈન વિશાલ । શ્રીવલ્લભ ગોકુલનાથજુ પ્રિય નવનીત દયાલ ।।૫।। લાલ૦
શ્રીપતિ શ્રી રઘુનાથજુ જગજીવન અભિરામ । રૂપરાસિ યદુનાથજુ કમલાપૂરન કામ ।।૬।। લાલ૦
નવકિશોર ઘનશ્યામજુ અંગ અંગ સુખદાય । બાલક સબ બ્રહ્મ જાનિકે વેદ વિમલ યશ ગાય ।।૭।। લાલ૦
વૃંદા વિપિન સુહાવનોં વ્રજ લીલા સુખસાર । **માનિકચંદ** પ્રભુ સર્વદા શ્રીગોકુલ કરત વિહાર ।।૮।। લાલ૦

(શયનદર્શનનાં પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : મહા વદ ત્રીજ



વસ્ત્ર : પીળી કસોવાળો લાલ સાટીનનો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તકે પીરોજી રંગની અબીલ-ગુલાલ વગેરેથી ખેલાવેલી પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજા કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર યથાશક્તિ, યથામનોરથ કોઈપણ નવીન સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવા.

કીર્તન : મંગલા (રાગ - બિલાવલ)

શ્રી લક્ષ્મન કુલ ગાઈએ શ્રી વલ્લભ સુવન સુજાન, લાલ મનમોહના હો ।।ધ્રુ।।
સોમવંશ સુખ દેનકુ પ્રગટે, દ્વિજકુલ ભાન । ગુનનિધિ ગોપીનાથજુ નિર્ગુન તેજનિધાન ।।૧।। લાલ૦
પુરુષોત્તમ આનંદમે શ્રીવિઠ્ઠલ વ્રજકે ભૂપ । કોટિ મદન વિધુ વારને મુખ શોભા સુખ રૂપ ।।૨।। લાલ૦
ભૂતલ દ્વિજવપુ ધારિકે શ્રુતિપથ કિયે પ્રચંડ । મારગ પુષ્ટિ પ્રકાશકે માયામત કિયો ખંડ ।।૩।। લાલ૦
શ્રીગિરિધર ગુણ આગરે પૂરન પરમાનંદ । રાજ શિરોમણિ લાડિલે કરૂણામય ગોવિંદ ।।૪।। લાલ૦
બાલકૃષ્ણ મુખ ચંદ્રમા પંકજ નૈન વિશાલ । શ્રીવલ્લભ ગોકુલનાથજુ પ્રિય નવનીત દયાલ ।।૫।। લાલ૦
શ્રીપતિ શ્રી રઘુનાથજુ જગજીવન અભિરામ । રૂપરાસિ યદુનાથજુ કમલાપૂરન કામ ।।૬।। લાલ૦
નવકિશોર ઘનશ્યામજુ અંગ અંગ સુખદાય । બાલક સબ બ્રહ્મ જાનિકે વેદ વિમલ યશ ગાય ।।૭।। લાલ૦
વૃંદા વિપિન સુહાવનોં વ્રજ લીલા સુખસાર । **માનિકચંદ** પ્રભુ સર્વદા શ્રીગોકુલ કરત વિહાર ।।૮।। લાલ૦

શૃંગાર (રાગ - બિલાવલ)

વદતિ નાહિનેં ગ્વાલિની જોબન કે ગારે । યા વ્રજમે એંડીફિરે મનમથ ઉપચારે ।।૧।।
પહરે રાતો પોમચા લહેંગા હરી કિનારે । અતિ રસતે નિકસી ફિરે, અચરા ઢિંગ ડારેં ।।૨।।
નકવેસરિ જરાવને ચોકી ખગવારે । અંગિયા ખમકિ ખયેવની કુચ સૂં ભરવારે ।।૩।।
ફૂફૂદી ડોરી કેઝવા સોહેં ફોંદ ફૂદારે । સોને કી વાકી બેંદુલી, સોહે લલિત લલારે ।।૪।।
દીરઘ લોચન છવિ છટા કજરા અનિયારે । **જગન્નાથ** કવિરાયકે પ્રભુ મોહી કાન્હર કારે ।।૫।।

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા વદ ત્રીજ



આજના શૃંગાર : ગોળ પાગ - કતરો અને ઘેરદાર વાગા ઉપર ગુલાલની ચોલી

સાજ : સફેદ મલમલની પિછવાઈ ધરી છે. તેના ઉપર ગુલાલ - ચંદન વગેરેથી ખેલ થયા છે. ગાદી - તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : વસ્ત્રોમાં લાલ અને લીલા રંગોનું સુંદર સંયોજન છે. લીલા રંગનું સૂથન અને ઘેરદાર વાઘો ધર્યો છે. ગુલાલની લાલ ચોલી ધરી છે. લાલ રંગનો કટિ પટુકો ઉર્ધ્વ ભુજા તરફ ધર્યો છે. પટુકાને રૂપેરી જરીની તૂઈલેસ મૂકેલી છે. બધાં વસ્ત્રો ઉપર ગુલાલ - ચોવા - અબીલ વગેરેથી કલાત્મક રીતે ખેલ થયા છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું અને મોજાં લાલ રંગનાં ધર્યાં છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ અને સફેદ મીનાનાં-સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે લીલા રંગની ગોળ પાગ ઉપર શિરપેચ અને લાલ રંગનો રેશમનો જમાવ (નાગફણી)નો કતરો ધર્યો છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને પીળાં પુષ્પોનાં કલાત્મક થાગવાળાં બે માળાજી ધર્યાં છે. શ્રીપ્રભુને કપોલ ઉપર ગુલાલ - અબીલથી ખેલાવવામાં આવેલ છે.

શ્રીહસ્તમાં : પુષ્પછડી અને સુવર્ણનાં વેણુવેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - જેતશ્રી / ધનાશ્રી)**

રિઝવત રસિક કિશોરકો ખેલતરી પ્યારી રાધા ફાગ । પહેરે નવરંગ ચૂનરી અંગિયારી આછે અંગ લાગ ॥૧॥
કનિક ખચિત ખુભિયા બની દુલરીરી મોતિન બિચ લાલ । કિકિંની નૂપુર મેખલા લોચનરી શુભ સુખદ વિશાલ ॥૨॥
ગૌર ગાતકી કહા કહુ બેસરિ રહી કચ અરૂઝાય । સબસુંદરિ મિલિ ગાવહી, દેખત હું મનમથ હિલ જાય ॥૩॥
મૃદુમુસકનિ મુખ પટદયો પિચકાઈ કર લઈ હૈ દુરાય । બંદનબુકી અંજુલી નાગરિ લે દઈ ઉડાય ॥૪॥
મીડત લોચન નાગરિ પકરયો પીતાંબર ધાય । સબે સખી જુરિ આય ગઈ, ઘેરે હો મોહન બલિઆય ॥૫॥
મુરલી છીનિ ચુંબન દીયો કીનોં અધરામૃત પાન । કમલ કોષ જ્યોં ભૃંગકો છાંડત નહીં બિન ભયે વિહાન ॥૬॥
માનો બહુરંગ વિકસત કમલ મધુકર મન મોહનલાલ । નયનન સ્વાદ સબે ગહે પીવત મકરંદ રસાલ ॥૭॥
ઋતુ વસંત બન ગહગહ્યો કૂજત શુકપિક અલિમોર । તાન માનગતિ ભેદસોં ગાવત ગિરિધર પિયજોર ॥૮॥
બેન ઝાંઝ ડફ ઝાલરી ગોમુખ તાલ મુરંજ મુખચંગ । યુવતી યુથ બજાવહી નિર્તત મધિ સાલ અંગ ॥૯॥
ત્રિગુણ સમીર ત્યહાં બહે સુંદર કાલિંદીકૂલ । સુર સુરપતિ સુરઅંગના ડારત જયજય કહિ ફૂલ ॥૧૦॥
નિરખ નિરખ સચુપાવહી મનભયે ખગમૃગ વ્રજવાસ । શ્રીવલ્લભ પદરજ પ્રતાપબલ ગાવત **વિષ્ણુદાસ** રસરાસ ॥૧૧॥

(શયનદર્શનનાં પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : મહા વદ ચોથ



વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ચતુર્થી

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા વદ ચોથ

વસ્ત્ર : પીળી કસોવાળો લાલ સાટીનનો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તકે લીલા રંગની અબીલ-ગુલાલ વગેરેથી ખેલાવેલી પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજા કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર યથાશક્તિ, યથામનોરથ કોઈપણ નવીન સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - બિલાવલ)**

વદતિ નાહિનેં ગ્વાલિની જોબન કે ગારે ।
યા વ્રજમેં એંડી ફિરે મનમથ ઉપચારે ॥૧॥
પહરે રાતો પોમચા લહેંગા હરી કિનારે ।
અતિ રસતે નિકસી ફિરે અચરા ઢિંગ ડારેં ॥૨॥
નકવેસરિ જરાવને ચોકી ખગવારે ।
અંગિયા ખમકિ ખયેવની કુચ સૂં ભરવારે ॥૩॥
ફફૂદી ડોરી કેઝવા સોહેં ફોંદ ફૂદારે ।
સોને કી વાકી બેંદુલી સોંહે લલિત લલારે ॥૪॥
દીરઘ લોચન છવિ છટા કજરા અનિયારે ।
જગન્નાથ કવિરાય કે પ્રભુ મોહી કાન્હર કારે ॥૫॥

શૃંગાર (રાગ - જેતશ્રી / ધનાશ્રી)

રંગીલેરી છબીલે નયના રસભરે નયના નાચત મુદિત અનેરે રે ।
ખંજરીટ માનો મહામત્ત દોઉ કેસે હુ ઘીરત ન ઘેરે ॥૧॥
શ્યામ શ્વેત રાતે રંગ રંજીત માનો ચિત્ર ચિતેરે ।
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર શ્યામ સુભગ તન હેરે ॥૨॥

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા વદ ચોથ



શ્રીમથુરાનાથજી (કોટા)નો પાટોત્સવ

તિલકાયત પૂ. પા. ગો. ૧૦૮ શ્રી ઈન્દ્રદમનજી (શ્રી રાકેશજી) મહારાજનો જન્મોત્સવ

વસ્ત્ર : કેસરી રંગનો લીલી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તકે ગુલાબી રંગની અબીલ ગુલાલથી ખેલાવેલી ગોળ પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ સમર્પી શકાય.

સામગ્રી : આજે ઉત્સવની સર્વ સામગ્રી તથા ચંદ્રકળાની સામગ્રી વિશેષમાં ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રીઓ ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ : કાફી)**

શ્રી ગોકુલ રાજકુમાર લાલ રંગ ભીને હે । ખેલત ડોલત ફાગ સખા સંગ લીને હે ॥૧॥
ચિત્ર વિચત્ર સુદેશ સબે અનુકૂલે હે । રાજત રંગ બિરંગ સરોજસે ફૂલે હે ॥૨॥
એકનકે કર કંકણ જેરી જરાયકી । એકનકે પિચકાઈ સુહેમ ભરાયકી ॥૩॥
કુંકુમ ઘોર ભરે ઘટ હાટિકકે ઘને । પંકજ પુંજ પરાગ સુમૃગમદસોં સને ॥૪॥
ઢોલકી ઢોલ નિશાન મુરજ ડફ બાજહી । મેન કે મેઘ માનોં રસવૃષ્ટિ સોં ગાજહી ॥૫॥
ધુનિ સુનકે અકુલાઈ ચલી નવ નાગરી । એક તે એક મહાગુણ રૂપકી આગરી ॥૬॥
રાધાકે સંગ સુહાઈ અનેક સહેલી હે । કામકે કાનનકી માનો કંચન વેલી હૈ ॥૭॥
ભેષ બનાયેકી ભાંતિ ન જાત બખાની હે । જેતી તેતી ઉપમા મનમે બિલખાની હે ॥૮॥
કોયલ કૂરકહા સુર ભેદહિ જાનહી । કુંજર કાયર કોન કહા ગતિ ઠાનહી ॥૯॥
કેરન કો જુ સુભાવ પચ્યો અતિ કંપકો । હેમ લિયો હઠનેમ સુપાવક ઝંપકો ॥૧૦॥
ખંજન કંજસો લાગિ રહે ગતિ લાસતે । કેહરિ કંદર મંદિરમે દુરયો ત્રાસતે ॥૧૧॥
પંક મે પંકજ મૂલ રહ્યો છિપિ લાજતે । નિત્ય પ્રકાશ વિલાસ મિટયો દ્વિજ રાજતે ॥૧૨॥
તાલ પખાવજ આવજ બાજે જંત્રહે । ગાન મનોહર મેનકે મોહન મંત્ર હૈ ॥૧૩॥
સો ઈતકી ઉતકી ધુનિ લાગે સુહાઈ હે । માનો અનંગકે આંગન બાજે વધાઈ હૈ ॥૧૪॥
ગોકુલ ગોરિન ખોરિન ખેલ મચાયો હે । રંગ બિરંગ અબીર સો અંબર છાયો હૈ ॥૧૫॥
લાલ ગુલાલકી ધુંધર મે મુખ યોં લસે । પ્રાત પતંગ પ્રભા બિચ કંચન કંજસે ॥૧૬॥
દૃષ્ટિ કરી પિચકારી ભરી અનુરાગસો । જાય લગી વ્રજરાય લલા બડભાગસો ॥૧૭॥

(અપૂર્ણ - જુઓ પરિશિષ્ટ-૧)

(શૃંગારના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ સુદ સાતમ



આજના શૃંગાર : સહેરો - સૂથન ચાકદાર

સાજ : સફેદ સાદી પિછવાઈ ધરી છે જેના ઉપર અબીલ-ગુલાલથી કલાત્મક રીતે ભારે ખેલ થયા છે. ગાદી-તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : કેસરી રંગનાં, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળા સૂથન, ચોળી, ચાકદાર વાગો અને રાજાશાહી પટુકો ધર્યા છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો ગુલાલને કારણે લાલ જણાય છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ, લીલા, મેઘશ્યામ, સફેદ મીનાનાં અને જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે કેસરી દુમાલ ઉપર સોનાનો-મીનાનો સહેરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. જમણી બાજુ ઉત્સવની મોતીની ચોટી ધરી છે. શ્રીકર્ણમાં મકરાકૃત કુંડલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે. શ્રીપ્રભુને કપોલ ઉપર અબીલ ગુલાલથી ખેલ થયા છે. ભારે ખેલને કારણે સર્વ શૃંગાર રંગોથી છવાઈ ગયા છે.

શ્રીહસ્તમાં : કમલ છડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **શયન (રાગ - રાયસો)**

હોરી કૌ સુખ અદ્‌ભુત મૌપે બરન્યો ન જાઈ ।
અતિ આનંદ હુલસતિ મન પ્રેમ પરસ્પર છાઈ ॥૧॥
પ્યારી રાધા સંગ જુરિ જુરિ સબ બ્રજનારી આ ।
ગ્વાલ બાલ નંદલાલ જુ મનમેં સબ સુખ પાઈ ॥૨॥
અબીર ગુલાલ અરગજા કુંકુમા છિરકૈ રંગ ।
કુંજ કુટિરમે બૈઠે રાધા ગિરિધર સંગ ॥૩॥
લલિતા શ્રીમુખ માંડે અંજન નૈન બનાઈ ।
તારી દે સબ નારી મુખ સૌ હોરી ગાઈ ॥૪॥
રાધા પ્યારી દુલહિનિ દુલ્હે નંદકુમાર ।
સીસ સહેરો સૌહે છબિ લાગતિ જુ અપાર ॥૫॥
ગારી ગાવૈ હિલમિલ બરસાને કી નારી ।
બાજે બહુ વિધિ બાજે સબ મિલિ દે કરતારી ॥૬॥
કરસૌ કર તબ જોરે ફિર ભાંવર લેતિ ।
અંચલ લે દોઉનકી ગાંઠિ સબે મિલ દેતિ ॥૭॥
આરતી કર લલિતાજુ મુખ સૌ મંગલ ગાઈ ।
દેતિ અસીસ સબૈ મિલિ **સૂરદાસ** બલિ જાય ॥૮॥

(રાજભોગ સન્મુખ પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ સપ્તમી **શ્રી મથુરાનાથજી** (કોટા) ગુજરાતી : ફાગણ સુદ સાતમ



શ્રીમથુરાનાથજી (કોટા)

પ્રાગટ્ય : એકવાર શ્રીમહાપ્રભુજી ગોકુળનાં શ્રીયમુનાજીના સામે કિનારે આવેલ કર્ણાવલ નામના સ્થળે પધાર્યા હતા. ગોકુળ અને કર્ણાવલની વચ્ચે શ્રીયમુનાજી બિરાજે છે. આપશ્રી યમુનાજીમાં સ્નાન કરી સંધ્યાવંદન કરવા બિરાજ્યા. થોડીવારમાં તેમની સામે આવેલી શ્રીયમુનાજીના કિનારા ઉપરની માટીની એક ભેખડ ધસી પડી. તેમાંથી શ્રીઠાકોરજીનું એક વિરાટ ચતુર્ભુજ સ્વરૂપ પ્રગટ થયું. આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીની નજીક પધાર્યું. આપે દર્શન કર્યાં તો એ સ્વરૂપ તાડનાં ત્રણ વૃક્ષ જેટલું એટલે કે લગભગ ૨૮ ફૂટ જેટલું ઊંચું હતું.

શ્રીમહાપ્રભુજીની સાથે આ સમયે તેમના એક સેવક પદ્મનાભદાસજી હતા. તેઓ તો આ ઘટના આશ્ચર્યચકિત થઈને જોઈ જ રહ્યા. શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને પોતાની સેવા કરવાની આજ્ઞા કરી. 'મહારાજ, આપને સેવા લેવી હોય તો મારી ગોદમાં બિરાજી જાવ. નાનું સ્વરૂપ ધારણ કરો.' તે જ સમયે શ્રીઠાકોરજી ૨૮ ફૂટને બદલે ૨૮ ઈંચ લંબાઈના થઈ ગયા. શ્રીમહાપ્રભુજીની ગોદમાં બિરાજી ગયા.

પદ્મનાભદાસજીએ આ અલૌકિક સ્વરૂપનાં દર્શન કર્યાં. આ સ્વરૂપમાં તેમની આસક્તિ થઈ ગઈ. શ્રીમહાપ્રભુજીએ તેમને એ સ્વરૂપ સેવા માટે પધરાવી આપ્યું. પદ્મનાભદાસજીએ ખૂબ પ્રેમપૂર્વક જીવનભર તેમની સેવા કરી.

સ્વરૂપભાવના : પ્રિયાભુજાશ્લિષ્ટઃ ભુજઃ કંકણાકૃતિચક્રકઃ ।
કંબુકંઠોદ્ધૃતભુજો લીલાકમલ વેત્રધૃક્ ॥

ભાવાર્થ : પ્રિયાજીની ભુજાથી આલિંગીત ભુજાવાળા, કંકણાકૃતિ ચક્રવાળા, શંખ જેવા કંઠને ધારણ કરેલી ઊંચી ભુજાવાળા, લીલા કમલવેત્રને ધારણ કરનારા શ્રીમથુરાનાથજી છે.

શ્રીમથુરાનાથજીનું સ્વરૂપ ચતુર્ભુજ છે. શ્યામ સ્વરૂપ છે. શ્રીમસ્તકે વાળનો અંબોડો બાંધ્યો છે. કટિ ઉપર તનિયો ધર્યો છે. ચારે શ્રીહસ્તમાં શંખ-ચક્ર-ગદા-પદ્મ ધારણ કરેલાં છે. આયુધના ક્રમ પ્રમાણે આ મધુસૂદન ભગવાનનું સ્વરૂપ છે. લૌકિક અર્થ જોઈએ તો મધુ એટલે મદને મારે તે અને અલૌકિકમાં રસ-મદથી તારે તે. મદમત્ત ગજરાજનું વિહાર સ્વરૂપ છે. શ્રીમથુરાનાથજીના નીચેના જમણા શ્રીહસ્તમાં શંખ છે. તે મર્યાદા ભાવના પ્રમાણે અસુરોના ગર્વને દૂર કરે છે. પુષ્ટિભાવના પ્રમાણે શ્રીસ્વામિનીજીના શ્રીકંઠનું ચિહ્ન છે. શ્રીસ્વામિનીજીએ આપેલા પ્રેમાલિંગનમાં પ્રભુએ તે ધારણ કર્યું છે. નીચેના ડાબા શ્રીહસ્તમાં ચક્ર છે. મર્યાદા ભાવના પ્રમાણે જે અસુરને મુક્તિ આપવી હોય તેને એ ચક્રથી મારે છે. પુષ્ટિભાવ પ્રમાણે શ્રીસ્વામિનીજીના કરકંકણનું ચિહ્ન છે. ઉપરના ડાબા શ્રીહસ્તમાં ગદા છે. મર્યાદાભાવ પ્રમાણે

દુષ્ટોના અસ્રતેજને તે શાંત કરે છે. પુષ્ટિભાવના પ્રમાણે ગદા શ્રીસ્વામિનીજીને આલિંગન આપતાં થયલું તેમની ભુજાનું ચિહ્ન છે. ઉપરના જમણા શ્રીહસ્તમાં પદ્મ છે. તે ચૌદ ભુવનરૂપ છે. મર્યાદાભાવના પ્રમાણે તે જેના ઉપર ધરે તે દબાઈ જાય. પુષ્ટિભાવના પ્રમાણે શ્રીસ્વામિનીજીના મુખકમળરૂપ છે. તેમની સાથેની રસમય ક્રીડા સમયે પ્રભુ તે ધારણ કરે છે. ચારે આયુધો ચાર સ્વામિનીજીઓની ભાવનાથી ધારણ કરે છે એવી પણ ભાવના છે. આપણે ત્યાં મર્યાદાભાવના ગૌણ છે. પુષ્ટિભાવના મુખ્ય છે.

લીલાભાવના : આ સ્વરૂપની મુખ્ય લીલા ગોચારણ લીલા છે. વનમાં શ્રીઠાકોરજી ગાયો ચારવા પધારે. વ્રજભક્તો છાક લઈને આવે. વનમાં વૃક્ષોની નિકુંજમાં પ્રભુને પધરાવી ભોજન કરાવે. શ્રીઠાકોરજી પ્રસન્ન થઈને તેમને ભેટે. ભેટવાથી શ્રીઠાકોરજીના શ્રીહસ્તમાં વિવિધ ચિહ્નો પ્રકટ થાય.

આ સ્વરૂપ ચતુર્ભુજ છે. તેની ભાવના એવી છે કે એકવાર માખણચોરી કરવા પધારેલ પ્રભુ ખાંડણિયા ઉપર ચડ્યા હતા. પગની આંગળીઓ ઉપર ઊંચા થઈને શીંકુ પકડવા ગયા ત્યારે કટિ ઉપરથી રેશમી પીતાંબર સરકવા લાગ્યું, તો તે જ ક્ષણે બે નવા શ્રીહસ્ત પ્રકટ કર્યા અને પીતાંબર પકડી લીધું. આમ સખાઓ સામે પોતાની હાંસી થતી રોકવા પ્રભુ ચતુર્ભુજ બન્યા.

નામભાવના : મથુરાનાથજી નામ કેમ પડ્યું? મથુરા શબ્દના જુદા જુદા અર્થ છે. તેમાં એક અર્થ એવો છે કે મંથનમાંથી નીકળે તે મથુરા. ભક્ત પોતાના હૃદયનું મંથન કરે, તેમાંથી શ્રીઠાકોરજી માટે શુદ્ધ પ્રેમરસ નીકળે, તે શ્રીઠાકોરજી પ્રસન્નતાથી અંગીકાર કરે. આવા શુદ્ધ પ્રેમી ભક્તોના મંથનમાંથી નીકળેલા મધુર રસના સ્વામી એટલે શ્રીમથુરાનાથજી. આ સ્વરૂપ શ્રી મથુરાનાથજી, શ્રી મથુરાધીશજી, શ્રી મથુરેશજી વગેરે નામોથી ઓળખાય છે.

પીઠિકા : આ સ્વરૂપની પીઠિકા ઉપરથી ગોળ છે. પીઠિકામાં શ્રીયમુનાજી, શ્રીગિરિરાજજી, ગોપ-ગોપી, કુંજ, વ્રજ વગેરે સ્વરૂપાત્મક ચિહ્નો છે.

પદ્મનાભદાસજીના છોલાંને મથુરાધીશજી ખૂબ પ્રસન્નતાથી અંગીકાર કરતા. તેમના પછી તેમની દીકરી તુલસાં અને પુત્રવધૂ પાર્વતીએ મથુરાધીશજીની સેવા કરી. પાર્વતીના પુત્ર રઘુનાથદાસે પણ તેમની સેવા કરી. આમ સમગ્ર પરિવારની સેવા લઈ શ્રીમથુરાધીશજી શ્રીગુસાંઈજીને ઘેર પધાર્યા. શ્રીગુસાંઈજીએ પોતાના સૌથી મોટા પુત્ર શ્રીગિરિધરજીને પધરાવી આપ્યા. હાલ પણ શ્રી ગિરિધરજીના વંશમાં શ્રીલાલમણીજી મહારાજશ્રી તેમની સેવા કરે છે. તેઓ કોટામાં બિરાજે છે. આજે તેમના પાટોત્સવે આપણે તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પાઠવીએ.

વ્રજ : ફાલ્ગુન શુક્લ સપ્તમી

ગુજરાતી : ફાગણ સુદ સાતમ

વર્તમાન તિલકાયત પૂ. પા. ગો. ૧૦૮
શ્રી ઈન્દ્રદમનજી (શ્રી રાકેશજી) મહારાજનો જન્મોત્સવ

આજે વર્તમાન તિલકાયત પૂ. ગો. ૧૦૮ શ્રી ઈન્દ્રદમનજી (શ્રીરાકેશજી) મહારાજનો જન્મોત્સવ છે. આપશ્રીનું પ્રાગટ્ય શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીથી અઢારમી પેઢીએ ગો. તિલકાયત પૂ. પા. ગો. શ્રીગોવિંદલાલજી મહારાજશ્રીના દ્વિતીય પુત્રરત્ન તરીકે સંવત ૨૦૦૬ના ફાગણ સુદ સાતમના દિવસે થયું. તિલકાયત શ્રી રાજીવજી (શ્રી દાઉદજી) મહારાજના નિત્યલીલા પ્રવેશ બાદ આપશ્રી તિલકાયત પદે બિરાજમાન થયા. આમ એક જ પેઢીના બે તિલકાયત થયા.

સંવત ૨૦૫૭ના અષાડ સુદ છઠના દિવસે ખૂબ ધામધૂમથી આપનો તિલકોત્સવ સંપન્ન થયો. વિશ્વના ખૂણેખૂણેથી વૈષ્ણવો, ઉચ્ચ પદાધિકારીઓ આ ઉત્સવમાં ઉપસ્થિત રહ્યા.

શ્રીનાથદ્વારામાં આયોજિત આ સમારોહમાં અનેક ગોસ્વામી આચાર્યબાલકો, રાજારજવાડાં, રાજ્યનો મુખ્ય નેતાગણ, પ્રશાસનિક અધિકારીઓ વગેરેની મોટી ઉપસ્થિતિમાં વલ્લભકુલ પરંપરા અનુસાર તૃતીયપીઠ કાંકરોલીના પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીએ વેદમંત્રોચ્ચાર સાથે આપશ્રીને તિલક કરી તિલકાયત પદે પદાસીન કર્યા. આ પ્રસંગે શ્રીનાથજી પ્રભુ તેમજ શ્રીનવનીતપ્રિય પ્રભુને કુનવારા અને છપ્પનભોગ મનોરથો અંગીકાર થયા.

આપશ્રીના શુભ વિવાહ મથુરાના હેમ્પીયર નગરમાં થયાં. લગ્ન પછી આપશ્રીનાં વહુજીનું નામ અ.સૌ. શ્રી રાજેશ્વરી વહુજી રાખવામાં આવ્યું. આપને ત્યાં બે બેટીજી ચિ. પદ્મિનીજી અને ચિ. પ્રિયંવદાજી તેમજ એક લાલજી ચિ. ભૂપેશકુમારજી (વિશાલબાવા)નું પ્રાગટ્ય થયું.

હાલમાં આપશ્રીના માર્ગદર્શન નીચે નાથદ્વારામાં મંદિરનું તેમજ નગરનું નવનિર્માણ કરવાની બૃહદ્ યોજના આકાર લઈ રહી છે. જેમાં શ્રીનાથજીના વર્તમાન મંદિરના બહારના ભાગનો વિકાસ, પ્રીતમપોળમાં વિશાળ પ્રતીક્ષાલયનું નિર્માણ, ધર્મશાળાઓની પુનર્રચના, લાલબાગનો વિકાસ અને સૌંદર્યીકરણ તેમજ અનેક નવીન સુવિધાવાળા, સુસજ્જ એવં કલાત્મક સ્તરવાળા, બુનિયાદી સગવડોવાળા, આધુનિક નાથદ્વારા નગરનું નિર્માણ કરવાની યોજના છે.

આમ આપશ્રીનું લક્ષ્ય સેવાની સાથે વિકાસનું પણ છે. ભક્તોની શ્રીગોવર્ધનધર પ્રત્યેની સેવા, સમર્પણ અને ત્યાગની ભાવના વિસ્તરતી રહે, ભક્તજનોના હૃદયમાં પ્રભુ શ્રીગોવર્ધનધર સદાયે વિહાર કરતા રહે, સૌને પ્રભુનાં દર્શનનું સુખ સતત મળતું રહે, એ પ્રકારની નૂતન યોજનાઓને આકાર આપી રહેલા ગો. તિલકાયત શ્રી રાકેશજી મહારાજ શ્રીગોવર્ધનધર પ્રભુને નિત્ય નૂતન મનોરથો દ્વારા રીઝવી રહ્યા છે.

વ્રજ : ફાલ્ગુન શુક્લ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ સુદ આઠમ



હોળાષ્ટક પ્રારંભ

વસ્ત્ર : લાલ રંગનો પીળી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તકે લાલ રંગનો, અબીલ ગુલાલથી ખેલાયેલો દુમાલો ધર્યો છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ સમર્પી શકાય.

સામગ્રી : આજે આઠમનો બગીચો થાય છે. રાજભોગ પછી પ્રભુ બગીચામાં પધારે છે ત્યારે વિશેષ ભોગમાં ચંદ્રકળા, દહીંથરા, ઉપરેટા, શીખરનવડી, ગુલાબનો શીરો, માધુરીનો શીરો, સેવંતીનો શીરો, દૂધઘરની બધી સામગ્રી, માખણ, મીશ્રી, મલાઈ, બાસુંદી, દૂધપુરી, ખાટું મીઠું દહીં, બિલસારુ, ખીર, પૂરી, ફીકા ગુંજા, છોંકેલું દહીં, ફીકી કચોરી, છાશવડાં, ભુજાનાં, શાક, રાયતાં, લીલા મેવા વગેરે ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરવી અને પ્રભુને લાડ લડાવવાં.

નોંધ : આજથી હોળાષ્ટક શરૂ થાય છે. હોળીના આઠ દિવસ પહેલાં શરૂ થતા આ હોળાષ્ટકના દિવસોમાં કોઈ લૌકિક શુભ કાર્યો થતાં નથી. વ્રજમાં આ આઠમ, નોમ, દસમના દિવસોથી હોળી સુધી નંદગામ-બરસાના અને નાવ-બઠેનના વ્રજવાસીઓ લઠ્ઠામાર હોળી ખેલે છે. આને હોરંગા પણ કહે છે. તેનાં દર્શન કરવા દૂર દૂરથી યાત્રાળુ વૈષ્ણવો બરસાના આવે છે. આજુબાજુના ગામોમાંથી પણ સંખ્યાબંધ, વ્રજવાસીઓ આ લઠ્ઠામાર હોળી ખેલનાં દર્શન આવે છે. જાણે મોટો મેળો ભરાય છે.

શયનમાં આજથી ગોવિન્દસ્વામીના ગારીનાં પદ ગવાય છે. ભારે ખેલ થાય છે

કીર્તન : **મંગલા (રાગ - દેવગંધાર/પંચમ)**

આજ તો છબીલો લાલ પ્રાતહી ખેલન ચલ્યો સખા સંગ લીયે પ્રેમ ગારી ગાયકે ।
ખેલત ખેલત વૃષભાનકી પૌરી આયે હો હો હોરી બોલે પ્યારી મન ભાય કે ॥૧॥
છબીલી રચ્યો ઉપાય શ્યામકો લીને બુલાય મૈયાકી દૃષ્ટિ બચાય લીને ઉર લાયકે ।
અરસ પરસ દોઉ મહારસભીને સહચરી સુખપાવેં **રસિક** મુખ ગાઈકે ॥૨॥

શૃંગાર (રાગ - કાફી)

આયો ફાગુન માસ કહે સબ હોરી હોરા ।
એક ઔર વૃષભાન નંદિની એક ઔર હરિ હલધર જોરા ॥૧॥
વ્રજનારી ગારી દેવે કો ભજિ ભજિ આવે તજિ તજિ કોરા ।
જાન ન દેહો પકરોરી શ્યામકો સબે ધરત જોબન કો તોરા ॥૨॥
રહિ ન સકત અપને ઘર કોઉ માનો કામકો ફિરયો ઢંઢોરા ।
કૃષ્ણ જીવન લછીરામકે પ્રભુસો હોત હે ઝકઝોરી ઝકઝોરા ॥૩॥

વ્રજ : ફાલ્ગુન શુક્લ અષ્ટમી

શૃંગાર દર્શન

ગુજરાતી : ફાગણ સુદ આઠમ



વ્રજ : ફાલ્ગુન શુક્લ અષ્ટમી

ચિત્ર પરિચય

ગુજરાતી : ફાગણ સુદ આઠમ

નિ.લિ. તિલકાયત શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીના પરિવારના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. આ પિછવાઈ શૃંગારદર્શનમાં આવે છે. ત્યારબાદ વડી થઈ જાય અને રાજભોગ દર્શન સમયે સાદી સફેદ પિછવાઈ ધરાય. પછી ખેલ શરૂ થાય.

હોળીખેલના દિવસોની વિશેષતા : હોળી ખેલના ૪૦ દિવસમાં ૧૦ દિવસ વસંતના, ૧૦ દિવસ ફાગના, ૧૦ દિવસ ધમારના અને દસ દિવસ હોરીના.

આ ચાલીસ દિવસ શ્રીનાથજીબાવાને ફક્ત ચોવા, ચંદન, ગુલાલ અને અબીર એમ ચાર વસ્તુઓથી જ ખેલ થાય છે. સર્વ પ્રથમ ચંદનથી, પછી ગુલાલથી, પછી અબીરથી અને છેલ્લે ચોવાથી. ચંદન શ્રીસ્વામિનીજીના ભાવથી આવે છે. પ્રથમ શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજીના રસરંગથી રંગાય, ત્યારપછી અબીર અને ગુલાલ, ચંદ્રાવલીજી અને લલિતાજીના અનુરાગ સ્વરૂપે આવે. પ્રિયાપ્રીતમની રસલીલાનો યશ સ્વરૂપ પ્રસાર થાય એ ભાવથી ચોવાથી ખેલે આમ ચાર વસ્તુઓથી હોળીખેલ થાય.

હોળીખેલ થાય તે પહેલાં પ્રભુના ચરણારવિંદ, ઝારી-બંટા વગેરે વસ્ત્રથી ઢંકાય છે. ચરણારવિંદ વસ્ત્રથી એ માટે ઢંકાય છે કે ખેલમાં સમાન અધિકાર હોય તો જ આનંદ આવે. પ્રભુનાં ચરણ ભક્તિનું સ્વરૂપ છે. ચરણદર્શનથી સ્વામી-સેવકનો ભાવ આવી જાય તો હોરીખેલમાં સમાનતાનો ભાવ ન રહે તેથી આનંદ ન આવે. ઝારી-બંટા વગેરે યશોદાજી વગેરે વ્રજભક્તોનું સ્વરૂપ છે. લીલારસથી આ બધાં સ્વરૂપો મોહિત ન થઈ જાય તે માટે તેમના ઉપર પણ વસ્ત્ર ઢાંકવામાં આવે છે.

ફૂલની છડી, માલા, ગેંદ વગેરે આ દિવસોમાં વ્રજભક્તોના ભાવથી પધારે છે. દર્શન થાય ત્યાં સુધી આ બધું ધરાવેલું રહે છે. ટેરો આવે પછી ચરણ, ઝારી બંટા બધું ઉઘડે. નિકુંજલીલા - નિકુંજનો ખેલ અનોસરમાં થાય એ ભાવથી અનોસરમાં અબીલ-ગુલાલ-ચોવા-ચંદનનો થાળ અને મેવા-મીઠાઈ-ફલ વગેરેનો થાળ સજાય છે.

વસંતપંચમીથી ફાગણ સુદ ૧૦ સુધી દરરોજ શ્રીગુસાંઈજીકૃત અષ્ટપદી 'હરિરિહ વ્રજયુવતી શતસંગે' ખેલ સમયે ગવાય છે. ફાગણ સુદ અગિયારસથી ડોલનાં પદ ગવાય છે.

રાજભોગ આરતી સમયે પુષ્પવૃષ્ટિ થાય છે. તેનો ભાવ એ છે કે પ્રભુની હોળીખેલની આ રસલીલાનાં દર્શન કરી દેવગણ પુષ્પવૃષ્ટિ કરે છે.

વસન્તપંચમીથી દસ દિવસ પીચકારીથી ખેલ થતા નથી. કટિમાં ગુલાબની પોટલી ધરાતી નથી. કારણ પ્રથમ દસ દિવસની વસંતની હોરીખેલની લીલા પારસ્પરિક નથી. શ્રીયમુનાજીની આડીથી સ્વામીભાવથી શ્રીઠાકોરજીને ખેલ થાય છે. શ્રીઠાકોરજી ગુલાલની પોટલીથી રંગ ઊડાડે કે પીચકારી ચલાવે એ પારસ્પરિક લીલા હોવાથી વસંતના દસ દિવસ આ બે વસ્તુઓ આવતી નથી.

હોરીખેલના દિવસોમાં કીર્તનકારો, મૃદંગ વગેરે વાદ્યો વગાડવાવાળા બધા જ ઊભા રહીને કીર્તન કરે છે અને ઝાંઝ, ડફ, મૃદંગ વગેરે બજાવે છે. કારણકે પ્રિયા-પ્રીતમ ખેલ સમયે બિરાજતા નથી પણ ઠાડા રહીને હોરી ખેલે છે. તેથી સહચરી-સખીગણ પણ ઠાડા રહીને જ કીર્તનગાન કરે છે.

પીછવાઈ ઉપર ખેલ થાય ત્યારે ચિડિયા (ચકલાં-પક્ષી)ના આકારમાં ગુલાલથી ચિત્રાંકન થાય છે. તેનો ભાવ એવો છે કે આ નિકુંજલીલા છે. કુંજનિકુંજમાં પક્ષીઓની વિશેષતા હોય. શ્રીસ્વામિનીજીને આ પક્ષીઓ ઘણા પ્રિય છે. કીર્તનોમાં પણ પક્ષીઓનો ઉલ્લેખ આવે છે.

'ચિડિયા ચહચહાની સુની ચકઈ કી બાની'

'આઓ ચિરૈયા, આવો ખુમરૈયા ગ્વાલન લેત બલૈયા'

આથી હોળાષ્ટકમાં પિછવાઈ ઉપર અબીર-ગુલાલથી ચિડિયાનું ચિત્રાંકન થાય છે. શ્રીયમુનાજીના ભાવથી ચોવાની ટિપકી અથવા લહેરનું ચિત્રાંકન થાય છે.

વ્રજ : ફાલ્ગુન શુક્લ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ સુદ આઠમ



આજના શૃંગાર : પાગ-કતરા - સૂથન-ઘેરદાર

સાજ : સફેદ સાદી પિછવાઈ ધરી છે જેના ઉપર વિવિધ રંગો અને ગુલાલથી ખેલ થયા છે. ગાદી-તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગનાં, રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ઘેરદાર વાઘો અને કટિપટુકો ધર્યો છે. કેસરી રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર વિવિધ રંગોથી ખેલ થયા છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. લીલા અને સફેદ મીનાનાં તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે લાલ રંગની પાગ ઉપર દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં, વિવિધરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે. શ્રીપ્રભુને કપોલ ઉપર અબીલ-ગુલાલથી ખેલ થયા છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - બિલાવલ)**

સુંદર શ્યામ સુજાન સિરોમનિ દેહુ કહા કહિ ગારીજુ । બડે લોગ કે ઔગુન વરનત સકુચ હોંત જિય ભારીજુ ॥૧॥
કો કરી સકે પિતાકો નિર્ણય જાતિ પાંતિ કો જાને । જિનકે જિય જેસી બનિ આવે તેસી ભાંતિ બખાને ॥૨॥
માયા કુટિલ નટી તન ચિતયો કોન બડાઈ પાઈ । ઉન ચંચલ સબ જગત વિગોયો જહાં તહાં ભઈ હસાઈ ॥૩॥
તુમ પુનિ પ્રગટ હોઈ વારેં તે કોન ભલાઈ કીની । મુક્તિ વધૂ ઉત્તમ જન લાયક લે અધમનકો દીની ॥૪॥
વસિ દસ માસ ગર્ભ માતા કે ઉન આસા કરિ જાયે । સો ઘર છાંડિ જીભ કે લાલચ, વ્હે ગયે પૂત પરાયે ॥૫॥
વારેંહીતેં ગોકુલ ગોપિન કે સુને ગૃહ તુમ ડાટે । વ્હૈ નિસંક તહા પેઠિ રંકલો દધિકે ભાજન ચાટે ॥૬॥
આપુ કહાય બડેકે ઢોટા ભાત કૃપન લો માંગ્યો । માન ભંગપર દુજે જાચત નેંક સંકોચન લાગ્યો ॥૭॥
લરિકાઈ તે ગોપિન કે તુમ સુને ભવન ઢંઢોરે । જમુના ન્હાત ગોપ કન્યનકે નિપટ નિલજ પટ ચોરે ॥૮॥
બેનુ બજાય વિલાસ કીનો વન બોલી પરાઈ નારી । વે બાંતે મુનિરાજ સભામેં વ્હે નિસંક વિસ્તારી ॥૯॥
સબ કોઉ કહત નંદબાબા કો ઘર ભર્યો રતન અમોલે । ગરે ગુંજા સિરમોર પખૌવા, ગાયન કે સંગ ડોલે ॥૧૦॥
રાજસભા કો બૈઠન હારો કૌન ત્રિયન સંગ નાચે । અગ્રજ સહિત રાજમાર્ગમેં કુબિજા દેખત રાજે ॥૧૧॥
અપની સહોદરા આપુહી છલકર અર્જુન સંગ ભજાઈ । ભોજન કરિ દાસીસુત કે ઘર જાદો જાતિ લજાઈ ॥૧૨॥
લેલે ભાજે રાજનકી કન્યા યહ ધોં કોન ભલાઈ । સત્યભામાજુ ગોતમે વ્યાહી, ઉલટિ ચાલ ચલાઈ ॥૧૩॥
બહિન પિતાકી સાસ કહાઈ નેકહુ ન લાજ આઈ । એતે પર દીની જુ વિધાતા અખિલ લોક ઠકુરાઈ ॥૧૪॥
મોહન વસીકરન ચટ ચેટક જંત્રમંત્ર સબ જાને । તાતે ભલે ભલે કરિજાને ભલે ભલે જગમાને ॥૧૫॥
વરનોં કહા યથા મતિ મેરી વેદહૂ પાર ન પાવે । દાસ **ગદાધર** પ્રભુકી મહિમા ગાવત હી ઉર આવે ॥૧૬॥

(શયનદર્શનના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ સુદ નોમ



વ્રજ : ફાલ્ગુન શુક્લ નવમી

ચિત્ર પરિચય

ગુજરાતી : ફાગણ સુદ નોમ

વસ્ત્ર : ચંપાઈ રંગનો લીલી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર લાલ રંગની અબીલ ગુલાલથી ખેલાવેલી પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ સમર્પી શકાય.

સામગ્રી : કેટલેક સ્થળે આઠમના બદલે નોમનો બગીચો થાય છે. જો નોમનો બગીચો હોય તો આઠમના દિવસે લખેલી સામગ્રી નોમના દિવસે ધરાય. જો બગીચો આઠમનો થયો હોય તો આજે ઉત્સવની એક વિશેષ સામગ્રી નિત્યની સામગ્રી ઉપરાંતની યથામનોરથ ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવા.

કીર્તન : **શૃંગાર (રાગ - દેવગંધાર/પંચમ)**

દેખો દેખો વ્રજકી વીથનિ વીથનિ ખેલત હેં હરિ હોરી ।
ગીત વિચિત્ર કોલાહલ કૌતિક સંગ સખા લખકોરી ॥૧॥
આઈ ઝુમિ ઝુમિ ઝુંડન જુરિ અગનિત ગોકુલ ગોરી ।
તિનમેં યુવતી કદંબ સિરોમનિ રાધા નવલ કિશોરી ॥૨॥
છિરકત ગ્વાલબાલ અબલન પર બૂકા બંદન રોરી ।
અરુન આકાસ દેખિ સંધ્યા ભ્રમ મુનિમનસા ભઈ બૌરી ॥૩॥
રપટત ચરન કીચ અરગજા કી કેસરિ કુંકુમ ઘોરી ।
કહી ન જાય **ગદાધર** પે કછુ બુધિબલ મતિ ભઈ થોરી ॥૪॥

(મંગલાના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ સુદ નોમ



શ્રીનવનીતપ્રિયજી

નવનીતપ્રિયં નૌમિ શ્રીવિઠ્ઠલેશમુદાવહમ્ ।
રાજચ્છાર્દૂલનખરં રિંગમાણં વ્રજાંગને ॥

વ્રજમાં નંદભવનના આંગણામાં ભાંખોડિયા ભરતા, વાઘનખથી શોભતા અને શ્રીવિઠ્ઠલનાથજી - શ્રીગુસાંઈજીને આનંદ આપતા, જેમને માખણ પ્રિય છે એવા શ્રીનવનીતપ્રિયજીને હું નમન કરુ છું.

પ્રાગટ્ય અને સેવા : શ્રીયમુનાજીમાંથી મહાવનનાં ક્ષત્રાણીની જલની ગાગરમાં બિરાજી, તેમને ઘેર પધાર્યા હતા. એ ક્ષત્રાણીએ તેમને શ્રીમહાપ્રભુજીની પાસે પધરાવ્યા. શ્રીમહાપ્રભુજીએ આગ્રાના ગજન ધાવન નામના વૈષ્ણવને પધરાવી આપ્યા. ગજન ધાવને જીવનભર ખૂબ પ્રેમપૂર્વક તેમની સેવા કરી. વૃદ્ધ થયા પછી સેવા ન બનતાં શ્રીનવનીતપ્રિયજીને પાછા શ્રીગુસાંઈજીને ઘેર પધરાવ્યા. ગજનધાવન પણ જીવન પર્યંત શ્રીનવનીતપ્રિયાજીની સાથે શ્રીગુસાંઈજીને ત્યાં જ રહ્યાં. એમના વગર શ્રીનવનીતપ્રિયજી રાજભોગ ન આરોગતા. ભક્ત અને ભગવાન બંનેને એકબીજા વગર ન ચાલતું, બંનેને પરસ્પર આવો પ્રેમ હતો.

સ્વરૂપભાવના : આજે શ્રીનાથદ્વારામાં શ્રીનાથજીના મંદિરની બાજુમાં પોતાના સ્વતંત્ર મંદિરમાં શ્રીનવનીતપ્રિયાજી બિરાજે છે. તેઓ પણ શ્રીનાથજીની સાથે જ વ્રજમાંથી નાથદ્વારા પધાર્યાં હતા અને તેમનો પાટોત્સવ પણ મહા વદ સાતમનો જ મનાય છે. સૌ તેમને લાડિલા લાલન તરીકે પ્રેમથી લાડ લડાવે છે.

સારસ્વત કલ્પમાં ગોકુળમાં પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ નંદ-યશોદાને ત્યાં પુત્ર રૂપે પ્રગટ થયા, તે જ શ્રીનવનીતપ્રિયજી. આપનું સ્વરૂપ છ માસની વયનું બાલલીલાનું સ્વરૂપ છે. તેઓ નંદભવનના આંગણામાં ઘૂંટણીયા ભરીને ખેલે છે ત્યારે નંદભવનના આંગણાની વ્રજરજ તેમના શ્રીઅંગમાં લાગે છે, તેથી તેમનું સ્વરૂપ શ્વેત-ગૌર છે.

તેમને તાજું માખણ-નવનીત ખૂબ પ્રિય છે. જમણા શ્રીહસ્તમાં માખણનો પેંડો પકડી, તે ખાતાં ખાતાં આંગણામાં ખેલે છે. તેથી તેમનું નામ નવનીતપ્રિયજી પડ્યું છે.

પૂતનાવધ, શકટભંજનલીલા અને તૃણાવર્તવધ આ સ્વરૂપથી કરેલી અદ્ભુત લીલાઓ છે.

આ સ્વરૂપ ખૂબ જ નાનું છે. ગૌર વર્ણનું છે. તેમનો એક ચરણારવિંદ ઢીંચણમાંથી વળેલો છે. બીજો ચરણારવિંદ ભૂમિ ઉપર ઊભો ધરેલો છે. જમણા શ્રીહસ્તમાં માખણનો લાડુ છે. ડાબો શ્રીહસ્ત ભૂમિ ઉપર ટેકવ્યો છે. આ મુદ્રામાં આપ બિરાજમાન છે.

અષ્ટછાપ મહાનુભાવ ગોવિંદસ્વામી શ્રીનવનીતપ્રિયજીનું વર્ણન નીચેના પદમાં કરે છે.

ક્રીડત મનિમય આંગન રંગ ।
પીત તાફકો બન્યો ઝગુલા કુલ્હે લાલ સુરંગ ॥૧॥
કટિ કિંકિની ઘોષ વિસ્મિત સખી ધાય ચલત બલ સંગ ।
ગોસુત પુચ્છ ભ્રમાવત કર ગ્રહી પંકરાગ સોહે અંગ ॥૨॥
ગજમોતીન લર લટકત ભ્રોંહપેં સુંદર લહર તરંગ ।
ગોવિંદ પ્રભુકે અંગ અંગ પર વારોં કોટિક અનંગ ॥૩॥

ગોવિંદસ્વામી શ્રીનવનીતપ્રિયજીના શૃંગાર તેમજ લીલાઓનું સુંદર વર્ણન આ પદમાં કરે છે. તેઓ કહે છે કે નંદભવનના મણિમજિટ આંગણામાં આનંદભેર શ્રીનવનીતપ્રિયજી ખેલી રહ્યા છે. તેમણે પીત તાફતાની ઝગુલી-પીળું ઝભલું અને સુંદર લાલ કુલ્હે ધારણ કરી છે. કટિ ઉપર ઝીણી ઝીણી ઘૂઘરીઓવાળી કિંકિણી - કટિમેખલા ધારણ કરી છે. તેઓ જ્યારે ઘૂંટણિયા ભરતાં આંગણામાં દોડે છે ત્યારે એ કિંકિણીના અવાજથી વિસ્મિત થઈને બલદેવજીની સાથે ઝડપથી દોડવા પ્રયત્ન કરે છે.

આંગણામાં ખેલે છે ત્યારે નાના વાછરડાંનાં પૂછડાં પકડવા પ્રયત્ન કરે છે. મોટી ગાયોના પગ પકડવા જાય છે. ગાય અને વાછરડાંની પાછળ પાછળ દોડે છે. ઘૂંટણિયા તાણતાં દોડે છે ત્યારે નંદાલયમાં આંગણામાં રહેલી વ્રજરજ, તેમાં ભળેલા ગોમૂત્રથી ભીની થયેલી વ્રજરજ તેમના શ્રીઅંગ ઉપર લાગે છે. તેનાથી તેમનું ગૌર અંગ શોભી રહ્યું છે.

માતા યશોદાએ તેમના વાંકડિયા વાળમાં મોતીની લરો ગૂંથી છે. એ લરો તેમની ભ્રમર ઉપર શોભી રહી છે. આવા શોભાયનામ નાનકડા પ્યારા લાડિલા લાલનના અંગ અંગ ઉપર કોટિ અનંગ ગોવિંદસ્વામી ઓવારી દે છે.

આજના પાટોત્સવના દિવસે લાડિલા લાલનને આપણા કોટિ કોટિ દંડવત્ પ્રણામ પહોંચે.

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : મહા વદ આઠમ



વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ અષ્ટમી

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા વદ આઠમ

વસ્ત્ર : આછા કેસરી (અમરસી) રંગનો ગદલ ધર્યો છે.

શૃંગાર : કેસરી રંગની અબીલ - ગુલાલ વગેરેથી ખેલાવેલી પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજા કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત લીલા ચણાની દાળ પીસીને સિદ્ધ કરેલો મોહનથાળ, ડબકાની કઢી અને મગની દાળ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - કાફી)**

મનમોહન લલના મન હર્યો હો । હર્યો મન સકલ ઘોષ સિરતાજ ।।ધ્રુ।।
ગૃહ ગૃહતે સુંદરિ ચલી દેખન વ્રજરાજકુમાર । નિરખ વદન થકિત ભઈ હરિ ઠાડે સિંઘદુવાર ।।૧।।
ડિમડિમ પટહ ઝાંઝ ડફ બીના મૃદંગ ઉપગંન તાર । ગાવત ચેત સુબલ શ્રીદામા બાઢયો રંગ અપાર ।।૨।।
રત્નજટિત પિચકાઈ કરલિયે છિરકત ઘોષકુમાર । મદનમોહન પિય અતિરસમાતે કછુ બન અંગ સંભાર ।।૩।।
ઈત રાધા પ્રભૃતિ ચંદ્રાવલી લલિતા ગોપી અપાર । ઉત હલધર મોહન દોઉ ભૈયા ખેલ મચ્યો દરબાર ।।૪।।
શિથિલ કટિ તટ વસન મેખલા ઉર ગજમોતિન હાર । બિથુરી અલક વદન છબિ રાજત ગલિત કુસુમ શિરભાર ।।૫।।
મોહન પ્યારી સેન દે હલધર પકરે જાય । આપુન હસત પીતપટ મુખ દે આયે હૈ આંખિ અંજાય ।।૬।।
બહોરયો સિમટિ સકલ સખીયન મિલ મોહન પકરે ધાય । અધર માધુરી પીવત પિબાવત મુરલી લઈ છિનાય ।।૭।।
પરિવા સિમિટ સકલ વ્રજવાસી ચલે જમુનાજલ ન્હાન । વાર કુંવર પર નંદરાની હો દેત વિપ્રન બહુદાન ।।૮।।
દ્વિતીયા પાટ સિંઘાસન બૈઠે છત્ર ચંવર સિરતાજ । રાજત સભા સહિત શ્રીદામા બલ બલ બલ યુવરાજ ।।૯।।
શ્યામસુભગ તન અતિ રાજત હૈ અરગજા પીત સુવાસ । **ગોવિંદ** પ્રભુ પર સકલ દેવતા બરખત કુસુમ અકાસ ।।૧૦।।

શૃંગાર (રાગ - કાફી)

મિલિ ખેલે ફાગ બનમેં શ્રીવલ્લભબાલા । સંગ ખરે રસરંગ ભરે નવરંગ ત્રિભંગી લાલા ।।૧।।
બાજત બાંસુરી ચંગ ઉપંગ પખાવજ આવજ તાલા । ગાવત ગારી દેદે વ્રજનારી મનોહર ગીત રસાલા ।।૨।।
કંચનવેલિ કરે, માનો કેલિ પરે બિચ શ્યામ તમાલા । ધાઈ હરે હસિ અંકભરે છૂટે કેસ ટૂટી ઉરમાલા ।।૩।।
સીંચત અંગન રંગ ભરે બાઢયો પ્રેમ પ્રવાહ રસાલા । મેનસેન ખુર રેણુ ઉડી નભ છાયો અબીરગુલાલા ।।૪।।
દેખ થકી ભંવરી સંવરી મૃગી મોરી ચકોરીન જાલા । રાધાકૃષ્ણ વિલાસ સરોજ **ગદાધર** મન્નમરાલા ।।૫।।

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા વદ આઠમ



વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ અષ્ટમી

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા વદ આઠમ

આજના શૃંગાર : દુમાલો-સહેરો અને સૂથન-ચાકદાર

સાજ : સફેદ રંગની મલમલની પિછવાઈ ધરી છે. પિછવાઈ ઉપર ગુલાલથી લગ્નની ચોરીની ચિત્રકારી કરેલી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : કેસરી રંગનાં, રૂપેરી જરીની તૂઈ લેસની કિનારી મૂકેલાં સૂથન, ચાકદાર વાગો, ચોળી અને રાજાશાહી પટુકો ધર્યો છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર અબીલ-ગુલાલ-ચોવા-ચંદનથી કલાત્મક રીતે ખેલ થયા છે. દુમાલ અને કપોલ ઉપર પણ અબીલ-ગુલાલથી ખેલાવ્યા છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ, લીલા, મેઘશ્યામ મીનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે કેસરી દુમાલા ઉપર મીનાનો સહેરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. જમણી બાજુ મોતીની ચોટી ધરી છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડલ ધર્યાં છે. પીળા, શ્વેત અને ગુલાબી પુષ્પોનાં સુંદર થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, વેણુજી અને બે વેત્ર ધર્યાં છે.

કીર્તન : **શયન (રાગ : રાયસો)**

મિલજુ ડંડારસ ખેલહી નંદરાયજુકી પોર । આનંદ સો મન ભર રહ્યો નવલ કિસોરી કિસોર ॥૧॥
લટકત ફિરત રગમગે ઈતગોપી ઉત ગ્વાલ । માનો છુટી મદનકી મત્ત ગજનકી ઢાલ ॥૨॥
ગારી દેત સુહાવની ઈત સબ ગોપિકા નાર । ઉત સબ હોલે બોલે બાલક નંદકુમાર ॥૩॥
બાજે બહુવિધ બાજે તાલ મૃદંગ ઉપંગ । ઝાઝ ઝાલરી કિન્નરી મુરલી ડફ મુખ ચંગ ॥૪॥
ચૌવા ચંદન છિરકહી અબીર ગુલાલ સુરંગ । ખેલત ખેલ ગહગહ્યો લાડલી લાલન સંગ ॥૫॥
મૃગમદ કેસર ઘોરકે લીને કર લપટાય । ઓચંકા આવત દૂરતે ભાજત મુખહિ લગાય ॥૬॥
તબ વૃષભાનદુલારી પકરે મદનગોપાલ । માનો કંચનબેલી લપટી શ્યામ તમાલ ॥૭॥
ઝુમ રહી ચહું દિસતે નેક ન રાખત લાજ । માનો ભૂતલ ઉદયો નક્ષત્ર સહિત ઉડુરાજ ॥૮॥
કાજર લોચન આંજકે કટિપટ લેહિ ઉતાર । આલિંગન જુ દેત હૈ યે સબ વ્રજકી નાર ॥૯॥
ગિરિધર અધર-સુધા હુ કો કોઉ પીવત ન અઘાય । હા હા ખાઉ તો છાંડિ દે પ્યારી કો શિરનાય ॥૧૦॥
ઝટકત ગહિ મોતિન લર બૂઝત ચિબુક ઉઠાય । મનમાન્યો ફૂગુવા લિયો પીતાંબર દિયો આય ॥૧૧॥
શ્રીગોકુલ ગામ સુહાવનો કીની બહુવિધ કેલિ । ચિરજીયો દુલ્હે દુલ્હનિ મિલિ મન્મથદલ પેલિ ॥૧૨॥
સિમિટ સકલ વ્રજવાસી સૂરસુતા ચલે ન્હાન । વિમલ વસન તન પહેરે દેત વિપ્રન બહુદાન ॥૧૩॥
કુસુમ વૃષ્ટિ સુરપતિ કરે લીલા દેખે આય । વલ્લભ ચરન પ્રતાપતે **કૃષ્ણદાસ** મુખ ગાય ॥૧૪॥

(રાજભોગ દર્શનનાં પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : મહા વદ નોમ



વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ નવમી **ચિત્ર પરિચય** **ગુજરાતી : મહા વદ નોમ**

વસ્ત્ર : લાલ રંગનો પીળી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : કેસરી રંગનો અબીલ-ગુલાલ વગેરેથી ખેલાવેલો દુમાલો, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજા કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - કાફી)**

મેરો નવરંગ બિહારી । બલબલ જાઉં તિહારી ।।૧।।
બાજે બહુ ભાંત બજાવે । નાના રસરંગ બઢાવે ।।૨।।
ગાવે ગુણ ગીત રસાલા । ભાવે મોહિ નંદકો લાલા ।।૩।।
લિયે સંગ રાધા ગોરી । બોલે સબ હો હો હોરી ।।૪।।
સોંધે સો ભીનો વાગો । સારી રતિ રેન કો જાગ્યો ।।૫।।
શોભા કહા બેન બખાને । **માધુરી** કે નયન હી જાને ।।૬।।

શૃંગાર (રાગ - જેતશ્રી)

રંગીલેરી છબીલે નયના રસભરે નયના નાચત મુદિત અનેરે રે ।
ખંજરીટ માનો મહામત્ત દોઉ કેસે હુ ધીરત ન ઘેરે ।।૧।।
શ્યામ શ્વેત રાતે રંગ રંજીત માનો ચિત્ર ચિતેરે ।
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર શ્યામ સુભગ તન હેરે ।।૨।।

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા વદ નોમ



આજના શૃંગાર : ફેંટાનો સાજ-સૂથન ચાકદાર

સાજ : સફેદ રંગની પિછવાઈ ધરી છે. જેના ઉપર ગુલાલથી ખેલ થયા છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સફેદ રંગના, રૂપેરી તૂઈ લેસની કિનારીવાળાં સૂથન, ચાકદાર વાગો અને ચોળી ધર્યાં છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર અબીલ, ગુલાલ, ચોવા, ચંદનથી કલાત્મક રીતે ખેલ થયા છે. ફેંટા અને કપોલ ઉપર પણ ખેલ થયા છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ અને સફેદ મીનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** સફેદ રંગના ફેંટા ઉપર મોરશીખા તથા દોહરો કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. (ફેંટાનો સાજ) શ્રીકર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને લાલ ગુલાબનાં પુષ્પોનાં સુંદર થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : પુષ્પછડી, વેણુવેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - આસાવરી)**

યા ગોકુલકે ચોહટે રંગરાચી ગ્વાલ । મોહન ખેલે ફાગ નેન સલોનેરી રંગ રાચી ગ્વાલ । નરનારી આનન્દ ભયો । સાંમલકે અનુરાગ ।।૧।। દુદુંભી બાજે ગહગહે । નગર કુલાહલ હોય । ઉમડ્યો માનસ ઘોખકો । ભવન રહ્યો નહીં કોય ।।૨।। ડફ બાંસુરી સુહાવની । તાલ મૃદંગ ઉપંગ । ઝાંઝ જાલરી કિન્નરી । આવજ કર મુખ ચંગ ।।૩।। ઉતહિ સમાજ ગોપાલકો । બલિયુત નન્દકુમાર । ઇત ગોપી નવ જોબના । અંબુજ લોચન ચારુ ।।૪।। ગારી દેત સુહાવની પ્રમુદિત ગોપ કદંબ । યુવતિ યૂથ એકત્ર ભયે । ગાવત મદન વિટંબ ।।૫।। રતન જટિત પિચકાઈયાં । કર લિયે ગોકુલનાથ । તકિ છિરકેં વનિતા વૃંદકો । જે રાધાકે સાથ ।।૬।। કેસુ કુસુમ નિચોઈકે । ભરત પરસ્પર આનિ । મૃગમદ ચોવા કુંકુમા । ચારુ ચતુર સબ સાનિ ।।૭।। સુરંગ ગુલાલ ઉડાવહી । બૂકા બંદન ધૂલિ । ચઢિ વિમાન સુર દેખહીં । દેહદશા ગઈ ભૂલિ ।।૮।। ખેલ મચ્યો અતિ ગહગહ્યો ચિતવત બ્રજવધૂ ધાય । રાધા રસિક ગોપાલકી । આસકરન બલ જાય ।।૯।।

(શયનદર્શનનાં પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : મહા વદ દસમ



વસ્ત્ર : પીળો (ચંપાઈ) રંગનો લીલી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : અબીલ-ગુલાલ વગેરેથી ખેલાવેલો સફેદ ફેંટો, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજા કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ નવીન સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - બિલાવલ)**

તુમ ભલે આયે શ્યામ હોરી ખેલત રસ ભરે છબભરે ।
ચોવા ચંદન ઔર અરગજા કેસર રંગ ગાગર ભરે ।।૧।।
ઉડત ગુલાલ લાલ ભયે બાદર પિય કારન લાગી ભરી ।
કૃષ્ણજીવન લછીરામ કે પ્રભુ પર ચેરી વ્હૈ પાયન પરી ।।૨।।

શૃંગાર (રાગ - કાફી)

મિલ ખેલે ફાગ બનમેં શ્રી વલ્લભબાલા ।
સંગ ખરે રસરંગ ભરે નવરંગ ત્રિભંગી લાલા ।।૧।।
બાજત બાંસુરી ચંગ ઉપંગ પખાવજ આવજ તાલા ।
ગાવત ગારી દેદે વ્રજનારી મનોહર ગીત રસાલા ।।૨।।
કંચનવેલિ કરે માનો કેલી પરે બીચ શ્યામ તમાલા ।
ધાઈ હરે હંસી અંક ભરે છુટે કેસ ટુટી ઉરમાલા ।।૩।।
સીંચત અંગન રંગ ભરે બાઢયો પ્રેમ પ્રવાહ રસાલા ।
મેન સેન ખુર રેણુ ઉડી નભ છાયો અબીર ગુલાલા ।।૪।।
દેખી થકી ભંવરી સંવરી મૃગી મોરી ચકોરીન જાલા ।
રાધાકૃષ્ણ વિલાસ સરોજ **'ગદાધર'** મન્ન મરાલા ।।૫।।

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ દશમી

શૃંગાર દર્શન

ગુજરાતી : મહા વદ દસમ



દર્શનાબેન સતીષભાઈ કડકીયાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

શૃંગાર દર્શન

ખેલનાં દિવસોમાં ૪૦ દિવસ સુધી સફેદ રંગની પિછવાઈ જ ધરાય છે. જેના ઉપર અબીલ-ગુલાલ-ચોવા-ચંદન વગેરેથી રાજભોગ દર્શન દરમ્યાન ખેલ થાય છે. પરંતુ શૃંગારદર્શનમાં કોઈક દિવસ આ પ્રકારની ચિત્રકામવાળી પિછવાઈ ધરાય છે. પિછવાઈમાં ગોપ-ગોપીઓ ધમારનું ગાન કે હોળીના રસિયાનું ગાન કરતાં પ્રભુને ખેલાવવા માટે આવી રહ્યાં છે તે પ્રકારનું ચિત્રકામ થયું છે.

શૃંગાર દર્શન બાદ આ પિછવાઈ વડી થઈ જાય છે અને સાદી સફેદ પિછવાઈ આવે છે. જેના ઉપર ખેલ થાય છે.

આજથી દસ દિવસની સેવા શ્રીચંદ્રાવલીજીની અંતર્ગત શ્રીલલિતાજીની સેવા ગણાય છે. આમ તો સર્વ યૂથાધિપતિ મળીને જ સેવા કરે છે પરંતુ ૪૦ દિવસની સેવામાં આ દસ દિવસની સેવા તામસ ભક્ત એવાં શ્રીલલિતાજીની છે. પહેલા દસ દિવસ સાત્વિક શ્રીયમુનાજી, બીજા દસ દિવસ રાજસ ચંદ્રાવલીજી, ત્રીજા દિવસ તામસ શ્રી લલિતાજી અને ચોથા દસ દિવસ નિર્ગુણ શ્રીરાધિકાજીની સેવા મુખ્ય ગણાય છે. આજથી સેવામાં શ્રીલલિતાજીની ઉપસ્થિતિ મુખ્ય રહે છે.

આ દસ દિવસ ફાગના દિવસો કહેવાય છે. તેમાં ગામની શેરીઓમાં ગોપી-ગ્વાલનાં યૂથો એકત્ર થઈને ભારે ખેલ કરે છે. શ્રીઠાકોરજીને પકડીને સખીજનો પોતાના યૂથમાં લઈ જાય છે. નવેલીનાર બનાવે છે. નચાવે છે. ફગવા લઈને જ છોડે છે. અવનવી હાસ્યલીલા-આનંદલીલા થાય છે. આ બધી લીલાઓ અષ્ટસખાઓએ કીર્તનોમાં સુંદર રીતે ગાઈ છે.

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા વદ દસમ



વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ દશમી

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા વદ દસમ

આજના શૃંગાર : પાગ - ચંદ્રિકા - સૂથન ઘેરદાર

સાજ : સફેદ રંગની પિછવાઈ ધરી છે. જેના ઉપર અબીલ-ગુલાલ-ચંદનથી ખેલ થયા છે. ગાદી-તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લીલા રંગનાં, રૂપેરી જરીની લેસ તૂઈની કિનારીવાળાં સૂથન, ઘેરદાર વાઘો, ચોળી અને કટિપટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર પીળા (લીંબોઈ) રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર અબીલ, ગુલાલ, ચોવા, ચંદનથી ખેલ થયા છે. પાગ ઉપર અને પ્રભુના કપોલ ઉપર અબીલ ગુલાલથી ખેલ થયા છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ અને સફેદ મીનાનાં તેમજ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે લીલા રંગની ગોળ પાગ ઉપર શિરપેચ અને ગોળ ચંદ્રિકા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત, ગુલાબી અને પીળાં પુષ્પોની કલાત્મક બે માળાજી ધરી છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, વેણુ-વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - જેતશ્રી)**

યા ગોકુલકે ચોહટે રંગરાચી ગ્વાલ । મોહન ખેલે ફાગ નેન સલોનેરી રંગ રાચી ગ્વાલ । નરનારી આનન્દ ભયો । સાંમલકે અનુરાગ ॥૧॥ દુદુંભી બાજે ગહગહે । નગર કુલાહલ હોય । ઉમડ્યો માનસ ઘોખકો । ભવન રહ્યો નહીં કોય ॥૨॥ ડફ બાંસુરી સુહાવની । તાલ મૃદંગ ઉપંગ । ઝાંઝ જાલરી કિન્નરી । આવજ કર મુખ ચંગ ॥૩॥ ઉતહિ સમાજ ગોપાલકો । બલિયુત નન્દકુમાર । ઈત ગોપી નવ જોબના । અંબુજ લોચન ચારુ ॥૪॥ ગારી દેત સુહાવની પ્રમુદિત ગોપ કદંબ । યુવતિ યૂથ એકત્ર ભયે । ગાવત મદન વિટંબ ॥૫॥ રતન જટિત પિચકાઈયાં । કર લિયે ગોકુલનાથ । તકિ છિરકેં વનિતા વૃંદકો । જે રાધાકે સાથ ॥૬॥ કેસુ કુસુમ નિચોઈકે । ભરત પરસ્પર આનિ । મૃગમદ ચોવા કુંકુમા । ચારુ ચતુર સબ સાનિ ॥૭॥ સુરંગ ગુલાલ ઉડાવહી । બૂકા બંદન ધૂલિ । ચઢિ વિમાન સુર દેખહીં । દેહદશા ગઈ ભૂલિ ॥૮॥ ખેલ મચ્યો અતિ ગહગહ્યો ચિતવત બ્રજવધૂ ધાય । રાધા રસિક ગોપાલકી । આસકરન બલ જાય ॥૯॥

શયન (રાગ - ગોરી)

લલના ખેલત ફાગ બન્યો વ્રજસખા લિયે નંદનંદના । બંસીધરે કહત હો હોરી યુવતીજન મનફંદના ॥૧॥ ઘરઘરતે સુંદરી ચલી દેખન આનંદ કંદના । બાજત તાલ મૃદંગ ઝાંઝ ડફ ગાવત ગીત સુછંદના ॥૨॥ ઠાંય ઠાંય અગર અબીર લિયેકર ઠાંય ઠાંય બુકા બંદના । હાથન ધરે કનક પિચકારી છિરકત ચૌવા ચંદના ॥૩॥ ક્રીડા રસવશ ભયે મગનમન માત ન મન આનંદના । દાસ **ચતુર્ભુજપ્રભુ** સબ સુખનિધિ ગિરિધર વિરહ નિકંદના ॥૪॥

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : મહા વદ અગિયારસ



વિજ્યા એકાદશી

વસ્ત્ર : લાલ રંગનો લીલી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : લીલા રંગની અબીલ - ગુલાલ વગેરેથી ખેલાવેલી પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજા કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા.

નોંધ : આજની એકાદશીને વિજયા એકાદશી કહેવાય છે. જગતમાં અન્ય ધર્માચાર્યોએ જે જે વસ્તુઓનો નિષેધ કર્યો તે સર્વ વસ્તુઓનો શ્રીમહાપ્રભુજીએ પ્રભુની સેવામાં જોડી સદુપયોગ કર્યો છે. દા.ત. કામ, ક્રોધ, લોભ, મોહ એ માનવના શત્રુઓ છે. તેનો ત્યાગ કરવાનું બધા કહે છે, જ્યારે શ્રીમહાપ્રભુજીએ તેમને પ્રભુની સેવામાં જોડવાની આજ્ઞા કરી, જેથી એ બધા પણ ભગવદીય બને. આ અમૂલ્ય આજ્ઞાને અનુસરી કેટલાક કૃપાપાત્ર વલ્લભીય વૈષ્ણવોએ કામ, ક્રોધ, લોભ, મદને પ્રભુ સેવામાં વિનિયોગ કરી, એ બધા ઉપર મહા વદ એકાદશીએ વિજય મેળવ્યો તેથી આજની એકાદશીને વિજ્યા એકાદશી કહેવાય છે.

કીર્તન : **મંગલા (રાગ - ખટ)**

આજ ભોર હી નંદ પૌરિ વ્રજનારિન રોર મચાઈ ।
પકરિ પાનિ ગહિ મારિ પૌરીયા જસુમતિ પકરિ નચાઈ ॥૧॥
હરિ ભાગે હલધર હૂ ભાગે નંદમહર હૂ હેરે ।
તબહી મોહન નિકસિ દ્વાર વ્હે સખા નામ લે ટેરે ॥૨॥
દ્વાર પુકાર સુનત નહીં કોઉ તબ હરિ ચઢે અટારી ।
આઓ રે આઓ સખા સબ સંગકે ઘર ઘેર્યો વ્રજનારી ॥૩॥
સૂનત ટેર સંગી સબ દોરે જબ અપને અપને ધામ ।
અર્જુન તોક કૃષ્ણ મધુમંગલ સુબલ સુબાહુ શ્રીદામ ॥૪॥
ગ્વાલિની દોરિ પૌરિ જબ રોકી આન ન પાયે નેરે ।
ચંદ્રાવલી લલિતાદિક આદિ દે શ્યામ મનોહર ઘેરે ॥૫॥
કિત જેહો વસ પરે હમારે ભાજિ ન શકો નંદલાલ ।
ફગુવામેં મુરલી હમ લેહેં પીતાંબર બનમાલ ॥૬॥
કેસર ડારી સીસતેં મુખ પર રોરી માંડત રાધે ।
વિષ્ણુદાસ પ્રભુ ભુજ ગહિ ગાઢે મનવાંછિત ફલ સાધે ॥૭॥

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ એકાદશી **શૃંગાર દર્શન** ગુજરાતી : મહા વદ અગિયારસ



શૃંગાર દર્શન

પીરોજા રંગની કમળના ફૂલના - ચિત્રકામવાળી સુંદર પીછવાઈ ધરી છે. આ ચિત્રકારીવાળી પિછવાઈ માત્ર શૃંગાર સમયે જ આવે છે. ત્યારબાદ સફેદ સાદી પિછવાઈ આવે છે અને રાજભોગ દર્શન સમયે તેના ઉપર વિવિધ રંગોથી ખેલ થાય છે.

કીર્તન : **શૃંગાર (રાગ - કાફી)**

પીતાંબર કાજર કહાં લગ્યો હો લલના
કોન કે પોંછે હેં નયન ॥ધ્રુ॥
કોનકે ગેહ નેહ રસ પાગે વે ગોરી કછુ ઓર ।
દેહુ બતાય કાન રાખતિ હોં ઐસે ભયે ચિત્તચોર ॥૧॥
અધરન અંજન લિલાટ મહાવર રાજત પિક કપોલ ।
ઘુમિ રહે રજની જાગેસે દુરત ન કામ કલોલ ॥૨॥
નખનિશાન રાજત છતિયન પર નિરખો નયન નિહાર ।
ઝુમ રહીં અલકે અલબેલી પાગકે પેંચ સંવાર ॥૩॥
હમ ડરપે જસુદાજુકે ત્રાસન નાગર નંદકિશોર ।
પાય પરે ફગુવા પ્રભુ દેહો મુરલી દેહો અકોર ॥૪॥
ધન્ય ધન્ય ગોકુલકી ગોપી, જીન હરિ લીને હરાય ।
નંદદાસ પ્રભુ કીયે કનોડે છોડે નાચ નચાય ॥૫॥

રાજભોગ (રાગ - સારંગ)

અબ હો લલના તુમ મેરે મન અતિ વસો સુંદર ચતુર સુજાન લલના । અબ હો લલના કરગહિ મોહન મુરલિકા નીકે સુનાવો તાન લલના ॥૧॥ અબ હો લલના મોર મુકુટ શોભા બની સુંદર તિલક સુભાલ લલના । અબ હો લલના મુખપર અલકાવલિ વિથુરી મનહુ કમલ અલિમાલ લલના ॥૨॥ અબ હો લલના અધર દશન વર નાસિકા ગ્રીવા ચિબુક કપોલ લલના । અબ હો લલના પીતાંબર શુદ્ર ઘંટિકા લાલ કાછની ડોલ લલના ॥૩॥ અબ હો લલના નખશિખ અંગ વરનો કહા અંગઅંગ રૂપ અતોલ લલના । અબ હો લલના પટતર કો કોઉ નહીં અતિ મીઠે મૃદુબોલ લલના ॥૪॥ અબ હો લલના એક દિના સેનન મિલે નવલકુંવર વ્રજરાજ લલના । અબ હો લલના ગૃહતે આવન ના બન્યો ભઈ બેરિન કુલ લાજ લલના ॥૫॥ અબ હો લલના ગૃહતે ગોરસ મિસ ચલી લાજ છાંડ કુલ એન લલના । અબ હો લલના વે મુસકિનિ હ્દે વસી અતિ અનિયારે નયન લલના ॥૬॥ અબ હો લલના કહા જાને તુમ કહા કિયો ગૃહ અંગના ન સુહાય । અબ હો લલના વિન દેખે નાગર પ્યારો યુગ સમાન પલ જાય ॥૭॥ અબ હો લલના સકલ લોક મોહિ બરજહી પચિહારે સમઝાય । અબ હો લલના નહી ભાવે મોહિ કુલ કથા મોહિ તિહારી ચાય ॥૮॥ અબ હો લલના ગ્વાલિન પર ગિરિધર રીઝે લીલા ક્હી ન જાય । અબ હો લલના **ગોપાલદાસ** પ્રભુ લાલ રંગીલો હંસ લીની ઉર લાય ॥૯॥

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ એકાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા વદ અગિયારસ



આજના શૃંગાર : મુકુટ-કાછની

સાજ : સફેદ મલમલની સાદી પિછવાઈ ધરી છે. જેના ઉપર અબીલ-ગુલાલ-ચંદનથી ભારે ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ચંપાઈ રંગનાં, રૂપેરી જરીની તૂઈ-લેસની કિનારીવાળાં સૂથન, કાછની તથા રાસપટુકો ધર્યાં છે. શ્યામ રંગની રૂપેરી જરીની તૂઈ લેસની કિનારીવાળી ચોળી ધરી છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકન)નું ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર વિવિધ રંગોથી સુંદર ખેલ થયા છે. શ્રીપ્રભુને કપોલ ઉપર પણ ગુલાલ અબીલથી ખેલાવ્યા છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ, લીલા, મેઘશ્યામ અને સફેદ મીનાના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે મીનાનો મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં જડાવ મયૂરાકૃતિ કુંડલ ધર્યાં છે. મોતીની ચોટી ડાબી બાજુ ધરી છે. પીળાં અને લાલ પુષ્પોની બે સુંદર માળાજી ધરી છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્ર ધર્યાં છે.

કીર્તન : **શયન દર્શન (રાગ - બિહાગ)**

એક દિસ વર વ્રજબાલા એક દિસ મોહન મદનગોપાલા । ચાચર દેત પરસ્પર છબિસો કહી ન પરત તિહિં કાલા ॥૧॥ કુસુમ ધૂર ધૂંવર મધ્ય ચાંદની ચંદ કિરણ રહી છાય । તેસોહિ બન્યો ગુલાલ ગગન કછુ વરણત વરણ્યો ન જાય ॥૨॥ સુર મંડલ ડફ બીના ઝીના બાજત રસ કે એના । ચાચર મે ચાચર સી ચિતવત છબીલી ત્રિયન કે નયના ॥૩॥ બન્યો હે ચટક કઠતાલ તાર ઓર મૃદુલ મુરજ ટંકાર । તિન સંગ રંગ રંગીલી મુરલી બિચ અમૃત કી ધાર ॥૪॥ બઢયો હે દુહુ દિશ ગુણ વિતાન રસ ગાન સુનત રસ મૂલે । મંદમંદ આવન ઉલટન માનો પ્રેમ હિંડોરે ઝુલે ॥૫॥ લટક લટક આવત છબિ પાવત ભાવત નાર નવેલી । પ્રેમ પવન વશ ડોલત માનો રુપ અનુપમ વેલી ॥૬॥ ચારુ ચલનમેં મણિમય નૂપુર કિંકિણી કલરવ રાજે । માનો ભેદ ગતિ પાછેં આછે મધુર મધુર ધ્વનિ છાજે ॥૭॥ ચમક ચમક દશનાવલિ ધ્યુતિ ફિર અધરન માંઝ સમાઈ । દમક દમક દામિનિ છબિ પાવત ચંદ્રનમે દૂર જાઈ ॥૮॥ અનેક ભાંત રાગ રાગિણી અનુરાગ ભરે ઉપજાવે । સુન વિધકે શિવ નારદ શારદ તેહુ પાર ન પાવે ॥૯॥ રસ કંદબ મેં બોરી ગોરી નિત ઉઠ ખેલન આવે । **‘નંદદાસ’** તાકે ભૂરિ ભાગ્ય જે વિમલ વિમલ જશ ગાવે ॥૧૦॥

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : મહા વદ બારસ



વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ દ્વાદશી

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા વદ બારસ

વસ્ત્ર : ગુલાબી કસોવાળો કેસરી રંગનો ગદલ ધર્યો છે.

શૃંગાર : લીલા રંગની અબીલ-ગુલાલ વગેરેથી ખેલાવેલી ગોળ પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજા કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રીમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથા મનોરથ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - કાફી)**

પીતાંબર કાજર કહાં લગ્યો હો લલના ।
કોન કે પોંછેં હે નયન ।।ધ્રુ।।
કોનકે ગેહ નેહરસ પાગે વે ગોરી કછુ ઓર ।
દેહુ બતાય કાન રાખતિ હોં ઐસે ભયે ચિતચોર ।।૧।।
અધરન અંજન લિલાટ મહાવર રાજત પીક કપોલ ।
ઘૂમિ રહે રજની જાગે સે દુરત ન કામ કલોલ ।।૨।।
નખનિશાન રાજત છતિયન પર નિરખો નયન નિહાર ।
ઝુમ રહી અલકે અલબેલી, પાગ કે પેંચ સવાર ।।૩।।
હમ ડરપે જશોદા કે ત્રાસન નાગર નંદકિશોર ।
પાય પરે ફગુવા પ્રભુ દેહો, મુરલી દેહો અકોર ।।૪।।
ધન્ય ધન્ય ગોકુલકી ગોપી જિન હરિ લીને હરાય ।
નંદદાસ પ્રભુ કિયે કનોંડે છાંડે નાચ નચાય ।।૫।।

શૃંગાર (રાગ - બિલાવલ)

વદતિ નાહિન ગ્વાલિની જોબન કે ગારે ।
યા વ્રજમે એંડી ફિરે મન્મથ ઉપચારે ।।૧।।
પહેરે રાતો પોમચા લહેંગા હરી કિનારે ।
અતિરસતે નિકસી ફિરે અચરા ઢિંગડારે ।।૨।।
નકવેસરિ ગજરા બને ચોકી ખગવારે ।
અંગિયા ખમકિ ખયે બની કુચસૂં ભરવારે ।।૩।।
ફૂફૂદી ડોરીકે ઝવા સોહેં ફોંદ ફૂંદારે ।
સોનેકી બાંકી વેંદુલી સોહે લલિત લિલારે ।।૪।।
દીરઘ લોચન છબિ છટા કંજરા અનિયારે ।
જગન્નાથ કવિરાય કે પ્રભુ મોહી કાન્હર કારે ।।૫।।

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ દ્વાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા વદ બારસ



વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ દ્વાદશી

ગુજરાતી : મહા વદ બારસ

આજના શૃંગાર : પાગ કતરો, ઘેરદાર વાગા ઉપર અબીરની ચોલી

સાજ : સફેદ મલમલની સાદી પિછવાઈ ધરી છે. જેના ઉપર કેસૂડો, ગુલાલ વગેરેથી ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પતંગી રંગના (રાણી કલરના) સૂથન, ઘેરદાર વાઘો અને ચોલી ધર્યાં છે. કેસરી રંગનો રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો કટિપટુકો ધર્યો છે. અબીરની સફેદ ચોળી ધરી છે. ઠાડું વસ્ત્ર ઘેરા લીલા રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર ખેલ થયા છે. પાઘ ઉપર અને પ્રભુના કપોલ ઉપર પણ ખેલ થયા છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. લીલા અને સફેદ મીના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે પતંગી રંગની ગોળ પાગ ઉપર શિરપેચ તથા દોહરો કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને પીળાં પુષ્પોનાં કલાત્મક થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી અને સુવર્ણનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ દર્શન (રાગ : સારંગ)**

ગ્વાલિની સોંધે ભીની અંગિયા સોહે કેસરભીની સારી । લહેંગા છાપેદાર છબીલો છીન લંક છબિ ન્યારી ॥૧॥ અધિક વાર રિઝવાર ફાગ ખિલવાર ચલત ભુજ ડારી । અત્તર લગાએ ચતુર નારી તબ ગાવત હોરી કી ગારી ॥૨॥ બડી બડી વરુણી તરુણી કરુણી રૂપ જોબન મતવારી । છબિ ફૂલેલ અલકે ઝલકે લલકે લખ છેલ વિહારી ॥૩॥ હાવભાવ કે ભવન કેંધો ભૂખન કી ઉપમા ભારી । વશીકરણ કેંધો જંત્રમંત્ર મોહન મનકી ફંદવારી ॥૪॥ અંચલમેં ન સમાત બડી અખિયા ચંચલ અનિયારી । જાનો ગાંસી ગજવેલ કામકી શ્રુતિ બરસા ન સંવારી ॥૫॥ વેસરકે મોતિન કી લટકન મટકનકી બલિહારી । માનો મદનમોહન જુકો મન અચવત અધર સુધારી ॥૬॥ બીરી મુખ મુસકાન દસન, ચમકત ચંચલ ચાકોરી । કોંધિ જાત માનો ઘનમે દામિની છબિકે પુંજ છટારી ॥૭॥ શ્યામબિંદુ ગોરી ઢોડીમેં ઉપમા ચતુર વિચારી । જાનો અરવિંદ ચૂમ્યો ન ચલે મચલ્યો અલિકો ચિકુલારી ॥૮॥ પોતિ જોતિ દુલરી તિલરી તરકુલી શ્રવણ ખુટિ લારી । ખયન બને કંચન વિજાયકે કરન ચૂરી ગજરારી ॥૯॥ ચંપકલી ચોકી ગુંજા ગજમોતિન કી માલારી । કરે ચતુર ચિતકી ચોરી ડોરીકે જુગલ ઝવારી ॥૧૦॥ પેને સુખદેને કંચનકુચ ખુભી કંચુકી કારી । કામ કુટી કર દીની હે કીની શિવસો ફિરયારી ॥૧૧॥ એંડી લાલ મહાવર જેહર તેહર બાજત વારી । ઘાયલ કિયે પાય પાયલ કર સાયલ નંદલલારી ॥૧૨॥ જોર દીઠસો દીઠ ઈઠ મંજીઠ રંગન રંગ ભારી । લગી લાલ કે પગી ખગી ચિત ચિતવન કી પિચકારી ॥૧૩॥ મોહન મદનગોપાલ લાલપર પઢ ગુલાલ જબડારી । સંગ લગ્યો ડોલે રસિયા વૃંદાવનમે બનવારી ॥૧૪॥ છબિ ઘૈરન મોરન મરોર પિય જાય ભરે અંકવારી । પ્રેમફંદ પકરે જકરે ગોરીનેં ગિરિવરધારી ॥૧૫॥ છીન લઈ મુરલી કરતે પટુકા પરપીત ઉતારી । ગ્વાલિન અધર ધરી બંસી વરસી રસ સિંધુ સુધારી ॥૧૬॥ જો ભાવે સો લે લલના કલના પલના મોહિ પ્યારી । તોહિ દદાકી સોહે ગ્વાલિની દે બંસી હમારી ॥૧૭॥ બાંહનમેં બાહેં ચાહે મુખચંદ ચકોર પિયારી । મોહન શ્યામ તમાલ બાલ લપટાની હેમલતારી ॥૧૮॥ ગાંઠજોર ગોવિંદ ચંદસો દીની સખિયન સંવારી । તારી દે દે ગારી ગાવે ગ્વાલ દેત કિલકારી ॥૧૯॥ વશીકરણ બતિયન રસ બરખત બરસાને કી નારી । પ્રભુ **ઘનશ્યામ** દીયો મનમેવા ફગુવા પ્રાણ પ્યારી ॥૨૦॥

(શયનદર્શનનાં પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ત્રયોદશી

મંગળા દર્શન

ગુજરાતી : મહા વદ તેરસ



વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ત્રયોદશી   ગુજરાતી : મહા વદ તેરસ

ચિત્ર પરિચય

વસ્ત્ર : કથ્થાઈ રંગની છીંટનો ગદલ ધર્યો છે.

શૃંગાર : પતંગી (ઘેરા ગુલાબી) રંગની, અબીલ-ગુલાલ વગેરેથી ખેલાવેલી પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજા કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર નવીન સામગ્રી ધરવી અને પ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - બિલાવલ)**

તુમ ભલે આયે શ્યામ હોરી ખેલત રસભરે રંગભરે છબભરે ।
ચોવા ચંદન ઔર અરગજા કેસર રંગ ગાગર ભરે ॥૧॥
ઉડત ગુલાલ લાલ ભયે બાદર પિય કરન લાગી લરી ।
કૃષ્ણજીવન લછીરામ કે પ્રભુ પર ચેરી વ્હૈ પાયન પરી ॥૨॥

શૃંગાર (રાગ - રામકલી)

હો હો હોરી ખેલે નંદકો કરઅંબુજ ભરે મકરંદકો ।
તનસુખ પાગ બની કસૂંભી સિરધરે મોરકે ચંદકો ॥૧॥
એક ઓર પ્રગટયો તરુની મધિ અંકુર પરમાનંદ કો ।
એક ઓર વ્રજજન ચકોર મધિ ઉદય ભયો માનો ચંદકો ॥૨॥
લે લે સુરંગ અબીર દુહું કર ખેલભયો મનફંદકો ।
તિહિ ઓસર પ્યારી મુખ નિરખત માન ગયો અરવિંદકો ॥૩॥
ચોવા ચંદન ઓર અરગજા મૃગમદ કુંકુમ ગંધકો ।
ભાંતિ ભાંતિ બાજે બાજત સુનિ છૂટિ ગયો મનબંધકો ॥૪॥
યહ સુખ નિરખિ બરખા બરખાવત સુમનન મિલિ સુરવૃંદકો ।
તિહિ ઔસર **રઘુવીર** નિરખિ મુખ હુલસ્યો મન આનંદકો ॥૫॥

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ત્રયોદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા વદ તેરસ



આજના શૃંગાર : મુકુટ કાછની

સાજ : સફેદ મલમલની સાદી પિછવાઈ ધરી છે. જેના ઉપર અબીલ-ગુલાલ-કેસૂડાથી ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ગોળ કાછની (મોરકાછની) અને રાસ પટુકો ધર્યાં છે. શ્યામ રંગની ચોળી ધરી છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકન)નું ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર વિવિધ રંગોથી ખેલ થયા છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ, લીલા, મેઘશ્યામ અને સફેદ મીના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે મીનાકારીનો સોનાનો મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયુરાકૃતિ કુંડલ ધર્યાં છે. મોતીની ચોટી ડાબી બાજુ ધરી છે. પીળાં અને લાલ પુષ્પોનાં કલાત્મક થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ દર્શન (રાગ - સારંગ)**

કર તારી દેદે નાચેહી બોલે સબ હોરી હો ।ધ્રુ।।
સંગલિયે બહુ સહચરિ વૃષભાન દુલારી હો । ગાવત આવત સાજસો ઉતતે ગિરિધારી હો ।।૧।।
દોઉ પ્રેમ આનંદસો ઉમગે અતિભારી । ચિતવન ભર અનુરાગસો છુટી પિચકારી ।।૨।।
મૃદુંગ તાલ ડફ બાજહી ઉપજે ગતિ ન્યારી । ઝુમક ચેતવ ગાવહી યહ મીઠી ગારી ।।૩।।
લાલ ગુલાલ ઉડાવહી સોંધે સુખકારી । પ્યારી મુખહી લગાવહી પ્યારો લલનવિહારી ।।૪।।
હરે હરે આઈ દૂર કરી અબીર અંધિયારી । ઘેર લે ગઈ કુંવરકો ભરકે અંકવારિ ।।૫।।
કાહુ ગહિવેની ગુહી રચિ માંગ સંવારી । કાહુ અંજનસો આજ અરુ અખિયાં અનિયારી ।।૬।।
કોઈ સોંધેસો સાનકે પહરાવત સારી । કરતે મુરલી હરિ લઈ વૃષભાન દુલારી ।।૭।।
તબ લલિતા મિલકે કછુ એક બાત વિચારી । પિયાવસન પિયકો દૈહે પિય કે દિયે પ્યારી ।।૮।।
મૃગમદ કેસર ઘોંરકે નખશિખ તેં ઢારી । સખિયન ગઠ જોરો કિયો હસ મુસકાય નિહારી ।।૯।।
યાહી રસ નિવહો સદા યહ કેલિ તિહારી । નિરખ **માધુરી** સહચરી છબિ પર બલહારી ।।૧૦।।

(શયનદર્શનનાં પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ચતુર્દશી

મંગળા દર્શન

ગુજરાતી : મહા વદ ચૌદસ



વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ચતુર્દશી

ચિત્ર પરિચય

ગુજરાતી : મહા વદ ચૌદસ

વસ્ત્ર : કેસરી રંગનો લીલી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : કેસરી રંગની અબીલ-ગુલાલ વગેરેથી ખેલાવેલી પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજા કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં કોઈ નવીન સામગ્રી ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સિદ્ધ કરવી અને શ્રીપ્રભુને ધરાવવી.

કીર્તન : **મંગલા (રાગ : કાફી)**

તે મોહન કો મન હર્યો તો બિન રહ્યો ન જાયરી પ્યારી ।।ધ્રુ।।
કુંજમહલ બૈઠે જુ પિયા નવ પલ્લવ તલ્પસંવારી રી પ્યારી ।
બીચ જુહી બિચ સેવતી અરુ બિચ બિચ નવલ નિવારીરી પ્યારી ।।૧।।
તુવ પથ બૈઠ નિહારહી નવ કુંજકુટિ કે દ્વારરી પ્યારી ।
લોચન ભરભર લેત હૈ સુંદર વ્રજરાજ કુમારરી પ્યારી ।।૨।।
અપને કરન ગૂંથહી વિવિધ કુસુમ કી ચોલીરી પ્યારી ।
તેરે ઉર પહિરાવહી ચલ વેગ ઉઠિ તુ બોલરી પ્યારી ।।૩।।
કબહુંક નૈનન મૂંદકે કરત વદન તુવ ધ્યાનરી પ્યારી ।
તન પુલકિત ભુજ ભેંટહી કરત સુધાધર પાનરી પ્યારી ।।૪।।
ચંદ દેખ આનંદહી તુવ મુખકી અનુહારરી પ્યારી ।
ઈહછબિ વાહી ન પૂજહી નિરખ કલંક વિચારરી પ્યારી ।।૫।।
જદપિ સકલ વ્રજસુંદરી કબહુ ન મન અરુઝાયરી પ્યારી ।
ચાતક જલધર બૂંદ જયોં ભૂવજલ તૃષા નહિ જાયરી પ્યારી ।।૬।।
પિયકો પ્રેમ સખી મુખ સુન્યો તબહી ચલી ઉઠ ધાયરી પ્યારી ।
ગોવિંદ પ્રભુ પિયસોં મિલી રહસિ કંઠ લપટાયરી પ્યારી ।।૭।।

શૃંગાર (રાગ - કાફી)

મિલિ ખેલે ફાગ વનમેં શ્રીવલ્લભબાલા । સંગ ખરે રસરંગ ભરે નવરંગ ત્રિભંગીલાલા ।।૧।।
બાજત બાંસુરી ચંગ ઉપંગ પખાવજ આવજ । ગાવત ગારી દે દે વ્રજનારી મનોહર ગીત રસાલા ।।૨।।
કંચનવેલિ કરે જાનો કેલિ પરે બિચ શ્યામ-તમાલા । ધાઈ હરે હસિ અંક ભરે છુટે કેસ ટૂટી ઉરમાલા ।।૩।।
સીંચત અંગન રંગ ભરે બાઢયો પ્રેમ પ્રવાહ રસાલા ।
મેન સેન ખુર રેણુ ઉડી નભ છાયો અબીર ગુલાલ ।।૪।।
દેખ થકી ભંવરી સવરી મૃગી મોરી ચકોરિન જાલા । રાધાકૃષ્ણ વિલાસ સરોજ **ગદાધર** મન્ન મરાલા ।।૫।।

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ચતુર્દશી

શૃંગાર દર્શન

ગુજરાતી : મહા વદ ચૌદસ



ઈન્દુબેન રસીકલાલ ધારીયાના

શૃંગાર દર્શન

સહેરાના શૃંગારમાં શ્રીગોવર્ધનધરપ્રભુ, શ્રીસ્વામિનીજી અને શ્રીયમુના મહારાણીજી - વિવાહ ઉત્સવના ચિત્રકામવાળી સુંદર પિછવાઈ ધરી છે. આવી ચિત્રકામવાળી પિછવાઈ શૃંગાર દર્શનમાં ધરાય છે. ત્યારબાદ વડી થઈ જાય અને સફેદ સાદી પિછવાઈ ધરાય, જેના ઉપર રાજભોગમાં ખેલ થાય. શૃંગારદર્શનમાં પિછવાઈ કે વસ્ત્ર ઉપર રંગોથી ખેલ થયેલ નથી.

કીર્તન : શયન દર્શન (રાગ - રાયસો)

મિલજુ ડંડારસ ખેલહી નંદરાય જુકી પોર । આનંદ સો મન ભર રહ્યો નવલ કિસોરી કિસોર ॥૧॥
લટકત ફિરત રગમગે ઈતગોપી ઉત ગ્વાલ । માનો છુટી મદનકી મત ગજનકી ઢાલ ॥૨॥
ગારી દેત સુહાવની ઈત સબ ગોપિકા નાર । ઉત સબ હોંલે બોલેં બાલક નંદકુમાર ॥૩॥
બાજે બહુવિધ બાજે તાલ મૃદંગ ઉપંગ । ઝાંઝ ઝાલરી કિન્નરી મુરલી ડફ મુખ ચંગ ॥૪॥
ચૌવા ચંદન છિરકહી અબીર ગુલાલ સુરંગ । ખેલત ખેલ ગહગહ્યો લાડલી લાલન સંગ ॥૫॥
મૃગમદ કેસર ઘોરકે લીને કર લપટાય । ઓચંકા આવત દૂરતેં ભાજત મુખહિ લગાય ॥૬॥
તબ વૃષભાનદુલારી પકરે મદનગોપાલ । માનો કંચન બેલી લપટી શ્યામ તમાલ ॥૭॥
ઝુમ રહી ચહુંદિસતે નેક ન રાખત લાજ । માનો ભૂતલ ઉદયો નક્ષત્ર સહિત ઉડુરાજ ॥૮॥
કાજર લોચન આંજ કે કટિપટ લેહિ ઉતાર । આલિંગન જુ દેત હૈ યે સબ વ્રજકી નાર ॥૯॥
ગિરિધર અધર-સુધા હુકો કોઉ પીવત ન અઘાય । હા હા ખાઉ તો છાંડિદે પ્યારી કો શિરનાય ॥૧૦॥
ઝટકત ગહિ મોતિન લર બૂઝત ચિબુક ઉઠાય । મનમાન્યો ફગુવા લિયો પીતાંબર દિયો આય ॥૧૧॥
શ્રીગોકુલ ગામ સુહાવનો કીની બહુવિધ કેલિ । ચિરજીયો દુલ્હે દુલ્હનિ મિલિ મન્મથદલ પેલિ ॥૧૨॥
સિમિટ સકલ વ્રજવાસી સૂરસુતા ચલે ન્હાન । વિમલ વસન તન પહેરે દેત વિપ્રન બહુદાન ॥૧૩॥
કુસુમ વૃષ્ટિ સુરપતિ કરે લીલા દેખે આય । વલ્લભ ચરન પ્રતાપતે **કૃષ્ણદાસ** મુખ ગાય ॥૧૪॥

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ચતુર્દશી

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા વદ ચૌદસ



વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ ચતુર્દશી

ગુજરાતી : મહા વદ ચૌદસ

આજના શૃંગાર : સૂથન - ચાકદાર - દુમાલો - સહેરો

સાજ : સફેદ પિછવાઈ ઉપર ગુલાલથી લગ્નમંડપની ચોરી માંડેલી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ચંપાઈ રંગનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન ચોળી અને ચાકદાર વાગો તથા રાજાશાહી પટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર અબીલ-ગુલાલથી ખેલ થયા છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ, લીલા, મેઘશ્યામ અને સફેદ મીના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે ચંપાઈ રંગના દુમાલા ઉપર સોનાનો મીનાકામનો સહેરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં મકરાકૃત કુંડલ ધર્યાં છે. જમણી બાજુ મોતીની ચોટી ધરી છે. લાલ અને પીળાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ દર્શન (રાગ - સારંગ)**

નંદકિશોર કિશોરી કી જોરી હો હો હો કહિ ખેલત હોરી ।
ગ્વાલ બજાવત ડફ મૃદંગ મોહન મુરલી ધ્વનિ થોરી ॥૧॥
ઈત વ્રજનારી ગારી દેત પરસ્પર રંગ બઢયો દુહૂં ઓરી ।
ગિરિધર દૌર આય વદન લગાવત ચંદન બંદન રોરી ॥૨॥
વચન બાંધકે છલ કર લાઈ ગાંઠ શ્યામસો જોરી ।
તેલ ચઢાવત ગીત વ્યાહ કે સબે સયાની ભોરી ॥૩॥
મોર મુકુટકો મોર બનાયો દઈ હૈ ચંદ્રિકા કી મોરી ।
દુલ્હે **પર્વતસેન** કો પ્રભુ દુલહનિ રાધા ગોરી ॥૪॥

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ અમાવસ્યા

મંગળા દર્શન

ગુજરાતી : મહા વદ અમાસ



વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ અમાવસ્યા — **ચિત્ર પરિચય** — ગુજરાતી : મહા વદ અમાસ

વસ્ત્ર : ઘેરા લીલા રંગનો ગુલાબી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : કેસરી રંગનો અબીલ-ગુલાલ વગેરેથી ખેલાવેલો દુમાલો, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નકવેસર ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજા કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ ઋતુઅનુસાર ઉપયોગમાં લઈ શકાય.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ નવીન સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ : કાફી)**

મેરો નવરંગ બિહારી । બલબલ જાઉં તિહારી ।।૧।।
બાજે બહુભાંતિ બજાવે । નાના રસરંગ બઢાવે ।।૨।।
ગાવે ગુણગીત રસાલા । ભાવે મોહિ નંદકોલાલા ।।૩।।
લિયે સંગ રાધા ગોરી । બોલે સબ હો હો હોરી ।।૪।।
ટેઢી શિર પાગ સંવારી । નાચે ગતિ ભેદસોં ભરી ।।૫।।
સોંધેં સો ભીનો વાગો । સારી રતિ રેનકો જાગ્યો ।।૬।।
શોભા કહા બેન વખાને । **માધુરી** કે નેનન જાને ।।૭।।

શૃંગાર (રાગ : દેવગંધાર(પંચમ))

હો હો હોરી ખેલન જૈયે ।
આજ ભલો દિન હે મેરી પ્યારી નિતહી સુહાગ બઢૈયે ।।૧।।
સોવત જાય જગાઈ સુંદરી કરિ ઉબટનો સીસ ન્હવૈયે ।
સાદા ચૂરી ખુભી નકવેસરિ રાધા કુંવરી બનૈયે ।।૨।।
ચોવા ચંદન ઓર અરગજા અબીર ગુલાલ ઉઠૈયે ।
નવમટુકિ ભરી કેસરિ ઘોરી પ્રથમકુંજ છિરકૈયે ।।૩।।
ધાવત સબ ઈતતે વ્રજનારી કમલન માર મચૈયે ।
તાલ મૃદુંગ ઢોલ ડફ મહુવરિ, ઝાંઝન ઝમક મિલૈયે ।।૪।।
ઈતરાધા ઉત મોહન પ્યારો મુરલી શબ્દ સુનૈયે ।
કુંજ ઓટ લલિતા **હરિદાસી** રાગ દામોદર ગૈયે ।।૫।।

વ્રજ : ફાલ્ગુન કૃષ્ણ અમાવસ્યા

રાજભોગ દર્શન

ગુજરાતી : મહા વદ અમાસ



આજના શૃંગાર : સૂથન - ઘેરદાર/પાઘ - ચંદ્રિકા

સાજ : સફેદ મલમલની સાદી પિછવાઈ ધરી છે, જેના ઉપર કેસૂડા અને ગુલાલથી ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : શ્યામરંગનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ઘેરદાર વાગો અને ચોળી ધર્યાં છે. ઉર્ધ્વભુજા તરફ શ્યામ રંગનો કટિપટુકો ધર્યો છે. ઘેરા લીલા રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર અબીલ-ગુલાલથી ખેલ થયા છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ અને સફેદ મીના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** શ્યામ રંગની ગોળ પાગ ઉપર શિરપેચ તથા સોનેરી ચમકની ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ પુષ્પોનાં, કલાત્મક થાગવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : પુષ્પછડી અને વેણુ-વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ દર્શન (રાગ - સારંગ)**

મોહન ખેલત હોરી ॥ધ્રુ॥ બંસીબટ જમુનાતટ કુંજન તર ઠાડે બનવારી । ઉતહી સખિન કો મંડલ જોર શ્રીવૃષભાન દુલારી ॥ હોડા હોડી કરત પરસ્પર ગાવત આનંદ ગારી । અબીર ગુલાલ ફેંટ ભર ભામિની કરકંચન પિચકારી ॥૧॥ બાજત બીન બાંસુરી કિન્નરી મહુવર અરુ મુખ ચંગા । આવજ અમૃત કુંડલી અઘવટ તાતેં સરસ ઉપંગા ॥ તાલ મૃદંગ ઝાંઝ ડફ બાજત સૂરકે ઉઠત તરંગા । ગાવત નાચત કરત કુતૂહલ છિરકત કેસર અંગા ॥૨॥ તબહી શ્યામ સબ સખા બુલાયે સબહિન મતો સુનાયે । ભૈંયા તુમ ચોક્કસ રહીયો મતિ કોઉ ઉપાય ગહાયો ॥ જો કાહુકો પકર પાયે હૈ કરિ હૈ મનકો ભાયો । તાતેં સાવધાન વ્હૈ રહિયો મેં તુમકો સમઝાયો ॥૩॥ તબહી કિસોરી રાધા ગોરી મનમેં મતોજુકીનો । એક સખી તા બોલ આપની ભેખ સુબલ કો દીનો ॥ તાકે મિલન ચલે ઉઠ મોહન સખા ન કોઉ ચીન્હો । નૈંસિક બાત લગાય લાલકો પાછે તે ગહિલીનો ॥૪॥ આઈ સિમિટ સકલ વ્રજસુંદરી મોહન પકરે જબહી । માંગત હુતિ યહી વિધિનાપે દાવજો પાયો અબહી ॥ તબ તુમ વસન હરેજુ હમારે હા હા ખાઈ સબહી । અબ હમ વસન છીનકે લૈયે હાહા ખૈહો તુમ્હી ॥૫॥ એક કહે નૈક વદન ઉઘારો હમહુ દેખન પાવે । એક કહે મુખ માંડ શ્યામકો માથે બંદા લાવે ॥ શ્રીમુખ કમલનયન મેરે મધુકર તીનકી તૃષા બુઝાવે । એક કહે નેક ઈતહિ નચાવો હમ સબ તાલ બજાવે ॥૬॥ એક સખી મધુરે સ્વર ગાવે મુખતે ગારી ભાખે । એકજુ હસત દૂર ભઈ ઠાડી ઘૂંઘટ પટ મુખ ઢાંકે ॥ એક સખી હરિકો મુખ ચિતવત તનકી દશા ન તાકે । શ્રીહરિચરિત્ર અંતકો પાવે સબહિન કી દિશ તાકે ॥૭॥ એકજુ સખી આયે પાછે તે મોર પક્ષ ગહિ લીનો । એક અચાનક આયે લાલકો પીતાંબર ગહિ છીનો ॥ એકન આંખ આંજ મુખ માંડયો ઉપર ગુલચા દીનો । માનત કૌન ફાગ મેં પ્રભુતા મન માન્યો સો કીનો ॥૮॥ એક કહે બોલો બલભૈયા તુમ્હે હી આન છુડાવે । સખા એક પઠવો ઘરકો જસુમતિ કો લે આયે ॥ છલબલસો છુટયો ચાહત હો ગહે ન છુટત પાવે । શ્રીરાધાજુકો કરો વિનંતી સો તુમ ભલેહી છુડાવે ॥૯॥

(અપૂર્ણ, જુઓ પરિશિષ્ટ-૧)

(શયનદર્શનનાં પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ સુદ એકમ



વ્રજ : ફાલ્ગુન શુક્લ પ્રતિપદા

ચિત્ર પરિચય

ગુજરાતી : ફાગણ સુદ એકમ

વસ્ત્ર : લાલ રંગનો, પીળી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર શ્યામ રંગની અબીલ ગુલાલથી ખેલાવેલી ગોળ પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ સમર્પી શકાય.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત યથામનોરથ, યથાશક્તિ, ઋતુ અનુસાર ઉત્સવની કોઈ એક વિશેષ સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવાં.

કીર્તન : **મંગલા તથા શૃંગાર દર્શન (રાગ : બિલાવલ)**

પરિવા પ્રથમ કુંવર અતિ વિહરત ગોપિન સંગા । તાલ મુરંજ બહુબાજે ઓર આનક મુખ ચંગા ।।૧।।
ઢોલ ભેરિ ઢોલક છબિ વેન મૃદંગ ઉપંગા । રુંજ મુરંજ ઓર દુંદુભી ઝાલરિ તરલ તરંગા ।।૨।।
વિવિધ પખાવજ આવજ ઝાંઝ બીના ડફ જોરી । બિચબિચ ગોમુખ સુનિયત બિચ મુરલીકી ઘોરી ।।૩।।
ગ્વાલ પરસ્પર રાજે મનિમય જેરી હાથા । બુકા કનિક પિચકાઈ ભરી ભરી છિરકત ગાથા ।।૪।।
ચલો સખી દેખન જૈયે વિહરત સિંઘદ્વારા । સુનિ મન હરખિ સકલ ત્રિય લાગી કરન સિંગારા ।।૫।।
નીલવસન તન સારી લહેંગા લાલ સુરંગા । કંચુકી લલિત કુચનપર માનો લજિત અનંગા ।।૬।।
સોધેં સીસ સરસ કરી બેની સુમન સંવારી । માનો કનિક ખંભલગિ ઝુમત પન્નગનારી ।।૭।।
સીસ ફૂલ રચિ તિલક ભ્રકુટી બિચ વંદન રોપ્યો । માનો સરાસન સાજિ વાન મનમથ કોપ્યો ।।૮।।
વંદન માંગન મધિ રતિ રાજત કચ સુઢારે । માનો શેષ સીસપર ઠાડો અક્ષત ડારે ।।૯।।
નેન કુરંગ શ્રવન જુગ ચારુ ચક્ર વિરાજે । માનહુ શશિ અવનિ પર દેખિયત રવિરથ સાજે ।।૧૦।।
નખશિખતે યુવતિ બનિ ગઈ સબ સિંઘદ્વારા । હમારો ફગુવા દેહુ મોહન નંદકુમારા ।।૧૧।।
કાહે મોહનરાય ભાજો કાહે ઓલે લેહો । કુમુદ બંધુ જો નિકસત નેંકુ દિખાઈ દેહો ।।૧૨।।
ફગુવા કો મિસ જૂઠો હરિ દરસન કી આશા । દેખન કો જીય તરસત લોચન મરત પિયાસા ।।૧૩।।
સુનિ મન હરષિ જસોમતિ ઉનકો આસન દીનો । કુકુંમ જલસો ઘોરિ સબન મુખ મંજન કીનો ।।૧૪।।
વરન વરન પટ દીયે ગોદન ભરી જુ મીઠાઈ । યહ વિધિ નંદઘરની વ્રજકી તરુની પહરાઈ ।।૧૫।।
ગાન કરત મન હરત મુદિત મન દેત અસીસા । તુમ્હારો કુંવર જસોમતિ જીવો કોટિ વરીસા ।।૧૬।।
જિનદેખે નેંન સિરાત અઘાત ન પીવત પ્યાસા । તીનકી ચરન કમલ રજ પાવે **માધોદાસા** ।।૧૭।।

વ્રજ : ફાલ્ગુન શુક્લ પ્રતિપદા **રાજભોગ દર્શન** ગુજરાતી : ફાગણ સુદ એકમ



આજના શૃંગાર : સૂથન-ચાકદાર, પાઘ-મોરશીખા

સાજ : સફેદ સાદી પિછવાઈ ધરી છે, જેના ઉપર વિવિધ રંગોથી કલાત્મક રીતે સુંદર ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ગુલાબી રંગનાં, રૂપેરી જરીની તૂઈ લેસની કિનારીવાળાં સૂથન, ચોળી અને ચાકદાર વાઘો ધર્યાં છે. વસ્ત્રો ઉપર વિવિધ રંગોથી કલાત્મક રીતે ખેલ થયા છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. લીલા, પીરોજાનાં, સફેદ મીના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે ગુલાબી રંગની ગ્વાલ પાગ ઉપર શિરપેચ, લૂમ તથા સોનેરી મોરશીખા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં કલાત્મક થાગવાળાં બે માળાજી ધર્યાં છે. કપોલ ઉપર ગુલાલથી ખેલ થયેલ છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને બે વેત્ર ધર્યાં છે.

નોંધ : હોળીખેલનાં દિવસોમાં કીર્તનગાન સાથે વાગતાં વાદ્યો સંયોગ અને વિયોગાત્મક ઉભય લીલા વેષ્ટિત છે. તેને નીચે પ્રમાણે સમજી શકાય :

	નામ	સંયોગ	વિયોગ
૧	શ્રીસ્વામિનીજી	વીણા	મુરલી
૨	રાજસ શ્રુતિરૂપા	અમૃતકુંડલી	મદનભેરી
૩	તામસ શ્રુતિરૂપા	દુંદુભી	ઝાલર
૪	સાત્ત્વિક શ્રુતિરૂપા	નિશાન	ઝાંઝ
૫	સાત્ત્વિક કુમારિકા	નગારા	ગિટગિટ
૬	રાજસ કુમારિકા	શંખ	પીનસ
૭	તામસ કુમારિકા	ઘંટા	રવાબ
૮	નિત્યસિદ્ધા તામસ	મુખચંગ	મૃદંગ
૯	નિત્યસિદ્ધા રાજસ	શૃંગ	શહનાઈ
૧૦	નિત્યસિદ્ધા	ખંજરી	મહાવર

સર્વ ગોપીજનોનાં યૂથ પ્રભુ સાથે હોરી ખેલવા પધારે છે. હોરીની સર્વ વસ્તુઓ અને વાદ્યો સાથે આ મહારસરૂપા ગોપીજનો હોરીખેલની અલૌકિક લીલા કરે છે.

(રાજભોગ અને શયનદર્શનનાં પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ સુદ બીજ



વ્રજ : ફાલ્ગુન શુક્લ દ્વિતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : ફાગણ સુદ બીજ

વસ્ત્ર : લાલ રંગની છીંટનો પીળી કસોવાળો ગદલ ધર્યો છે.

શ્રૃંગાર : શ્રીમસ્તક ઉપર ગુલાબી રંગની અબીલ-ગુલાલથી ખેલાવેલી ગ્વાલ પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે ધર્યાં છે. અન્ય શ્રૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ સમર્પી શકાય.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઉત્સવની એક અધિક સામગ્રી ધરવી. શયનભોગમાં વિશેષમાં નારંગીભાત, મગની છૂટી દાળ, લીલા ચણાનું શાક અને પાપડ ધરાય છે. રાત્રે આઠ કેળનાં પત્તાંની કુંજ શૈયાજી ઉપર બંધાય છે અને અનોસર ભોગ ધરાય છે. અનોસર ભોગમાં બુડકલની સામગ્રી, લીલા ચણાની કચોરી તથા વિવિધ ફીકી અને મીઠી સામગ્રી ધરાય છે. આપણે યથાશક્તિ, યથા મનોરથ, ઋતુ અનુસાર સુંદર સામગ્રી ધરવી અને પ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **શ્રૃંગાર (રાગ - આસાવરી)**

બરસાને કી નવલ નાર મીલ હોરી ખેલન આઈ હો ।
વરવટ ધાય જાય યમુનાતટ ઘેરે કુંવર કન્હાઈ હો ।।૧।।
અતિ ઝીની કેસર રંગભીની સારી સુરંગ સુહાઈ હો ।
કંચન બરન કંચુકી ઉપર ઝલકત જોબન ઝાંઈ હો ।।૨।।
કેસર કસ્તુરી મલયાગર ભાજન ભર ભર લાઈ હો ।
અબીર ગુલાલ ફેંટ ભર ભામિની કરન કનક પિચકાઈ હો ।।૩।।
ઉતતે ગોપ સખા સબ ઉમડે ખેલ મચ્યો ઉદમાઈ હો ।
બાજત તાલ મૃદંગ ઝાંઝ ડફ મુરલી મધુર બજાઈ હો ।।૪।।
ખેલત ખેલત રસિક શિરોમનિ રાધાજુ નિકટ બુલાઈ હો ।
‘ઋષીકેશ’ પ્રભુ રીઝિ શ્યામઘન બનમાલા પહેરાઈ હો ।।૫।।

(મંગળાના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ દ્વિતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ સુદ બીજ



વ્રજ : ફાલ્ગુન શુક્લ દ્વિતીયા ગુજરાતી : ફાગણ સુદ બીજ

આજના શૃંગાર : પાગ-કતરો, ઘેરદાર વાગા ઉપર ચંદનની ચોલી અને કટિ પટુકો

સાજ : સફેદ મલમલની સાદી પિછવાઈ ધરી છે, જેના ઉપર વિવિધ રંગોથી કલાત્મક રીતે ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સફેદ સૂથન, ઘેરદાર વાગો અને ચંદનની પીળી ચોળી તથા ચંદનનો કટિપટુકો ઊર્ધ્વભુજા તરફ ધર્યો છે. ઠાડું વસ્ત્ર ઘેરા લીલા રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર અબીલ ગુલાલ અને વિવિધ રંગોથી કલાત્મક રીતે ખેલ થયા છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ તથા સફેદ મીનાનાં અને સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે સફેદ ગોળ પાગ ઉપર શિરપેચ અને દોહરા કતરા ધર્યા છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં ગોળ કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત રંગનાં પુષ્પોની બે સુંદર માળાજી ધરી છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી અને વેણુવેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ દર્શન (રાગ - સારંગ)**

અહો પિય લાલ લડેંતી કો ઝુમકા, સરસ સુર ગાવત મિલ વ્રજબાલ, અહો કલ કોકિલ કંઠ રસાલ ।।
લાલ બલિ ઝુમકા હો ।।ધ્રુ।।
નવજોબની શરદ શશિ વદની યુવતી યૂથ જુર આઈ । નવસત સાજ શૃંગાર સુભગ તન કરન કનક પિચકાઈ ।।
એકન સુવન યૂથ નવલાસી દામિનીસી દરસાઈ । એક સુગંધ સંભાર અરગજા ભરન નવલકો આઈ ।।૧।।
પહેરે વસન વિવિધ રંગરંગન અંગ મહારસ ભીની । અતરોંટા અંગિયા અમોલ તન સુખ સારી અતિ ઝીની ।।
ગજગતિ મંદ મરાલ ચાલ ઝલકત કિંકિણી કટિ ઝીની । ચોકી ચમક ઉરોજ યુગલ પર આન અધિક છબિ દીની ।।૨।।
મૃગમદ આડ લલાટ શ્રવણ તાટક તરણિ દ્યુતિ હારી । ખંજન માન હરન અખિયાં અંજન રંજિત અનિયારી ।।
યહ બાનિક બન સંગ સખી લીની વૃષભાન દુલારી । એક ટક દૃષ્ટિ ચકોર ચંદ જ્યોં ચિતયે લાલ વિહારી ।।૩।।
રુરકત હાર સુઢાર જલજમનિ પોત પુંજ અતિ સોહે । કંઠસરી દુલરી દમકનિ ચોકા ચમકનિ મન મોહે ।।
બેસર થરહરાત ગજમોતી રતિ ભૂલી ગતિ જો હે । સીસ ફૂલ સીમંત જટિત નગ બરન કરન કવિ કો હે ।।૪।।
નવલનિકુંજ મહલ રસપુંજ ભરે પ્યારી પિય ખેલે । કેસર ઔર ગુલાલ કુસુમજલ ઘોર પરસ્પર મેલે ।।
મધુકર યુથ નિકટ આવત ઝુક અતિ સુગંધકી રેલે । પ્રીતમ શ્રમિત જાન પ્યારી તબ લાલ ભૂજા ભર ઝેલે ।।૫।।
બહુવિધ ભોગ વિલાસ રાસરસ રસિક વિહારન રાની । નાગર નૃપતિ નિકુંજ વિહારી સંગ સુરતિ રતિ માની ।।
યુગલકિશોર ભોર નહી જાનત યહ સુખ રૈન વિહાની । પ્રીતમ પ્રાણ પિયા દોઉ વિલસત લલિતાદિક ગુનગાની ।।૬।।

(શયનદર્શનના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ સુદ ત્રીજ



વ્રજ : ફાલ્ગુન શુક્લ તૃતીયા — ગુજરાતી : ફાગણ સુદ ત્રીજ

વસ્ત્ર : કેસરી રંગનો લીલી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર સફેદ રંગની, અબીલ ગુલાલથી ખેલાવેલી ગોળ પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ સમર્પી શકાય.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત ઉત્સવની એક વિશેષ સામગ્રી યથાશક્તિ, યથામનોરથ, ઋતુ અનુસાર ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - જેતશ્રી / આશાવરી)**

યા ગોકુલ કે ચોહટે રંગ રાચી ગ્વાલ । મોહન ખેલે ફાગ નૈન સલોનરી રંગ રાચી ગ્વાલ ।
નરનારી આનંદ ભયો રંગ રાચી ગ્વાલ । સામલ કે અનુરાગ નૈન સલોનરી રંગ રાચી ગ્વાલ ।।૧।।
દુંદુભી બાજે ગહગહે રંગ રાચી ગ્વાલ । નગર કુલાહલ હોય નૈન સલોનરી રંગ રાચી ગ્વાલ ।
ઉમડયો માનસ ઘોખકો રંગ રાચી ગ્વાલ । ભવન રહ્યો નહીં કોય નૈન સલોનરી રંગ રાચી ગ્વાલ ।।૨।।
ડફ બાંસુરી સુહાવની રંગ રાચી ગ્વાલ । તાલ મૃદંગ ઉપંગ નૈન સલોનરી રંગ રાચી ગ્વાલ ।
ઝાંઝ ઝાલરી કિન્નરી રંગ રાચી ગ્વાલ । આવજ કર મુખ ચંગ નૈન સલોનરી રંગ રાચી ગ્વાલ ।।૩।।
ઉતહિ સમાજ ગોપાલ કો રંગ રાચી ગ્વાલ । બલિ યુત નંદકુમાર નેન સલોનરી રંગ રાચી ગ્વાલ ।
ઉત ગોપી નવજોબના રંગ રાચી ગ્વાલ । અંબુજ લોચન ચારુ નૈન સલોનરી રંગ રાચી ગ્વાલ ।।૪।।
ગારી દેત સુહાવની રંગ રાચી ગ્વાલ । પ્રમુદિત ગોપ કંદબ નૈન સલોનરી રંગ રાચી ગ્વાલ ।
યુવતિયૂથ એકત્ર ભયે રંગ રાચી ગ્વાલ । ગાવત મદન વિટંબ નેન સલોનરી રંગ રાચી ગ્વાલ ।।૫।।
રતન જટિત પિચકાઈયા રંગ રાચી ગ્વાલ । કરલીયે ગોકુલનાથ નૈન સલોનરી રંગ રાચી ગ્વાલ ।
તકિ છિરકે વનિતા વૃંદકો રંગ રાચી ગ્વાલ । જે રાધા કે સાથ નૈન સલોનરી રંગ રાચી ગ્વાલ ।।૬।।
કેસૂ કુસુમ નિચોયકે રંગ રાચી ગ્વાલ । ભરત પરસ્પર આનિ નૈન સલોનરી રંગ રાચી ગ્વાલ ।
મૃગમદ ચોવા કુકુમા રંગ રાચી ગ્વાલ । ચારુ ચતુર સવસાનિ નૈન સલોનરી રંગ રાચી ગ્વાલ ।।૭।।
સુરંગ ગુલાલ ઉડાવહી રંગ રાચી ગ્વાલ । બૂકા બંદન ધૂલિ નૈન સલોનરી રંગ રાચી ગ્વાલ ।
ચઢિ વિમાન સુર દેખહી રંગ રાચી ગ્વાલ । દેહ દશા ગઈ ભૂલિ નૈન સલોનરી રંગ રાચી ગ્વાલ ।।૮।।
ખેલ મચ્યો અતિગહગહ્યો રંગ રાચી ગ્વાલ । ચિતવત વ્રજ વધૂ ધાય નૈન સલોનરી રંગ રાચી ગ્વાલ ।
રાધા રસિક ગુપાલકી રંગ રાચી ગ્વાલ । **આસકરન** બલિજાય નેન સલોનરી રંગ રાચી ગ્વાલ ।।૯।।

શૃંગાર (રાગ - જેતશ્રી / ધનાશ્રી)

રંગીલેરી છબીલે નયના રસભરે નયના નાચત મુદિત અનેરેરે ।
ખંજરીટ માનો મહામત્ત દોઉ કેસે હુ ધીરત ન ઘેરે ।।૧।।
શ્યામશ્વેત રાતે રંગ રંજીત માનો ચિત્ર ચિતેરે । **કુંભનદાસ** પ્રભુ ગોવર્ધનધર શ્યામ સુભગ તન હેરે ।।૨।।

વ્રજ : ફાલ્ગુન શુક્લ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ સુદ ત્રીજ



વ્રજ : ફાલ્ગુન શુક્લ તૃતીયા ગુજરાતી : ફાગણ સુદ ત્રીજ

આજના શૃંગાર : ટીપારાનો સાજ - સૂથન - ચાકદાર

સાજ : સાદી સફેદ પિછવાઈ ધરી છે, જેના ઉપર વિવિધ રંગોથી કલાત્મક રીતે ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પિરોજા રંગના, રૂપેરી લેસ તૂઈની કિનારીવાળાં સૂથન, ચોળી અને ચાકદાર વાઘો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર વિવિધ રંગોથી કલાત્મક રીતે ખેલ થયા છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ, લીલા, સફેદ મીનાના અને જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે સુવર્ણના જડાવ ટીપારાનો સાજ-પીરોજા રંગની ટોપી ઉપર વચ્ચે મોરશીખા તથા બંને તરફ દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં જડાવ મકરાકૃતિ કુંડલ ધર્યાં છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. લાલ અને શ્વેત પુષ્પોનાં સુંદર થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **શયન (રાગ - ગોરી)**

શ્રીવલ્લભકુલ મંડન પ્રગટે શ્રીવિઠ્ઠલનાથ ।
જે જન ચરન ન સેવત તિનકે જન્મ અકાથ ।।૧।।
ભક્તિ ભાગવત સેવા નિસદિન કરત આનંદ ।
મોહન લીલા-સાગર નાગર આનંદ કંદ ।।૨।।
સદા સમીપ વિરાજે શ્રી ગિરિધર ગોવિંદ ।
માનિની મોદ બઢાવે નિજજન કે રવિ ચંદ ।।૩।।
શ્રીબાલકૃષ્ણ મનરંજન ખંજન અંબુજ નયન ।
માનિની માન છુડાવે બંક કટાચ્છન સેન ।।૪।।
શ્રીવલ્લભ જગવલ્લભ કરૂણાનિધિ રઘુનાથ ।
ઔર કહાં લગિ બરનો જગવંદન યદુનાથ ।।૫।।
શ્રીઘનશ્યામ લાલ બલ અવિચલ કેલિ કલોલ ।
કુંચિત કેસ કમલ મુખ જાનો મધુપન કે ટોલ ।।૬।।
જો યહ ચરિત્ર બખાને શ્રવન સુને મન લાય ।
તિનકે ભક્તિ જુ બાઢે આનંદ ઘોસ વિહાય ।।૭।।
શ્રવન સુનત સુખ ઉપજત ગાવત પરમ હુલાસ ।
ચરણ કમલરજ પાવન બલિહારી **કૃષ્ણદાસ** ।।૮।।

(રાજભોગ દર્શનના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ સુદ ચોથ



વ્રજ : ફાલ્ગુન શુક્લ ચતુર્થી

ચિત્ર પરિચય

ગુજરાતી : ફાગણ સુદ ચોથ

વસ્ત્ર : કેસરી રંગનો લીલી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર પીરોજા રંગની અબીલ-ગુલાલથી ખેલાવેલી ગોળ પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ સમર્પાય છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રી માવાના ગુંજાની ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવાં.

કીર્તન : **મંગલા (રાગ - બિલાવલ)**

બરસાને કી ગોપી માગન ફગુવા આઈ । કીયો હે જુહાર નંદજુકો ભીતર ભવન બુલાઈ ॥૧॥
એક નાચત એક ગાવત એક બજાવત તારી । કાહે મોહન રાય દુરિ રહે મૈયા યદિ ગાવત ગારી ॥૨॥
આદર દેત વ્રજરાની અબ નિજ ભાગિ હમારે । પ્રીતમ સજન કુલવધૂ પાયે દરસ તુમ્હારે ॥૩॥
સુને કુંવરિ મેરી રાધે અબહી જિન મુખ માંડો । જેંવત શ્યામ સખન સંગ જિન પિચકાઈ છાંડો ॥૪॥
કેસરિ બહોત અરગજા કિત મોહન પર ડારો । સીત લગે કોમલ તન તુમહી ચિત્ત વિચારો ॥૫॥
અંચલ ઉપર દે રહી દોઉ મૈયા તન તોરી । બરજત ભર કુંકુમા નિર્ભય નવલકિસોરી ॥૬॥
કહત રોહિની જસોદા ઓલિ ઓડતી આગે । જાય ભરો વ્રજરાજે મોહન દીજે માંગે ॥૭॥
મોહન માંગે પૈયે તો દિન દસ હમ હી દેહો । ગોપકુંવર કે પલટે જો ચાહો સો લેહો ॥૮॥
સુબલ સુબાહુ શ્રીદામા સુનત અચાનક આયે । કંચન માટ ભરે દધિ લે ગોપિન સિર નાયે ॥૯॥
ગ્વાલ ગુપાલા સખા સબ હસત કરત કિલકારી । દૂધ લીયો ભીતરતે છિરકી સબ બ્રજનારી ॥૧૦॥
જો સુખ શોભા બાઢી કહત કહા કહી આવે । લલિતા કુંવરિ કુંવરકો અંચલ ગ્રહી ગ્રહી લાવે ॥૧૧॥
ભયે નિરંતર અંતર તજી વલ્લભ વ્રજબાલા । ગિરિ ગિરિ પડત ગલિનમેં હાર તોરી મનિમાલા ॥૧૨॥
પ્રભુ મુકુંદ વ્રજવાસી અટક કોનકી માને । કહત મૈયા **માધોજન** ચલો ભરો વૃષભાને ॥૧૩॥
ઈતનો માંગ્યો પાઉ દેહુ વૃંદાવન વાસા । કુંવર કુંવરી તહાં વિહરત ચરન કમલકી આશા ॥૧૪॥

શૃંગાર (રાગ - આસાવરી)

બરસાને કી નવલ નારિ મિલી હોરી ખેલન આઈ હો ।
બરવટ ધાય જાય યમુનાતટ ઘેરે કુંવર કન્હાઈ હો ॥૧॥
અતિ ઝીની કેસર રંગ ભીની સારી સુરંગ સુહાઈ હો ।
કંચન વરન કંચુકી ઉપર ઝલકત જોબન ઝાંઈ હો ॥૨॥
કેસર કસ્તુરી મલયાગર ભાજન ભરી ભરી લાઈ હો ।
અબીર ગુલાલ ફેંટ ભરી ભામિની કરન કનક પિચકાઈ હો ॥૩॥
ખેલત ખેલત રસિક શિરોમની રાધાજુ નિકટ બુલાઈ હો ।
ઋષીકેશ પ્રભુ રીઝી શ્યાનઘન વનમાલા પહેરાઈ ॥૪॥

વ્રજ : ફાલ્ગુન શુક્લ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ સુદ ચોથ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા અને સૂથન-ઘેરદાર

સાજ : સફેદ પિછવાઈ ધરી છે, જેના ઉપર વિવિધ રંગોથી કલાત્મક રીતે ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : કેસરી રંગનાં સૂથન, ચોળી, ઘેરદાર વાઘો અને કટિપટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર રૂપેરી તૂઈ લેસની કિનાર મૂકેલી છે અને કલાત્મક રીતે વિવિધ રંગોથી ખેલ થયેલ છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ, લીલા તથા સફેદ મીનાનાં અને જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે કેસરી રંગની ગોળ પાગ ઉપર શિરપેચ અને મોરપંખની સાદી ચંદ્રિકા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. લાલ અને પીળાં ફૂલોનાં સુંદર થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી તેમજ સોનાનાં વેણુવેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ દર્શન (રાગ - સારંગ)**

અહો પિય લાલ લડેંતી કો ઝુમકા, સરસ સુર ગાવત મિલ વ્રજબાલ, અહો કલ કોકિલ કંઠ રસાલ ।।
લાલ બલિ ઝુમકા હો ।।ધ્રુ।।
નવજોબની શરદ શશિ વદની યુવતી યૂથ જુર આઈ । નવસત સાજ શૃંગાર સુભગ તન કરન કનક પિચકાઈ ।।
એકન સુવન યૂથ નવલાસી દામિનીસી દરસાઈ । એક સુગંધ સંભાર અરગજા ભરન નવલકો આઈ ।।૧।।
પહેરે વસન વિવિધ રંગરંગન અંગ મહારસ ભીની । અતરોંટા અંગિયા અમોલ તન સુખ સારી અતિ ઝીની ।।
ગજગતિ મંદ મરાલ ચાલ ઝલકત કિંકિણી કટિ ઝીની । ચોકી ચમક ઉરોજ યુગલ પર આન અધિક છબિ દીની ।।૨।।
મૃગમદ આડ લલાટ શ્રવણ તાટક તરણિ દ્યુતિ હારી । ખંજન માન હરન અખિયાં અંજન રંજિત અનિયારી ।।
યહ બાનિક બન સંગ સખી લીની વૃષભાન દુલારી । એક ટક દૃષ્ટિ ચકોર ચંદ જ્યોં ચિતયે લાલ વિહારી ।।૩।।
રુરકત હાર સુઢાર જલજમનિ પોત પુંજ અતિ સોહે । કંઠસરી દુલરી દમકનિ ચોકા ચમકનિ મન મોહે ।।
બેસર થરહરાત ગજમોતી રતિ ભૂલી ગતિ જો હે । સીસ ફૂલ સીમંત જટિત નગ બરન કરન કવિ કો હે ।।૪।।
નવલનિકુંજ મહલ રસપુંજ ભરે પ્યારી પિય ખેલે । કેસર ઔર ગુલાલ કુસુમજલ ઘોર પરસ્પર મેલે ।।
મધુકર યુથ નિકટ આવત ઝુક અતિ સુગંધકી રેલે । પ્રીતમ શ્રમિત જાન પ્યારી તબ લાલ ભૂજા ભર ઝેલે ।।૫।।
બહુવિધ ભોગ વિલાસ રાસરસ રસિક વિહારન રાની । નાગર નૃપતિ નિકુંજ વિહારી સંગ સુરતિ રતિ માની ।।
યુગલકિશોર ભોર નહી જાનત યહ સુખ રૈન વિહાની । પ્રીતમ પ્રાણ પિયા દોઉ વિલસત લલિતાદિક ગુનગાની ।।૬।।

(શયનદર્શનના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ પંચમી

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ સુદ પાંચમ



વ્રજ : ફાલ્ગુન શુક્લ પંચમી

ચિત્ર પરિચય

ગુજરાતી : ફાગણ સુદ પાંચમ

વસ્ત્ર : ઘેરા લીલા રંગનો પીળી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કેસરી રંગની અબીલ-ગુલાલથી ખેલાવેલી ગોળ પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ સમર્પી શકાય.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઉત્સવની કોઈ એક સામગ્રી યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સિદ્ધ કરી ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવાં.

કીર્તન : **મંગલા (રાગ - આસાવરી)**

ભયો મદન પ્રચંડ એ હરિ ખેલિએ મિલિ આઈ । ગોપ સબ મિલિ મતો મતિએ રોકીએ વ્રજ જાઈ ॥૧॥
તરનિ તનયા તટ બિપિન મેં ઘેરિ સકલ સમાઈ । રૈનદિન ઈકુ ઠૌર રહિએ છાંડિએ બન ગાઈ ॥૨॥
સાજિયે કર કનક પિચકાઈ વિવિધ રતન જરાઈ । તકિ તકિ ચલાઈ સન્મુખ ડારિએ મુસિકાઈ ॥૩॥
જોરિએ કિન સાજ અપનૌ એકુ એકુ શિખાઈ । લૈ ગુલાલ મુઠિન ભરિ ભરિ ભાજિએ કિલકાઈ ॥૪॥
ઘોરિ કેસુ કુમકુમા રસ સીસ કલસ ચઢાઈ । તાલ બીના ઝાંઝ કિન્નરિ લેહુ ડફ મઢવાઈ ॥૫॥
દૌરિએ વ્રજબાલ ઉપરિ દેહુ તિન હી હરાઈ । કુસુમ પલ્લવ માલ અપને ઉર પહિરાઈ ॥૬॥
ઘોખ કાહુ ન જાન કહિએ દીજીયે જુ દુહાઈ । લીજિએ અચરા પકર કૈ કીજિએ મન ભાઈ ॥૭॥
અંગ અંગ અનંગ પ્રકટયો વિવશતા કો પાઈ । ભવન ભવન નિસાન લૈલે ફિરતિ ઉનમદ ભાઈ ॥૮॥
તાન કોઉ તોરિ નાચે ફાગુ ગીત ગવાઈ । જાઈ પનઘટ એકઠે વ્હૈ બાલવૃંદ લરાઈ ॥૯॥
ભયૌ વ્રજમેં અતુલ આનંદ કહા રસના ગાઈ । દેવગન નિજ ગેહ ભૂલે કેલિ લખિ સુખદાઈ ॥૧૦॥
બસન ભૂષન દઈ રુચિસો મોલ સરસ મંગાઈ । પઢતિ સ્તુતિ પરસ્પર મિલિ જિયો વ્રજકે રાઈ ॥૧૧॥
વિવિધ કુસુમનિ હોત બરખા સુર વિમાનન છાંઈ । કમલવદન નિહારિ વ્રજજન રહત મન અરુઝાઈ ॥૧૨॥
દેત સરબસુ વારિ મુખ પૈ ધરતિ ચિતમે ચાઈ । કાનિ પરત ન ગુરુ જનનકી લસતિ ભુજ લપટાઈ ॥૧૩॥
બજે બાજે મુરજ આવજ ઢોલ અરુ શહનાઈ । ગારી ગાવે દિહુનિ સાતૈં હાવભાવ બતાઈ ॥૧૪॥
રગમગે નંદલાલ હરખે હિયો અધિક સિરાઈ । કહા બરનૌ બાલ મતિ સોં જાતિ સુધિ વિસરાઈ ॥૧૫॥
શ્રીવિઠ્ઠલેશ પ્રતાપ કો બલ લેહુ નિસ દિન ગાઈ । યહ લીલા દેખિ **જન ગિરિધરી** ગહે જિનકે પાઈ ॥૧૬॥

શૃંગાર (રાગ - બિલાવલ)

હોરી ખેલે મોહના રંગભીને લાલ । રસિક મુકુટમણિ રાધિકા, સંગ અંગ વ્રજબાલ ॥૧॥
કપુર કુંકુમા ઘોરિકે સુગંધ સંભારી । કીયો અરગજા રંગકો બિચ મૃગમદ ડારી ॥૨॥
રતનખચિત કરમેં લઈ કંચન પિચકારી । છિરકત કુંવર કિશોરકો ચંદ્રાવલિ નારી ॥૩॥
ભરત ગુલાલ ભામિની ઝકઝોરા ઝકઝોરી । કોઉ કરતે મુરલી લઈ કોઉ પીત પીછોરી ॥૪॥
લલિતા લલિત વચન કહે ફગુવા દેહુ પ્યારે । કે રાધા કે પાય પરો નૈનન કે તારે ॥૫॥
ફગુવા મેં મુરલી લઈ રસવસ પિય પ્યારી । નવલ યુગલ કે રૂપ ઉપર **જન વિચિત્ર** બલિહારી ॥૬॥

વ્રજ : ફાલ્ગુન શુક્લ પંચમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ સુદ પાંચમ



આજના શૃંગાર : ફેંટાનો સાજ - સૂથન ચાકદાર

સાજ : સફેદ પિછવાઈ ધરી છે જેના ઉપર ગુલાલ વગેરેથી કલાત્મક રીતે ખેલ થયા છે. ગાદી-તકિયા અને ચરણ-ચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પીળા રંગનાં, રૂપેરી જરીની તૂઈ-લેસની કિનારીવાળાં સૂથન-ચાકદાર વાગો અને ચોળી ધર્યાં છે. ઠાડું વસ્ત્ર ઘેરા લીલા રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર વિવિધ રંગોથી કલાત્મક રીતે ખેલ થયેલા છે. શ્રીપ્રભુના કપોલ પણ ગુલાલથી મંડિત છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ અને સફેદ મીનાનાં તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે પીળા રંગના ફેંટા ઉપર શિરપેચ, મોરશીખા અને દોહરા કતરા તેમજ ડાબીબાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલકબંદી લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં અને લાલ પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સુર્વણનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ સન્મુખ (રાગ : બિલાવલ)**

બરસાને કી ગોપી માગન ફગુવા આઈ । કીયો હે જુહાર નંદજુકો ભીતર ભવન બુલાઈ ॥૧॥
એક નાચત એક ગાવત એક બજાવત તારી । કાહે મોહન રાય દુરિ રહે મૈયાય દિવાવત ગારી ॥૨॥
આદર દેત વ્રજરાની અબ નિજ ભાગિ હમારે । પ્રીતમ સજન કુલવધૂ પાયે દરસ તુમ્હારે ॥૩॥
સુને કુંવરિ મેરી રાધે અબહી જિન મુખ માંડો । જેંવત શ્યામ સખન સંગ જિન પિચકાઈ છાંડો ॥૪॥
કેસરિ બહોત અરગજા કિત મોહન પર ડારો । સીત લગે કોમલ તન તુમહી ચિત્ત વિચારો ॥૫॥
અંચલ ઉપર દે રહી દોઉ મૈયા તન તોરી । બરજત ભર કુંકુમા નિર્ભય નવલકિસોરી ॥૬॥
કહત રોહિની જસોદા ઓલિ ઓડતી આગે । જાય ભરો વ્રજરાજે મોહન દીજે માંગે ॥૭॥
મોહન માંગે પૈયે તો દિન દસ હમ હી દેહો । ગોપકુંવર કે પલટે જો ચાહો સો લેહો ॥૮॥
સુબલ સુબાહુ શ્રીદામા સુનત અચાનક આયે । કંચન માટ ભરે દધિ દે ગોપિન સિર નાયે ॥૯॥
ગ્વાલ ગુપાલ સખા સબ હંસત કરત કિલકારી । દૂધ લીયો ભીતરતે છિરકી સબ બ્રજનારી ॥૧૦॥
જો સુખ શોભા બાઢી કહત કહા કહી આવે । લલિતા કુંવરિ કુંવરકો અંચલ ગ્રહી ગ્રહી લાવે ॥૧૧॥
ભયે નિરંતર અંતર તજી વલ્લભ વ્રજબાલા । ગિરિ ગિરિ પડત ગલિનમેં હાર તોરી મનિમાલા ॥૧૨॥
પ્રભુ મુકુંદ વ્રજવાસી અટક કોનકી માને । કહત મૈયા **માધોજન** ચલો ભરો વૃષભાને ॥૧૩॥
ઈતનો માંગ્યો પાઉ દેહુ વૃંદાવન વાસા । કુંવર કુંવરી તહાં વિહરત ચરન કમલકી આશા ॥૧૪॥

(શયનદર્શનના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ સુદ છઠ



વ્રજ : ફાલ્ગુન શુક્લ ષષ્ઠી

ચિત્ર પરિચય

ગુજરાતી : ફાગણ સુદ છઠ

વસ્ત્ર : લાલ રંગની છીંટનો પીળી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર લીંબોઈ (આછા પીળા) રંગનો ફેંટો ધર્યો છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ સમર્પાય છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં રાજભોગમાં બુંદીના લાડુ ધરાય છે અને અનોસરના ભોગમાં ચંદ્રકળા અને મગની દાળનાં પનોલાંની સામગ્રી ધરાય છે. આપણે યથાશક્તિ, યથા મનોરથ, ઋતુ અનુસાર સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવાં.

નોંધ : વસંતપંચમીથી ૧૦ દિવસ શ્રીયમુનાજીની સેવાના દિવસો છે. ત્યારપછી મહા વદ એકમથી દસ દિવસની-ધમારના દિવસોની - સેવા શ્રીચંદ્રાવલીજીની છે. ત્રીજા દસ દિવસની સેવા શ્રીલલિતાજીની છે. હવે આજથી નિર્ગુણ ભક્તોની - શ્રી સ્વામિનીજીની સેવાના દસ દિવસ શરૂ થાય છે. સમસ્ત વ્રજભક્તો મળીને પ્રભુને હોળી ખેલાવે છે. પરંતુ મુખ્ય યૂથાધિપતિની સેવા મુખ્ય ગણાય છે. સેવામાં શ્રીલલિતાજીની ઉપસ્થિતિ રહે છે. શ્રી લલિતાજી અનુરાગ સ્વરૂપા હોવાથી તેમની આડીથી લાલ પાગ-પટકા ધરાય છે.

કીર્તન : **મંગલા તથા શૃંગાર (રાગ : બિલાવલ)**

સુંદર શ્યામ સુજાન સિરોમનિ દેહુ કહા કહિ ગારીજુ । બડે લોગ કે ઔગુન વરનત સકુચ હોંત જિય ભારીજુ ॥૧॥
કો કરી સકે પિતાકો નિર્ણય જાતિ પાંતિ કો જાને । જિનકે જિય જેસી બનિ આવે તેસી ભાંતિ બખાને ॥૨॥
માયા કુટિલ નટી તન ચિતયો કોન બડાઈ પાઈ । ઉન ચંચલ સબ જગત વિગોયો જહાં તહાં ભઈ હસાઈ ॥૩॥
તુમ પુનિ પ્રગટ હોઈ વારેં તે કોન ભલાઈ કીની । મુક્તિ વધૂ ઉત્તમ જન લાયક લે અધમનકો દીની ॥૪॥
વસિ દસ માસ ગર્ભ માતા કે ઉન આસા કરિ જાયે । સો ઘર છાંડિ જીભ કે લાલચ, વ્હે ગયે પૂત પરાયે ॥૫॥
વારેંહીતેં ગોકુલ ગોપિન કે સુને ગૃહ તુમ ડાટે । વ્હૈ નિસંક તહા પેઠિ રંકલો દધિકે ભાજન ચાટે ॥૬॥
આપુ કહાય બડેકે ઢોટા ભાત કૃપન લો માંગ્યો । માન ભંગપર દુજે જાચત નેંક સંકોચન લાગ્યો ॥૭॥
લરિકાઈ તે ગોપિન કે તુમ સુને ભવન ઢંઢોરે । જમુના ન્હાત ગોપ કન્યનકે નિપટ નિલજ પટ ચોરે ॥૮॥
બેનુ બજાય વિલાસ કીનો વન બોલી પરાઈ નારી । વે બાંતે મુનિરાજ સભામેં વ્હે નિસંક વિસ્તારી ॥૯॥
સબ કોઉ કહત નંદબાબા કો ઘર ભર્યો રતન અમોલે । ગરે ગુંજા સિરમોર પખૌવા, ગાયન કે સંગ ડોલે ॥૧૦॥
રાજસભા કો બૈઠન હારો કૌન ત્રિયન સંગ નાચે । અગ્રજ સહિત રાજમાર્ગમેં કુબિજા દેખત રાજે ॥૧૧॥
અપની સહોદરા આપુહી છલકર અર્જુન સંગ ભજાઈ । ભોજન કરિ દાસીસુત કે ઘર જાદો જાતિ લજાઈ ॥૧૨॥
લેલે ભાજે રાજનકી કન્યા યહ ધોં કોન ભલાઈ । સત્યભામાજુ ગોતમે વ્યાહી, ઉલટિ ચાલ ચલાઈ ॥૧૩॥
બહિન પિતાકી સાસ કહાઈ નેકહુ ન લાજ આઈ । એતે પર દીની જુ વિધાતા અખિલ લોક ઠકુરાઈ ॥૧૪॥
મોહન વસીકરન ચટ ચેટક જંત્રમંત્ર સબ જાને । તાતે ભલે ભલે કરિજાને ભલે ભલે જગમાને ॥૧૫॥
વરનોં કહા યથા મતિ મેરી વેદહૂ પાર ન પાવે । દાસ **ગદાધર** પ્રભુકી મહિમા ગાવત હી ઉર આવે ॥૧૬॥

વ્રજ : ફાલ્ગુન શુક્લ પષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ સુદ છઠ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા, સૂથન-ઘેરદાર

સાજ : સફેદ રંગની સાદી પિછવાઈ ધરી છે, જેના ઉપર ગુલાલ વગેરેથી કલાત્મક રીતે ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ગુલાબી રંગનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં, સૂથન, ઘેરદાર વાગો અને કટિ પટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો અને શૃંગાર ઉપર વિવિધ રંગોથી ખેલ થયા છે. શ્રીપ્રભુને કપોલ ઉપર પણ ગુલાલથી ખેલાવેલા છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ અને સફેદ મીના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ગુલાબી રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, ચમકની ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. લાલ અને શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્માં : ફૂલની છડી, સોનાનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - કાફી)**

તુમ આવોરી તુમ આવો ।
મોહનજુકો ગારિ સુનાવો હોરી રસ રંગ બઢ્યો ॥૧॥
હરિ કારોરી હરિ કારો । યહ દ્વે બાપન બિચવારો ॥૨॥
હરિ નટવારી હરિ નટવા । રાધાજૂ કે આગે લટુવા ॥૩॥
હરિ મધુકરરી હરિ મધુકર । રસ ચાખત ડોલત ઘરઘર ॥૪॥
હરિ ખંજનરી હરિ ખંજન । રાધાજૂ કે મનકો રંજન ॥૫॥
હરિ રંજનરી હરિ રંજન । લલિતા લે આઈ અંજન ॥૬॥
હરિ નાગરરી હરિ નાગર । જાકો બાબા નંદ ઉજાગર ॥૭॥
હમ જાનેરી હમ જાને । રાધા મોહન ગહિ આને ॥૮॥
મુખ માંડોરી મુખ માંડો । હરિ હાહા ખાય તો છાંડો ॥૯॥
હમ ભર હે રી હમ ભરહેં । કાહે તે નેક ન ડર હૈ ॥૧૦॥
હરિ હોરી હો હરિ હોરી । શ્યામાજુ કેસર ઢોરી ॥૧૧॥
હરિ ભાવેરી હરિ ભાવે । રાધા મનમોદ બઢાવે ॥૧૨॥
રંગ ભીનોરી રંગ ભીનો । રાધા મોહન બસ કીનો ॥૧૩॥
હરિ પ્યારોરી હરિ પ્યારો । રાધા નયનન કો તારો ॥૧૪॥
હમ લેહેંરી હમ લેહેં । ફગુવા લે ગારી ન દેહે ॥૧૫॥
યહ જસ **પરમાનંદ** ગાવે । કછુ રહસિ વધાઈ પાવે ॥૧૬॥

(શયનદર્શનના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ સુદ સાતમ



વ્રજ : ફાલ્ગુન શુક્લ સપ્તમી

ગુજરાતી : ફાગણ સુદ સાતમ

શ્રીમથુરાનાથજી (કોટા)નો પાટોત્સવ

તિલકાયત પૂ. પા. ગો. ૧૦૮ શ્રી ઈન્દ્રદમનજી (શ્રી રાકેશજી) મહારાજનો જન્મોત્સવ

વસ્ત્ર : કેસરી રંગનો લીલી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તકે ગુલાબી રંગની અબીલ ગુલાલથી ખેલાવેલી ગોળ પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ સમર્પી શકાય.

સામગ્રી : આજે ઉત્સવની સર્વ સામગ્રી તથા ચંદ્રકળાની સામગ્રી વિશેષમાં ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રીઓ ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ : કાફી)**

શ્રી ગોકુલ રાજકુમાર લાલ રંગ ભીને હે । ખેલત ડોલત ફાગ સખા સંગ લીને હે ॥૧॥
ચિત્ર વિચત્ર સુદેશ સબે અનુકૂલે હે । રાજત રંગ બિરંગ સરોજસે ફૂલે હે ॥૨॥
એકનકે કર કંકણ જેરી જરાયકી । એકનકે પિચકાઈ સુહેમ ભરાયકી ॥૩॥
કુંકુમ ઘોર ભરે ઘટ હાટિકકે ઘને । પંકજ પુંજ પરાગ સુમૃગમદસોં સને ॥૪॥
ઢોલકી ઢોલ નિશાન મુરજ ડફ બાજહી । મેન કે મેઘ માનોં રસવૃષ્ટિ સોં ગાજહી ॥૫॥
ધુનિ સુનકે અકુલાઈ ચલી નવ નાગરી । એક તે એક મહાગુણ રૂપકી આગરી ॥૬॥
રાધાકે સંગ સુહાઈ અનેક સહેલી હે । કામકે કાનનકી માનો કંચન વેલી હૈ ॥૭॥
ભેષ બનાયેકી ભાંતિ ન જાત બખાની હે । જેતી તેતી ઉપમા મનમે બિલખાની હે ॥૮॥
કોયલ કૂરકહા સુર ભેદહિ જાનહી । કુંજર કાયર કોન કહા ગતિ ઠાનહી ॥૯॥
કેરન કો જુ સુભાવ પચ્યો અતિ કંપકો । હેમ લિયો હઠનેમ સુપાવક ઝંપકો ॥૧૦॥
ખંજન કંજસો લાગિ રહે ગતિ લાસતે । કેહરિ કંદર મંદિરમે દુરયો ત્રાસતે ॥૧૧॥
પંક મે પંકજ મૂલ રહ્યો છિપિ લાજતે । નિત્ય પ્રકાશ વિલાસ મિટયો દ્વિજ રાજતે ॥૧૨॥
તાલ પખાવજ આવજ બાજે જંત્રહે । ગાન મનોહર મેનકે મોહન મંત્ર હૈ ॥૧૩॥
સો ઈતકી ઉતકી ધુનિ લાગે સુહાઈ હે । માનો અનંગકે આંગન બાજે વધાઈ હૈ ॥૧૪॥
ગોકુલ ગોરિન ખોરિન ખેલ મચાયો હે । રંગ બિરંગ અબીર સો અંબર છાયો હૈ ॥૧૫॥
લાલ ગુલાલકી ધુંધર મે મુખ યોં લસે । પ્રાત પતંગ પ્રભા બિચ કંચન કંજસે ॥૧૬॥
દૃષ્ટિ કરી પિચકારી ભરી અનુરાગસો । જાય લગી વ્રજરાય લલા બડભાગસો ॥૧૭॥

(અપૂર્ણ - જુઓ પરિશિષ્ટ-૧)

(શૃંગારના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ સુદ સાતમ



વ્રજ : ફાલ્ગુન શુક્લ સપ્તમી   **ચિત્ર પરિચય**   ગુજરાતી : ફાગણ સુદ સાતમ

આજના શૃંગાર : સહેરો - સૂથન ચાકદાર

સાજ : સફેદ સાદી પિછવાઈ ધરી છે જેના ઉપર અબીલ-ગુલાલથી કલાત્મક રીતે ભારે ખેલ થયા છે. ગાદી-તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : કેસરી રંગનાં, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળા સૂથન, ચોળી, ચાકદાર વાગો અને રાજાશાહી પટુકો ધર્યા છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો ગુલાલને કારણે લાલ જણાય છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ, લીલા, મેઘશ્યામ, સફેદ મીનાનાં અને જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે કેસરી દુમાલ ઉપર સોનાનો-મીનાનો સહેરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. જમણી બાજુ ઉત્સવની મોતીની ચોટી ધરી છે. શ્રીકર્ણમાં મકરાકૃત કુંડલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે. શ્રીપ્રભુને કપોલ ઉપર અબીલ ગુલાલથી ખેલ થયા છે. ભારે ખેલને કારણે સર્વ શૃંગાર રંગોથી છવાઈ ગયા છે.

શ્રીહસ્તમાં : કમલ છડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **શયન (રાગ - રાયસો)**

હોરી કૌ સુખ અદ્‌ભુત મૌપે બરન્યો ન જાઈ ।
અતિ આનંદ હુલસતિ મન પ્રેમ પરસ્પર છાઈ ॥૧॥
પ્યારી રાધા સંગ જુરિ જુરિ સબ બ્રજનારી આ ।
ગ્વાલ બાલ નંદલાલ જુ મનમેં સબ સુખ પાઈ ॥૨॥
અબીર ગુલાલ અરગજા કુંકુમા છિરકૈ રંગ ।
કુંજ કુટિરમે બૈઠે રાધા ગિરિધર સંગ ॥૩॥
લલિતા શ્રીમુખ માંડે અંજન નૈન બનાઈ ।
તારી દે સબ નારી મુખ સૌ હોરી ગાઈ ॥૪॥
રાધા પ્યારી દુલહિનિ દુલ્હે નંદકુમાર ।
સીસ સહેરો સૌહે છબિ લાગતિ જુ અપાર ॥૫॥
ગારી ગાવૈ હિલમિલ બરસાને કી નારી ।
બાજે બહુ વિધિ બાજે સબ મિલિ દે કરતારી ॥૬॥
કરસૌ કર તબ જોરે ફિર ભાંવર લેતિ ।
અંચલ લે દોઉનકી ગાંઠિ સબે મિલ દેતિ ॥૭॥
આરતી કર લલિતાજુ મુખ સૌ મંગલ ગાઈ ।
દેતિ અસીસ સબૈ મિલિ **સૂરદાસ** બલિ જાય ॥૮॥

(રાજભોગ સન્મુખ પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ સપ્તમી **શ્રી મથુરાનાથજી** (કોટા) ગુજરાતી : ફાગણ સુદ સાતમ



શ્રીમથુરાનાથજી (કોટા)

પ્રાગટ્ય : એકવાર શ્રીમહાપ્રભુજી ગોકુળનાં શ્રીયમુનાજીના સામે કિનારે આવેલ કર્ણાવલ નામના સ્થળે પધાર્યા હતા. ગોકુળ અને કર્ણાવલની વચ્ચે શ્રીયમુનાજી બિરાજે છે. આપશ્રી યમુનાજીમાં સ્નાન કરી સંધ્યાવંદન કરવા બિરાજ્યા. થોડીવારમાં તેમની સામે આવેલી શ્રીયમુનાજીના કિનારા ઉપરની માટીની એક ભેખડ ધસી પડી. તેમાંથી શ્રીઠાકોરજીનું એક વિરાટ ચતુર્ભુજ સ્વરૂપ પ્રગટ થયું. આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીની નજીક પધાર્યું. આપે દર્શન કર્યાં તો એ સ્વરૂપ તાડનાં ત્રણ વૃક્ષ જેટલું એટલે કે લગભગ ૨૮ ફૂટ જેટલું ઊંચું હતું.

શ્રીમહાપ્રભુજીની સાથે આ સમયે તેમના એક સેવક પદ્મનાભદાસજી હતા. તેઓ તો આ ઘટના આશ્ચર્યચકિત થઈને જોઈ જ રહ્યા. શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને પોતાની સેવા કરવાની આજ્ઞા કરી. 'મહારાજ, આપને સેવા લેવી હોય તો મારી ગોદમાં બિરાજી જાવ. નાનું સ્વરૂપ ધારણ કરો.' તે જ સમયે શ્રીઠાકોરજી ૨૮ ફૂટને બદલે ૨૮ ઈંચ લંબાઈના થઈ ગયા. શ્રીમહાપ્રભુજીની ગોદમાં બિરાજી ગયા.

પદ્મનાભદાસજીએ આ અલૌકિક સ્વરૂપનાં દર્શન કર્યાં. આ સ્વરૂપમાં તેમની આસક્તિ થઈ ગઈ. શ્રીમહાપ્રભુજીએ તેમને એ સ્વરૂપ સેવા માટે પધરાવી આપ્યું. પદ્મનાભદાસજીએ ખૂબ પ્રેમપૂર્વક જીવનભર તેમની સેવા કરી.

સ્વરૂપભાવના : પ્રિયાભુજાશ્લિષ્ટ: ભુજ: કંકણાકૃતિચક્રક: ।
કંબુકંઠોદ્ધૃતભુજો લીલાકમલ વેત્રધૃક્ ॥

ભાવાર્થ : પ્રિયાજીની ભુજાથી આલિંગીત ભુજાવાળા, કંકણાકૃતિ ચક્રવાળા, શંખ જેવા કંઠને ધારણ કરેલી ઊંચી ભુજાવાળા, લીલા કમલવેત્રને ધારણ કરનારા શ્રીમથુરાનાથજી છે.

શ્રીમથુરાનાથજીનું સ્વરૂપ ચતુર્ભુજ છે. શ્યામ સ્વરૂપ છે. શ્રીમસ્તકે વાળનો અંબોડો બાંધ્યો છે. કટિ ઉપર તનિયો ધર્યો છે. ચારે શ્રીહસ્તમાં શંખ-ચક્ર-ગદા-પદ્મ ધારણ કરેલાં છે. આયુધના ક્રમ પ્રમાણે આ મધુસૂદન ભગવાનનું સ્વરૂપ છે. લૌકિક અર્થ જોઈએ તો મધુ એટલે મદને મારે તે અને અલૌકિકમાં રસ-મદથી તારે તે. મદમત્ત ગજરાજનું વિહાર સ્વરૂપ છે. શ્રીમથુરાનાથજીના નીચેના જમણા શ્રીહસ્તમાં શંખ છે. તે મર્યાદા ભાવના પ્રમાણે અસુરોના ગર્વને દૂર કરે છે. પુષ્ટિભાવના પ્રમાણે શ્રીસ્વામિનીજીના શ્રીકંઠનું ચિહ્ન છે. શ્રીસ્વામિનીજીએ આપેલા પ્રેમાલિંગનમાં પ્રભુએ તે ધારણ કર્યું છે. નીચેના ડાબા શ્રીહસ્તમાં ચક્ર છે. મર્યાદા ભાવના પ્રમાણે જે અસુરને મુક્તિ આપવી હોય તેને એ ચક્રથી મારે છે. પુષ્ટિભાવ પ્રમાણે શ્રીસ્વામિનીજીના કરકંકણનું ચિહ્ન છે. ઉપરના ડાબા શ્રીહસ્તમાં ગદા છે. મર્યાદાભાવ પ્રમાણે

દુષ્ટોના અસ્ત્રતેજને તે શાંત કરે છે. પુષ્ટિભાવના પ્રમાણે ગદા શ્રીસ્વામિનીજીને આલિંગન આપતાં થયલું તેમની ભુજાનું ચિહ્ન છે. ઉપરના જમણા શ્રીહસ્તમાં પદ્મ છે. તે ચૌદ ભુવનરૂપ છે. મર્યાદાભાવના પ્રમાણે તે જેના ઉપર ધરે તે દબાઈ જાય. પુષ્ટિભાવના પ્રમાણે શ્રીસ્વામિનીજીના મુખકમળરૂપ છે. તેમની સાથેની રસમય ક્રીડા સમયે પ્રભુ તે ધારણ કરે છે. ચારે આયુધો ચાર સ્વામિનીજીઓની ભાવનાથી ધારણ કરે છે એવી પણ ભાવના છે. આપણે ત્યાં મર્યાદાભાવના ગૌણ છે. પુષ્ટિભાવના મુખ્ય છે.

લીલાભાવના : આ સ્વરૂપની મુખ્ય લીલા ગોચારણ લીલા છે. વનમાં શ્રીઠાકોરજી ગાયો ચારવા પધારે. વ્રજભક્તો છાક લઈને આવે. વનમાં વૃક્ષોની નિકુંજમાં પ્રભુને પધરાવી ભોજન કરાવે. શ્રીઠાકોરજી પ્રસન્ન થઈને તેમને ભેટે. ભેટવાથી શ્રીઠાકોરજીના શ્રીહસ્તમાં વિવિધ ચિહ્નો પ્રકટ થાય.

આ સ્વરૂપ ચતુર્ભુજ છે. તેની ભાવના એવી છે કે એકવાર માખણચોરી કરવા પધારેલ પ્રભુ ખાંડણિયા ઉપર ચડ્યા હતા. પગની આંગળીઓ ઉપર ઊંચા થઈને શીંકુ પકડવા ગયા ત્યારે કટિ ઉપરથી રેશમી પીતાંબર સરકવા લાગ્યું, તો તે જ ક્ષણે બે નવા શ્રીહસ્ત પ્રકટ કર્યા અને પીતાંબર પકડી લીધું. આમ સખાઓ સામે પોતાની હાંસી થતી રોકવા પ્રભુ ચતુર્ભુજ બન્યા.

નામભાવના : મથુરાનાથજી નામ કેમ પડ્યું? મથુરા શબ્દના જુદા જુદા અર્થ છે. તેમાં એક અર્થ એવો છે કે મંથનમાંથી નીકળે તે મથુરા. ભક્ત પોતાના હૃદયનું મંથન કરે, તેમાંથી શ્રીઠાકોરજી માટે શુદ્ધ પ્રેમરસ નીકળે, તે શ્રીઠાકોરજી પ્રસન્નતાથી અંગીકાર કરે. આવા શુદ્ધ પ્રેમી ભક્તોના મંથનમાંથી નીકળેલા મધુર રસના સ્વામી એટલે શ્રીમથુરાનાથજી. આ સ્વરૂપ શ્રી મથુરાનાથજી, શ્રી મથુરાધીશજી, શ્રી મથુરેશજી વગેરે નામોથી ઓળખાય છે.

પીઠિકા : આ સ્વરૂપની પીઠિકા ઉપરથી ગોળ છે. પીઠિકામાં શ્રીયમુનાજી, શ્રીગિરિરાજજી, ગોપ-ગોપી, કુંજ, વ્રજ વગેરે સ્વરૂપાત્મક ચિહ્નો છે.

પદ્મનાભદાસજીના છોલાંને મથુરાધીશજી ખૂબ પ્રસન્નતાથી અંગીકાર કરતા. તેમના પછી તેમની દીકરી તુલસાં અને પુત્રવધૂ પાર્વતીએ મથુરાધીશજીની સેવા કરી. પાર્વતીના પુત્ર રઘુનાથદાસે પણ તેમની સેવા કરી. આમ સમગ્ર પરિવારની સેવા લઈ શ્રીમથુરાધીશજી શ્રીગુસાંઈજીને ઘેર પધાર્યા. શ્રીગુસાંઈજીએ પોતાના સૌથી મોટા પુત્ર શ્રીગિરિધરજીને પધરાવી આપ્યા. હાલ પણ શ્રી ગિરિધરજીના વંશમાં શ્રીલાલમણીજી મહારાજશ્રી તેમની સેવા કરે છે. તેઓ કોટામાં બિરાજે છે. આજે તેમના પાટોત્સવે આપણે તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પાઠવીએ.

વર્તમાન તિલકાયત પૂ. પા. ગો. ૧૦૮ શ્રી ઈન્દ્રદમનજી (શ્રી રાકેશજી) મહારાજનો જન્મોત્સવ

આજે વર્તમાન તિલકાયત પૂ. ગો. ૧૦૮ શ્રી ઈન્દ્રદમનજી (શ્રીરાકેશજી) મહારાજનો જન્મોત્સવ છે. આપશ્રીનું પ્રાગટ્ય શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીથી અઢારમી પેઢીએ ગો. તિલકાયત પૂ. પા. ગો. શ્રીગોવિંદલાલજી મહારાજશ્રીના દ્વિતીય પુત્રરત્ન તરીકે સંવત ૨૦૦૬ના ફાગણ સુદ સાતમના દિવસે થયું. તિલકાયત શ્રી રાજીવજી (શ્રી દાઉદજી) મહારાજના નિત્યલીલા પ્રવેશ બાદ આપશ્રી તિલકાયત પદે બિરાજમાન થયા. આમ એક જ પેઢીના બે તિલકાયત થયા.

સંવત ૨૦૫૭ના અષાડ સુદ છઠના દિવસે ખૂબ ધામધૂમથી આપનો તિલકોત્સવ સંપન્ન થયો. વિશ્વના ખૂણેખૂણેથી વૈષ્ણવો, ઉચ્ચ પદાધિકારીઓ આ ઉત્સવમાં ઉપસ્થિત રહ્યા.

શ્રીનાથદ્વારામાં આયોજિત આ સમારોહમાં અનેક ગોસ્વામી આચાર્યબાલકો, રાજારજવાડાં, રાજ્યનો મુખ્ય નેતાગણ, પ્રશાસનિક અધિકારીઓ વગેરેની મોટી ઉપસ્થિતિમાં વલ્લભકુલ પરંપરા અનુસાર તૃતીયપીઠ કાંકરોલીના પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીએ વેદમંત્રોચ્ચાર સાથે આપશ્રીને તિલક કરી તિલકાયત પદે પદાસીન કર્યા. આ પ્રસંગે શ્રીનાથજી પ્રભુ તેમજ શ્રીનવનીતપ્રિય પ્રભુને કુનવારા અને છપ્પનભોગ મનોરથો અંગીકાર થયા.

આપશ્રીના શુભ વિવાહ મથુરાના હેમ્પીયર નગરમાં થયાં. લગ્ન પછી આપશ્રીનાં વહુજીનું નામ અ.સૌ. શ્રી રાજેશ્વરી વહુજી રાખવામાં આવ્યું. આપને ત્યાં બે બેટીજી ચિ. પદ્મિનીજી અને ચિ. પ્રિયંવદાજી તેમજ એક લાલજી ચિ. ભૂપેશકુમારજી (વિશાલબાવા)નું પ્રાગટ્ય થયું.

હાલમાં આપશ્રીના માર્ગદર્શન નીચે નાથદ્વારામાં મંદિરનું તેમજ નગરનું નવનિર્માણ કરવાની બૃહદ્ યોજના આકાર લઈ રહી છે. જેમાં શ્રીનાથજીના વર્તમાન મંદિરના બહારના ભાગનો વિકાસ, પ્રીતમપોળમાં વિશાળ પ્રતીક્ષાલયનું નિર્માણ, ધર્મશાળાઓની પુનર્રચના, લાલબાગનો વિકાસ અને સૌંદર્યીકરણ તેમજ અનેક નવીન સુવિધાવાળા, સુસજ્જ એવં કલાત્મક સ્તરવાળા, બુનિયાદી સગવડોવાળા, આધુનિક નાથદ્વારા નગરનું નિર્માણ કરવાની યોજના છે.

આમ આપશ્રીનું લક્ષ્ય સેવાની સાથે વિકાસનું પણ છે. ભક્તોની શ્રીગોવર્ધનધર પ્રત્યેની સેવા, સમર્પણ અને ત્યાગની ભાવના વિસ્તરતી રહે, ભક્તજનોના હૃદયમાં પ્રભુ શ્રીગોવર્ધનધર સદાયે વિહાર કરતા રહે, સૌને પ્રભુનાં દર્શનનું સુખ સતત મળતું રહે, એ પ્રકારની નૂતન યોજનાઓને આકાર આપી રહેલા ગો. તિલકાયત શ્રી રાકેશજી મહારાજ શ્રીગોવર્ધનધર પ્રભુને નિત્ય નૂતન મનોરથો દ્વારા રીઝવી રહ્યા છે.

વ્રજ : ફાલ્ગુન શુક્લ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ સુદ આઠમ



હોળાષ્ટક પ્રારંભ

વસ્ત્ર : લાલ રંગનો પીળી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તકે લાલ રંગનો, અબીલ ગુલાલથી ખેલાયેલો દુમાલો ધર્યો છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ સમર્પી શકાય.

સામગ્રી : આજે આઠમનો બગીચો થાય છે. રાજભોગ પછી પ્રભુ બગીચામાં પધારે છે ત્યારે વિશેષ ભોગમાં ચંદ્રકળા, દહીંથરા, ઉપરેટા, શીખરનવડી, ગુલાબનો શીરો, માધુરીનો શીરો, સેવંતીનો શીરો, દૂધઘરની બધી સામગ્રી, માખણ, મીશ્રી, મલાઈ, બાસુંદી, દૂધપુરી, ખાટું મીઠું દહીં, બિલસારુ, ખીર, પૂરી, ફીકા ગુંજા, છોંકેલું દહીં, ફીકી કચોરી, છાશવડાં, ભુજાનાં, શાક, રાયતાં, લીલા મેવા વગેરે ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરવી અને પ્રભુને લાડ લડાવવાં.

નોંધ : આજથી હોળાષ્ટક શરૂ થાય છે. હોળીના આઠ દિવસ પહેલાં શરૂ થતા આ હોળાષ્ટકના દિવસોમાં કોઈ લૌકિક શુભ કાર્યો થતાં નથી. વ્રજમાં આ આઠમ, નોમ, દસમના દિવસોથી હોળી સુધી નંદગામ-બરસાના અને નાવ-બઠેનના વ્રજવાસીઓ લઠ્ઠામાર હોળી ખેલે છે. આને હોરંગા પણ કહે છે. તેનાં દર્શન કરવા દૂર દૂરથી યાત્રાળુ વૈષ્ણવો બરસાના આવે છે. આજુબાજુના ગામોમાંથી પણ સંખ્યાબંધ, વ્રજવાસીઓ આ લઠ્ઠામાર હોળી ખેલનાં દર્શન આવે છે. જાણે મોટો મેળો ભરાય છે.

શયનમાં આજથી ગોવિન્દસ્વામીના ગારીનાં પદ ગવાય છે. ભારે ખેલ થાય છે

કીર્તન : **મંગલા (રાગ - દેવગંધાર/પંચમ)**

આજ તો છબીલો લાલ પ્રાતહી ખેલન ચલ્યો સખા સંગ લીયે પ્રેમ ગારી ગાયકે ।
ખેલત ખેલત વૃષભાનકી પૌરી આયે હો હો હોરી બોલે પ્યારી મન ભાય કે ॥૧॥
છબીલી રચ્યો ઉપાય શ્યામકો લીને બુલાય મૈયાકી દૃષ્ટિ બચાય લીને ઉર લાયકે ।
અરસ પરસ દોઉ મહારસભીને સહચરી સુખપાવેં **રસિક** મુખ ગાઈકે ॥૨॥

શૃંગાર (રાગ - કાફી)

આયો ફાગુન માસ કહે સબ હોરી હોરા ।
એક ઔર વૃષભાન નંદિની એક ઔર હરિ હલધર જોરા ॥૧॥
વ્રજનારી ગારી દેવે કો ભજિ ભજિ આવે તજિ તજિ કોરા ।
જાન ન દેહો પકરોરી શ્યામકો સબે ધરત જોબન કો તોરા ॥૨॥
રહિ ન સકત અપને ઘર કોઉ માનો કામકો ફિરયો ઢંઢોરા ।
કૃષ્ણ જીવન લછીરામકે પ્રભુસો હોત હે ઝકઝોરી ઝકઝોરા ॥૩॥

વ્રજ : ફાલ્ગુન શુક્લ અષ્ટમી

શૃંગાર દર્શન

ગુજરાતી : ફાગણ સુદ આઠમ



નિ.લિ. તિલકાયત શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીના પરિવારના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. આ પિછવાઈ શૃંગારદર્શનમાં આવે છે. ત્યારબાદ વડી થઈ જાય અને રાજભોગ દર્શન સમયે સાદી સફેદ પિછવાઈ ધરાય. પછી ખેલ શરૂ થાય.

હોળીખેલના દિવસોની વિશેષતા : હોળી ખેલના ૪૦ દિવસમાં ૧૦ દિવસ વસંતના, ૧૦ દિવસ ફાગના, ૧૦ દિવસ ધમારના અને દસ દિવસ હોરીના.

આ ચાલીસ દિવસ શ્રીનાથજીબાવાને ફક્ત ચોવા, ચંદન, ગુલાલ અને અબીર એમ ચાર વસ્તુઓથી જ ખેલ થાય છે. સર્વ પ્રથમ ચંદનથી, પછી ગુલાલથી, પછી અબીરથી અને છેલ્લે ચોવાથી. ચંદન શ્રીસ્વામિનીજીના ભાવથી આવે છે. પ્રથમ શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજીના રસરંગથી રંગાય, ત્યારપછી અબીર અને ગુલાલ, ચંદ્રાવલીજી અને લલિતાજીના અનુરાગ સ્વરૂપે આવે. પ્રિયાપ્રીતમની રસલીલાનો યશ સ્વરૂપ પ્રસાર થાય એ ભાવથી ચોવાથી ખેલે આમ ચાર વસ્તુઓથી હોળીખેલ થાય.

હોળીખેલ થાય તે પહેલાં પ્રભુના ચરણારવિંદ, ઝારી-બંટા વગેરે વસ્ત્રથી ઢંકાય છે. ચરણારવિંદ વસ્ત્રથી એ માટે ઢંકાય છે કે ખેલમાં સમાન અધિકાર હોય તો જ આનંદ આવે. પ્રભુનાં ચરણ ભક્તિનું સ્વરૂપ છે. ચરણદર્શનથી સ્વામી-સેવકનો ભાવ આવી જાય તો હોરીખેલમાં સમાનતાનો ભાવ ન રહે તેથી આનંદ ન આવે. ઝારી-બંટા વગેરે યશોદાજી વગેરે વ્રજભક્તોનું સ્વરૂપ છે. લીલારસથી આ બધાં સ્વરૂપો મોહિત ન થઈ જાય તે માટે તેમના ઉપર પણ વસ્ત્ર ઢાંકવામાં આવે છે.

ફૂલની છડી, માલા, ગેંદ વગેરે આ દિવસોમાં વ્રજભક્તોના ભાવથી પધારે છે. દર્શન થાય ત્યાં સુધી આ બધું ધરાવેલું રહે છે. ટેરો આવે પછી ચરણ, ઝારી બંટા બધું ઉઘડે. નિકુંજલીલા - નિકુંજનો ખેલ અનોસરમાં થાય એ ભાવથી અનોસરમાં અબીલ-ગુલાલ-ચોવા-ચંદનનો થાળ અને મેવા-મીઠાઈ-ફલ વગેરેનો થાળ સજાય છે.

વસંતપંચમીથી ફાગણ સુદ ૧૦ સુધી દરરોજ શ્રીગુસાંઈજીકૃત અષ્ટપદી 'હરિરિહ વ્રજયુવતી શતસંગે' ખેલ સમયે ગવાય છે. ફાગણ સુદ અગિયારસથી ડોલનાં પદ ગવાય છે.

રાજભોગ આરતી સમયે પુષ્પવૃષ્ટિ થાય છે. તેનો ભાવ એ છે કે પ્રભુની હોળીખેલની આ રસલીલાનાં દર્શન કરી દેવગણ પુષ્પવૃષ્ટિ કરે છે.

વસન્તપંચમીથી દસ દિવસ પીચકારીથી ખેલ થતા નથી. કટિમાં ગુલાબની પોટલી ધરાતી નથી. કારણ પ્રથમ દસ દિવસની વસંતની હોરીખેલની લીલા પારસ્પરિક નથી. શ્રીયમુનાજીની આડીથી સ્વામીભાવથી શ્રીઠાકોરજીને ખેલ થાય છે. શ્રીઠાકોરજી ગુલાલની પોટલીથી રંગ ઊડાડે કે પીચકારી ચલાવે એ પારસ્પરિક લીલા હોવાથી વસંતના દસ દિવસ આ બે વસ્તુઓ આવતી નથી.

હોરીખેલના દિવસોમાં કીર્તનકારો, મૃદંગ વગેરે વાદ્યો વગાડવાવાળા બધા જ ઊભા રહીને કીર્તન કરે છે અને ઝાંઝ, ડફ, મૃદંગ વગેરે બજાવે છે. કારણકે પ્રિયા-પ્રીતમ ખેલ સમયે બિરાજતા નથી પણ ઠાડા રહીને હોરી ખેલે છે. તેથી સહચરી-સખીગણ પણ ઠાડા રહીને જ કીર્તનગાન કરે છે.

પીછવાઈ ઉપર ખેલ થાય ત્યારે ચિડિયા (ચકલાં-પક્ષી)ના આકારમાં ગુલાલથી ચિત્રાંકન થાય છે. તેનો ભાવ એવો છે કે આ નિકુંજલીલા છે. કુંજનિકુંજમાં પક્ષીઓની વિશેષતા હોય. શ્રીસ્વામિનીજીને આ પક્ષીઓ ઘણા પ્રિય છે. કીર્તનોમાં પણ પક્ષીઓનો ઉલ્લેખ આવે છે.

'ચિડિયા ચહચહાની સુની ચકઈ કી બાની'

'આઓ ચિરૈયા, આવો ખુમરૈયા ગ્વાલન લેત બલૈયા'

આથી હોળાષ્ટકમાં પિછવાઈ ઉપર અબીર-ગુલાલથી ચિડિયાનું ચિત્રાંકન થાય છે. શ્રીયમુનાજીના ભાવથી ચોવાની ટિપકી અથવા લહેરનું ચિત્રાંકન થાય છે.

વ્રજ : ફાલ્ગુન શુક્લ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ સુદ આઠમ



આજના શૃંગાર : પાગ-કતરા - સૂથન-ઘેરદાર

સાજ : સફેદ સાદી પિછવાઈ ધરી છે જેના ઉપર વિવિધ રંગો અને ગુલાલથી ખેલ થયા છે. ગાદી-તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગનાં, રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ઘેરદાર વાઘો અને કટિપટુકો ધર્યો છે. કેસરી રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર વિવિધ રંગોથી ખેલ થયા છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. લીલા અને સફેદ મીનાનાં તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે લાલ રંગની પાગ ઉપર દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં, વિવિધરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે. શ્રીપ્રભુને કપોલ ઉપર અબીલ-ગુલાલથી ખેલ થયા છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - બિલાવલ)**

સુંદર શ્યામ સુજાન સિરોમનિ દેહુ કહા કહિ ગારીજુ । બડે લોગ કે ઔગુન વરનત સકુચ હોંત જિય ભારીજુ ॥૧॥
કો કરી સકે પિતાકો નિર્ણય જાતિ પાંતિ કો જાને । જિનકે જિય જેસી બનિ આવે તેસી ભાંતિ બખાને ॥૨॥
માયા કુટિલ નટી તન ચિતયો કોન બડાઈ પાઈ । ઉન ચંચલ સબ જગત વિગોયો જહાં તહાં ભઈ હસાઈ ॥૩॥
તુમ પુનિ પ્રગટ હોઈ વારેં તે કોન ભલાઈ કીની । મુક્તિ વધૂ ઉત્તમ જન લાયક લે અધમનકો દીની ॥૪॥
વસિ દસ માસ ગર્ભ માતા કે ઉન આસા કરિ જાયે । સો ઘર છાંડિ જીભ કે લાલચ, વ્હે ગયે પૂત પરાયે ॥૫॥
વારેંહીતેં ગોકુલ ગોપિન કે સુને ગૃહ તુમ ડાટે । વ્હૈ નિસંક તહા પેઠિ રંકલો દધિકે ભાજન ચાટે ॥૬॥
આપુ કહાય બડેકે ઢોટા ભાત કૃપન લો માંગ્યો । માન ભંગપર દુજે જાચત નેંક સંકોચન લાગ્યો ॥૭॥
લરિકાઈ તે ગોપિન કે તુમ સુને ભવન ઢંઢોરે । જમુના ન્હાત ગોપ કન્યનકે નિપટ નિલજ પટ ચોરે ॥૮॥
બેનુ બજાય વિલાસ કીનો વન બોલી પરાઈ નારી । વે બાંતે મુનિરાજ સભામેં વ્હે નિસંક વિસ્તારી ॥૯॥
સબ કોઉ કહત નંદબાબા કો ઘર ભર્યો રતન અમોલે । ગરે ગુંજા સિરમોર પખૌવા, ગાયન કે સંગ ડોલે ॥૧૦॥
રાજસભા કો બૈઠન હારો કૌન ત્રિયન સંગ નાચે । અગ્રજ સહિત રાજમાર્ગમેં કુબિજા દેખત રાજે ॥૧૧॥
અપની સહોદરા આપુહી છલકર અર્જુન સંગ ભજાઈ । ભોજન કરિ દાસીસુત કે ઘર જાદો જાતિ લજાઈ ॥૧૨॥
લેલે ભાજે રાજનકી કન્યા યહ ધોં કોન ભલાઈ । સત્યભામાજુ ગોતમે વ્યાહી, ઉલટિ ચાલ ચલાઈ ॥૧૩॥
બહિન પિતાકી સાસ કહાઈ નેકહુ ન લાજ આઈ । એતે પર દીની જુ વિધાતા અખિલ લોક ઠકુરાઈ ॥૧૪॥
મોહન વસીકરન ચટ ચેટક જંત્રમંત્ર સબ જાને । તાતે ભલે ભલે કરિજાને ભલે ભલે જગમાને ॥૧૫॥
વરનોં કહા યથા મતિ મેરી વેદહૂ પાર ન પાવે । દાસ **ગદાધર** પ્રભુકી મહિમા ગાવત હી ઉર આવે ॥૧૬॥

(શયનદર્શનના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ સુદ નોમ



વસ્ત્ર : ચંપાઈ રંગનો લીલી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર લાલ રંગની અબીલ ગુલાલથી ખેલાવેલી પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ સમર્પી શકાય.

સામગ્રી : કેટલેક સ્થળે આઠમના બદલે નોમનો બગીચો થાય છે. જો નોમનો બગીચો હોય તો આઠમના દિવસે લખેલી સામગ્રી નોમના દિવસે ધરાય. જો બગીચો આઠમનો થયો હોય તો આજે ઉત્સવની એક વિશેષ સામગ્રી નિત્યની સામગ્રી ઉપરાંતની યથામનોરથ ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવા.

કીર્તન : **શૃંગાર (રાગ - દેવગંધાર/પંચમ)**

દેખો દેખો વ્રજકી વીથનિ વીથનિ ખેલત હેં હરિ હોરી ।
ગીત વિચિત્ર કોલાહલ કૌતિક સંગ સખા લખકોરી ॥૧॥
આઈ ઝુમિ ઝુમિ ઝુંડન જુરિ અગનિત ગોકુલ ગોરી ।
તિનમેં યુવતી કદંબ સિરોમનિ રાધા નવલ કિશોરી ॥૨॥
છિરકત ગ્વાલબાલ અબલન પર બૂકા બંદન રોરી ।
અરુન આકાસ દેખિ સંધ્યા ભ્રમ મુનિમનસા ભઈ બૌરી ॥૩॥
રપટત ચરન કીચ અરગજા કી કેસરિ કુંકુમ ઘોરી ।
કહી ન જાય **ગદાધર** પે કછુ બુધિબલ મતિ ભઈ થોરી ॥૪॥

(મંગલાના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ સુદ નોમ



આજના શૃંગાર : મુકુટ-કાછની

સાજ : સફેદ સાદી પિછવાઈ ધરી છે જેના ઉપર અબીલ ગુલાલથી ભારે ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ઘેરા ગુલાબી રંગનાં, રૂપેરી જરીની તૂઈ-લેસની કિનારીવાળાં સૂથન, કાછની અને રાસપટુકો ધર્યાં છે. મેઘશ્યામ રંગની ચોળી ધરી છે. સર્વ વસ્ત્રો ગુલાલથી ભારે ખેલ થવાને કારણે લાલ રંગનાં દેખાય છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકનનું) ધર્યું છે. તે પણ ભારે ખેલને કારણે રંગીન દેખાય છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ, લીલા, મેઘશ્યામ મીનાના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે સોનાનો મીનાકારીવાળો મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં જડાવ મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. પીળાં અને લાલ પુષ્પોનાં બે કલાત્મક માળાજી ધર્યાં છે. શ્રીપ્રભુને કપોલ ઉપર, શૃંગાર-વસ્ત્ર ઉપર બધે જ લાલ ગુલાલ તેમજ વિવિધ રંગોથી ખેલ થયેલા છે. હોળીખેલનાં દર્શનમાં પ્રભુની શોભા અનેરી લાગે છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - સારંગ)**

તુમ મેરે મન અતિ વસો સુંદર ચતુર સુજાન લલના । કરગહિ મોહન મુરલિકા નીકે સુનાવો તાન લલના ।।૧।।
મોર મુકુટ શોભા બની સુંદર તિલક સુભાલ લલના । મુખપર અલકાવલિ વિથુરી મનહુ કમલ અલિમાલ લલના ।।૨।।
અધર દશન બર નાસિકા ગ્રીવા ચિબુક કપોલ લલના । પીતાંબર શુદ્ર ઘંટિકા લાલ કાછની ડોલ લલના ।।૩।।
નખશિખ અંગ વરનો કહા અંગઅંગ રૂપ અતોલ લલના । પટતર કો કોઉ નહીં અતિ મીઠે મૃદુબોલ લલના ।।૪।।
એક દિના સેનન મિલે નવલકુંવર વ્રજરાજ લલના । ગૃહતે આવન ના બન્યો ભઈ બેરિન કુલ લાજ લલના ।।૫।।
ગૃહતે ગોરસ મિસ ચલી લાજ છાંડ કુલ એન લલના । વે મુસકિનિ હ્રદે વસી અતિ અનિયારે નયન લલના ।।૬।।
કહા જાને તુમ કહા કિયો ગૃહ અંગના ન સુહાય । વિન દેખે નાગર પ્યારો યુગ સમાન પલજાય ।।૭।।
સકલ લોક મોહિ બરજહી પચિહારે સમઝાય । નહી ભાવે મોહિ કુલ કથા મોહિ તિહારી ચાય ।।૮।।
ગ્વાલિન પર ગિરિધર રીઝે લીલા ક્હી ન જાય । **ગોપાલદાસ** પ્રભુ લાલ રંગીલો હંસ લીની ઉર લાય ।।૯।।

શયન (રાગ : ગોરી)

[illegible]ડો હોરી વેણુ મધ્ય ગાવે શ્યામ । નૃત્યત યુવતી સમૂહ સંગ મિલ મધુર તાન વિશ્રામ ।।૧।। ફૂલી લતા નવલ ગહ[illegible] વન વરન વરન બહુ ભાંત । કિલકત શુક પિક આનંદભરે મનોહર મધુપન પાંત ।।૨।। બાજત ચંગ ઉપંગ મુરલ[illegible] ડફ ઝાલર ઝાંઝ મૃદંગ । મદન ગોપાલ લેત ગતિ સહજ લજવત કોટિ અનંગ ।।૩।। કુંકુમ ચંદન વંદન અરગજા સુગંધતાઈ । બીચ બીચ તકત તાનત હૈ નયનકી પિચકાઈ ।।૪।। ફાટત ચીર રહત દ્રુમ દ્રુમ પ્રતિ તૂટત મોતીન હાર । ક્રીડા રસ વશ ભયે મગનમન તનકી તજી સંભાર ।।૫।। **દાસ ચતુર્ભુજ** પ્રભુ ચહું દિશ જુર ગાવે ચેતવ રાગ । સુખ સમુદ્ર શ્રીગોવર્ધન તટ રચ્યો રંગીલો ફાગ ।।૬।।

વ્રજ : ફાલ્ગુન શુક્લ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ સુદ દસમ



વસ્ત્ર : લાલ રંગનો પીળી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગુલાબી રંગની અબીલ ગુલાલથી ખેલાવેલી પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ સમર્પી શકાય.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં યથામનોરથ, યથાશક્તિ, ઋતુઅનુસાર ઉત્સવની એક સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવાં. અનોસરભોગમાં ફગવા, ખજૂર, સૂકોમેવો, દૂધઘર વગેરે અવશ્ય ધરવા. આ સામગ્રી અનોસર ભોગમાં વસંત પંચમીથી હોળી સુધી ધરાય છે.

કીર્તન : શૃંગાર (રાગ - બિલાવલ)

મોહન વૃષભાન કે આયેજુ ।તહાં અતિરસ ન્યોતિ જિમાયે ॥૧॥ વૃષભાન પુરાકી ગારી । શ્રીરાધાકૃષ્ણ પિયારી ॥૨॥ ચઢિ દુલ્હે વ્યાહન આયે । સિંઘાસન હૈ બેઠાયે ॥૩॥ નાના વિધ ભઈ હે રસોઈ । તહા જેંવત અતિ સુખ હોઈ ॥૪॥ તહાં મિલી યુવતી બડભાગી । ગાવે કૃષ્ણ ચરિત્ર અનુરાગી ॥૫॥ તહાં બોલી એક વ્રજનારી । આવો દેહેં કૃષ્ણ કો ગારી ॥૬॥ ઈને ગારી કહા કહિ દીજે । ગુન ઔગુન સરસ લહીજે ॥૭॥ દ્વે બાપ સબે કોઉ જાને । જિને વેદ પુરાન બખાને ॥૮॥ વસુદેવ કે સુત કહાવે । તુમ નંદ ગોપ કે આયે ॥૯॥ તેરી મૈયા આનઆનજાતી । વે હિલિ મિલી બૈઠે પાતી ॥૧૦॥ તેરી ફૂફી પંચ ભરતારી । જાકો જસ પાવનકારી ॥૧૧॥ પતિ પાંડુ સબે જગજાને । સુત આન આન કે આને ॥૧૨॥ તેરી દ્રુપદ સુતાસી ભાભી । બહુ પંચ પુરુષ મિલિ લાભી ॥૧૩॥ જાકી જગ વદત બડાઈ । સોતો ભક્ત સિરોમનિ ગાઈ ॥૧૪॥ તેરી બહિન સુભદ્રાકુમારી । સો તો અર્જુન સંગ સિધારી ॥૧૫॥ શ્રીકૃષ્ણ તેરી મહતારી । વહ પહેરે તનસુખ સારી ॥૧૬॥ રાની રાતો લહેંગા સોહે । તેરી ચિતવનિ મેં જગ મોહે ॥૧૭॥ તુમ કહીયત હો બ્રહ્મચારી । જાકે સોલ સહસ્ત્ર નારી ॥૧૮॥ તુમ કહીયત હો દધિદાની । જિન કુબજાસોં રતિ માની ॥૧૯॥ શ્રીકૃષ્ણજુ તેરો બલબીરા । જિન કરષ્યો કાલિંદી નીરા ॥૨૦॥ અહો તુમ વનવન ધેનુ ચરાઈ । ભયે ઘોખ સકલ સુખદાઈ ॥૨૧॥ વૃંદાવન વેનુ બજાયો । વ્રજ સુંદરિ રાસ ખેલાયો ॥૨૨॥ સુને ભવન પરાયે આયે । ચોરી કરિ માખન ખાયે ॥૨૩॥ ગારી ગાવે હરિજુકી સારી । વે હંસિ હંસિ દેહે ગારી ॥૨૪॥ ગારી ગાવે હરિજુકી સાસુ । વે ઢરત પ્રેમ કે આંસુ ॥૨૫॥ ગાવે ગાવે સબે મિલ નારી । તુમ સુનહુ લાલ વિહારી ॥૨૬॥ તુમ કરિકરિ અપનો ભાયો । અપનો જસ જગત સુનાયો ॥૨૭॥ વે હંસિ હંસિ ગાવે ગારી । પટ ઓટ હંસી મુખ મોરી ॥૨૮॥ છાંડે દુર્યોધનસે રાજા । તેરે કુલ હિત આવે લાજા ॥૨૯॥ લલિતા યહ મંગલગાયો । સુનિ **સૂરશ્યામ** સચુપાયો ॥૩૦॥

મંગલા (રાગ - બિભાસ)

હોં તો હોરી નંદલાલસો ખેલોંગી ।
ભરું ભરાઉં ગતિ ઉપજાઉં જગ ઉપહાસ સંકેલોંગી ॥૧॥
નાચું ઉછરિ બજાઉં ગાઉં પ્રતિવ્રત પાયનોપેં લોંગી ।
કૃષ્ણ જીવન લચ્છીરામ કે પ્રભુસોં રીઝિ માલ ગુલરીમેં લોંગી ॥૨॥

વ્રજ : ફાલ્ગુન શુક્લ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ સુદ દસમ



આજના શૃંગાર : પાગ-કતરો સૂથન-ઘેરદાર

સાજ : સફેદ સાદી પિછવાઈ ધરી છે, જેના ઉપર વિવિધ રંગો અને ગુલાલથી કલાત્મક રીતે ખેલ થયા છે. ગાદી તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સફેદ રંગના, રૂપેરી જરીની તૂઈ લેસની કિનારીવાળાં, સૂથન, ઘેરદાર વાઘો અને ચોળી ધર્યાં છે. શ્વેત કટિપટુકો - માત્ર ઊર્ધ્વ ભુજા તરફ ધર્યો છે. ઠાડું વસ્ત્ર ઘેરા લીલા રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર અબીલ, ગુલાલ, ચોવા, ચંદનથી કલાત્મક રીતે ખેલ થયા છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. સફેદ અને મેઘશ્યામ મીનાના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે સફેદ ગોળ પાગ ઉપર શિરપેચ અને મોરપંખના દોહરા કતરા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે. શ્રીપ્રભુને કપોલ ઉપર અબીલ-ગુલાલથી ખેલ થયેલા છે. વસ્ત્ર-શૃંગાર બધું જ અબીલ-ગુલાલથી રંગાયેલું છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - કાફી)**

ગોપકુમાર લિયે સંગ હો હો હોરી ખેલે વ્રજનાયક । ઈત વ્રજયુવતિ યૂથ મધિનાયક શ્રીવૃષભાન કિશોરી ॥૧॥
મોહન સંગ ડફ દુંદુભી સહનાઈ સરસ ધુનિ રાજે । બીચબીચ યુવતિ મનમોહન મહુવર મુરલી બાજે ॥૨॥
શ્યામ સંગ મૃદંગ ઝાંઝ આવજ આન ભાંત બજાવે । કિન્નરી બીન આદિ બાજે સાજે ગિનત ન આવે ॥૩॥
ઈત વ્રજકુંવર કરનિ કર રાજત રત્ન ખચિત પિચકાઈ । ઉત કરકમલ કુસુમ નવલાસી ગાવત ગારિ સુહાઈ ॥૪॥
તબ મન મોહન યુવતી યૂથ પર વિવિધ રંગ બરખાયે । અતિ સુખ ફાગ સોંજ લીને ઉનયે માનો નવ ઘન આયે ॥૫॥
તબ લલિતા ચંદ્રાવલી મતોકર સુબલ સેન દે લીનો । છલબલ કર ગિરિધર ગહિવેકો યહ મતો મન કીનો ॥૬॥
સખા ભેદ ગિરિધર ગહિપાયે ભયો યુવતિન મનભાયો । આંખિ આંજિ ગૂંથી બેની મૃગનયની ભેષ બનાયો ॥૭॥
ફગુવાકે ગહને મોહન મોતિન માલ ઉતારી । બંસી ઝટકિ લઈ ઝુકિ પ્યારી અધરનકી વિલસનહારી ॥૮॥
દીને છાંડિ આપ ભાયો કર શ્યામ સખન મેં આયે । તબ મોહન સમસર કરવે કો બલદાઉ પકરાયે ॥૯॥
જબ હલઘર વશ પરે યુવતિનકે કેસર કલશ મંગાયે । જોઈ જોઈ વિધ ઉપજી જાકે જિય તિહિ તિહિ ભાંત નચાયે ॥૧૦॥
કીનો બીચ સુબલ શ્રીદામા દાઉ આનિ છુડાએ । ફગુવા દેન કહ્યો મનભાયો વ્રજપતિ ટેર સુનાયે ॥૧૧॥
તબ વ્રજરાજ વસન ભૂષણ લે યુવતી યૂથ ઢિંગ આયે । અતિ આનંદ વદન પ્રફૂલ્લિત દિયે વસન મન ભાયે ॥૧૨॥
દેત અસીસ સકલ વ્રજવનિતા રસના નહિ લખે કોરી । ચિરજીયો મદનમોહન પિય શ્યામા ઔર શ્યામ સમ જોરી ॥૧૩॥

(શયનદર્શનના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ સુદ અગિયારસ



કુંજ એકાદશી - આમલકી એકાદશી

દેહલી - વંદનમાલ - હાંડી - આજે અભ્યંગ થાય

વસ્ત્ર : ઘેરા લીલા રંગનો લાલ કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર સફેદ રંગની અબીલ ગુલાલથી ખેલાવેલી પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ સમર્પી શકાય.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે રાજભોગમાં વિશેષ સામગ્રીમાં સૂરણનો મોહનથાળ, પાટિયાની સેવ, કેસરી ઘેબર, ગુલાબનો શીરો, બુંદીની છાશ, બે ભુજાનાં, બે શાક વગેરે ધરાય છે.

- ખેલના ભોગમાં ફગવાની સાથે કેસરી બરફી વગેરે દૂધઘરની વિવિધ સામગ્રી વિશેષમાં ધરાય છે.
- રાત્રે અનોસર ભોગમાં ઘેબર, બરફી, અડદની પકોડીની સામગ્રી તેમજ મીઠું, મરી અને બુરાની કટોરી સાજીને શૈયાજી પાસે ભોગ ધરાય છે.
- આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **શૃંગાર (રાગ - દેવગંધાર)**

આજ માઈ મોહન ખેલત હોરી । નૌતનવેષ કાછિ ઠાડે ભયે સંગ રાધિકા ગોરી ॥૧॥ અપને ભામતે આઈ દેખન કો જુરિ જુરિ નવલકિસોરી । ચોવા ચંદન ઔર અરગજા મુખ માંડત લે રોરી ॥૨॥ છુટી લાજ તબ તન ન સંભારત અતિ વિચિત્ર બની જોરી । મચ્યો ખેલ રંગ રહ્યો ભારી યા ઉપમા કો કોરી ॥૩॥ દેત અસીસ સકલ વ્રજવનિતા અંગ અંગ સબ ભોરી । **પરમાનંદ** પ્રભુ પ્યારીકી છબિપર ગિરિધર દેત અકોરી ॥૪॥

(મંગલાના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

રાજભોગ (રાગ - દેવગંધાર)

મનમોહન અદ્‌ભુત ડોલ બની ।
તુમ ઝુલો હોં હરખ ઝુલાઉં વૃંદાવન ચંદ ધની ॥૧॥
પરમ વિચિત્ર રચ્યો વિશ્વકર્મા હીરા લાલ મની ।
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરન લાલ છબિ કાપેં જાત ગની ॥૨॥

વ્રજ : ફાલ્ગુન શુક્લ એકાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ સુદ અગિયારસ



વ્રજ : ફાલ્ગુન શુક્લ એકાદશી **ચિત્ર પરિચય** ગુજરાતી : ફાગણ સુદ અગિયારસ

કુંજ એકાદશી - આમલકી એકાદશી

આજના શૃંગાર : મુકુટ - કાછની

સાજ : સફેદ સાદી પિછવાઈ ધરી છે. જેના ઉપર ગુલાલ અને અબીલથી ભારે ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : કેસરી સૂથન, શ્યામ ચોવાની ચોળી અને કેસરી તથા શ્યામ એમ બે રંગની કાછની ધરી છે. બધાં વસ્ત્રોને રૂપેરી જરીની તૂઈલેસની કિનારી મૂકેલી છે. કેસરી રંગનો રૂપેરી જરીની તૂઈલેસવાળો ગાતીનો ઉપરણો ધર્યો છે. સફેદ જામદાની (ચીકનનું) ઠાડું વસ્ત્ર ધર્યું છે. બધાં વસ્ત્રો ગુલાલને કારણે લાલ રંગનાં જ દેખાય છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. સોનાનાં તથા લાલ, લીલા અને સફેદ મીનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે સોનાની મીનાકારીની ટોપી અને ટોપી ઉપર ફૂલનો મુકુટ તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. ઉત્સવની મોતીની ચોટી ડાબી બાજુ ધરી છે. લાલ ગુલાબનાં અને સફેદ પુષ્પોનાં એમ બે માળાજી ધર્યાં છે. ચંદનના લીલાં પાન તથા ગુલાબનાં ફૂલોની વેલની ડિઝાઈનવાળું ચોકઠું પીઠિકાની આસપાસ ધર્યું છે.

આજે શ્રીનવનીતપ્રિયજી શ્રીનાથજીબાવાની ગોદમાં બિરાજ્યા છે. તેમને પણ સુવર્ણનો મુકુટ અને સોનાનાં તથા મીનાનાં શૃંગાર ધર્યાં છે. બે પુષ્પમાળા ધરી છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે શ્રીનાથજીબાવાના નિજમંદરમાં કુંજની સજાવટ થાય છે. કેળની કુંજને ચંદનનાં લીલાં પાન, આસોપાલવનાં પાન તથા ગુલાબના ફૂલોથી સજાવવામાં આવે છે. રાજભોગ દર્શનમાં આ કુંજની સજાવટ સમયે વેણુજી શ્રીહસ્તને બદલે કમરમાં ધરાય છે. અબીલ, ગુલાલ, ચોવા, ચંદન વગેરેથી ભારે ખેલ થાય છે.

આજે શૃંગાર સમયે મીનાનો મુગટ, રાજભોગમાં ફૂલનો મુગટ અને ભોગસંધ્યામાં ફૂલનો નવો મુગટ ધરાય છે. આ રીતે આજે ત્રણવાર શ્રીમસ્તક ઉપર મુકુટ બદલાય છે.

આજથી ચાર દિવસ ચાર યૂથાધિપતિની સેવા હોય છે. ચારે સ્વામિનીજી ચાર સ્થાનમાં ડોલ ઝૂલાવે છે. તેથી આજથી રાજભોગ સન્મુખ અને શયન સન્મુખમાં ડોલનાં પદ ગવાય છે. નંદાલય, યમુનાપુલિન, શ્રીગિરિરાજજી ઉપર અને નિકુંજમાં એમ ચાર સ્થાનમાં ડોલ ઝૂલે છે. શ્રીનવનીતપ્રિયજી આજે શ્રીનાથજીની ગોદમાં બિરાજે છે. આજથી નિકુંજલીલાનો આરંભ થતો હોવાથી આજની એકાદશીને કુંજએકાદશી કહેવાય છે. શ્રીનાથજીમાં બારમાસમાં આજે જ કુંજ બંધાય છે. વ્રજનાં બાર વન અને ચોવીસ ઉપવનના ભાવથી આ કુંજ બંધાય છે.

રાજભોગ આરતી સમયે વેત્ર ઠાડો ધરાય છે પણ વેણુ કટિમાં ધરાય છે, તેનો ભાવ એવો છે કે વેત્રથી પ્રભુ વ્રજભક્તોને ઘેરી શકે પણ વ્રજભક્તો ઝપટ મારીને વેણુ ચોરી ન શકે.

આજથી રાજભોગ સમયે અષ્ટપદી ગવાતી નથી. ડોલનાં પદ જ ગવાય છે. શયનમાં ગારીનાં પદ ગવાય છે. શયન સન્મુખ પણ ડોલનાં પદ ગવાય છે. માનનાં કે પોઢવાનાં પદ ગવાતાં નથી.

(શયનદર્શનનાં પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ સુદ બારસ



વ્રજ : ફાલ્ગુન શુક્લ દ્વાદશી

ચિત્ર પરિચય

ગુજરાતી : ફાગણ સુદ બારસ

વસ્ત્ર : લાલ રંગનો પીળી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કેસરી રંગની અબીલ-ગુલાલથી ખેલાવેલી ગોળ પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ સમર્પી શકાય.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં આજે મેવાતીની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - કાફી)**

આયો ફાગુન માસ કહે સબ હોરી હોરા ।
એક ઔર વૃષભાનનંદિની એક ઓર હરિ હલધર જોરા ॥૧॥
વ્રજનારી ગારી દેવેંકો ભજિ ભજિ આવે તજિ કોરા ।
જાન ન દેહોં પકરોરી શ્યામકો સબે ધરત જોબન કો તોરા ॥૨॥
રહી ન સકત અપને ઘર કોઉ માનો કામકો ફિર્યો ઢંઢોરા ।
કૃષ્ણજીવન લછીરામકે પ્રભુસો હોત હૈ ઝકઝોરી ઝકઝોરા ॥૩॥

શૃંગાર (રાગ : બિલાવલ)

તુ જિન બોલેરી દેન દે વાહી ગારી ।
વહ હૈ લબાર જિંભાર જગત કો હમ હૈં સુલક્ષણ નાગરનારી ॥૧॥
વાકે જિય આવે સોઈ ગાવે હમ કહા કરે લાજકી મારી ।
હોરી મેં કહો કોન વિગોયો **કૃષ્ણજીવન લછીરામ** ઝંઝારી ॥૨॥

વ્રજ : ફાલ્ગુન શુક્લ દ્વાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ સુદ બારસ



આજના શૃંગાર : પાગ-કતરો, સૂથન-ચાકદાર

સાજ : સાદી સફેદ પિછવાઈ ધરી છે. જેના ઉપર ગુલાલ અને વિવિધ રંગોથી ભારે ખેલ થયા છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સફેદ સૂથન, ચોળી અને ચાકદાર વાઘો ધર્યાં છે. બધાં વસ્ત્રોને રૂપેરી જરીની તૂઈલેસની કિનારી મૂકેલી છે. ઠાડું વસ્ત્ર કેસરી રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો ઉપર અબીલ, ગુલાલ, ચોવા, ચંદન વગેરેથી ભારે ખેલ થયા છે. શ્રીપ્રભુને કપોલ ઉપર ગુલાલ અને ચંદનથી ખેલ થયા છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ, લીલા, મેઘશ્યામ અને સફેદ મીનાના તથા સોનાના સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે સફેદ ગોળ પાગ ઉપર શિરપેચ અને નાગફણીનો (જમાવ) કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. બે પુષ્પમાળા ધરી છે. બધાં વસ્ત્ર-શૃંગાર ભારે ખેલને કારણે ગુલાલથી આચ્છાદિત થયેલાં છે.

શ્રીહસ્તમાં : પુષ્પછડી, સુવર્ણનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - સારંગ)**

હરિકો ડોલ દેખ વ્રજવાસી ફૂલે । ગોપી ઝુલાવે ગોવિંદ ઝૂલે ॥૧॥
નંદ ચંદ ગોકુલ મેં સોહે । મુરલી મન્મથ મન મોહે ॥૨॥
કમલનયન કો લાડ લડાવે । પ્રમુદિત ગીત મનોહર ગાવે ॥૩॥
રસિક શિરોમનિ આનંદ સાગર । **સુરદાસ** પ્રભુ મોહનનાગર ॥૪॥

શયન (રાગ - કલ્યાણ)

ડોલ ઝુલત હૈ ગિરિધરન ઝુલાવત બાલા ।
નિરખ નિરખ ફૂલત લલિતાદિક શ્રીરાધાવર નંદલાલા ॥૧॥
ચોવા ચંદન છિરકત ભામિની ઉડત અબીર ગુલાલા ।
કમલ નયનકો પાન ખવાવત પહરાવત ઉર માલા ॥૨॥
બાજત તાલ મૃદંગ અઘોટી કૂજત વેણુ રસાલા ।
નંદદાસ યુવતી મિલ ગાવત રિઝવત શ્રીગોપાલા ॥૩॥

વ્રજ : ફાલ્ગુન શુક્લ ત્રયોદશી

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ સુદ તેરસ



વસ્ત્ર : લાલ રંગની છીંટનો પીળી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર સફેદ રંગની અબીલ-ગુલાલથી ખેલાવેલી ગોળ પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ સમર્પી શકાય.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઉત્સવની મનોહરની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - ખટ)**

આજ ભોર હી નંદપૌરિ વ્રજનારિન ધૂમ મચાઈ ।
પકરિ પાનિ ગહિ મારિ પૌરીયા જસુમતિ પકર નચાઈ ॥૧॥
હરિ ભાગે હલધર હુ ભાગે નંદ મહર હુહેરે ।
તબહિ મોહન નિકસિ દ્વારવ્હે સખા નામ લે ટેરે ॥૨॥
દ્વાર પુકાર સુનત નહીં કોઉ તબ હસિ ચઢે અટારી ।
આઓ રે આઓ સખા સબ સંગકે ઘર ઘેર્યો વ્રજનારી ॥૩॥
સુનત ટેર સંગી સબ દૌરે જબ અપને અપને ધામ ।
અર્જુન તોક કૃષ્ણ મધુમંગલ સુબલ સુબાહુ શ્રીદામા ॥૪॥
ગ્વાલિનિ દોરિ પોરિ જબ રોકી આન ન પાયે નેરે ।
ચંદ્રાવલિ લલિતાદિ આદિ દે શ્યામ મનોહર ઘેરે ॥૫॥
કિત જેહો વસ પરે હમારે ભાજિ ન સકો નંદલાલ ।
ફગુવામેં મુરલી હમ લેહે પીતાંબર વનમાલ ॥૬॥
કેસરિ ડારી સીસ તે મુખપર રોરી માંડત રાધે ।
વ્યાસદાસ પ્રભુ ભુજ ગહિ ગાઢે મનવાંછિત ફલ સાધે ॥૭॥

શૃંગાર (રાગ - બિલાવલ)

બરસાનેકી નવલ નારિ મિલિ હોરી ખેલન આઈ ।
બરબટ ધાય જાય જમુના તટ ઘેરે કુંવર કન્હાઈ ॥૧॥
અતિઝીની કેસરિ રંગ ભીની સારી સુરંગ સુહાઈ ।
કંચન બરન કંચુકી ઉપર ઝલકત જોબન ઝાંઈ ॥૨॥
કેસર કસ્તુરી મલયાગર ભાજન ભરિ ભરિ લાઈ ।
અબીર ગુલાલ ફેંટ ભરિ ભામિની કરન કનક પિચકાઈ ॥૩॥
ખેલત ખેલત રસિક સિરોમનિ રાધાજુ નિકટ બુલાઈ ।
ઋષિકેસ પ્રભુ રીઝિ શ્યામઘન વનમાલા પહરાઈ ॥૪॥

વ્રજ : ફાલ્ગુન શુક્લ ત્રયોદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ સુદ તેરસ



આજના શૃંગાર : પાગ-કતરા, સૂથન-ઘેરદાર

સાજ : સફેદ સાદી પિછવાઈ ધરી છે, જેના ઉપર ગુલાલ વગેરેથી ખેલ થયા છે. ગાદી-તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સફેદ સૂથન, ચોળી તથા ઘેરદાર વાગો ધર્યો છે. બધાં વસ્ત્રો ઉપર ગુલાલ અને ચોવાથી ખેલ થયેલા છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે. તેના ઉપર અબીલ, ચંદન વગેરેથી ખેલ થયેલા છે. બધાં વસ્ત્રો ગુલાલથી છવાયેલા છે. માત્ર ઊર્ધ્વભુજા તરફ કટિપટુકો ધર્યો છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ, લીલા, સફેદ, મેઘશ્યામ મીનાનાં તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે સફેદ પાગ ઉપર શિરપેચ અને દોહરા કતરા ધર્યા છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે. પાગ, કતરા, કપોલ વગેરે ઉપર ગુલાલથી ખેલ થયેલા છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી અને સુવર્ણનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - જેતશ્રી/હિંડોલ)**

ઝુલત યુગ કમનીય કિશોર સખી ચહું ઓર ઝુલાવત ડોલ ।
ઉંચી ધ્વનિ સુન ચકૃત હોત મન સબ મિલ ગાવત રાગ હિંડોલ ॥૧॥
એક વેષ એક વયસ એક સમ નવ તરૂનિ હરની દગ લોલ ।
ભાંત ભાંત કંચુકી કસે તન વરન વરન પહેરે વલિચોલ ॥૨॥
વન ઉપવન દ્રુમવેલી પ્રફુલ્લિત અંબમોર પિકન કર કલોલ ।
તૈસેહી સ્વર ગાવત વ્રજ વનિતા ઝુમક દેત લેત મન મોલ ॥૩॥
સકલ સુગંધ સવાર અરગજા આઈ અપને અપને ટોલ ।
તક તકજુ પિચકાઈન છિરકત એક ભરે ભર કનક કચોલ ॥૪॥
કબહુ શ્યામ પિય ઉતર ડોલતેં કૌતુક હેત દેત ઝકઝોલ ।
તબ પ્રિયા ડર ભરિ સ્વાસ કંપ તન વિરમ-વિરમ બોલત મૃદુબોલ ॥૫॥
ગિરત તરોના ગ્રહ્યો શ્યામકર શ્રવન દેન મિસ છુવત કપોલ ।
તબ પ્રિય ઈષદ મુસક મંદ હસ વક્ર ચિત્તૈ કર ભ્રૌંહ સલોલ ॥૬॥
દુંદુભી ઝાંઝ પખાવજ ભેરિ અરૂ ડફ આવજ બાજત ઢોલ ।
આયે સકલ સખા સમૂહ જુરિકે હો હો હોરી બોલત બોલ ॥૭॥
રત્નજટિત આભૂષણ દીને ઓર દીને મુકતાહાર અમોલ ।
સુરદાસ મદનમોહન પ્યારે ફગુવા દે રાખ્યો મન ઓલ ॥૮॥

(શયનદર્શનનાં પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ ચતુર્દશી

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ સુદ ચૌદસ



હોળી

વસ્ત્ર : ઘેરા લીલા રંગનો લાલ કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તકે સફેદ રંગની અબીલ-ગુલાલથી ખેલાવેલી પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ સમર્પી શકાય.

સામગ્રી : ચૌદસના દિવસે વિશેષ સામગ્રી બુંદીના લાડુની ધરાય છે. (આ ચિત્રો બન્યાં તે વર્ષે ચૌદસના દિવસે હોળીનો ઉત્સવ અને પૂનમના દિવસે ડોલોત્સવ મનાયો હતો. આ બંને ઉત્સવો નક્ષત્ર પ્રમાણે મનાવાય છે. જે દિવસે ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર હોય તે દિવસે ડોલોત્સવ મનાવાય છે. નક્ષત્ર પૂનમે આવે તો પૂનમે, એકમે આવે તો એકમના દિવસે ડોલોત્સવ મનાય છે. આ વર્ષે ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર પૂનમે હોવાથી પૂનમના દિવસે ડોલોત્સવ મનાવવામાં આવ્યો છે અને ચૌદસના દિવસે હોળીનો ઉત્સવ મનાવાયો છે.)

- હોળીના ઉત્સવના દિવસે આખા દિવસના નેગમાં દહીંની સેવના લાડુ ધરાય છે. રાજભોગમાં વિશેષ સામગ્રી ગોળના પૂડલા, છાશવડાં, ચાર પ્રકારનાં ભુજાનાં, સંજાબની અને ચોખાની ખીર, મેવાભાત, પાટિયાની સેવ, તીનકુડા, બિલસારુ, કઢી, પાપડ, કચરિયાં, સંધાણાં, મગની છૂટ દાળ વગેરે ધરાય છે.
- અનોસરમાં ખેલની સામગ્રીનો થાળ ધરાય છે, જેમાં ફગવા, ખજૂર, સૂકામેવા અને દૂધગરની વિવિધ સામગ્રી આવે છે. રાત્રે શૈયાજી પાસે અનોસરનો થાળ ધરાય છે, જેમાં બરફી, સૂકામેવા, કોળું અને ટેટીનાં બીજ, બીડાં વગેરે સાજી, વસ્ત્ર ઢાંકીને ધરાય છે. થાળમાં અત્તરની શીશી પણ રખાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવાં.

કીર્તન : મંગલા (રાગ - દેવગંધાર/પંચમ)

હો હો હોરી ખેલન જૈયે । આજ ભલો દિન હે પ્યારી તિનહિ સુહાગ બઢૈયે ॥૧॥
સોવત જાય જગાય સુન્દરી કર ઉબટનો સીસ ન્હવૈયે । સાદા ચૂરી ખૂભી નકવેસર રાધાકુંવરી બનૈયે ॥૨॥
ચૌવા ચંદન ઔર અરગજા અબીર ગુલાલ ઉડૈયે । નવ મટુકી ભર કેસર ઘોરિ પ્રથમ શ્યામ છિરકૈયે ॥૩॥
ધાવત સબ ઈતતે વ્રજનારી કમલન માર મચૈયે । તાલ મૃદંગ ઢોલ ડફ મહુવરિ ઝાંઝન ઝમક મિલૈયે ॥૪॥
ઈત રાધા ઉત મોહન પ્યારો મુરલી કો શબ્દ સુનૈયે। કુંજ ઓટ લલિતા હરિદાસી રાગ દામોદર ગૈયે ॥૫॥

શૃંગાર (રાગ - જેતશ્રી/ધનાશ્રી)

હોરી કે રંગીલે લાલ ગિરિધર રંગ મચાયો । કેસરિ રંગ ગુલાલ અરગજા મદન વસંત જગાયો ॥૧॥
તાલ મૃદંગ ઝાંઝ ડફ બીના હોરી રાગ જમાયો । સુનિ નિકસી ગૃહગૃહતે સુંદરી હાવભાવ ફલ પાયો ॥૨॥
આવત ભાવત ગારીન ગાવત રસ ભરિ લાલ ખિલાયો। **શ્રીવિટ્ઠલ ગિરિધર** યુવતીનસો હોરી ત્યૌહાર મનાયો ॥૩॥

વ્રજ : ફાલ્ગુન શુક્લ ચતુર્દશી

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ સુદ ચૌદસ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા, સુથન-ઘેરદાર

સાજ : સફેદ સાદી પિછવાઈ ધરી છે. ગુલાલ, અબીલ, ચોવા વગેરેથી પિછવાઈ ઉપર ભારે ખેલ થયા છે, જેથી પિછવાઈનો મૂળ રંગ સફેદ ક્યાંય નજરે પડતો નથી. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સફેદ સૂથન, ચોળી અને ઘેરદાર વાઘો ધર્યો છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે. શ્રીઠાકોરજીને કપોલ અને દાઢી ગુલાલથી રંગાયા છે. બધાં વસ્ત્રો પણ ભારે ખેલને કારણે ગુલાલથી મંડિત લાલ રંગનાં જ લાગે છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ, લીલા, મેઘશ્યામ અને સફેદ મીનાના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે સફેદ પાગ ઉપર શિરપેચ અને મોરપંખની સાદી ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. બે પુષ્પમાળા ધરી છે. ભારે ખેલને કારણે બધાં વસ્ત્ર-શૃંગાર ગુલાલથી છવાઈ ગયેલાં છે. પીઠિકાની ઉપર પણ ગુલાબનાં પુષ્પોનાં મોટાં, સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

નોંધ : હોળીના પર્વને 'બડો પર્વ' માનીને શ્રીસ્વામિનીજી આજે શ્રીઠાકોરજીને અભ્યંગ કરાવે છે એ ભાવથી અભ્યંગ થાય છે અને સફેદ નવાં વસ્ત્રો ધરાય છે. નૂતન શૃંગાર ધરાય છે.

આજે રાજભોગ સમયે ભારે ખેલ થાય છે. પરસ્પર હોરીખેલ થાય છે ત્યારે વ્રજભક્તો અમર્યાદ મીઠી ગારી (ગાળો) આપતાં પદો ગાય છે. દિવસભર મસ્તીથી પ્રભુ સાથે સર્વ વ્રજભક્તો હોળી ખેલે છે.

કીર્તન : **રાજભોગ (રાગ - સારંગ)**

ડોલ ઝુલત હે પ્યારો લાલ બિહારી પહોપવૃષ્ટિ હોતી ।
સુરપુર ગંધર્વ તિનકી નારી દેખકે વારત હે લર મોતી ।।૧।।
ઘેરા કરત પરસ્પર સબમિલ નહીં દેખીયત યુવતી એસી જોતી ।
હરીદાસ કે સ્વામી શ્યામા કુંજબિહારી સાદાચૂરી ખુભી પોતી ।।૨।।

શયન (રાગ - કલ્યાણ)

ડોલ ચંદનકો ઝુલત હલધરવીર ।
શ્રીવૃંદાવન અતિ હી રાજત હૈ કાલિન્દી કે તીર ।।૧।।
ગોપી રહી અરગજા છિરકત ઉડત ગુલાલ અબીર ।
સુરનર મુનિજન કૌતુક ભૂલે વ્યોમ વિમાનન ભીર ।।૨।।
વામ ભાગ રાધિકા બિરાજત પહેરે કસૂંભી ચીર ।
પરમાનંદ સ્વામી સંગ ઝુલત બાઢયો રંગ શરીર ।।૩।।

વ્રજ : ફાલ્ગુન શુક્લ પૂર્ણિમા

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ સુદ પૂનમ



ડોલોત્સવ (ધુલિવંદન-ધૂળેટી)

દેહલી-વંદનમાન-હાંડી-આજે અભ્યંગ થાય.

વસ્ત્ર : ઘેરા લીલા રંગનો લાલ કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર સફેદ રંગની અબીલ-ગુલાલથી ખેલાવેલી પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષ કરીને સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, કેસર વગેરે અત્તર પણ સમર્પી શકાય.

સામગ્રી : (આ ચિત્રજી બન્યાં તે વર્ષે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર પૂનમે હોવાથી પૂનમના દિવસે ડોલોત્સવ - ધૂલિવંદનનો ઉત્સવ મનાવાયો છે.)

- ડોલોત્સવના દિવસે રાજભોગમાં વિશેષ સામગ્રીમાં અડદના લાડુ, ખાજાં, સૂતરફેણી, સેવ, બુંદી, શક્કરપારા, તીનકુડા, મગની દાળ, છાશવડાં, મેવાભાત, ચાર જાતનાં શાક, સંધાણાં, પાપડ, કચરિયાં, બિલસારુ, ભુજાનાં, ખીર વગેરે ધરાય છે.
- ડોલનાં ભોગમાં ધરાતી સામગ્રી - ગુંજા, મઠડી, શક્કરપારા, સેવના લાડુ, છુટી બુંદી, કેસરી અને સફેદ બાબર, કેસરી ચંદ્રકળા, સૂતરફેણી, મનોહરના લાડુ, ઈન્દરસા, કાંજીવડાં, છાશવડાં, ચણાની તળેલી દાળ, ચણાનાં ફડફડિયાં, વેસણની સેવ, મેંદાની પૂરી, તળેલો સૂકો મેવો, પેંડા, કેસરી બરફી મેવાતી, માવાની ગોળી, ખરમંડા, બાસુંદી, બીજના લાડુ, ચારોળીના લાડુ, મલાઈ, માખણ, દૂધપૂરી, વઘારેલું દહીં, મીઠું દહીં, લોન-મીરચવાળું વઘારેલું રતાળુ, દૂધ, શિખરનવડી, બીલસારુ, સંધાના, આઠ શાક, ચાર પ્રકારનાં ભુજાનાં, લીલો મેવો, ખાંડઘરની સામગ્રી, સૂકા મેવા વગેરે ધરાય છે.

  આપણે યથાશક્તિ, યથામનોરથ ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.
- ડોલના ઉત્સવના દિવસે રાજભોગ પછી બે ઉત્સવભોગ આવે છે. બીજા ભોગમાં રાજભોગ કરતાં બમણી સામગ્રી ધરાય છે અને ત્રીજા ભોગમાં બીજા ભોગ કરતાં બમણી સામગ્રી ધરાય છે.
- ઉત્થાપન ભોગમાં શીતલભોગ (પનો) વિશેષમાં ધરાય છે.
- શયનભોગમાં નિત્યની સામગ્રી સાથે ગરમાગરમ માનભોગની (શીરાની) કટોરી ધરાય છે.

(મંગલા અને શૃંગારનાં પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ પૂર્ણિમા

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ સુદ પૂનમ



ડોલોત્સવ

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા, સૂથન-ઘેરદાર

સાજ : સફેદ સાદી પિછવાઈ ધરી છે. અબીલ, ગુલાલ, ચોવા, ચંદન વગેરેથી પિછવાઈ ઉપર ભારે ખેલ થયા છે. જેથી તેનો મૂળ સફેદ રંગ ક્યાંય દેખાતો નથી. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સફેદ સૂથન, ચોલી તથા ઘેરદાર વાગો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો ગુલાલથી મંડિત છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. લાલ, લીલા, મેઘશ્યામ અને સફેદ મીનાનાં તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે સફેદ પાગ ઉપર શિરપેચ અને મોરપંખની સાદી ચંદ્રિકા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં મકરાકૃત કુંડળ ધર્યાં છે. બે મોટી પુષ્પમાળા ધરી છે. શ્રીપ્રભુનાં કપોલ અને દાઢી ગુલાલથી રંગવામાં આવ્યા છે. પુષ્કળ રંગ ઉડવાના કારણે સર્વ સાજ, વસ્ત્ર, શૃંગાર રંગોથી છવાઈ ગયાં છે. આજે આ ડોલદર્શન સમયે છેલ્લો ભારે ખેલ થાય છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, બે વેત્રજી ધર્યાં છે. વેણુજી ડોલદર્શનમાં શ્રીહસ્તમાં ધરાતાં નથી.

નોંધ : ડોલોત્સવ મહામહોત્સવ કહેવાય છે. શ્રીચંદ્રાવલીજીની સેવાનો આ મુખ્ય ઉત્સવ છે. શ્રીહરિરાય મહાપ્રભુની ડોલોત્સવની ભાવના પ્રમાણે આજની લીલા અત્યંત ગોપનીય છે. શ્રીવૃષભાનજી અને શ્રીકીર્તિજી શ્રીઠાકોરજીને પોતાને ત્યાં આમંત્રિત કરે છે. પોતાના જમાઈને બોલાવીને વિવિધ પ્રકારની સામગ્રી આરોગાવે છે. ત્યારબાદ અબીલ-ગુલાલ છાંટીને હોળી ખેલાવે છે. આ ભાવથી આજે શ્રીનવનીતપ્રિયજી શ્રીનાથજીની ગોદમાં બિરાજે છે. ત્યારબાદ પ્રભુ નંદાલયમાં પધારે છે. નંદરાયજી અને યશોદાજી પોતાના વાત્સલ્યરસથી ખેલાવે છે અને સામગ્રી આરોગાવે છે.

ત્યારપછી નિકુંજમાં, વૃંદાવનમાં, શ્રીગોવર્ધનની તળેટીમાં - જ્યાં સદા સુંદર ઝરણાં ઝરે છે, સદા વસંત ખીલેલી રહે છે, શીતલ સુગંધી વાયુ વાય છે, અનેક પ્રકારની વનસ્પતિ - માધુરી લતા, દ્રુમ વેલી, પુષ્પ-ફલયુક્ત ખીલે છે, ત્યાં સુંદર ડોલની રચના વ્રજભક્તો કરે છે. (ડોલ એટલે ઝૂલો) શ્રીઠાકોરજીને ડોલમાં પધરાવીને વ્રજભક્તો ઝુલાવે છે. પ્રભુ ભક્ત મનોરથપૂરક હોવાથી, સર્વ વનસ્પતિ ભગવદીય હોવાથી તેમનો મનોરથ પૂર્ણ કરવા સર્વ જગ્યાએ ડોલ ઝૂલે છે. ડોલનાં ૪ ખેલનાં દર્શન થાય છે. પરસ્પર ભારે ખેલ થાય છે. ગુલાલ-અબીલથી સર્વત્ર જાણે અંધિયારી (અંધારું) છવાઈ જાય છે. વ્રજભક્તો વિવિધ પ્રકારની સામગ્રી આરોગાવે છે.

(ડોલોત્સવનાં કીર્તન પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ફાલ્ગુન શુક્લ પૂર્ણિમા **ભોગ-આરતી દર્શન** ગુજરાતી : ફાગણ સુદ પૂનમ



ડોલોત્સવની વિશેષતા

ભોગઆરતીનાં દર્શન

- ડોલનાં ચાર ખેલનાં દર્શન થાય છે. શ્રીનવનીતપ્રિયજી પણ શ્રીજીબાવાની સાથે બિરાજે છે. ત્રણ દર્શન ખુલે છે. જેનો વૈષ્ણવો ઉત્સાહથી લાભ લે છે અને એક ખેલનાં દર્શન પ્રભુ સુખાર્થે ભીતર જ થાય છે.

- ડોલનાં દર્શન બાદ મંદિર ખૂબ સાવધાનીથી શુદ્ધ થાય છે. ક્યાંય અબીલ, ગુલાલ કે રંગ રહી ન જાય તેની કાળજી રાખવામાં આવે છે. નહીંતો નટખટ શ્રીનાથજી રંગો જોઈ પાછા હોળીખેલ માટે મન કરે, તત્પર થાય.

- ડોલદર્શન બાદ શ્રીપ્રભુનાં રંગવાળાં વસ્ત્ર-શૃંગાર વડાં થઈ જાય છે અને રૂવાળી ગદલને બદલે દત્તુ (રૂ વગરની રજાઈ) (દુલાઈ) ધરાય છે. અનોસર બાદ સાંજે જ્યારે ભોગઆરતીનાં દર્શન થાય છે ત્યારે પ્રભુને લાલ કિનખાબની દત્તુ, પીળા રંગની જરીની કુલહે તથા ચાર કર્ણફૂલનો શૃંગાર થયેલો હોય છે. શ્રીઅંગ ઉપર ચૈત્રી ગુલાબનાં પુષ્પોનાં માળાજી અને બે વેત્ર તથા એક વેણુજી ઠાડાં ધરાય છે.

- ભોગ આરતીનાં દર્શનમાં આ રીતે મંગળાદર્શનની જેમ દત્તુ (દુલાઈ) ધરેલાં દર્શન વર્ષમાં એક જ વાર - આજે થાય છે. આવાં વિશિષ્ટ દર્શનનો લાભ લેવો એ એક લ્હાવો છે.

કીર્તન : આરતી દર્શન (રાગ - વસંત)

ખેલિ ફાગ ઘર આયો લાડિલો જસુમતિ કરત વધાઈ ।
વિવિધ ભાંત ઉપહાર લિયે સબ વ્રજજન મંગલ ગાઈ ॥૧॥
કનકથાલ ભરી મુક્તાફલ લૈ આરતી ઉતરાઈ ।
નંદનંદનકી યા છબી ઉપર હરિદાસ બલ જાઈ ॥૨॥

વ્રજ : ચૈત્ર કૃષ્ણ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ વદ એકમ



વ્રજ : ચૈત્ર કૃષ્ણ પ્રતિપદા

ચિત્ર પરિચય

ગુજરાતી : ફાગણ વદ એકમ

વસ્ત્ર : લીલા રંગની દત્તુ (દુલાઈ) ધરી છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગુલાબી રંગની પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષતઃ સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, મોગરો, ચંદન જેવા અત્તર પણ સમર્પી શકાય છે.

સામગ્રી : સામાન્ય રીતે ફાગણ વદ એકમે ડોલોત્સવ મનાવાય છે. જો ડોલોત્સવ નક્ષત્ર પ્રમાણે પૂનમના દિવસે થઈ ગયો હોય તો આજે ડોલ ઉત્સવની સામગ્રીમાંથી જે સામગ્રી રાખી હોય તે ધરાય.

નોંધ : આજથી ગદલને બદલે મંગળામાં દત્તુ-દુલાઈ-રૂ વગરની ગદલ ધરાય છે. શીતકાલમાં પ્રભુ સન્મુખ ધરાતી અંગીઠી (સગડી) આજથી ન આવે. શીતકાલીન સામગ્રી પણ ન ધરાય.

કીર્તન : **મંગલા (રાગ - બિલાવલ)**

પ્યારી કે મહલ તે ઉઠ ચલે ભોર ।
સખીવૃંદ અવલોકી અગ્રસ્થિત ઢંકત નીલ કંચુકી પીતપટ છોર ।।૧।।
રાધાચરિત્ર વિલોક પરસ્પર તેજુ હઁસિ ઈત ઉત મુખ મોર ।
ગોવિંદ પ્રભુ લે ચલે દગા દે નાગર નવલ સભા ચિત્તચોર ।।૨।।

શૃંગાર (રાગ - બિલાવલ)

કમલમુખ દેખત તૃપ્તિ ન હોય ।
ઈહિ સુખ કહા દુહાગિન જાનૈ રહી નિસાભર સોય ।।૧।।
જ્યોં ચકોર ચાહત ઉડુરાજહિ ચંદવદન રહી જોય ।
નૈક અકોર દેતિ નહિ રાધા ચાહતિ પિયહી નિચોય ।।૨।।
ઉનિ તો અપુનો સરવસ દીનો એક પ્રાન વપુ દોય ।
ભજન ભેદ ન્યારો **પરમાનંદ** જાનત વિરલો કોય ।।૩।।

વ્રજ : ચૈત્ર કૃષ્ણ પ્રતિપદા

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ વદ એકમ



આજના શૃંગાર : પાગ-કતરા, સૂથન-ઘેરદાર

સાજ : ગુલાબી વસ્ત્ર ઉપર ફૂલના બુટ્ટાના ભરતકામની પિછવાઈ ધરી છે. પિછવાઈમાં પીઠિકાની આસપાસ ફૂલવેલના ભરતકામનો હાંસિયો (બોર્ડર) છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ગુલાબી રંગનું સૂથન, ચોલી અને ઘેરદાર વાઘો ધર્યો છે. ઠાડું વસ્ત્ર ઘેરા લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ભારે શૃંગાર થયો છે. મીલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે ગુલાબી રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને લાલ પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી અને સુવર્ણનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - સારંગ)**

લાલન બૈઠે કુંજસ્થલી ।
કુસુમિત વન પરિમલ આમોદ તહાં કૂજત કોકિલા રહે રસમત્ત અલી ॥૧॥
કુવલયદલ કોમલ શય્યા રચી મૃદુલ સુહસ્ત વેણી ગ્રથિત ચંપકલી ।
ગોવિંદપ્રભુ દંપતી જુ પરસ્પર રહે રસમત્ત રલી ॥૨॥

શયનદર્શન (રાગ - કાન્હરો)

પહિરેરી માલ ગુલાબ સુરંગકી લે રાધે મોહન તોહી દીની ।
અબહિ ઉરતેં ઉતાર લઈ હૈ અપને અંગરાગ રસભીની ॥૧॥
માન નિહાર રે નિહારી નૈનભર હસિ ગહિ હાથ સખી પે લીની ।
સૂર કહે જિન કરો હો સુંદરી ગિરિધર છેલ તોપે બસ કીની ॥૨॥

વ્રજ : ચૈત્ર કૃષ્ણ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ વદ બીજ



દ્વિતીયા પાટોત્સવ

દેહલી-વંદનમાલ-હાંડી - આજે અભ્યંગ થાય

વસ્ત્ર : કેસરી રંગની દત્તુ (દુલાઈ) ધરી છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગુલાબી રંગની પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષતઃ સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, મોગરો, ચંદન જેવા અત્તર પણ સમર્પી શકાય છે.

સામગ્રી : આજે દ્વિતીયાપાટના ઉત્સવ નિમિત્તે ડોલોત્સવની સામગ્રીમાંથી જે રાખી હોય તે અને વિશેષમાં કાંજીવડા, બે શાક, બે પ્રકારનાં ભુજાનાં, છાશવડાં તથા સેવના લાડુ ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - બિલાવલ)**

પ્યારી કે મહલ તે ઉઠ ચલે ભોર ।સખીવૃંદ અવલોક અગ્રસ્થિત ઢંકત નીલકંચુકી પીતપટ છોર ॥૧॥ રાધા ચરિત્ર વિલોક પરસ્પર તે જુ હંસિ ઈત ઉત મુખ મોર । **ગોવિંદ**પ્રભુ લે ચલે દગા દે નાગર નવલ સભા ચિત્તચોર ॥૨॥

શૃંગાર (રાગ - બિલાવલ)

સુભગ શૃંગાર નિરખ મોહનકો લે દર્પન કર પિયહી દિખાવે ।આપુન નેક નિહારિયે બલ જાઉં આજકી છબિ કછુ કહત ન આવે ॥૧॥ ભૂષન વસન રહે ફવિ ઠાંઈ ઠાંઈ અંગ અંગ છબિ ચિતહિ ચુરાવે । રોમરોમ પ્રફૂલ્લિત વ્રજસુંદરી ફૂલન રચિરચિ માલ બનાવે ॥૨॥ અંચલવાર કરત ન્યોછાવર તનમન અતિ અભિલાષ બઢાવે । **ચતુર્ભુજ** પ્રભુ ગિરિધરકો સ્વરૂપ સુધા પીવત નયનપુટ તૃપ્તિ ન પાવે ॥૩॥

છાકનું પદ (રાગ - સારંગ) (રાજભોગ આવે ત્યારે ગવાય)

આગે આઉરી છકહારી ।જબ તુમ ટેરે તબમેં બોલી સુની ન ટેર તિહારી ॥૧॥ મૈયા છાક સવારે પઠઈ તુ કિત રહી અવારી ।અહો ગોપાલ ગૈલ હોં ભૂલી મધુરે બોલન પર વારી ॥૨॥ ગોવર્ધન ઉધ્ધરન ધીરસોં પ્રીતિ બઢી અતિ ભારી ।**જનભગવાન** મગ્ન ભઈ ગ્વાલિની તનકી દશા વિસારી ॥૩॥

વ્રજ : ચૈત્ર કૃષ્ણ દ્વિતીયા

શૃંગાર દર્શન

ગુજરાતી : ફાગણ વદ બીજ



દ્વિતીયા પાટોત્સવ

આજના શૃંગાર : કુલ્હે-ઘેરો, સૂથન-ચાકદાર

સાજ : કેસરી જરીની લીલા હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપરથી સફેદી વડી થઈ છે. (સફેદ બિછાવટ થઈ નથી. ઉત્સવના દિવસોએ મખમલના ગાદી-તકિયા ઉપર સફેદ બિછાવટ થતી નથી. તેને સફેદી વડી થઈ છે એમ કહેવાય છે.

વસ્ત્ર : કેસરી રંગની જરીનાં સૂથન, ચોલી તથા ચાકદાર વાઘો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા-હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં જડાવ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે સુવર્ણની જડાવ કુલ્હે ઉપર સોનેરી જડાવનો ઘેરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં મકરાકૃત કુંડળ ધર્યા છે. ડાબીબાજુ મોતીની ફૂમતાંવાળી સુંદર ચોટી ધરી છે. ગુલાબનાં પુષ્પોનાં સુંદર થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને બે વેત્ર ધર્યાં છે. (જોકે શૃંગાર દર્શનમાં ઠાડાં વેત્ર ધરાતાં નથી.)

કીર્તન : **રાજભોગ દર્શન (રાગ - સારંગ)**

લાલ નેક દેખિયે ભવન હમારો । દ્વિતીયા પાટ સિંહાસન બૈઠે અવિચલ રાજ તિહારો ॥૧॥
સાસ હમારી ખરિક સિધારી પિય વન ગયો સવારો। આસપાસ ઘર કોઉં નાંહી યહ એકાંત હૈ ન્યારો ॥૨॥
ઓટયો દૂધ સદ્ય ધોરીકો લેહુ શ્યામ ઘન પીજે । **પરમાનંદ દાસ**કો ઠાકુર કછુ કહ્યો હમારો કીજે ॥૩॥

રાજભોગ દર્શન (રાગ - સારંગ)

બૈઠે લાલ ફૂલનકી ચૌખંડી । ચંપક બકુલ ગુલાબ નિવારો રાયવેલિ શ્રીખંડી ॥૧॥
જાઈ જુઈ કેવરો કૂજો કરણ કનેર સુરંગી । **ચતુર્ભુજપ્રભુ** ગિરિધરનજૂકી બાનિક દિન દિન નવનવરંગી ॥૨॥

શયનદર્શન (રાગ - ઈમન/કલ્યાન)

કનક કુસુમ અતિ સોભિત શ્રવનનિ । ઘૂમત અરુન તરુન મદમાતે મુસુકાતે આનનિ ॥૧॥
ગોલ પાગ પર કુલ્હે સુરંગા તામે અલક રેખ બની । **ગોવિંદ** પ્રભુ ત્રૈલોક વિમોહત કંઠ કૌસ્તુભ મની ॥૨॥

વ્રજ : ચૈત્ર કૃષ્ણ દ્વિતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ વદ બીજ



દ્વિતીયા પાટોત્સવ

ફૂલમંડલી

દ્વિતીયા પાટોત્સવના આજના દિવસે ગ્વાલનાં દર્શન પછી રાજભોગથી સંધ્યાઆરતી સુધી પ્રભુ શ્રીગોવર્ધનધર ચૈત્રી ગુલાબની ફૂલમંડલીમાં બિરાજી દર્શન આપે છે.

શૃંગાર અને ગ્વાલ દર્શનમાં કેસરી પિછવાઈ આવે છે. પછી પિછવાઈ વડી થઈ જાય છે અને રાજભોગ દર્શનમાં ચૈત્રી ગુલાબની ફુલમંડલીમાં પ્રભુ બિરાજે છે.

આજથી ફુલમંડલીના મનોરથો શરૂ થઈ જાય છે. જે દિવસે મનોરથ હોય તે દિવસે ફૂલમંડલીનાં કીર્તન ગવાય છે.

આજથી રાજભોગમાં ગુલાબની ફૂલમંડળી આવે છે. સિંહાસન અને ગાદીના પંખા ધરાય છે. અક્ષયતૃતીયા સુધી ચાંદીનો કૂંજો ધરાય છે. આ દ્વિતીયાપાટનો ઉત્સવ સામાન્ય રીતે ડોલોત્સવના બીજા દિવસે મનાવાય છે. આજના દિવસે દેહલી, વંદનમાલ થાય છે. (ઉંબરા ઉપર રંગોળી પૂરાય, તોરણ બંધાય). વનમાળાનો ભારે શૃંગાર થાય. હીરા. પન્ના, માણેક, મોતી અને જડાવ સોનાના ઉત્સવના ભારે શૃંગાર ધરાય. હોરીખેલના ૪૦ દિવસ પછી આવા જડાવ શૃંગાર, જરીનાં વસ્ત્ર અને સાજ વગેરે આજથી ધરાય છે.

આજથી સફેદ સાજને બદલે રંગીન સાજ શરૂ થાય. આજથી ગોપાષ્ટમી સુધી રાજભોગ આવે ત્યારે છાકનાં પદ ગવાય.

વસંતપંચમીથી ડોલોત્સવ સુધી સમસ્ત વ્રજભક્તો પ્રભુ સાથે પરસ્પર સખ્યભાવથી હોરી ખેલે છે. વ્રજરાજકુમાર એવા પ્રભુને પ્રભુ ન માનતાં પોતાના સમાન માનીને એમની સાથે ઝકઝોરી કરે છે. ફગવા માંગે છે. મુરલી-પીતાંબર પડાવી લઈને ઓઢણી ઓઢાડી, નવેલી નાર બનાવી નચાવે છે, ઈશ્વરભાવ આ સમયે રહેતો નથી. તેથી નંદરાયજી તેમને પાટ બેસાડીને પૂર્વવત્ નંદરાજકુમાર-વ્રજરાજકુમાર તરીકે સ્થાપિત કરે છે, તેનો આ ઉત્સવ છે. તેથી તેને દ્વિતીયા (બીજ) પાટોત્સવ કહ્યો છે.

તેથી જ પરમાનંદદાસજી ગાય છે :

લાલ નેક દેખિયે ભવન હમારો
દ્વિતીયા પાટ સિંહાસન બૈઠે, અવિચલ રાજ તુમ્હારો.

આજનો ઉત્સવ શ્રીચંદ્રાવલીજીની આડીનો ઉત્સવ છે. તેમની આડીથી ફૂલમંડલી થાય છે. આજથી ૪૦ દિવસ નિકુંજલીલાના છે. ૧૦ દિવસ કુંજલીલા, ૧૦ દિવસ નિકુંજલીલા, દસ દિવસ નિબિડ નિકુંજલીલા અને ૧૦ દિવસ નિભૃત નિકુંજલીલા થાય છે. પહેલા દસ દિવસ શ્રીયમુનાજીના ભાવથી, પછી દસ દિવસ લલિતાજીના ભાવથી, ત્યારબાદના દસ દિવસ શ્રીચંદ્રાવલીજીના ભાવથી અને નિભૃત

(અપૂર્ણ અનુ. માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : ચૈત્ર કૃષ્ણ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : ફાગણ વદ ત્રીજ



વ્રજ : ચૈત્ર કૃષ્ણ તૃતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : ફાગણ વદ ત્રીજ

વસ્ત્ર : પીરોજા રંગની દત્તુ (દુલાઈ) ધરી છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર લાલ રંગની ગોળ પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : વસંતઋતુમાં પ્રભુ સુખાર્થે વિશેષતઃ સોંધાનું અત્તર સમર્પાય છે. તે ઉપરાંત ગુલાબ, હિનો, મોગરો, ચંદન જેવા અત્તર પણ સમર્પી શકાય છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવા.

કીર્તન : **મંગલા (રાગ - બિલાવલ)**

પ્યારી કે મહલતે ઉઠ ચલે ભોર ।
સખીવૃંદ અવલોક અગ્રસ્થિત ઢંક્ત નીલ કંચુકી પીતપટ છોર ॥૧॥
રાધા ચરિત્ર વિલોક પરસ્પર તે જુ હંસિ ઈત ઉત મુખમોર ।
ગોવિંદપ્રભુ લે ચલે દગા દે નાગર નવલ સભા ચિત્તચોર ॥૨॥

શૃંગાર (રાગ - બિલાવલ)

લાલન જહીં જાઉં જાકે રસ લંપટ અતિ ।
આલસ નૈન દેખિયત રસમસે પ્રગટ કરત પ્યારી કે રતિ ॥૧॥
અધર દસન છત વસન પીક સહ અરુ કપોલ શ્રમ બિંદુ દેખિયતિ ।
નખલેખન તન લખી શ્યામ પર જય પતાક જીત્યો રતિપતિ ॥૨॥
કિતવ વિવાદ તજહુ પિય હમસોં જૈસે તન શ્યામ તૈસેઈ મન હો અતિ ।
ગોવિંદપ્રભુ પિય પાગ સંવારહુ ગિરત કુસુમ સિર માલતિ ॥૩॥

વ્રજ : ચૈત્ર કૃષ્ણ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : ફાગણ વદ ત્રીજ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા, સૂથન-ઘેરદાર

સાજ : લીલા રંગની જરીની, રૂપેરી તૂઈલેસની કિનારીના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ઘેરા લીલા રંગની જરીનાં, રૂપેરી તૂઈ લેસની કિનારીવાળાં સૂથન, ચોળી અને ઘેરદાર વાઘો ધર્યાં છે. ઘેરા ગુલાબી (રાની) રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ) સુધીનો આછો શૃંગાર થયો છે. સોનાનાં અને લાલ તથા સફેદ મીનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે ઘેરા લીલા રંગની ગોળ પાગ ઉપર શિરપેચ અને ઘુમાવદાર ગોળ ચંદ્રિકા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે. સુવર્ણનો મીનાકારીવાળો હમેલ ધર્યો છે. (હમેલ એટલે જમણી બાજુ કટિ ઉપરથી શરૂ થઈ ડાબી બાજુ ખભા સુધી ધરાતી માળા)

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સુવર્ણનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ - સારંગ)**

બૈઠે હરિ રાધાસંગ કુંજભવન અપને રંગ
કર મુરલી અધર ધરે સારંગ મુખ ગાઈ ॥
મોહન અતિહી સુજાન પરમ ચતુર ગુનનિધાન
જાન બુઝ એક તાન ચૂક કે બજાઈ ॥૧॥
પ્યારી જબ ગહ્યો બીન સકલ કલા ગુનપ્રવીન
અતિ નવીન રૂપસહિત વહી તાન સુનાઈ ॥
વલ્લભ ગિરિધરનલાલ રિઝ દઈ અંકમાલ
કહત ભલેં ભલેં લાલ સુંદર સુખદાઈ ॥૨॥

શયનદર્શન (રાગ - કાન્હરો)

